વર્ષ ૩ જું. ॥ श्री सद्गुरवे नमः ॥ પુસ્તક ૮-૯.

सस्ती वार्तामाळा.



પ્રથમાવૃત્તિ પ્રત ૨૫૦૦.
સંવત ૧૯૭૨. સને ૧૯૧૬.

(પંદરસો પૃષ્ઠનાં પુસ્તકોનું વાર્ષિક મુલ્ય)

કાચા જાડા પુંઠાના રૂા. ૨-૦-૦
પાકા સુંદર પુંઠાના રૂા. ૩-૦-૦

મુલ્ય છુટક કાચું પુંઠું રૂા. ૦-૧૪-૦
,, ,, પાકું પુંઠું રૂા. ૧-૨-૦
પોસ્ટેજ વી. પી. ખર્ચ જુદું.

માહ, ફાગણ.

લેખક,
ગોવર્દ્ધનદાસ કહાનદાસ અમીન,
સીનોર (મીયાગામ થઈને)

પ્રકાશક,
ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા.
વ્યવસ્થાપક-સસ્તી વાર્તામાળા.
અમદાવાદ.

☛ કાગળો વગેરેની ઘણી મોંઘવારી હોવાથી આવતા નવા વર્ષથી વાર્તામાળાનું લવાજમ થોડું વધારવામાં આવશે. તેની સર્વે ગ્રાહકોએ નોંધ લેવી.—મેનેજર.

રજીસ્ટર નંબર	આ પુસ્તકના માલિક

૧. હવે પછીનાં પુસ્તક બનતી ત્વરાએ પ્રકટ થશે. **સુધરેલી સીતા** છપાય છે. જો ૧૫૦૦ પૃષ્ઠમાં ખુટશે તોજ **જાપાની જાસુસ** પ્રકટ થશે, અને જો થોડા પૃષ્ઠ ખુટશે તો તેટલાં આવતા વર્ષમાં પુરાં થશે, અને જાપાની જાસુસ ૨૫૦–૩૦૦ પૃષ્ઠનું છે તે આવતા વર્ષમાં પ્રકટ થશે. **સંસાર કથા-કુંજને** બદલે **યુરોપનો રણરંગ** પુસ્તક આપવામાં આવે છે.

૨. અમદાવાદના એક એજન્ટ ડી. રૉયની કું.ના માલિક ભોળાનાથ મણિલાલ દવે, ખાડીયા શ્રી રામજીની શેરી–ગોલા ખડકીમાં રહેનારે અમને તેનાં ગ્રાહકોનું બીજા વર્ષનું લવાજમ આપ્યું નથી તેથી તેમને એજન્ટમાંથી રદબાતલ કર્યા છે માટે જેઓનું લવાજમ તેમને ત્યાં ભરાયું હોય તેમણે તેમને મળી ખુલાસો કરી લેવો. તેઓ ઇન્સાફ ન આપે તો અમને લખવું અથવા મળવું. **જેઓને એજન્ટ દ્વારા ગ્રાહકમાં ન રહેવું હોય તેમણે અમારે ત્યા પરભાર્યા ગ્રાહક થવું.**

૩. **લવાજમ**—હિંદુસ્તાનનાં ગ્રાહકો માટે **કાચા** પૂઠાના રૂ. ૨–૦–૦ **પાકા** પૂઠાના રૂ. ૩–૦–૦ વી. પી. ખર્ચ ૦–૧–૦ વધુ. આફ્રિકા માટે કાચા પૂઠાના રૂ. ૨–૧૦–૦ પાકા પૂઠાના રૂ. ૪–૦–૦ નો પોસ્ટલ ઑર્ડર મોકલવો.

૪. જવાબ માટે અવશ્ય રિપ્લાઈ કાર્ડ કે ટિકિટ બીડવી અને સાથે રજીસ્ટર નંબર લખવો તોજ જવાબ મળશે.

મેનેજર-સસ્તી વાર્તામાળા-અમદાવાદ.

वर्ष ૩ જું. | श्री सद्गुरवे नमः ॥ | पुस्तक ૮-૯.

सस्ती वार्तामाळा.



પ્રથમાવૃત્તિ   પ્રત ૨૬૦૦.

સંવત ૧૯૭૨   સને ૧૯૧૬.

(પંદરસો પૃષ્ઠનાં પુસ્તકોનું વાર્ષિક મૂલ્ય)

કાચા જાડા પૂંઠાના રૂા. ૨-૦-૦

પાકા સુંદર પૂંઠાના રૂા. ૩-૦-૦

મૂલ્ય છુટક કાચુ પૂંઠુ રૂા. ૦-૧૪-૦

,, ,, પાકુ પૂંઠુ રૂા. ૧—૨—૦

પોસ્ટેજ વી. પી. ખર્ચ જુદું.

માહ, ફાગણ.

લેખક,

ગોવર્દ્ધનદાસ કહાનદાસ અમીન,

સીનોર (મીયાગામ થઈને)

પ્રકાશક,

ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.

વ્યવસ્થાપક—સસ્તી વાર્તામાળા.

અમદાવાદ.

પ્રકાશક,
ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતા
ઠે. દાણાપીઠ-નવો વાસ.
અમદાવાદ.

(સર્વ હક્ક સ્વાધીન).

અમદાવાદ-સલાપોસરોડ
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ
પ્રેસમાં પરીખ દેવીદાસ
છગનલાલે છાપ્યું.

ब्रीटन हिंद वीर विजय.

व्हारे चढी निर्बळतणी निज धर्म जेणे दाखव्यो,
खरी भीड वखते मित्रने करी सहाय जश लीधो खरो;
अन्यायीने अवरोध करवा पक्ष लीधो न्यायनो,
झोंकाव्युं झट रणजंगमां, हो विजय ते ब्रीटन तणो. १

समशेर खेंची सिंहसम अरिदल महि धसता जता,
बंधु! जुओ निज बंधुओने क्षात्र तेज प्रकाशता;
बहादुर ब्रीटन बंधुओनो कर ग्रहीने झुंझता,
रणजंगमां जयरंग दाखवता जयश्री वरी रह्या. २

बेलडिये वळगी बेनडी बे हर्ष उर उभरावती,
जोती पराक्रम पुत्रनां हर्षाश्रु पुष्प वधावती;
जननी तणी जे कुखने दीपावता धरी जन्मने,
छे धन्य वार हजार एवा हिंद ब्रीटन वीरने. ३

आप्युं नथी नमणुं कदापि पाछी पानी करी नथी,
नथी पीठ दीठी दुश्मने कदी रक्त पण चाख्युं नथी;
जे सिंह क्रूर समान धसता शत्रुदल संहारता,
शूरा मराठा क्षत्री गुरखा शीख रहो जय पामता. ४

निज मातने चरणे नमी साम्राज्यने शरणे रही,
निजनो बजावा धर्म रक्षण राज्यनुं करवा वळी;
रेडी रह्या निज रक्त देखो दुष्ट दल हंफावता,
अरपो सदोदित विजय ईश्वर एमने मन भावता. ५

ए बंधुओना आत्मभोगनी कोण किंमत आंकशे?
आपी अमोली सेव तेथी कोण ऋणमुक्त थशे?
आफत समे आ तेमने तन मन अने धनथी खरी,
करवी मदद शुं ना घटे? आवे समो नही फरी फरी. ६

वडोदरा. —जगजीवनदास दयाळजी मोदी.

પ્રકાશકની પ્રસ્તાવના.

"અમન આલમમેં કાયમ હો, ખલલ આએ ન સિહહતમેં;
યેહ હય મકસૂદ મઝહબકા, શરીઅત ઇસકો કહતે હંય!"

"દુનિયામાં શાંતિ પથરાય, અને આરોગ્યને હાનિ ન પહોંચે, એજ ધર્મનો હેતુ છે, અને એનેજ ધર્મનું ધોરણ કહે છે."

* * * *

સસ્તીવાર્તામાળાના ગ્રાહકબંધુઓને ચાલુ (ત્રીજા) વર્ષનું ત્રીજું આ પુસ્તક **"યુરોપનો રણરંગ"** (નામક પુસ્તક) સમર્પણ કરવામાં આવે છે. પ્રસ્તુત પુસ્તકમાં યુરોપમાં ચાલી રહેલા મહાન યુદ્ધનાં કારણો, જર્મની અને ઑસ્ટ્રિયાની યુદ્ધલાલસા, નિર્દોષ બેલજીયમ અને ફ્રાન્સને તેમજ તેના બચાવ માટે શાંતિપ્રિય ઈંગ્લેંડ તેમજ તેનાં ખંડિયા તથા મિત્રરાજ્યોને યુદ્ધમાં ઉતરવાનાં કારણો, જર્મનીનો રાજલોભ, ગર્વ અને તેની રાક્ષસી મહત્વાકાંક્ષા સંબંધી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. યુદ્ધ સંબંધી માત્ર શુષ્ક ઇતિહાસ વાંચવાથી વાંચકોને તેમાં રસ પડતો નથી તેથીજ યુદ્ધનાં કારણો તથા યુદ્ધ સંબંધી બનાવોને નવલકથાના રૂપમાં ગોઠવી તેને અલંકારિક ભાષામાં રસમય બનાવી વાચકબન્ધુઓ સમક્ષ સાદર કરવામાં આવે છે. આશા છે કે પ્રત્યેક વાર્તામાંથી વાંચકોને વર્તમાન યુદ્ધવિષયક જ્ઞાન થશે; તેજ પ્રમાણે અન્ય પ્રકારનો બોધ પણ પ્રાપ્ત થશે.

"યુરોપનો રણરંગ" વાંચવાથી વાંચકોને સ્પષ્ટ જણાઈ આવશે કે: વર્તમાન યુદ્ધનું ગૌણ કારણ જર્મનીજ છે. સમસ્ત પૃથ્વીપર રાજ્યતંત્ર ચલાવવાની તેની રાક્ષસી મહત્વાકાંક્ષા પરિપૂર્ણ કરવા માટે માનવજાતિની શાંતિનો તેણે ભંગ કર્યો છે અને અનેક મનુષ્યોનો સંહાર ચલાવ્યો છે! જગતના નિર્દોષ દેશોમાં પણ તેણેજ ખળભળાટ મચાવી તેમને ત્રાસ—ભયમાં નાંખી દીધા છે! દ્રષ્ટાંત તરીકે: ભારતવર્ષની સ્થિતિ જોવાથી જણાઈ આવશે કે: એ દેશની પ્રજા અત્યારે અનેક પ્રકારની અડચણો વેઠી જીવનયાત્રા ચલાવી રહી છે, પરંતુ ઇશ્વિરની કૃપા છે કે તેના ઉપર ઇંગ્લેંડનું શાંતિદાયક રાજ્ય છે, અને

તે તેને માટે બનતી સગવડ કરી સ્વપ્રજાને સુખસ્વચ્છંદમાં રાખવાનો યત્ન કરે છે. આ પ્રસંગે ભારતવર્ષની **રાજભક્ત** પ્રજાએ પોતાના રાજાને બનતી દરેક સહાય આપી છે અને હજી તે આપવા તૈયાર છે. બે વર્ષ થવા છતાં હજી પણ યુદ્ધાગ્નિ પ્રજાળ્યા કરે છે, તેની ચિણગારીઓવડે પ્રત્યેક દેશને થોડું ઘણું નુકસાન સહન કરવું પડ્યું છે–પડે છે. ભારતીય પ્રજાએ એવું નુકસાન સહન કરવા છતાં પોતાના રાજાને સહાય કરવામાં પાછું જોયું નથી અને જોશે પણ નહિ. નિર્દોષ ઇંગ્લેંડે પરોપકારને ખાતરજ–અનાથનું રક્ષણ કરવા માટેજ લાચારીએ યુદ્ધમાં ભગલું ભર્યું છે. તેમાં તેણે માત્ર પોતાનું વચનજ પાળ્યું છે. આવે બારિક પ્રસંગે તેને મદદ કરવા રાજભક્ત ભારતવર્ષ પાછું હઠ નથી અને હઠશે નહિ; એથી વિશેષ આનંદની વાર્તા બીજી કઈ હોઈ શકે! ભારતવર્ષની પ્રજા રાજભક્ત છે, તે પોતાના રાજાને ઇશ્વરાંશ માને છે અને તે તેનું સદૈવ કલ્યાણજ ઇચ્છે છે. થોડાક માથાફરેલા નાલાયક રાજદ્રોહીઓને લીધે સમસ્ત ભારતવર્ષને વગોવવું આવશ્યક નથી. ભારતીય પ્રજા "ઇંગ્લેંડનું રાજ્ય અમર તપો" એવી ભાવનાપૂર્વક આ દેશમાં હુન્નર વધે અને પ્રજા ધન-ધાન્યથી સુખી થાય તે માટેજ **સ્વરાજ્ય** માંગે છે. ઇંગ્લેંડ પોતાના સહાયક મિત્ર ભારતવર્ષને અવશ્ય તે આપશે, અને સ્નેહબંધન ચિરકાળ ટકાવી રાખશે. વર્તમાન યુદ્ધમાં **ઇંગ્લેંડ તથા મિત્રરાજ્યોનો વિજય થાઓ એજ અમારી પ્રભુપ્રાર્થના છે.**

"યુરોપનો રણરંગ" પુસ્તકમાં યુદ્ધને ઉદ્દેશીને એક મ્હોટી અને બીજી ન્હાની વાર્તાઓ લખવામાં આવી છે. સર્વ વાર્તાઓ જુદી જુદી અંગ્રેજી વાર્તાઓનું ભાષાંતર છે. જો કે તેમાં કેટલીક મરાઠી અને કેટલીક હિંદી ઉપરથી પણ લેવામાં આવી છે. ન્હાની સર્વે વાર્તાઓ કાનપુરથી પ્રકટ થતાં **प्रताप** નામક અઠવાડિક પત્રના સમ્પાદક શ્રીમાન **पंडित शिवनारायण मिश्र** લિખિત હિંદી વાર્તાઓનો અનુવાદ છે અને તેનું ભાષાંતર કરવાની પરવાનગી આપવા માટે ઉદાર પંડિતજીનો ઉપકાર માનવામાં આવે છે.

પ્રસ્તુત પુસ્તકનું ભાષાંતર કરનાર સીનોર (વાયા મિયાગામ) નિવાસી રા. રા. ગોવર્ધનદાસ કહાનદાસ અમીન છે. તેઓશ્રીએ તદ્દન નિષ્કામવૃત્તિથી, ઉત્સાહપૂર્વક, બનતી ત્વરાએ **"યુરોપનો રણરંગ"** લખી વાર્તામાળાના

ગ્રાહકોની સેવા બજાવી છે. એ માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે. એઓશ્રીએ બૂકર ટી વૉશિંગ્ટન, જર્મનીની ઉત્ક્રાંતિ શાથી થઇ? અદ્‌ભૂત આગબોટ, અને પ્રતિજ્ઞા-પાલન (ઐતિહાસિક નવલકથા) વગેરે પુસ્તકો લખી સાહિત્યસેવા બજાવી છે. હજી લોકોપયોગી પુસ્તકો લખવાની તેમની જીજ્ઞાસા છે. પ્રભુ તેમને સાહસ, બળ, બુદ્ધિ અને દિર્ઘાયુ બક્ષે.

વિલંબનું કારણ–"યુરોપનો રણરંગ"ના લેખક શ્રીમાન ગો. ક. અમીનની પ્રકૃતિ એકાએક બગડી આવવાથી પુસ્તકને પૂરૂં કરવામાં અને પ્રકટ કરવામાં અસાધારણ ઢીલ થઇ છે જે માટે વાંચકો ક્ષમા કરશે. હવે પછીનું પુસ્તક **"સુધરેલી સીતા"** ઘણીજ ઉતાવળે પ્રકટ થશે, અને જો ૧૫૦૦ પૃષ્ઠમાં ઓછાં રહેશે તોજ **"જાપાની જાસુસ"** પ્રકટ થશે, નહિ તો તે અથવા તેટલાં પાનાં હવે પછીના વર્ષમાં આપવામાં આવશે.

કાગળો વગેરે બહુ મોંઘા થઇ ગયા છે. કાગળના, કપડાના તથા પુંઠાના ભાવો બમણા ત્રમણા ચઢી ગયા છે! સોનેરી રૂપેરી વરખની તો વાતજ શી કહેવી? ત્રણ ચારગણો ભાવ આપવા છતાં જોઇતા કાગળો અને વરખ વખતસર મળતા નથી. **ચાલુ વર્ષમાંજ અમને કાગળો વગેરેમાં મ્હોટું નુકસાન થશે, તેમ છતાં અમે ગ્રાહકોની સેવા બજાવી છે.** એ વાત સુજ્ઞ ગ્રાહકો **ભૂલશે નહિ** અને **આવતા વર્ષમાં અમે લવાજમમાં નજીવો વધારો** કરીએ તે તરફ **મીઠી નજરે જોશે** એવી આશા છે. જો નુકસાન સહન કરીને અમે પુસ્તકો આપ્યા કરીએ તો તે વધારે વખત ટકી શકેજ નહિ. માટેજ અમે **આવતા નવા (ચોથા) વર્ષથી લવાજમમાં સહજ વધારો કરીશું.** એ વાત ગ્રાહકોએ ધ્યાનમાં લેવી. ઘણા ગ્રાહકો તરફથી અમને લવાજમ વધારવાના પત્રો મળ્યા છે તેમનો ઉપકાર માનીએ છીએ. સુજ્ઞ ગ્રાહકબંધુઓ અમારા પ્રસ્તુત કાર્યમાં સહાયતા કરશે અને અમને ચાલુ વર્ષમાં થતા નુકસાનનો થોડો થોડો બદલો ભવિષ્યના વર્ષોમાં વાળી આપવા સાથે સસ્તી વાર્તામાળાની ઉત્તમ નવલકથાઓનો લાભ લેતા રહેશે અને મિત્રોને લેવડાવતા રહેશે એવી આશા છે.

અમદાવાદ.
આષાઢ, શુક્લપંચમી–૧૯૭૨. } **દાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.**

બીજા વર્ષનાં પુસ્તકો ૧૫૦૦ ઉપરાંત પૃષ્ઠ !

થોડાં થોડાં પુસ્તકો સિલકમાં છે. લવાજમ કાચા જાડા પૂઠાનું **રૂ. અઢી** અને **પાકા** પૂઠાનું **રૂ. સાડા ત્રણ.** વી. પી. ૦-૧-૦ વધુ. **આફ્રિકાનાં ગ્રાહકો માટે** કાચા પૂઠાના **રૂ. ૩-૨-૦** તથા પાકા પૂઠાના **રૂ. સાડા ચાર.** પોષ્ટેજ સાથે. **તુરતમાં મંગાવી લેવાં.** પાછળથી મળશે નહિ એવી ખાત્રી રાખવી.

૧. અનુપકુમારી—અથવા **કાશ્મીરપર હલ્લો.** આ ઐતિહાસિક નવલકથામાં શીખ વીર મહારાજા રણજિતસિંહે કાશ્મીરપર હલ્લો કર્યો તેનું આકર્ષક વૃત્તાંત છે.

૨. બ્રહ્મચારિણી—અથવા **સમાજ સેવિકા**—આ સામાજિક ધાર્મિક નવલકથા પ્રત્યેક હિંદુ ભાઇઓએ અવશ્ય વાંચવી જોઇએ. આર્ય સંસારમાં આદર્શ રમણી રત્નો કેવાં હોવાં જોઇએ ? અને જીવન પર્યંત બ્રહ્મચર્ય પાળી સમાજની સેવા કેવી રીતે કરી શકે તેનું અતિ ઉત્તમ દૃષ્ટાંત છે.

૩. શહેનશાહ જહાંગીર—મોગલ શહેનશાહ જહાંગીરે પોતાને હાથે લખેલું ઉપદેશમય અને રસિક જીવનવૃત્તાંત પ્રત્યેક મનુષ્યે અવશ્ય વાંચવા જેવું છે.

૪. મહારાષ્ટ્રીય કથાકુંજ—(**ઐતિહાસિક વાર્તાઓ.**) એમાં મહારાષ્ટ્રપતિ **શ્રી શિવાજી છત્રપતિ** મહારાજ અને પેશ્વા રાજાઓના વખતમાં બનેલા સત્ય બનાવો લઇને પ્રત્યેક વાર્તા ચિત્તાકર્ષક શૈલીમાં લખવામાં આવી છે.

૫. ઉમાજી નાયક—**મહારાષ્ટ્રનો સુપ્રસિદ્ધ લુંટારો**—૧૮ મી સદીમાં કંપનીના રાજત્વ સમયે મહારાષ્ટ્રના એક સાહસિક વીર લુંટારાનાં પરાક્રમો, તેની હિમ્મત અને સાહસ, દયાળુપણું, પત્નીવ્રત, દાનવીરપણું, વગેરે.

રૂ. બેમાં ૧૫૦૦ પૃષ્ઠની નવલકથાઓ મળશે.

ચાલુ વર્ષમાં નીચલાં પુસ્તકો મળશે. (૧) **શાંતિનિકેતન—સુખપ્રાપ્તિનો મહામંત્ર.** (૨) **રાજા છત્રસાલ**—બુંદેલખંડનો ભાગ્યરવિ (ઐતિહાસિક). (૩) **યુરોપનો રણરંગ**—ચાલુ યુદ્ધ સંબંધી રસમય વાર્તાઓ. (૪) **સુધરેલી સીતા**—સુધારાને નામે બગાડો ! (જો પંદરસો પૃષ્ઠમાં ખુટશે તો (૫) **જાપાની જાસુસ**—ડિટેક્ટીવ નવલકથા આપવામાં આવશે.

युरोपनो रणरंग.

१. जर्मन युद्धपर आक्रमण.

પ્રકરણ ૧ લું.

પ્રણયોદ્યાન.

વાચક! જો ત્હારે વર્તમાન ચૈતન્યયુક્ત કથામાં પ્રવેશ કરવો હોય તો અદ્વિતીય ઐશ્વર્યનિરીક્ષણથી આશાની સમતોલતા ગુમાવીશ નહિ, અન્યના વૈભવથી ઈર્ષ્યાને આધિન થઇશ નહિ, સ્વાતંત્ર્યના અસ્ખલિત પ્રવાહથી પવિત્ર થયેલા વાતાવરણમાં શાંતિથી વિચરવા તત્પર થા અને નવલકથાકારની કલ્પના સાથે દોડવાને સજ્જ થા. જે સ્થળે શાંતિના અત્યુત્તમ સુખનો અનુભવ મેળવવામાં એક દિવસ નિમગ્ન થયેલી પ્રજા, આજે સ્વકીર્તિના સંરક્ષણાર્થે પ્રાણની પરવા ન કરતાં યુદ્ધ કરવા તૈયાર થઇ છે, જે સ્થળે એક દિવસ નૌકાવિહારમાં લુબ્ધ બનેલા તરૂણો, આજે દરીયાઈ યુદ્ધમાં ઉચ્ચ સ્થાન મેળવે છે, જે સ્થળે એક દિવસ સ્વદેશની પ્રજામાં એક બીજાના હક્ક સ્થાપન કરવા તન, મન અને ધનથી પ્રયત્ન કરનારા મુત્સદ્દીઓ, આજે સર્વ પ્રકારનો મતભેદ દૂર કરી એક વિચારથી સમરાંગણમાં અગ્રસ્થાને અસિ ચમકાવે છે અને જે સ્થળે ક્ષણમાં સુખ

અનુભવાય છે અને બીજીજ ક્ષણે વીરરસનો આસ્વાદ મળે છે તે સ્થળ તરફ આપણે પ્રયાણ કરવાનું છે—કહો કે, યુરોપના પવિત્ર વાતાવરણમાં આપણે સંચાર કરવાનો છે. વાચક! યુરોપખંડમાં ચાલતા મહાયુદ્ધના સમાચાર પ્રતિદિન ત્હારા કર્ણપટે આવતા તો હશેજ. વ્યાપારી મયાસુરના અદ્વિતીય બજારનો થોડો ભાગ પણ તેં જોયો તો હશેજ; એટલે ત્હારૂં મન અને નેત્ર આહ્લાદશ્યથી મોહને આધિન નહિ થાય એમ માનવામાં કંઇ હરકત નથી, તોપણ કહેવું પડે છે કે, હમેશ મૃતજીવનના અનુભવથી ત્હારૂં હૃદય રીઢું થઇ ગયેલું છે તેથી યુરોપની ચૈતન્યપૂર્ણ પરિસ્થિતિ જોતાં ચલિત થાય અથવા ભયને પ્રાપ્ત થાય તો તે અસંભવિત નથી. તેથી પ્રથમ ત્હને ત્યાંની માધુર્યતાનો સ્વાદ ચખાડીશું કે, જેથી ધીમે ધીમે ત્હારૂં હૃદય દૃઢ બને અને લોકોત્તર પરિસ્થિતિનું અવલોકન કરવાનું ત્હારામાં ધૈર્ય આવે.

ઋતુરાજ વસંત પૂર્ણ યુવાનીમાં વહેતો હતો. ભગવાન સૂર્યનારાયણ પણ જાણે યુરોપીય પ્રજાની કર્તવ્યપરાયણતા અને સ્વદેશભક્તિ જોઇ પ્રફુલ્લ વદને મંદ મંદ સ્મિત કરતો હોય તેમ જણાતું હતું. સર્વત્ર પ્રસરેલો પુષ્પ પરિમલ, દિવસે અસ્ખલિત શ્રમથી વિગલિત થયેલા મનને ઉત્સાહ અર્પવા માટે વાયુને વાહન બનાવી આમતેમ ભ્રમણ કરી રહ્યો હતો, પણ તેને પોતાની ઉદારતાનો પરિચય આપવાની સંધિ મળતી નહતી. સેંટ જૉન, નામક ગામ પાસેના અરણ્યમાં જન્મ પામેલો પુષ્પપરિમલ, પોતાનો ભોક્તા મેળવવાના ઉદ્દેશથી આમતેમ સંચાર કરી રહ્યો હતો પણ તેને ઇચ્છા પૂર્ણ થવાની આશાનું દર્શન થતું નહતું. અંતે તે નિરાશાના વમળમાં ઘેરાતો હતો તેટલામાં "કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે." એ ઉક્તિને સિદ્ધ કરી આપનાર એક તરૂણ મૂનલાઇટ પૅલેસની દિશા પ્રતિ પોતાનો ઘોડો દોડાવતો જતો દૃષ્ટિએ પડયો. તરૂણની ત્વરિત ગતિ જાણે તેને સૌખ્યનિધિની સમીપ લઈ જતી હોય તેવું જણાતું હતું.

તેજ સમયે પરિમલે કલ્પના કરી લીધી કે, આ યુવક વિદ્યાલયનું લુખું જીવન પૂર્ણ કરી રસપૂર્ણ મંદિરની વાટિકા તરફ વળ્યો છે. તેણે પોતાનો શ્રમ સફળ થયો માની તુરતજ તે તરૂણને માટે આત્મભોગ આપ્યો. પુષ્પ પરિ-

મલની અનુપમ લહેર મેળવતો વિલીયમ ત્વરિત ગતિથી મૂનલાઇટ પૅલેસ ભણી ચાલ્યો જતો હતો. આ સમયનો તેનો આનંદ અવર્ણનીય હતો. "પ્રિય લિલીએ મ્હને મળવાનું અભિવચન આપ્યું, એટલુંજ નહિ પણ તેણે થોડા સમય મ્હારી સાથે વનશ્રીનો વિલાસ જોવાનું પણ સ્વીકાર્યું છે. હવે હું આ પુષ્પપરિમલને અવશ્ય કહી શકું કે, ત્હારી સ્થિતિ લિલીના શ્વાસોચ્છ્વાસથી પણ હીન છે. શ્વેત પુષ્પકલિકા તો સમજીજ જશે કે, લિલીની દંતપંક્તિ આગળ દંભ રાખવો અયોગ્ય છે. આ હસ્તાં પુષ્પોનો ગર્વ લિલીના સ્મિત આગળ તદ્દન ઝાંખો પડી જાય તેમ છે અને સ્વર્ગમાં વિહાર કરતા દિવાકર તેમજ તેમની પત્ની પશ્ચિમાસુંદરીને નિશ્ચય કરાવીશ કે તેના સહવાસમાં ગયેલો સમય તમારા કરતાં અત્યંત સુખ, શાંતિ અને જીવનને બળ આપનાર હતો." આવા પ્રકારના અનેક વિચાર કરતાં કરતાં વિલીયમે ઘોડાને ચાબુક લગાવી વાયુવેગે દોડાવ્યો.

પરંતુ તેનું મન અધિક વેગથી દોડતું હતું. કૉર્નવૉલ પ્રાંત એ લાવણ્યવતી તરૂણીઓનો ભંડાર હતો; તેમાં લિલીનું સૌંદર્ય તો કેવળ અપ્રતિમ હતું; ત્યારે નંદનવનને પણ શોભાવે તેવી લિલીના સહવાસ કે સમાગમથી નંદનવનતુલ્ય રમ્ય પ્રદેશમાં સલીલ વિહાર કરવાને વિલીયમનું મન ઉત્સુક થાય અને તે ભવિષ્યના સુખની કલ્પનાસૃષ્ટિમાં તરે તો તેમાં શું આશ્ચર્ય છે? આજે કેટલાંએ વર્ષોથી વિલીયમ લિલીને ચ્હાતો હતો અને કેટલોએ સમય તેણે કાલ્પનિક દર્શન સુખનો મીઠો રસ લેતાં વિદ્યાલયમાં વ્યતીત કર્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી તો તે રમણીની રમ્યમૂર્તિ તેના હૃદય સિંહાસનપર અધિષ્ઠિત થઇ રહી હતી. તે લિલીની પ્રણયમૂર્તિનું ચિંતન કરવામાં એટલું તો સ્વર્ગસુખ માનતો કે, વિદ્યામંદિરમાં પ્રોફેસરોનાં વ્યાખ્યાનો સાંભળતી વખત અનેક ઉપયોગી વિષયોનું વહન થઇ જતું, અને તે અમૂલ્ય સમય વ્યર્થ જતો તેમજ શયનમંદિરમાં અભ્યાસ કરતી વખત પુસ્તકનાં પૃષ્ઠજ માત્ર એક પછી એક ફર્યા કરતાં પણ તેને ભાન થતું નહતું! આવી સ્થિતિમાં આવી પડનાર તરૂણને લિલી જેવી સુંદરીનું પ્રત્યક્ષ નેત્રથી સૌંદર્યપાન કરવાનો પ્રસંગ મળે તો તેને આહ્લાદ કેમ ન થાય?

વિલીયમનો લિલીપર નિસ્સીમ પ્રેમ હતો છતાં લિલીનો પ્રેમ મેળવવાનું તે અશક્યજ માનતો હતો, તેથી તેનો પ્રેમ પરાકાષ્ટાએ જઈ પહોંચ્યો હતો. લિલીએ તેની આશાને કદી પણ લેશ માત્ર સ્થાન આપ્યું નહતું અને તેના સૌખ્યની કિંવા સ્વાસ્થ્યની સહજ પણ પોતાને કાળજી છે એવું તેણે એક પણ શબ્દથી દર્શાવ્યું નહતું! તે વિલીયમને કેવળ બાલ્યાવસ્થાના બાલમિત્ર તરીકે, રમતગમતનો સ્નેહી માનતી હતી. "પણ લિલી કંઈ સર્વ સાધારણ કુમારિકા જેવી નથી." વિલીયમ પોતાના મનમાંજ બોલ્યો: "પરસ્પર વિરૂદ્ધ વિચારનું, પરસ્પર વિસદશ કૃતિનું અને વિસંગત પ્રલાપનું લિલી એ એક ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે. હમેશની પ્રકૃતિથી દૂર થઇ તે ક્યારે ક્યા નૂતન રૂપમાં દર્શન દેશે એ કહી શકાય તેમ નથી. તે કદાચ અણુચિંતવી મ્હારા પર પ્રેમ કરવાનો આરંભ કરશે, અને મ્હને આશ્ચર્યમૂઢ પણ બનાવી દેશે ?"

વિલીયમને ચૈતન્ય આવ્યું. તે સમજ્યો કે, આ તો કેવળ મનોરાજ્ય હતું. યુવાવસ્થાના આશાવાદી મનની એ તો કેવળ રમત હતી. તેજ સમયે તેણે ભ્રમ દૂર કરી મનમાંજ કહ્યું: "તેનું હૃદય જીતી લેવાનું કાર્ય કંઇ સાધારણ નથી. પ્રથમ તો તે મ્હને મ્હારૂં હૃદય દર્શાવવાની સંધિજ આપશે નહિ. હા, એટલું તો સત્ય છે કે, તેના સહવાસમાં હું વિશેષ સમય વ્યતીત કરી શકીશ ખરો. ત્યારે શું એ સુખ કાંઇ થોડું છે!"

કિંચિત સમયમાં લિલીનો મૂનલાઇટ પેલેસ દૃષ્ટિએ પડવા લાગ્યો; અને ઇચ્છિત વ્યક્તિનું દર્શન થાય છે કે કેમ તે જોવાના આશયથી વિલીયમ તે મહેલનું સૂક્ષ્મદૃષ્ટિથી નિરીક્ષણ કરવા લાગ્યો.

"મ્હારી સાથે વસંતરાજનાં સૌંદર્યનું અવલોકન કરવાની તેની ઇચ્છા થઈ છે પણ તેમાં કોઇ કંટકરૂપ ન થયું હોય તો ઠીક." વિલીયમ વિચાર કરવા લાગ્યો: "હું જાણું છું કે કેપ્ટન લેનોક્સ આજે સાયંકાળે અહીં આવનાર છે અને લિલીના પિતા પોતાની પ્રિય પુત્રીનો હસ્ત તેને—તેને—સ્વાધીન—"

વિલીયમથી આ વાક્ય પૂર્ણ થઈ શકે તેમ ન હતું. "હસ્ત તેને સ્વા-

ચીન" એ અપૂર્ણ શબ્દો પોતાના અંતશ્ચક્ષુ સમીપ લાવવાનું ધૈર્ય ધારવાને તે અશક્ત હતો. અરે ! એ વિચાર ભયપ્રદ હતો. એ કલ્પનાજ અત્યંત દુઃખદાયક હતી, કારણ કે સમગ્ર જગતમાં વિલીયમનું ચિત્ત આકર્ષણ કરનાર એક માત્ર લિલીજ હતી. સૃષ્ટિની સર્વ જડ અને ચેતન્ય વસ્તુઓ કે પ્રાણીમાં તેની એજ એક પ્રિયકર કુમુદિની હતી. પૂર્વ સમયમાં લિલી સ્વેચ્છાચારી અને હઠીલી હશે, ક્ષણે ક્ષણે ચિત્તથી ચલિત થતી હશે અને અનુચિત વૃત્તિથી અન્યનાં હૃદય વિદીર્ણ કરતી હશે, અરે ! વિલીયમના કોમલ હૃદય ઉપર અનેક વખત પ્રચંડ આઘાત કર્યા હશે પણ એ સર્વ તરફ પૂર્ણ અને ચિરકાળને માટે દુર્લક્ષ્ય કરવાને વિલીયમ તત્પર હતો. તેને પૂર્ણ શ્રદ્ધા હતી કે, લિલીના અંતઃકરણમાં હીન મનોવૃત્તિને સ્થાનજ નથી, અરે, નૈતિક દૃષ્ટિએ તેના જેવા ઉન્નત હૃદયની બાલા આ પૃથ્વીતલ પર કદી જન્મ પામીજ નથી. ટુંકામાં એટલુંજ બસ થશે કે લિલી વિલીયમના જીવનના અનુપમ આધારરૂપ હતી !

"હા, તેનો પ્રેમ પ્રાપ્ત કરવાની આશા રાખવી વ્યર્થ છે !" વિલિયમ આત્મા પ્રતિ કહેવા લાગ્યોઃ "કેપ્ટન લેનોકસ તેના મહાલયમાં નિત્ય આવે છે અને કોઇપણ કહી શકશે કે, લિલીનો તેના પર અમર્યાદ પ્રેમ છે. વિશેષમાં તેનું કુટુંબ શૌર્ય અને પરાક્રમનાં કાર્યોમાં સુપ્રસિદ્ધ છે. તેણે પોતે પણ અલ્પ વયમાં કેપ્ટનની પદવી પ્રાપ્ત કરી છે. લિલી પરાક્રમની પુજારી છે. વીર પુરૂષ પ્રત્યે અપ્રતિમ ભક્તિ રાખનાર છે. તે નિશ્ચયપૂર્વક માને છે કે, રણસેવા જેવો પૂજ્ય વ્યવસાય આ સૃષ્ટિમાં અન્ય એક પણ નથી."

* * * *

વિલીયમના પિતાનું નામ ડૉ. લિટન હતું. ડૉ. લિટન સેંટ જોન જેવા ન્હાના ગામડાનો હોવા છતાં ચોતરફ તેમની કીર્તિ પ્રસરી રહેલી હતી. તેમનું શુદ્ધ અને પવિત્ર ધર્માચરણ જોઇને, તેમના ધર્મવિચારની દૃઢતા અને સિદ્ધાન્ત સ્વરૂપ વિચારનું શ્રવણ કરીને અને તેમનો અહિંસા વિષે યુક્તિવાદ સાંભળીને અનેક મનુષ્યો તેમના શિષ્ય બની તેમની વિદ્વત્તાની અને અતિ વિશાળ જ્ઞાનની સ્તુતિ કરતા થયા હતા. ડૉ. લિટને ટ્રાન્સ્વાલના બોર યુદ્ધ

વખતે અને તે પૂર્ણ થયા પછી તેના પર શાબ્દિક પ્રહાર કરતાં તેમણે સ્પષ્ટ રીતે પ્રતિપાદન કર્યું હતું કે: "યુદ્ધ એ ધર્મની હત્યા કરવા માટે શયતાનોએ શોધી કાઢેલો માર્ગ છે. યુદ્ધની ભાવના કરનાર કોઈ પણ પ્રજા પવિત્ર મહાત્મા ઇસુની આજ્ઞાઓનું અવલંબન કરી શાંતિ મેળવી શકતિ નથી." તેમના આ સિદ્ધાન્તથી દેશમાં સર્વત્ર ચર્ચાનો આરંભ થયો અને તે એટલે સુધી પહોંચ્યો કે, કેટલાક મ્હોટા મનાતા વિદ્વાનોએ પણ સેંટ જોન જેવા ગામડામાં જઇ ડૉ. લિટનની ભેટ લીધી હતી. ઑક્સફર્ડ વિદ્યાલયમાં કેટલાંક વર્ષથી પ્રોફેસરનું કાર્ય કરતા ડૉ. રેંથોલને ડૉ. લિટનનો યુક્તિવાદ એટલો તો પ્રિય થઈ પડ્યો કે જે સમયે તેમના હૃદયમાં એ વાદે સ્થાન મેળવ્યું કે તુરતજ તેમણે ડૉ. લિટનના વિચાર પ્રતિ તારથી સહાનુભૂતિ દર્શાવી હતી, એટલુંજ નહિ પણ વિશેષમાં તેણે પત્ર લખી તેમને જણાવ્યું કે: "આપના દર્શન માટે નીકળવાની તૈયારીમાં છું." ડૉ. રેંથોલ એ નરરત્નનું દર્શન કરવાને ભાગ્યશાળી થઈ શક્યો નહિ કારણ કે તે પોતે ત્યાં પહોંચ્યો તે પહેલાજ ડૉ. લિટન આ યુદ્ધપ્રિય પૃથ્વીનો ત્યાગ કરી ચાલ્યો ગયો ! મૃત્યુલોકની ક્ષણિક મુલાકાત કરતાં પરલોકમાં દીર્ઘકાલ સુધી અત્યંત આનંદ આપે તેવી મુલાકાતને શ્રેષ્ટ માની ડૉ. રેંથોલે પોતાના મનને આશ્વાસન આપ્યું.

જો કે ડૉ. લિટને પરલોકગમન કર્યું હતું પણ તેમના વિચારો, તે વિચારોને વેદવાક્ય માનનારો તેમનો પુત્ર અને તેમના વિચારોના નિરસ ભાગને ગ્રહણ કરનાર તેમની પત્ની આ માનવસમાજનાં સુખ દુઃખની અપૂર્ણ વાસના પૂર્ણ કરવાને પૃથ્વી ઉપર રહ્યાં હતાં. વિલીયમનું મુખકમલ તેની માતાના જેવું સુંદર હતું, પણ તેનું અંતરંગ માતાનાં અંતરંગથી ભિન્ન હતું. તેણે બાહ્યાંગમાં માતાનું સ્વરૂપ સ્વીકાર્યું હતું, કિન્તુ અંતરંગમાં પિતાનો અનુવાદ કર્યો હતો. ડૉ. લિટન જીવંત હતા તે સમયના હિન્દી પ્રવાસીઓ તેમના પુત્ર વિલીયમનું વિચારસાદૃશ્ય લેઇ એમજ કહે છે, કે તેઓ કેટલાંક શતકપૂર્વે હિન્દુસ્થાનમાં થઇ ગયેલા મહાત્મા રામદાસ અને કલ્યાણના અવતારરૂપ છે.

વિલીયમે પિતાના મૃત્યુના કારણનું અવલંબન કરી પોતાના અભ્યાસક્રમનો ત્યાગ કરવાનું ઉચિત માન્યું નહિ. તે એકચિત્તથી વિદ્યાભ્યાસ કરતો

અને વિશ્રાંતિના સમયે પિતાના મતનો શાંત રીતે વિચાર કરતો. સામાન્ય યુવકોને જેમ કાળના પ્રવાહમાં પિતાની વિસ્મૃતિ થાય છે તેમ વિલીયમને માટે બન્યું ન હતું. તેણે પોતાના પિતાના વિચારોને સ્મૃતિપટ પર કોતરી દીધા હતા અને તેના પર ડૉ. રેંથોલ પોતાના ઉપદેશનો એવો મૃદુ હસ્ત ફેરવતા કે વિલીયમને જાણે પ્રત્યક્ષ તેના પિતાના ઉત્સાહી અને માર્મિક શબ્દોનો પ્રવાહ વહેતો હોય તેવો ભાસ થતો.

ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયમાં શિક્ષણ મેળવતી વખત વિલીયમે યુદ્ધકળા પણ સંપાદન કરી હતી. તેના ભવ્ય શરીર અને દૃઢ બાંધાનો વિચાર કરનાર તેમજ તેણે અલ્પ સમયમાં પ્રાપ્ત કરેલા લશ્કરી કૌશલ્યનું અવલોકન કરનાર જુના વિદ્યાર્થીઓ તેના આગળ શરમાતા અને તેઓ સ્વચ્છ હૃદયથી કબુલ કરતા કે વિલીયમ એક વીર પુરૂષ બનશે અને પ્રસંગ આવશે તો જગતમાં સુપ્રસિદ્ધ બનશે. તેની પાછળ પણ આ વિષયમાં અનેક રીતે પ્રસંશા થતી. એક દિવસે તેના જાણવામાં આવ્યું કે: મ્હારા મિત્ર અને શત્રુ મ્હારા લશ્કરી જ્ઞાનની સ્તુતિ કરે છે. ત્યારે તુરતજ તેને અત્યંત પશ્ચાત્તાપ થયો અને પરિણામે યુદ્ધવિષયક શિક્ષણ મેળવવાનું ત્યજી દીધું. ત્યારપછી તેનો અભ્યાસક્રમ પૂર્ણ થવાથી તે લંડન જવા નીકળ્યો તે વખતે કેપ્ટન પ્રિંગલ તેને મળ્યો, ત્યારે તેણે કહ્યું:—

"પ્રિંગલ! તું સૈનિક થવાનું કેમ પસંદ કરે છે! ત્હારા કહેવાથી હું હિંસાનો ઉપદેશ કરનાર શાળામાં રહ્યો તેથી મ્હારી બુદ્ધિમાં કેટલું પરિવર્તન થયું છે તે તું જાણે છે? મનુષ્ય માત્ર—અરે! પ્રાણી માત્ર એકજ પ્રભુનાં બાળક છે. સર્વ એક બીજાના બન્ધુ છે માટે પ્રત્યેકે કોઇ પણ માર્ગે બન્ધુઓને સહાય કરવી જોઇએ, પડેલાને ઉઠાડવા જોઇએ, ભૂલેલાને યોગ્ય માર્ગ દર્શાવી આપવો જોઇએ, ભૂખ્યાંને અન્ન આપવું જોઇએ અને કોઇ એક ગાલ ઉપર તમાચો મારે તો બીજો ગાલ ધરવો જોઇએ. એ સર્વ ઇસુના ઉપદેશ—આજ્ઞાઓનું ઉલ્લંઘન કરી મનુષ્ય—બન્ધુઓનો વધ કેવી રીતે કરવો? તેમને આ પૃથ્વી પરથી નષ્ટ કેવી રીતે કરવા? તેમની કત્લ કરવામાં ચાતુર્ય કેવું દર્શાવવું? તેમને અન્ન જળ ન મળે તે માટે કેવાં ભયંકર કૃત્યો કરવાં વગેરે પ્રકારનું શિક્ષણ મેળવું એ શું ધાર્મિક અને નૈતિક અધોગતિનુ ચિહ્ન નથી?

"મ્હારા પિતા વારંવાર કહેતા હતા કે, જે દેશમાં લશ્કરી શિક્ષણ વિશેષ હોય છે, જે દેશનાં ભૌતિક શાસ્ત્રો યુદ્ધકલાને પ્રોત્સાહન આપે છે અને જે દેશની પ્રજા સંહાર કરવામાં દયાહીન હોય છે તે દેશમાં ધર્મને ચરણ નીચે કચડી નાખવામાં આવે છે! તે દેશમાં નીતિની મશ્કરી થાય છે અને જગન્નિયંતાનું અપમાન થવાથી સત્ય સુખ નષ્ટ થાય છે! યુદ્ધ અને ધર્મ એ એક સાથે રહી શકતાં નથી. જ્યાં યુદ્ધ છે ત્યાં ધર્મ નથી અને જ્યાં ધર્મ છે ત્યાં યુદ્ધ નથી. યુદ્ધ એ રાષ્ટ્રને અધોગતિમાં મોકલનાર શયતાન છે; માટે હવે તો યુદ્ધ વિષે વિચાર કરવો એને પણ હું પાપ કાર્ય સમજું છું." કેપ્ટન પ્રિંગલ વિલીયમના ભાષણનું સત્ય સ્વરૂપ સમજી શકયો નહિ. રહસ્ય જાણવાની તેની ઇચ્છા પણ નહતી તેથી તે મૌન રહ્યો. એ જોઈ વિલીયમ મનમાંજ બોલ્યો: "ખરેખર, પિતાએ મ્હારા પર અસંખ્ય ઉપકાર કર્યા છે. એ ઋણમાંથી હું કદી પણ મુક્ત થઈ શકીશ નહિ. અહાહા, તે જ્યારે યુદ્ધ વિષે પોતાના વિચારો પ્રકટ કરતા ત્યારે મ્હારૂં રમ્ય-ભૂવન કેવું શાંત અને ગંભીર જણાતું હતું? હા, ક્યાં તેમની ઇચ્છા અને ક્યાં મ્હારૂં લશ્કરી શિક્ષણ? અરે પિતા, અરે પિતા, સત્ય છે! સત્ય છે! તમે એક અદ્વિતીય પુરૂષજ હતા?"

* * * *

વિલીયમનો પૂર્વ વૃત્તાંત જાણવામાં જેટલો સમય લાગ્યો છે તેટલા સમયમાં તે મૂનલાઇટ પૅલેસમાં જઇ પહોંચ્યો. લિલી તેના પિતા સાથે વાર્ત્તાલાપ કરતી કુમુદોદ્યાનમાં ઉભી હતી. સંધ્યાદેવી ભગવાન્ સૂર્યનારાયણનું પ્રેમપૂર્વક સ્વાગત કરતી હતી. એ સ્વર્ગીય અનુભવ મેળવવા જાણે તલ્પી રહી ન હોય તેમ લિલી સસ્મિત વદને પશ્ચિમ તરફ જોવા લાગી. સંધ્યા-દેવીના વદન પર છવાઇ રહેલો અનુરાગ લિલીએ સ્વમુખ ઉપર ધારણ કર્યો હતો ત્યારે રશ્મિકાન્તના વદન પરની પ્રસન્નતા વિલીયમના મુખ પર ઝળકી રહી હતી. પોતાના પ્રેમી અંશુમાલીને યોગ્ય સમયે આવેલો જોઇ લિલીના હૃદયનો આનંદઝરો અપૂર્વ બળથી ઉછળવા લાગ્યો. તેને લાગ્યું કે "સંધ્યાસુંદરી પણ આવો આનંદ ભાગ્યેજ પ્રાપ્ત કરી શકતી હશે."

લિલીના પિતા નેલ્સને "લિલી, લિલી." કહી બે વાર બોલાવી પણ તે પ્રેમના પ્રવાહમાં તણાતી હતી, તેથી કંઈ સાંભળી શકી નહિ. નેલ્સન તુરતજ સમજી ગયા કે, લિલીનું ચિત્ત સ્થિર નથી. નેલ્સને પોતાના જીવનનો વિશેષ ભાગ સૈનિક કાર્યભારમાં વ્યતીત કર્યો હતો. જ્યાં મનુષ્યોનો નિવાસ થતો નહતો એવા સમુદ્રમાં તેઓ ઘણા લાંબા કાળ સુધી રહ્યા હતા, પરંતુ સામાન્ય રીતે લશ્કર ખાતાના અધિકારીઓમાં રહેતી કઠોરતા કે ક્રૂરતાએ તેમને સ્પર્શ પણ કર્યો નહતો. યુરોપીય સમુદ્રસૈન્યમાં તેમનું ઘણું માન હતું અને તેમના જેવા મનુષ્યો ઘણા થોડા હતા! ઍડમિરલ નેલ્સન શત્રુને કાળરૂપ જણાતા પણ મૂનલાઇટ મહાલયમાં તે એટલા સરળ અને પ્રેમાળ રહેતા કે જો કોઈ અપરિચિત મનુષ્યને કહેવામાં આવે કે એજ ઍડમિરલ નેલ્સન છે તો તે માને પણ નહિ!

પોતાની કન્યાનું લક્ષ્ય વાર્તાવિનોદમાં ન રહેતાં અન્યત્ર વિચરે છે, એમ જાણતાંજ નેલ્સને પૂર્વ દિશા પ્રતિ દૃષ્ટિ કરી તો સ્વકલ્પના પ્રમાણે વિલીયમ લિટનને આવતો જોઈ તેમણે લિલીને કહ્યું: "લિલી! વિલીયમ આવી પહોંચ્યો ખરો. હજી ઘણો સમય છે. હું ધારૂં છું કે, સંધ્યાસમય પહેલાં તમે પાછાં ફરી શકશો. જો! વિલીયમ ભણી જો! ઘોડેસ્વાર થવામાં તે કેવો હુશિયાર જણાય છે? જાણે કે એક વીરજ! અહા, તેની મુખમુદ્રા સમરાંગણને શોભાવે તેવી છે. પણ અફસોસ! એ પોતે કેવળ પુસ્તકી જ્ઞાનને મહત્વનું માને છે, અને પિતા પ્રમાણે પુસ્તકાલયમાં જીવન વ્યય કરે છે. આવા તરૂણોએ તો સમરાંગણને નિવાસસ્થાન સમજવું જોઇએ. અરે, રણક્ષેત્ર એજ તેમનું ક્રીડાસ્થાન હોવું જોઇએ."

લિલી અનિમિષ લોચનથી વિલીયમ તરફ જોવા લાગી. તેણે આ પહેલાં અનેક વખત વિલીયમને જોયો હતો; પણ તેનું સ્વરૂપ પોતાના હૃદયમાં સ્થિર કરવાને આજ સુધીનો સમય પૂર્ણ જણાયો નહિં હોય. વિલીયમ પોતાનો ઘોડો એક સેવકને સોંપી ઍડમિરલ નેલ્સન પાસે આવ્યો. તેમણે તેની સાથે અત્યંત નમ્રતાથી હસ્તધૂનન કર્યું; પરંતુ તે સમયે તેનું સર્વ લક્ષ્ય લિલીના સુંદર વદનકમળ તરફ હતું. ઔપચારિક વાત થયા પછી નેલ્સને કહ્યું:

"વિલીયમ! સૃષ્ટિસૌંદર્યનું નિરીક્ષણ કરી સોંદર્યદેવીનો વિલાસ જોવા માટે તેં અત્યુત્તમ સમય શોધી કાઢ્યો છે. હું તો વસંતઋતુના સ્વચ્છ પ્રકાશને પ્રભુની મહાન બક્ષીસ માનું છું. આવા ગુલાબી સમયે વનશ્રીનું અવલોકન થાય તે એક મહાન ભાગ્ય છે. લિલી! જા, ત્હારા આનંદમાં વિઘ્ન નાંખવાની મ્હારી ઇચ્છા નથી. પેલી ઉંચી ટેકરી પર જઇ આકાશસૌંદર્ય જોવાનું ભૂલીશ નહિ. આપણે કૉર્નિશ લોકો, એ ટેકરીને વનદેવીનું લીલાગૃહ માનતા આવ્યા છીએ."

"ત્યાંજ જવાનો અમારો ઉદ્દેશ છે." લિલીના પ્રસન્ન વદનકમળમાંથી શબ્દોચ્ચાર થયો: "મ્હેં તો એ ટેકરી પર જઇ અનેક વખત સૃષ્ટિસૌંદર્યનું અવલોકન કર્યું છે; પણ વિલીયમ પોતાના સમયનો વિશેષ વ્યય ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયમાં કરતો હતો તેથી તેને હજી સુધી એવી ઉત્તમ સંધિ મળી નહતી. આજે અમે ત્યાં જવાનો નિશ્ચય કર્યો છે."

"જા! વિલીયમ જેવા સદ્વર્તનશીલ તરૂણ સાથે ફરવાને મ્હારા તરફથી હરકત નથી." ઍડમિરલે કહ્યું: "મ્હને ખાત્રી છે કે મ્હારી કન્યાને સુરક્ષિત સ્થિતિમાં પાછી લાવવા કોઇને પણ કહેવાની આવશ્યકતા રહે તેમ નથી." એટલું કહી નેલ્સને તેની પીઠ પર હાથ ફેરવી લિલીને જવાને સંમતિ આપી.

મૂનલાઇટ પૅલેસથી કેટલેક દૂર ગયા પછી લિલી વિલીયમ તરફ સસ્મિત વદને જોતી બોલી:

"વિલીયમ! પિતાના શબ્દો સાંભળ્યાને?"

"હા, તેમના ભાષણનું નિશાન કઈ તરફ હતું તે હું સમજ્યો છું. તેમાં તેમનો કંઇ દોષ નથી, કારણકે તેમનું સર્વ જીવન સૈનિકોના સહવાસમાં વ્યતીત થયું છે; તેથી જ્ઞાનનું મૂલ્ય તે સમજતા નથી. સર્વ આયુષ્ય મનુષ્ય સંહાર કરવામાં અથવા તો તે વિષે વિચારો કરવામાં ગયું હોય તેમના મુખમાંથી તો એવાજ ઉદ્દગારની આશા રાખી શકાય."

"વિલીયમ! મ્હેં સાંભળ્યું છે કે, ઑક્સફર્ડ વિદ્યાલયમાં તું માનીતો વિદ્યાર્થી થઇ પડયો છે. ત્હારૂં અપ્રતિમ જ્ઞાન જોઈ કહેવાય છે કે, પ્રોફેસરોએ

ત્હને પ્રોત્સાહન આપ્યું છે અને તેઓ ખાત્રીપૂર્વક માને છે કે, તું વિદ્યાલયની કીર્તિમાં વૃદ્ધિ કરીશ."

લિલીના આ શબ્દો સાંભળી વિલીયમ કંઈક શરમાયો અને તે સાથે તેના મુખ પરની આનંદિત છટા કંઈક ઝાંખી પણ થઈ. તે જાણતો હતો કે: લિલી જ્ઞાનપ્રિય નથી પણ શૌર્યભક્ત છે. તેના શબ્દનો કટાક્ષ જોઈ તે ફક્ત સહજ હસ્યો.

"વિલીયમ! ત્હારી હુશીઆરી અને જ્ઞાનલાલસાની માત્ર વિદ્યાલયમાંજ નહિ પણ સર્વત્ર પ્રશંસા થાય છે." પુનઃ લિલીએ કહ્યું.

"થતી હશે. તેની સાથે ત્હારો શો સંબંધ છે? એડમિરલની બાલાને વિદ્વત્તા ક્યાં પસંદ પડે તેમ છે? ત્હને પ્રિય હોય તો કેવળ શૌર્ય કે સમરાંગણનું ચાતુર્ય?"

"તે તું કેવી રીતે સમજી શક્યો?" લિલી હસતી હસતી બોલી: "હું શિકાર જેવા વિષયને મહત્વ આપું છું અને નૃત્યમાં હમેશ અગ્રસ્થાન લઉં છું તેથી કોણ કેટલું હોશીયાર છે તે શું હું ન સમજી શકું? શૌર્યની ભક્તિ કરનારને કદાચિત જ્ઞાનનો આસ્વાદ લેવાનો હક્ક નહિ હોય તો ભલે, પણ શું જ્ઞાનની સુંગધી લેવાને પણ તે અધિકારી નથી!"

"શું, તું જ્ઞાનની સુંગધી ગ્રહણ કરશે?" વિલીયમ લિલી તરફ જોઈ ગાલમાંને ગાલમાં હસ્તો બોલ્યો: "લિલી, આજે ત્હને મ્હારી મશ્કરી કરવાની કેમ ઇચ્છા થઈ છે?"

"વાહ, વિલીયમ! શું હું ત્હારી મશ્કરી કરૂં છું? સ્તુતિ અને મશ્કરી વચ્ચે રહેલો ભેદ ત્હારા લક્ષ્યમાં પણ આવતો નથી એ આશ્ચર્યજ છે!"

"સર્વ મ્હારા લક્ષ્યમાં છે."વિલીયમ ગંભીરતાથી બોલ્યો: "કહે, હું પુસ્તકાલયમાં ત્યાંના સ્તંભ કરતાં પણ વધારે દૃઢ થઈને બેસું છું અને ઘણા વખત સુધી બેસી રહું છું એમ કોઈ કહે છે તો ત્હને આનંદ થતો નથી? હું વાંચવામાં નિમગ્ન હોઉં છું, ત્યારે મ્હારો અંતકાળ મ્હારી સમીપ આવે તો પણ તેનું મ્હને ભાન રહેતું નથી, એવું કોઈ કહે છે તો તું હાસ્ય કરતી નથી? વાંચનમાં વ્યતીત થતો કાળ સમયનો દુરૂપયોગ છે અને આળસુ

માણસોજ એને કર્તવ્ય માને છે એમ કહી તું મ્હારો ઉપહાસ કરતી નથી? બોલ, ત્હારો આશય હું સમજ્યો છું કે નહિ? બે દિવસ પરજ ક્ષણ માત્ર હું વાંચવામાં નિમગ્ન થયો હતો તે વખતે તું કેપ્ટન લેનોક્સ સાથે કેમ ચાલી ગઇ હતી? તું એકદમ જતી રહી તેથી મ્હારૂં હૃદય દુઃખી નહિ થયું હોય કેમ?"

"લેનોક્સ સાથે જવાની મ્હારી ઇચ્છા ક્યાં હતી? ખરી રીતે તેંજ મ્હને જવાની ફરજ પાડી?"

"એટલે?" વિલીયમ આશ્ચર્યચકિત થઈ બોલ્યો.

"જો તું ક્ષણવારને માટે પુસ્તકોને કબાટમાં રાખી મ્હારી વિનંતિ સ્વીકારી બહાર આવવા તૈયાર થયો હોત તો કૅપ્ટન લેનૉક્સની વિનંતિને હું શામાટે માન આપત? બે કલાક સુધી ત્હારી રાહ જોઈ અને છેવટે ત્હને પૂછ્યું પણ ખરૂં! પરંતુ તું એક અક્ષર સુદ્ધાં બોલ્યો નહિ. કહે પછી મ્હારો શો ઉપાય?"

"શું, એમજ બન્યું હતું? મ્હને લાગ્યું કે: દશ પંદર મિનિટથી મ્હેં વધારે સમય લીધો નહિ હોય!"

"તેમાં આશ્ચર્ય જેવું નથી. તું મનુષ્ય કરતાં પુસ્તકને વિશેષ કિમતી માને છે. તે વખતે ત્હારી સાથે ફરવા જવાને હું કેટલી બધી આતુર હતી?"

"અરે પ્રભુ! વાચનલુબ્ધ બની મ્હેં લિલીની ઇચ્છાનો ભંગ કર્યો! લિલી! મ્હારા જંગલી વર્તનને માટે ક્ષમા કરશે?"

લિલી કંઈ બોલી નહિ. કદાચિત્ બોલી હોત તો વિલીયમે તેના શબ્દ સાંભળ્યા પણ નહોત. તે વિચારસાગરમાં ડૂબકાં મારતો હતો. ક્ષણવાર પછી વિચારનિદ્રામાંથી જાગ્રત થયા જેવું કરી તેણે ચોતરફ દૃષ્ટિ કરી ત્યારે પોતે એક સુંદર પ્રદેશમાં ઉભો છે અને આસપાસ પ્રત્યક્ષ વનદેવી સ્મિત કરતી ઉભી છે એવો તેને ભાસ થયો. લિલી હવે એક સૌંદર્યની ખાણ હોય એમજ તેને લાગ્યું. જાણે લિલી લેનોક્સ પર લેશ માત્ર પ્રેમ કરતી નથી અને એ સ્વર્ગીય પ્રેમને પાત્ર હોવાનું માન પોતાને મળશે એવી કલ્પનાથી તેનું મન આનંદસાગરમાં વિહાર કરવા લાગ્યું. વનપ્રદેશ નંદનવન સમાન

ભાસ્યો અને સન્મુખ ઉભેલી લિલી નિષ્કલંક મનની ઇવ છે અને પોતે આદમ છે એવી ભાવનાને આધીન થયો. તે ક્ષણ માત્ર જીવસૃષ્ટિને ભૂલી ગયો. છેવટે તે આનંદભાર સહન કરી શક્યો નહિ. તે લિલી નજીક જઇ પ્રેમથી પોતાનું શરીર બતાવી બોલ્યો:

"લિલી ! આ પુસ્તકી જ્ઞાનની ગુફામાં ભરાયલો જંતુ ત્હને પ્રિય છે ? આ વિલીયમને ત્હારો હૃદયપ્રદેશ સ્થાન આપી શકે તેમ છે ? આ આત્માના સમાગમમાં જતો સમય ત્હને સુખી બનાવે છે ખરો ?"

આ પ્રશ્નનો ઉત્તર તે મુગ્ધ બાલાએ આપ્યો હોત તો વિલયમને કેટલું દુઃખ થયું હોત? તે માનતો હતો કે: મૌન એ કાર્ય સિદ્ધિનું એક ચિહ્ન છે. લજ્જાથી રકતવર્ણ બનેલા તે નવવિકસિત કુસમપ્રતિ ભ્રમરના જેવી દૃષ્ટિથી તાકીને જોઇ રહ્યો હતો. અંતે તેના ઓષ્ઠ બોલવાને ઉંચા નીચા થવા લાગ્યા.

"વિલીયમ !" લિલી મંજુલનાદથી બોલી: "હું કૅપ્ટન લેનોક્સ સાથે ફરવા ગઇ તેથી ત્હને માઠું તો લાગ્યું નથી ને ? હું ભવિષ્યમાં એવું અવિચારી વર્તન કદી કરીશ નહિ." એટલું કહી વિદ્યુલ્લત્તા પ્રમાણે તેજસ્વી દંતપંક્તિ તેણે પોતાના ઓષ્ઠ નીચે દબાવી દીધી. તોપણ તેનો કપોલપ્રદેશ પોતાના રક્તવર્ણથી મુખમાં છુપાઇ બેઠેલી વિદ્યુલ્લતાનું તેજ પ્રકટ કરતો હતો. તેના કપોલની આરક્તતા અને અધરનું સ્ફુરણ જોઇ વિલીયમનું હૃદય જોરથી ધબકવા લાગ્યું. તેણે આત્મસંયમને દૂર કર્યો. કેટલાંક વર્ષથી જે મનોવિકાર દાબી દેવાનો પ્રયત્ન કરતો હતો તે આજે છેલી હદે પહોંચવા છતાં અટક્યો નહિ. તેને પણ લાગ્યું કે: "મ્હારૂં આ પ્રણયોદ્યાન છે. યોગ્ય સમય સમીપ આવ્યો છે અને હૃદય ખુલ્લું કરવાનો સમય છે. પુનઃ આવો લાગ ક્યારે મળશે ? પુનઃ આવી નવવિકસિત કોમળ કુસુમકલિકાનાં દર્શન ક્યારે થશે ? ખોલી દે ! ઓ જીવ ! હૃદય ખોલી દે !"

પ્રકરણ ૨ જું.

પ્રણયમંથી.

"લિલી! મ્હારા હૃદયમાં શું થાય છે તે તું જાણે છે? આજે કેટલાંએ વર્ષથી તેં આ હૃદયમાં સ્થાન મેળવ્યું છે?"

"તેં મ્હને એ વાત કદીપણ કહી હતી?" લિલીએ મંદહાસ્ય કરી કહ્યું.

વિલીયમ: "હું તેમ કરી શક્યો નહિ કારણ કે હું બ્હીતો હતો. મ્હને લાગતું હતું કે મ્હારા કરતાં અન્યપર ત્હારૂં વિશેષ ચિત્ત છે. હું જાણું છું કે, મ્હારાં કરતાં સુંદર અને વૈભવશાળી યુવાનોનું મન ત્હારા પર છે. તેમજ એ પણ હું સારી રીતે સમજું છું કે: મ્હારો સ્વભાવ-ટેવ ત્હને ગમે તેવી નથી પણ તું જાણે છે કે, ત્હારાપર મ્હારો નિસ્સીમ પ્રેમ છે."

લિલી: "બ્હીકણથી હું કંટાળું છું. તેવા પ્રત્યે સ્વાભાવિક રીતે મ્હારા હૃદયમાં તિરસ્કારવૃત્તિ ઉપસ્થિત થાય છે."

વિલીયમ: "તે હું જાણું છું, પણ તુંજ કહે કે, કેપ્ટન લેનોક્સ જેવો શૂર અને ઉચ્ચ કુટુંબનો મનુષ્ય ત્હારા માટે પ્રાણ સુદ્ધાં અર્પણ કરવા તૈયાર હોય ત્યાં આગળ હું મ્હારો પ્રેમ શબ્દથી વ્યક્ત કરવા ક્યાંથી તત્પર થઉં? જો ખરૂં કહું તો ત્હારી પ્રાપ્તિની આશા હું આકાશકુસુમવત્ માનતો હતો."

લિલી: "ત્યારે આજે તું ત્હારી ઇચ્છા કેમ પ્રકટ કરે છે?"

વિલીયમ: "શું કરૂં ત્યારે? મ્હારૂં ચિત્ત વ્યગ્ર થવા લાગ્યું અને ત્હારા પ્રેમનું દર્શન થયું તો પછી શા માટે ચૂપ રહું? હા, એ ખરૂં છે કે ત્હારા પિતાને આ વાત પસંદ પડશે નહિ પણ તેની મ્હને યત્કિંચિત્ પરવા નથી. લિલી, મ્હારી ઇચ્છા સફળ થવાની કંઇ આશા છે કે?"

લિલીના અધર પુનઃ સ્ફુરણ પામવા લાગ્યા. તેની સુંદર મનોહર મુખમુદ્રા પરથી સ્પષ્ટ જણાતું હતું કે તે મનોવૃત્તિને વશ થાય તેમ નહતી. તદપિ તેના હૃદયમાં મનોવિકારનું સામ્રાજ્ય થતું હતું. તેણે કહ્યું: "વિલીયમ, ત્હારા પ્રશ્નનો ઉત્તર હું આપી શકતી નથી."

લિલીનો સ્વર ચમત્કારિક•હતો પણ તે ઉત્કટ મનોવૃત્તિનું ભાન કરાવતો હતો.

"ઉત્તર આપી શકતી નથી ?" વિલીયમે કંઇક નિરાશાની છાયામાં જતાં કહ્યું: "ત્યારે પછી–"

લિલી: "હવે હું સ્પષ્ટ કહીશ તેથી વખતે ત્હને ખોટું લાગશે પણ નિરૂપાય છું. હું જાણું છું કે તું મ્હને ચહાય છે પણ તું તેમ કદી પણ બોલ્યો નથી. ત્હારા મુખથી ત્હારી ઇચ્છા સાંભળવાની મ્હને પ્રબળ ઇચ્છા હતી.

વિલીયમ: "શું, ત્હારી તેવી ઇચ્છા હતી? તેં મ્હને એક પણ એવી તક આપી નથી કે જ્યારે હું મ્હારૂં હૃદય ખુલ્લું કરી શકું? તે તું કેમ ભૂલી જાય છે?"

લિલી: "તું જાણે છે કે, જો પુરૂષ કોઇ તરૂણી પર પ્રેમ કરતો હોય તો તેણે તેની પ્રાપ્તિ માટે ગમે તેવું મહાન સાહસ કરવાને તૈયાર થવું જોઇએ. હું લેનૉક્સની બીલકુલ દરકાર કરતી નથી, પણ તું વારંવાર ક્ષુદ્ર કાર્ય માટે પણ મ્હને છોડી ચાલ્યો જાય ત્યારે તેની સાથે વાર્તાવિનોદ કરવાનો પ્રસંગ સ્વાભાવિક રીતે ઉત્પન્ન થયા સિવાય કેમ રહે?"

"ત્યારે તો એમજ કહે કે, સદૈવ ત્હારી સાન્નિધ્યમાં મ્હને રાખવાની ત્હારી ઇચ્છા હતી!" વિલીયમનો સ્વર આનંદ અને વિજયથી ઓતપ્રોત થઇ ગયો. તે વિશેષ બોલવા ઇચ્છતો હતો પણ લિલીએ વચ્ચેજ કહ્યું:

"તે હું જાણતી નથી, પણ આજે હું ત્હારી પાસે મ્હારૂં મન ખુલ્લું કરીશ. હું જો સત્ય અને શુદ્ધ અંતઃકરણથી કહું તો કહીશ કે, ત્હારા જેવી પ્રકૃતિના માણસ પર પ્રેમ કરવાની મ્હારી ઇચ્છા નહતી. વીરનર પર કર્તવ્યપરાયણ પુરૂષ પર પ્રેમ કરવો ઇષ્ટ ધારતી હતી. ત્હારા જેવો પુસ્તકાલયમાં બેસી રહી જુના પુરાણા ગ્રંથોનાં પૃષ્ઠો ઉથલાવનાર મનુષ્ય મ્હને પસંદ

નથી; તેથીજ એવા ગ્રંથોની ચર્ચા ચાલતી ત્યારે હું ત્હારો ઉપહાસ કરતી હતી. પરંતુ તેમ હોવા છતાં વિલીયમ–વિલીયમ!—” આટલું બોલતાં બોલતાં તે બાલિકાનો કંઠ ભરાઈ આવ્યો. તેના નેત્ર વિલીયમના મુખ સ્હામું સ્થિર થઇ ગયાં.

વિલીયમ: “મ્હારી વાચનલાલસાને તું તિરસ્કરણીય માનતી હતી તોપણ તું મ્હારા પ્રત્યે પ્રેમ રાખતી હતી ખરૂં વારૂ?”

“હા, દુર્દૈવે તેમ છે ખરૂં!” લિલી હર્ષશોક મિશ્ર સ્વરે બોલી.

“દુર્દૈવે!”

“ત્યારે બીજું શું?” લિલીએ કહ્યું: “ત્હારો સ્વભાવ–રે! વાચન વેલછા મ્હને તદ્દન નાપસંદ છે! પ્રાચીન ઇતિહાસનો શું ઉપયોગ છે? ઇતિહાસ એટલે શું? પ્રાચીન વાર્તાઓનું વર્ણન કે અન્ય કંઈ? જે ઇતિહાસ, મનુષ્યને સ્વદેશભક્ત ન બનાવી શકતો હોય, જે ઇતિહાસ, સ્વજન ઉપર કે સ્વદેશ પર આક્રમણ થયું હોય તે વખતે “પ્રાણી માત્ર બંધુ છે” કહી શત્રુનો સંહાર કરવામાં કંટકરૂપ થતો હોય અને જે ઇતિહાસ પૂર્વજોની કીર્તિના સંરક્ષણાર્થે પ્રાણની આહુતિ આપવાનો પાઠ શીખવતો ન હોય તે ઇતિહાસથી શો લાભ? તું યુદ્ધને ધિક્કારે છે ત્યારે શું એમ કહી શકશે કે દેશ રસાતળમાં જતો હોય, પ્રાચીન સ્મૃતિઓ નષ્ટ કરનાર દુષ્ટ શત્રુ પ્રહાર કરતો હોય અને જે ઇતિહાસ વાંચવાથી ભાન જતું રહેતું હોય; ટુંકામાં કહું તો જે ઇતિહાસ વાંચવામાં તું મગ્ન રહે છે તે ઇતિહાસ આ જગતમાંથી નષ્ટ થવાનો પ્રસંગ આવે ત્યારે શું હસ્ત જોડી બેસી રહેવું? મનુષ્યને નિર્માલ્ય બનાવનાર ઇતિહાસનાં પુસ્તકો કરતાં સ્વપરાક્રમથી મહાન્ કૃત્યો કરી પોતાનું નામ ઇતિહાસમાં અજરામર બનાવે તેવા મનુષ્યોને હું વધારે પસંદ કરૂં છું?”

વિલીયમ: “પણ મ્હારો ત્હારા પર નિસ્સીમ, અચળ અને સ્વર્ગીય પ્રેમ છે તો તેના આગળ એ અવગુણની શી કિંમત છે? તેથી વિશેષમાં–”

લિલી: “તું જાણે છે કે મ્હારો જન્મ યોદ્ધાના વંશમાં થયો છે. સ્પેનના બાદશાહ ફિલિપે જ્યારે ઇંગ્લાંડનો નાશ કરવા પોતાનો પ્રચંડ દરિઆઈ કાફલો મોકલ્યો હતો, ત્યારે મ્હારા એક પૂર્વજે તેમને ઉડાવી મુકવાના કાર્યમાં

સહાય કરી હતી. લડાયક વહાણો અને યુદ્ધ કુશળ સૈનિકો આપી તેમણે ઇંગ્લાંડને જુલ્મ અને અન્યાયથી બચાવ્યું હતું. જ્યારે નેપોલિયને સમગ્ર યુરોપને ધ્રુજાવી નાંખ્યો હતો અને માતૃભૂમિને કલંકિત કરવા પ્રયત્નશીલ થયો હતો ત્યારે મ્હારા વંશના મનુષ્યો શૌર્યથી યુદ્ધમાં ઉતર્યા હતાં. મ્હારા દાદા કે જે તમારા ગામ તરફથી પ્રાર્લામેન્ટમાં પ્રતિનિધિ હતા તેમણે અહીંના બળવાન યુવકોના અંગમાં યુદ્ધપ્રેમ જાગ્રત કર્યો હતો. આ પ્રમાણે હોવા છતાં વિલીયમ! ત્હારૂં ચિત્ત ઑક્સફર્ડ પુસ્તકાલયનાં, જગતને કોઇ પણ રીતે ઉપયોગી થઈ શકતાં નથી, તેવાં નિરર્થક નિર્માલ્ય પુસ્તકો વાંચતા બેસવામાં છે! ખરા પુરૂષને એવું ધ્યેય શોભાસ્પદ છે ?"

વિલીયમ: "પણ, સ્વભાવ–પ્રકૃતિજ તેવી બની ગઇ હોય તો ?"

લિલી: "હજી મ્હારા શબ્દો પૂર્ણ થયા નથી. વિલીયમ! ત્હારા બ્હીકણપણાથી હું શરમાઉં છું, મ્હારૂં મસ્તિષ્ક નીચું થઇ જાય છે. પરમ દિવસે નાચ થયો ત્યારે મ્હેં ત્હારે માટેજ ચાર નાચ રાખી મૂક્યા હતા. ત્હારી સાથે નાચ કરવાની મ્હને ઉત્કટ ઇચ્છા હતી પણ ત્હારૂં ઠેકાણું ક્યાં હતું? હું રાહ જોઇ રહી હતી પણ જ્યારે મ્હેં જાણ્યું કે, તે વખતે તું લાયબ્રેરીમાં બેસી કેટલાંક વર્ષોથી જે પુસ્તકનાં પાનાં કોઇએ ઉથલાવ્યાં નહતાં તે પુસ્તક વાંચતો હતો ત્યારે મેં અંતે અશ્રુ સાર્યાં! છેવટે હું નિરાશ થઇ."

વિલીયમ: "લિલી, મ્હને તેવી કલ્પના પણ નહતી. મ્હારી સાથે નૃત્ય કરવા તું એટલી આતુર હોઇશિ એમ મ્હને લાગ્યું નહોતું. હું પોતેજ ત્હારી સાથે નૃત્ય કાર્યમાં જોડાવામાં અત્યંત આનંદ માનતો હતો, પણ મ્હારી માન્યતા એવી હતી કે, ત્હને મ્હારૂં નૃત્ય પસંદ નથી–તું તેની મશ્કરી કરે છે. હવે તે વિચાર કરવામાં અર્થ નથી. તું મ્હારા પર પ્રેમ રાખે છે એ વાત કેટલી આહ્લાદજનક છે! ના, ના, ખરૂં કહે. તું મ્હારા ઉપર પ્રેમ રાખે છે કે ?"

લિલી: "આટલો બધો સમય મ્હેં ત્હને શું કહેવામાં ગાળ્યો ? તો પણ તું તેનો—"

"તેનો શું ?"

"વિલીયમ, ત્હને એક પણ પ્રેમ ચિહ્નથી મ્હારા પ્રેમનો સત્કાર કરવાની આવશ્યકતા જણાતી નથી કે?"

"અનેક ચિહ્નને ઇચ્છું છું પણ તું ગુસ્સે થાય તો?"

"જો હું ગુસ્સે થાઉં તો તે સહન કરવાનું ધૈર્ય ધર."

"પ્રેમ ચિહ્નમાં ત્હારા અધરામૃતનું પાન કરવાની ઇચ્છા મ્હારા મનમાં ક્યારનીએ થઈ રહી છે."

"એક વખત પ્રેમવ્યક્ત થયા પછી તેવી ઇચ્છા તૃપ્ત કરવાને સંમતિની જરૂર હોઇ શકે ખરી? તું રસશાસ્ત્રથી કેટલો અજ્ઞાત છે? તેં પુસ્તકાલયનાં અનેક પુસ્તક ઉથલાવ્યાં હશે પણ રસશાસ્ત્રનું એક પણ પૃષ્ઠ તેં વાંચ્યું નહિ હોય! પ્રેમના દિવ્ય પાઠ તું ભણ્યો નહિ હોય! પ્રેમનાં મધુર નૃત્ય તેં જોયાં નહિ હોય!"

સભય અંતઃકરણથી વિલીયમ ચોતરફ જોવા લાગ્યો. તે બન્ને એક ન્હાની ટેકરીની તળેટીમાં બેઠાં હતાં, તેથી તેમને કોઈ જોઇ શકતું નહતું. વિલીયમનું હૃદય વિલક્ષણ બળથી ધબકતું હતું. તેના આનંદમાં એકાએક એવી પ્રચંડ ભરતી આવી કે જે તેને અસહ્ય થઈ પડી.

"પ્રિયે! પ્રિયે!" કહી તેણે લિલીને ગાઢ આલિંગન આપ્યું અને તેના સુરમ્ય કોમળ મુખકમળ પર છુપાઇ રહેલા અધરામૃતનું આનંદથી સારી પેઠે પાન કર્યું.

"પ્રેમચિહ્નમાં ચુંબન કેમ કરતો નથી, એમજ તું કહેવાની હતી નહિ વારૂ?" કેટલીક વારે વિલીયમે પ્રશ્ન કર્યો.

"હા." લિલીએ પ્રસન્નવદને ઉત્તર આપ્યો.

"લિલી! મ્હારા જેવો ડરકણ મનુષ્ય આ જગતમાં બીજો નહિ હોય; પણ અત્યાર સુધી વ્યર્થ ગુમાવેલા સમયનો બદલો હું ત્હને વાળી આપીશ."

સમુદ્રનાં મોજાં ટેકરીના મૂળમાં અથડાતાં હતાં, ત્યાં બેઠેલાં પ્રેમી યુગ્મના મસ્તિષ્ક પર પક્ષીઓ ઉડી ચમત્કારિક શબ્દ કરતાં હતાં, પણ એકેનું તે તરફ લક્ષ ગયું નહતું. પરસ્પર સમાગમમાં બન્ને સ્વર્ગીય સુખનો અનુભવ લેતાં હતાં. સ્વઅભિરૂચીને અનુરૂપ એવા ગુણ વિલીયમમાં નહોતા એ વાત

લિલી અત્યારે વિસરી ગઈ હતી. વિલીયમનાં ચુંબન હજી તેના ઓષ્ઠ પર વિલસતાં હતાં, અને તેણે ઉચ્ચારેલા પ્રેમોદ્‌ગાર હજુ તેના કર્ણપટમાં મંજુલ નાદ કરતા હતા. પ્રણયોદ્યાનના નંદનવન તુલ્ય પ્રદેશમાં એ પ્રેમી જોડું હમણાંજ પ્રવિષ્ટ થયું હતું. તેમના શીર પર ઝુકી રહેલા વાદળાં વિનાના સ્વચ્છ આકાશ પ્રમાણે તેમનું જીવન સંકટશૂન્ય હતું. લિલીનું ચિત્ત વર્તમાન જીવનમાં માત્ર એકજ તરૂણ પર સ્થિર થયું હતું. તે ગમે તેવી ક્રોધી અને દુરાગ્રહી હતી તોપણ વિલીયમના મનથી તો તે સદ્‌ગુણની દોષશૂન્ય મૂર્તિરૂપ ભાસતી હતી. હવે તેને પુસ્તક, જ્ઞાન કે વિદ્વતા સાથે શું કર્તવ્ય હતું? જેના ઉપર તે કેટલાક વર્ષોથી સ્નેહદૃષ્ટિ રાખી રહ્યો હતો અને જે સુંદર બાળા પ્રાપ્ત થવી અશક્ય માનતો હતો તેજ બાળા આજે તેની પોતાની થઇ હતી; અને તેણે અપૂર્વ પ્રેમથી પોતાની મેળે તેના ગળામાં પ્રેમકુસુમમાળા પહેરાવી દીધી હતી.

પોતાના ભાગ્યનો ઉદય થયેલો જોઈ તે વારંવાર આશ્ચર્યલીન થયો અને પુનઃ પુનઃ તેના સુંદર વદનકમળ તરફ જોવા લાગ્યો.

"લિલી, તું કેટલી બધી સુંદર છે!" તેણે કહ્યું.

લિલીના નેત્રદ્વયમાં આનંદનું અદ્વિતીય તેજ ચમકવા લાગ્યું. પોતાના પ્રિયકરના મુખમાંથી પોતાને માટે પ્રસંશાયુક્ત ઉચ્ચાર થાય તો કઇ તરૂણી તેથી ખુશી ન થાય?

"અહા હા! ત્હારાં વસ્ત્રાભૂષણ પણ કેવાં રમણીય છે? તે મ્હને બહુ સુંદર જણાય છે લિલી." વિલીયમ બોલ્યો.

"તું ઑક્સફર્ડથી આવ્યો ત્યાર પછી ત્રણ વખત મેં આજ વસ્ત્રાભૂષણ સજ્યાં હતાં, પણ તેની એકે વખત તેં પ્રસંશા કરી નહતી. આજે તે ત્હને કેમ સુંદર જણાય છે વિલીયમ?"

"હું સત્ય કહું છું લિલી. આજે જે પોષાકમાં ત્હારૂં અપૂર્વ સૌંદર્ય જોઇ શકું છું તેજ પોષાકમાં પ્રથમ હું કદી તેવું જોઈ શક્યો નહતો. અરે! મ્હારાં નેત્રે મ્હને જણાયું નહતું. આજે તું જેવી મધુરી અને સ્વરૂપવાન જણાય છે તેવી પ્રથમ કદી જણાઇ નહતી. લિલી! આ માનવ જગતમાં તો

શું પણ ત્રિભુવનમાં ત્હારા જેવી સુંદર, મનહર, પ્રિય વસ્તુ મ્હને મળી શકે તેમ નથી."

આ સુખપૂર્ણ પ્રસંગનું વિશેષ વર્ણન અમે કરી શકીએ તેમ નથી. અમારે એ સંબંધની અમારી ઇચ્છાને દબાવી દેવી જોઇએ. નવલકથામાં રહેતા પ્રેમનું આપણા સુજ્ઞ અને દૂરદર્શી મનુષ્યો હાસ્ય કરે છે. શુદ્ધ અંતઃકરણનાં મુગ્ધ યુવક યુવતીઓના પ્રેમ જેવી આ જગતમાં અન્ય પવિત્ર વસ્તુ છેજ નહિ, તેનો ખ્યાલ ઘણા થોડા કરે છે. પ્રેમ એ જીવનનું અંતિમ–ઉચ્ચત્તમ સાધ્ય છે અને કહેવું જોઇએ કે, એવા પવિત્ર અને ઉજ્વલ પ્રેમનું અસ્તિત્વ નહિ સ્વીકારનાર મનુષ્ય જગત્ના ઉત્કૃષ્ટ સુખથી દૂર થયો છે!

થોડી વારે શુદ્ધિ પર આવી વિલીયમે કહ્યું: "લિલી, આજે સંધ્યાકાળે ત્હારા પિતા સાથે હું વાત કરીશ. હું જાણું છું કે તેથી તે ગુસ્સે થશે પણ મ્હને તેની દરકાર નથી."

લિલી: "નહિ, વિલીયમ, નહિ. હમણાં પિતા આગળ એ વાત કાઢીશ નહિ."

"કેમ વારૂ ?"

"ત્હારા જેવા પુસ્તકોમાં ડુબી ગયેલા મનુષ્ય સાથે મ્હારૂં લગ્ન કરવાની તેમની ઇચ્છા નથી."

"હા, હું તેવો છું ખરો. પણ મ્હેં હવે મ્હારો વિચાર બદલ્યો છે. 'હું ત્હારા પર પ્રેમ કરૂં છું.' એવા શબ્દ ત્હારા મુખમાંથી સાંભળ્યા છે ત્યારથી મ્હને મ્હારૂં નૂર બતાવવાની આવશ્યકતા જણાય છે. આજસુધા હું માત્ર વિચારનેજ મહત્વ આપતો હતો. હું માનતો હતો કેઃ મનુષ્યોએ માત્ર મ્હોટી મ્હોટી ભાવનાઓ કરવી જોઇએ. ભાવના એજ સર્વ કાર્ય સિદ્ધ કરે છે. મનુષ્ય પ્રયત્ન વાદિ બની નિરર્થક ફાંફાં મારે છે. જે હિન્દુસ્તાન આજે આપણી સત્તા નીચે રહી શાંતિમાં રહી શક્યો છે તે હિન્દુસ્તાનની પ્રજા, પૂર્વે જ્યારે મુસલમાન પ્રજાનાં આક્રમણ થવા લાગ્યાં ત્યારે મંદિરમાં રહેલી દેવ મૂર્તિઓ, પોતાની ભાવનાના બળ પર આક્રમણ કરતા પરદેશીઓને નષ્ટ કરશે એમ માનતી હતી, અને કેવળ વિચાર કરવામાં કર્તવ્યપરાયણતા સમ-

જતી હતી! તેનું પરિણામ શું આવ્યું તે સમસ્ત જગત્ જાણે છે. તે પછીના કાળમાં તેઓ કૃતિ કરી બતાવવાનો પાઠ શીખ્યા ત્યારે આજે આપણી સત્તામાં શાંતિ પ્રાપ્ત કરી શક્યા છે. હવે મેં કૃતિને તેટલુંજ મહત્વ આપવાનો વિચાર કર્યો છે. કેવળ વિચારથી કંઇ સિદ્ધ થતું નથી. તેને કર્તવ્યથી, પુરૂપાર્થથી અને દૃઢતાના બળથી પોષવાની જરૂર રહે છે."

"તેં શું કરવાનો નિશ્ચય કર્યો છે?" લિલીએ પ્રશ્ન કર્યો.

વિલીયમ: "બૅરિસ્ટરની પરીક્ષા આપી પાર્લામેન્ટમાં જવાનો મ્હારો વિચાર છે. જનસમાજનું હિત થાય તેવાં મ્હોટાં મ્હોટાં કાર્યો કરવાની મ્હારી ઇચ્છા છે. દેશનાં સામ્રાજ્ય સૂત્રો—મુખ્ય રીતે—ગ્રહણ કરવાની મહત્વાકાંક્ષા મ્હારા હૃદયમાં ઉદ્ભવી છે. હવે હું મ્હારા વિચાર માત્ર પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરીને સ્વસ્થ બેસીશ નહિ. આ દેશની પ્રજા કયા કયા માર્ગમાં ગુંચાય છે, પરદેશીઓ કઈ બાબતમાં આપણા દેશના વ્યાપારને હાની કરે છે, સંસ્થાનોની પ્રજા કયા આશયથી રાજ્યકાર્યભાર ચલાવે છે, અને સમગ્ર જગતની બ્રીટિશ પ્રજાને સ્વર્ગસ્થ મહારાણી વિક્ટોરિયાની ઇચ્છાનુસાર સમાન હક્ક મળે છે કે નહિ તેનું અવલોકન કરીશ; અને જે કાર્ય વિચાર દ્વારા કરવા ઇચ્છતો હતો તેજ કાર્ય અધિકારારૂઢ થઈ આચારમાં લાવવા પ્રયત્ન કરીશ. જે કાયદાઓ બ્રીટિશ પ્રજાને સર્વ રીતે સમાન હક્ક આપી શકતા નથી કે જે કાયદાઓ ચામડીનો ભેદ ઉપસ્થિત કરવામાં કારણભૂત ગણાય છે—તે કાયદાઓમાં મહાન પરિવર્તન કરી સમગ્ર જગતનું કલ્યાણ કરવાનો મ્હેં નિશ્ચય કર્યો છે."

વિલીયમના અસંભવિત નિશ્ચય કે મહાન મહત્વાકાંક્ષાને અલ્પ સ્વરૂપની માની તેનો તિરસ્કાર કરવો એ ન્યાય નથી. જગતના પ્રત્યેક મહાન પુરૂષે ક્યારે ને ક્યારે પણ આવા ઉદ્ગાર કાઢ્યા છે. પશ્ચિમના પ્રત્યેક મહાન વીરે એમ કહ્યું છે અને કહેવું પડશે કે: જે દિવસે આંગ્લ દેશના યુવાનો અશક્ય વિચાર કરવાનું અને મહત્વાકાંક્ષાઓ ધારણ કરવાનું કાર્ય ત્યજી દેશે તેજ દિવસે ઇંગ્લાંડનો વૈભવકાળ પૂર્ણ થશે.

"ત્હારા વિચારો લાગે છે તો ઉત્તમ!" લિલીએ આનંદપૂર્ણ નેત્રથી પલકારો કરતાં કહ્યું: "તું પાર્લામેંટનો સભાસદ થાય એમ હું ઇચ્છું છું.

કૉમન્સ સભામાં હું ત્હારાં ભાષણ સાંભળવાને એક ક્ષણ પણ નેત્ર મીંચ્યા સિવાય બેસી રહીશ. વિલીયમ, તું કયા પ્રશ્ન હાથમાં લઇશ ?"

વિલીયમ: "ઇંગ્લાંડમાં એક એવા પક્ષની આવશ્યકતા છે કે, તે શાંતિનો પ્રચાર કરવામાં નેતૃત્વ પદ પ્રાપ્ત કરે. એ પક્ષ ઉભો કરવામાં હું તન, મન અને ધનનો પૂર્ણ રીતે ઉપયોગ કરીશ. આજે જે દ્રવ્ય લાલસા માટે, જે સ્વાર્થસિદ્ધિ માટે, જે દુર્વાસના તૃપ્ત કરવા માટે મનુષ્યજાતિ-અરે ! કહો કે, આપણા બન્ધુઓ અન્ય મનુષ્ય ઉપર, અન્ય દેશ ઉપર અને અન્ય અશિક્ષિત પ્રજા ઉપર જુલ્મ કરવામાં પાછા પડતા નથી એમ કહેવામાં આવે છે, પણ તે સર્વ આક્ષેપોને એક વખત હું આ ભૂમિમાંથી નષ્ટ કરીશ. ખરૂં છે કે, ત્હારા પૂર્વજોએ રણક્ષેત્રમાં સમશેર ચમકાવી છે અને મ્હારી માતા પણ પોતાના રણબહાદુર વડીલો માટે અભિમાન ધરાવે છે—મગરૂર બને છે, પણ યુદ્ધની ભયંકરતાની કલ્પના કર ! યુદ્ધ એ શબ્દની સાથેજ કેવાં ક્રૂર અને હૃદયદ્રાવક દૃશ્યો અંતશ્ચક્ષુ સમીપ ઉપસ્થિત થાય છે તે ધ્યાનમાં લે ! વર્તમાન સમયે પણ સર્વ યુરોપખંડ યુદ્ધની તૈયારીમાં સજ્જ છે. પ્રત્યેક રાજકીય પુરૂષ જાણે છે કે: યુરોપના સમરાંગણમાં લોહીની અસ્ખલિત ધારા વહન કરાવવા માટે એક ક્ષુદ્ર કારણ પણ બસ છે ! યુદ્ધ થવાનું કંઇ પણ કારણ નહિ હોય તો પણ પ્રત્યેક રાષ્ટ્ર સૈનિકબળમાં ઉચ્ચ સ્થાન લેવા પ્રયત્નશીલ રહે છે, અને પ્રત્યેક રાષ્ટ્રની પ્રજા કરના ભાર નીચે નિર્માલ્ય બનતી જાય છે ! જે દ્રવ્યનો ઉપયોગ લોકહિતના પવિત્ર કાર્ય માટે અને દારિદ્ર દુઃખ હલકું કરવા માટે થવાની જરૂર છે, તે દ્રવ્ય મનુષ્યવધનાં ભીષણ શસ્ત્રો નિર્માણ કરવામાં વપરાય છે ! જમીનપરના અને દરિયાઇ લશ્કર માટે કરોડો પૌંડની ધૂળધાણી ખુશીથી કરવામાં આવે છે અને શિક્ષણ જેવા લોકોપયુક્ત કાર્ય માટે એક પાઇ પણ મહાકષ્ટે અપાય છે ! કૉમન્સ અને લૉર્ડની સભામાં બેસનારા પ્રતિનિધિઓ, દેશના હિત માટે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવામાં મગરૂર બને છે, પણ પ્રજા કેટલી અશિક્ષિત છે, અનાથોની સંખ્યા કેટલી છે, વ્યાપાર કઇ દિશામાં પ્રગતિ કરી શકે તેમ છે, માનવ સમાજની જરૂરીયાતો સહેલાઇથી પૂર્ણ કરવાનાં સાધન કેવી રીતે ઉપસ્થિત

થઈ શકે તેમ છે, વગેરે માટે વિચાર કરી તેવાં કાર્ય માટે વિશેષ ખર્ચ કરવા કેમ તૈયાર થતા નથી ?"

લિલી: "યુદ્ધ એ એક ભયંકર દૃશ્ય છે એ વાત ખરી, પણ તે તું નષ્ટ કેવી રીતે કરી શકશે ? દેશમાં સૈન્યની જરૂર નથી એમ તું કહેશે ? જે સૈન્ય છે તેની સંખ્યા ઓછી કરવાની આવશ્યકતા તું બતાવી શકશે ? એ તો એક પ્રકારની ઘેલછા ગણાશે."

વિલીયમ: "હમણાંજ હું તેમ કરીશ કે કહીશ નહિ. યુરોપનાં સર્વે રાષ્ટ્રોએ આ કાર્યમાં શુદ્ધ અંતઃકરણથી એકત્ર થઈ વિચાર કરવાની જરૂર છે. જર્મનીનોજ વિચાર કરોને ! આપણા કરતાં જર્મન પ્રજાને યુદ્ધ વિષયક મ્હોટા કર આપવા પડે છે. વસ્તુતઃ એ પ્રજા શાંતિને ઇચ્છનારી છે, કયસ-રની યુદ્ધ કરવાની લેશ માત્ર ઇચ્છા જણાઇ નથી. તેણે પોતાના શબ્દોથી પણ અનેક વખત સિદ્ધ કર્યું છે કે તે યુદ્ધને ધિક્કારે છે. રશિયાના મહાન ઝારની પણ યુદ્ધ કરવાની ઇચ્છા નથી; છતાં દેશની રંક પ્રજા ભૂખમરો વેઠે છે તો પણ યુદ્ધ સામગ્રીમાં ઝાર લાખો પૌંડ ખર્ચે છે એ એક વિચારણીય બાબત છે. હાલ તો એકજ વાતનો વિચાર કરવાની જરૂર છે. સર્વે રાષ્ટ્રોએ એકત્ર થઈ કદી પણ યુદ્ધ કરવું નહિ એવો પરસ્પર કરાર કરવો જોઇએ. લોકોના મનમાં યુદ્ધ વિષે તિવ્ર દ્વેષ ઉત્પન્ન કરી તે દ્વારા હમેશને માટે યુદ્ધ નષ્ટ કરવાનો મ્હારો સંકલ્પ છે."

લિલી: "સર્વે રાષ્ટ્રો એકત્ર થઈ કરાર કરે અને પોતાનાં સૈન્ય ઓછાં કરે તો ત્હારા કથન પ્રમાણે શાંતિ સ્થાપન થવાનો સંભવ છે. પણ—"

વિલીયમ: "તેમ થવુંજ જોઇએ. હું મ્હારૂં સમસ્ત જીવન એ કાર્યને અર્પણ કરીશ. બસ, લિલી ! મ્હારા કાર્યની દિશા નક્કી થઈ ગઇ છે. હવે ત્હારો પિતા કે અન્ય કોઈ મ્હને કર્તવ્યશૂન્ય કહેવાની હિમ્મત કરી શકશે નહિ. શું ત્હને નથી લાગતું કે, જગતમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપવાની મ્હારી મહત્વાકાંક્ષા અત્યંત સ્તુત્ય છે ?"

લિલી: "સર્વાંગે સ્તુત્ય અને અભિનંદનીય છે એમાં સંશય નથી. જ્યારે મ્હારો મોટો બન્ધુ રોજર બોર યુદ્ધના રણક્ષેત્રમાં ગયો હતો ત્યારે હું

ન્હાની હતી; પણ તે વખતની વાતોનું સ્મરણ હજુ નષ્ટ થયું નથી. મ્હારા પિતાને આશા હતી કે: રોજર એક અધિકારી થશે. સર્વ કોઈ એમજ માનતા હતા કે બોર યુદ્ધ એક માસમાં પૂર્ણ થઈ જશે. હમેશ ટપાલના સમયે હું પિતાની પાસે બેસતી હતી. એક દિવસે તેમના પર એક પત્ર આવ્યો. તે પત્ર વાંચતાં તેમની જે સ્થીતિ થઈ હતી તે હું કદી પણ ભૂલીશ નહિ. રોજર યુદ્ધમાં મરણ પામ્યો હતો. ત્યારથી પિતાની પ્રવૃત્તિ બગડી અને ત્યાર પછી પુનઃ કદી પણ પ્રથમની માફક તેઓ સુદૃઢ જણાયા નથી."

વિલીયમ: "હું કહીજ ગયો છું કે, યુદ્ધ જેવું ભયંકર કાર્ય આ જગત્‌માં બીજું કંઈ છેજ નહિ! મ્હારો નિશ્ચય દૃઢત્તમ થતો જાય છે. હું શાંતિના પક્ષનું સમર્થન કરીશ! હું યુદ્ધની સામે થઇશ! અરે યુદ્ધ પર ચઢાઇ કરીશ. લિલી, સદ્ધર્મભિમાની પુરૂષને માટે એથી વિશેષ પવિત્ર કર્તવ્ય બીજું કોઈ છેજ નહિ એમ તું નથી માનતી? ત્યારે, આજે ત્હારા પિતાની સાથે આપણા પ્રેમનું પવિત્ર કાર્ય દૃઢ કરવા–પ્રેમ ગ્રંથી ગુંથવાની વાત કરશે?"

લિલી: "પિતાનું મન ધીમે ધીમે ત્હારે માટે સદ્‌ભાવ ધરાવતું થાય તેમ કરવું જોઇએ. અધીરો ન થા. વિલીયમ, ઉતાવળ કરીશ નહિ પણ અરે, વિલીયમ, તું પણ જબરો હઠીલો જણાય છે. છેવટે તેં મ્હને પ્રેમ યુદ્ધમાં હરાવી! અને મ્હેં સ્પષ્ટ કહ્યું ત્યારેજ તેં ત્હારો પ્રેમ જણાવ્યો."

વિલીયમ: "ત્હને તેમ લાગતું હશે પણ મ્હારા વર્તમાન નિશ્ચયને તે સર્વ રીતે સાનુકૂળ થયું છે. ભવિષ્યમાં પણ સદૈવ ઉપદેશ કરવાનું કાર્ય ત્હારી પાસે રહેશે અને કૃતિ હું કરીશ."

લિલી: "ત્યારે તું બીરૂ નથી એમજ કહેવું પડશે."

વિલીયમ: "કેમ નહિ, ત્હને બ્હીકણ મનુષ્ય પસંદ નથી એટલે બીજું શું કહેશે?"

એટલામાં તેમણે કંઇ અવાજ સાંભળ્યો. પાછા વળી જોતાં વાયુની લહરીથી એક વર્તમાનપત્ર પોતાના તરફ ઘસડાઇ આવતું તેમની દૃષ્ટિએ પડયું.

"આજનો અંક જણાય છે." તે પત્ર હાથમાં લઇ વિલીયમ બોલ્યો.

તેણે તે પર દૃષ્ટિ ફેરવી. ટેકરી પર સૌંદર્યદેવીનો ઉપભોગ કરવા

આવેલા કોઈ મનુષ્યે નાખી દીધેલા વર્તમાનપત્રમાં, કેવી ભયંકર વાર્તા પ્રકટ થઈ હતી તેની આ સુખી પ્રણયી જોડાને કલ્પના પણ નહતી. એ સમાચાર ઉપરજ તેમનું ભવિષ્ય, અરે ! મ્હોટાં મ્હોટાં રાષ્ટ્રોનું ભવિષ્ય અવલંબી રહેલું હતું. એ સમાચારથી સર્વ યુરોપખંડ, ક્રૂરતાની સાક્ષાત્ મૂર્તિરૂપ કસાઇખાનાના રૂપમાં બદલાઇ જવાનો હતો !

પ્રકરણ ૩ જું.

ભયંકર ભવિષ્ય !

વિલીયમ, ચાલ તૈયાર થા ! ત્હારી નિશ્ચયની કસોટીનો સમય આવ્યો છે. ત્હને શી ખબર કે પ્રણય આનંદ પૂર્ણ થતાની સાથે ટુંકા સમયમાં એક ભયંકર સમાચારથી હૃદય ખળભળી ઉઠશે.

વિલીયમે તે દૈનિક પત્રનું પૃષ્ઠ ફેરવ્યું તો મ્હોટા બ્લેક ટાઇપમાં છપાયલાં નીચેનાં વાક્ય દૃષ્ટિએ પડયાં:

"બોઝનીયામાં ભયંકર અત્યાચાર !
આસ્ટ્રિયા અને હંગરીના રાજપુત્રનો અમાનુષિક વધ !
આર્ચ ડયૂક ફર્ડિનાંડ અને તેની પત્નીની ગાડીપર ફેંકાયલો બૉંબ !
વિએનાની પ્રજાએ વ્યક્ત કરેલો તિરસ્કાર !
વૃદ્ધ બાદશાહને થયેલું દુઃખ !"

આ મથાળા પર વિલીયમ અને લિલીની દૃષ્ટિ સ્થિર થઈ ગઇ. ઉભયના મુખમાંથી કેટલાક વખત સુધી એક અક્ષર પણ બહાર પડયો નહિ. છેવટે લિલી કંપિત સ્વરે બોલી:—

"પ્રભુ! બિચારાપર કેવું મહાન સંકટ! કેવો ભયંકર અત્યાચાર?"

"કેવો ભયંકર? તે ભયંકરતાની કેવળ કલ્પનાજ કરવી જોઇએ. જગતનો કોઇ પણ લેખક તેનું શબ્દથી વર્ણન કરી શકશે નહિ. શાંતિને ચ્હાનાર મનુષ્યના હૃદય પર આ એક મહાન આઘાત થયો છે. આ સમા-

ચાર આજે સવારેજ જાણ્યા હોત, પણ આજે અન્ય વાચનમાં નિમગ્ન હતો તેથી દૈનિક પત્ર તરફ લક્ષ આપવાનો સમયજ મળ્યો નહતો." વિલીયમે કહ્યું.

"બિચારા વૃદ્ધ બાદશાહના દુઃખની સીમા કેવી રીતે નક્કી થઇ શકે? એ અત્યાચાર કરનાર કોણ હશે? તેનો હેતુ શો હશે?"

"આજ પત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે બે રાજ્યદ્રોહી સર્વિયન યુવકોનું એ કૃત્ય હતું." વિલીયમ બોલ્યો.

"ખરેખર, એ રાજ્યદ્રોહી—અરાજકો માનવ જાતિના શત્રુ છે. મનુષ્યનો વધ કરતાં તેમના હસ્ત કેમ તૂટી પડતા નહિ હોય? તેમનું અસ્તિત્વ રાજ્યકર્તાઓને હમેશ ભયપ્રદ છે! હું રાજદ્રોહીઓને હંમેશાં ધિઃક્કારૂં છું."

"હું નથી ધારતો કે, રાજાનું ખૂન કરવાનીજ કેવળ ઇચ્છાથી આ ખૂન થયાં હોય. આ ખૂનમાં કોઇ પણ રાજકીય હેતુ હોવો જોઇએ. આ દૈનિકે એવી પણ કલ્પના કરી છે કે, સર્વિયન સરકારની અનુમતિથી આ નીચ કૃત્ય કરવાને તે યુવકો ઉશ્કેરાયા હતા! લિલી, તું યુરોપની વર્તમાન પરિસ્થિતિ જાણે છે?"

"એવી વાતો સમજવાનો મ્હેં આજસુધી કદી પ્રયત્ન કર્યો નથી."

"થોડા સમય પરજ પૂર્ણ થયેલું બાલ્કન યુદ્ધ ત્હારા લક્ષ્યમાં હશેજ. તે યુદ્ધમાં સર્વિયન લોકોને દરિયાઇ સૈન્યને યોગ્ય હોય તેવા એક બંદરનો લાભ થવાનો હતો; પરંતુ કેવળ આસ્ટ્રિયાના રાજપુત્ર ફર્ડિનાંડના પ્રયત્નથી તેઓ તે લાભ મેળવી શક્યા નહિ એવી તેમની સમજ થઇ હતી. તેમજ આસ્ટ્રિયાના બોઝનીયા વગેરે પ્રાંત સ્વદેશમાં મેળવી લેવાની સર્વિયન દેશભક્તોની ઘણા દિવસની ઇચ્છા છે. કારણકે ત્યાંની પ્રજાનો મુખ્ય ભાગ સ્લાવ છે. મ્હને લાગે છે કેઃ આ બે કારણને લીધેજ આસ્ટ્રિયન રાજપુત્રનું ખૂન થયું હોવું જોઇએ."

"ત્યારે તો સર્વિયનો ક્રૂરજ છે!" લિલીએ કહ્યું.

"તેમ કંઇ નથી. એ ન્હાનો પ્રદેશ અત્યંત રમણીય છે અને દર્શનીય છે. આપણે લગ્નગાંઠથી બંધાયા પછી હનીમૂન માટે ત્યાંજ જઇશું."

"એવા ક્લેશપ્રિય જંગલી દેશમાં જઇને આપણે કયું સુખ પ્રાપ્ત કરીશું? પરદેશ જવું હશે તો એકાદ સુધરેલા દેશમાં જઇશું. એ અર્ધ જંગલી સર્વિયામાં હું કદી આવીશ નહિ."

"લિલી! સર્વિયાને જંગલી કહેવામાં તું ભૂલ કરે છે. હું તે દેશ વિષે પુષ્કળ જાણું છું. તે પરથી હું કહી શકીશ કે, સર્વિયનો જંગલી છે અને આસ્ટ્રિયન લોકો સુધારાના શિખરે પહોંચ્યા છે એમ કંઇ નથી. જવા દે, એ વાત સાથે આપણો શો સબંધ છે? લગ્ન થયા પછી પરદેશ જવાનું નક્કી થશે તો તે વખતે વિચાર કરીશું."

આવી રીતે અત્યાચારના સમાચાર તરફ લિલીનું આકર્ષણ થયેલું મન પૂર્વવત્ શાંત કરવાનો વિલીયમે પ્રયત્ન કર્યો પણ તેમાં જય મળ્યો નહિ. હવે ભાષણનો પ્રવાહ બદલાયો માની તેણે લિલી તરફ જોયું કે તુરતજ તે બોલી:

"પોતાના રાજપુત્રનો વિનાકારણ વધ થયેલો જાણી આસ્ટ્રિયન પ્રજાનું મન સંતપ્ત થઈ ગયું હશે. આસ્ટ્રિયા હવે પોતાના રાજપુત્રના ખૂનનો બદલો ક્યા માર્ગે લેશે?"

લિલીનો આ પ્રશ્ન સાંભળી, અત્યાચારના સંબંધમાં પૂર્ણ ખુલાસો સાંભળ્યા સિવાય તેને ચેન પડશે નહિ માની વિલીયમે કહ્યુ:

"આ ખૂન સાથે સર્વિયન રાજ્યનો કોઇ પણ પ્રકારનો સંબંધ નહિ હોય. સર્વિયનો ફર્ડિનાંડને ધિક્કારતા હશે પણ આવા નીચ અને હિચકારા કૃત્યને સારા મુત્સદી પુરૂષો પોતાની સંમતિ આપે એવી કલ્પના કરવી યોગ્ય નથી. કોઈ બેહુદા મગજના અરાજકે આ કૃત્ય કર્યું હોવું જોઇએ. તેમ હશે તો ખૂનીની શોધ થઇ તેને તપાસને અંતે યોગ્ય શિક્ષા થશે અને એ ચર્ચાનો અંત આવશે. કદાચિત તપાસમાં સર્વિયન સરકારનો હસ્ત છે એમ માનવામાં આવશે તો સર્વ યૂરોપમાં રક્તપાત થયા સિવાય રહેશે નહિ."

"એટલે? એક ખૂન માટે સર્વ યૂરોપમાં રક્તપાત થવાનું શું કારણ?" લિલીએ પૂછ્યું.

"પોતાના રાજપુત્રનું ખૂન થયું છે એટલે આસ્ટ્રિયાનો બાદશાહ સર્વિયન સરકાર પાસે અવશ્ય ખુલાસો માગશે. કદાચિત સંતોષકારક ઉત્તર નહિ

મળે તો તે યુદ્ધનો સંદેશો આપ્યા સિવાય નહિ રહે! આસ્ટ્રિયનો સર્વિયનોની પ્રગતિ જોઇ શકતા નથી—સહન કરી શકતા નથી. તેથી સર્વ સ્લાવ પ્રજાને કચડી નાખવાને ઉત્તમ તક મળેલી જાણી તેઓ યુદ્ધમાં ઝંપલાવ્યા સિવાય નહિ રહે અને અંતે સર્વિયાનાં સર્વ રાજ્યસૂત્ર આસ્ટ્રિયાના હસ્તમાં જઈ પડશે.”

“ત્યારે તો ઘણું સારૂં.” લિલી બોલી: “સર્વિયાનાં રાજસૂત્ર આસ્ટ્રિયા જેવા સુધરેલા રાષ્ટ્રના હસ્તમાં જાય તો તેથી સર્વિયનોને લાભ થાય. સુધારો એ શું છે તે સર્વિયનોને શીખવાનું મળશે, અને આસ્ટ્રિયન પ્રજાના સહવાસથી તેઓ ભવિષ્યમાં એક સુપ્રસિદ્ધ જાતિ બનશે. મ્હારી એક સહાધ્યાયી સખી આસ્ટ્રિયાની રાજધાનીમાં ઘણા વખત સુધી રહી હતી. તે કહેતી કે, આસ્ટ્રિયનો હુશિયાર, દક્ષ અને સુધરેલા છે.”

“એટલા ઉપરથીજ તું સર્વિયાને જંગલી માની આસ્ટ્રિયાને સુધારાની ટોચે ગોઠવે છે કેમ?” એમ કહી વિલીયમે સ્મિત કરતાં કહ્યું: “આસ્ટ્રિયા સર્વિયા પર હુમલો કરશે તો રૂશિયા કદી પણ સ્વસ્થ રહેશે નહિ. કારણ, સર્વિયનોનું રક્ષણ કરવું એ રૂશિયા પોતાનું એક પવિત્ર કર્તવ્ય માને છે. કારણ કે, રૂશિઆ તેની સાથે તેવા કરારથી બંધાયલું છે. તેમજ રૂશિઆમાં સ્લાવ પ્રજાની સંખ્યા વિશેષ છે એટલે તે પોતાના જાતિ બન્ધુઓને ગુલામગીરીમાં સપડાયલા કદી જોઇ શકશે નહિ.”

“એમજ કહે કે, રાજપુત્રના ખૂનને લીધે આસ્ટ્રિયા અને રૂશિઆ વચ્ચે યુદ્ધ શરૂ થશે. રૂશિઆ આગળ આસ્ટ્રિયા ટકી શકે તેમ નથી. જોતજોતામાં રૂશિયા પોતાના સૈન્યસહ આસ્ટ્રિયા પર ધસી આવી અલ્પ સમયમાં આસ્ટ્રિયાને પાયમાલ કરી નાંખશે.”

“તું ઉતાવળી ન થા. એ સંબંધી વિચાર કરતાં જર્મની અને આસ્ટ્રિયાની મૈત્રી અવશ્ય લક્ષ્યમાં લેવી ઘટે છે. જર્મની કંઈ જેવું તેવું નથી. રૂશિઆને આસ્ટ્રિયા પર આક્રમણ કરતો જોઇ જર્મની ચૂપ રહેશે નહિ.”

“હાય પ્રભુ! આ તો ભયંકર રણસંગ્રામનુંજ મૂળ છે.” લિલી બોલી: “અસંખ્ય નિર્દોષ પ્રાણીની કત્લ થવાની! આપણે શું કરીશું! કરશે

તે ભોગવશે. ઇંગ્લાંડે કંઈ આસ્ટ્રિયાને નુકશાન કર્યું નથી. હું આ અત્યાચારની વાત ભૂલી જવાને ઘણો પ્રયત્ન કરૂં છું પણ તે મ્હારા મનમાંથી ખસતીજ નથી. રહી રહીને આસ્ટ્રિયાના વૃદ્ધ બાદશાહનું સ્મરણ થાય છે અને તેના દુઃખથી મ્હારૂં હૃદય વીંધાય છે."

"છટ્! લિલી! એવું દુઃખ માનતી નહિ. આપણા ભાવી સુખ તરફ લક્ષ્ય આપ. આ અત્યાચાર આપણા સુખમાં ક્યાં કંટક બનનાર છે? હું જે કહી ગયો છું તે સત્ય કરી બતાવવાનો સુવર્ણમય સમય મળ્યો છે, તે માટે પ્રભુનો આભાર માન! હવે થોડા સમયમાંજ યુદ્ધની સામે યુદ્ધ કરવા નીકળીશ. યુદ્ધ કરવું એ જંગલીપણાનું લક્ષણ છે એમ હું મ્હારા બન્ધુ અને ભગિનીઓને કહીશ, અને સમીપમાં ચાલતા યુદ્ધ પ્રતિ આંગળી બતાવી યુદ્ધની નિષ્ઠુરતા સર્વને સમજાવીશ. જગતનિયંતાના શબ્દ સત્ય છે અને મ્હારા પિતાના ઉદ્‌ગાર યોગ્ય છે, એવું સહેલાઇથી પ્રતિપાદન કરી યુદ્ધની જંગલી કલ્પના પ્રત્યેકના મસ્તકમાંથી દૂર કરીશ. પણ એ કાર્યમાં ત્હારી સહાયની જરૂર છે."

"મ્હારી?" લિલી આશ્ચર્યચકિત થઈ બોલી: "હું તને કેવી સહાય કરી શકીશ?"

"મ્હારા સર્વ જીવનક્રમમાં મ્હને ત્હારી સહાયતાની અત્યંત જરૂર છે. લિલી મ્હારી થઇ, લિલી પૂર્ણ રીતે મ્હારી છે એમ એક વખત નક્કી થશે એટલે હું બમણા ઉત્સાહથી કર્તવ્યપરાયણ થઈ શકીશ તેથી લગ્ન માટે ત્હારા પિતાની આજેજ સંમતિ મેળવવાનો વિચાર છે."

વિલીયમના આ શબ્દો સાંભળતાંજ લિલીનું મુખ અતિશય ગંભીર બન્યું. ક્ષણવાર વિચાર કરી તે બોલી.

"વિલીયમ, સાહસ ન કર! હું ત્હને કેટલી વખત કહું? સર્વ પ્રયત્ન વ્યર્થ જશે. પિતાની સંમતિ એમ નહિ મળી શકે. ખરૂં પૂછે તો—" એટલું કહી લિલી વચ્ચેજ અટકી. પછી તે બોલીજ નહિ.

વિલીયમ અધીરો બની કહેવા લાગ્યો: "લિલી! સ્પષ્ટ બોલ. મ્હને સંશયમાં રાખીશ નહિ."

કંઇક વિચાર કરી લિલી બોલીઃ " વિલીયમ સાંભળ! ત્હારાથી કંઇ પણ ગુપ્ત રાખવાનું નથી. પિતાની ઇચ્છા જુદીજ છે. ત્હારા સદ્‌ગુણની તે સ્તુતિ કરે છે પણ તે માને છે કે તું કેવળ પુસ્તકોનાં પાનાં ફેરવવામાં જીવનનો વ્યય કરશે. કૅપ્ટન લેનૉક્સ કંઇ સર્વગુણસંપન્ન નથી; પણ તે વીર યોદ્ધો છે. પિતાની ખાત્રી છે કે તે ધીમે ધીમે મેજરની પદવી પ્રાપ્ત કરશે, અને તેમનો સ્પષ્ટ મત છે કે તે મેજર થશે તો પછી કર્નલ થયા સિવાય રહેશે નહિ. તેથી તેમણે મ્હારા વિષે પોતાનો વિચાર નક્કી કરેલો છે."

" નક્કી ? કઇ બાબતમાં ? "

" મ્હારૂં લગ્ન કૅપ્ટન સાથે કરવાનો તેમનો નિશ્ચય છે." લિલી વિલીયમના મુખ તરફ જોતાં બોલીઃ " પણ તેમનો એ નિશ્ચય ધીમે ધીમે ફેરવવાનું મ્હેં નક્કી કર્યું છે. લગ્ન મ્હારૂં થવાનું છે. તેમનું નહિ! મ્હારી અનુમતિના અભાવે તેમનો ઉદ્દેશ સિદ્ધ થવાનો નથી. માટે તું કર્તવ્યપરાયણ થા અને ભાવી આયુષ્યનું આલેખેલું ચિત્રપટ ઉત્તમ રીતે રંગી આપ એટલે હું તે પિતાના સન્મુખ મુકીશ અને તેમની સંમતિ મેળવવાનું અશક્ય જણાતું કાર્ય હું શક્ય કરી બતાવીશ. વિલીયમ! ત્હને તેમાં શંકા થાય છે કે? લૅનોક્સ સાથે મ્હારૂં કદાચિત લગ્ન થશે એ ભયથી તેના કાલ્પનિક ભાગ્યની ત્હને ઇર્ષ્યા થાય છે કે ? "

" લિલી! ત્હારા શબ્દોનું મૂલ્ય હું આકાશ વાણીથી પણ વિશેષ આંકું છું. પ્રત્યક્ષ થતા કાર્ય પર હું વિશ્વાસ રાખી શકીશ નહિ પણ મ્હારી લિલીએ સ્વપ્નમાં જો શબ્દોચ્ચાર કર્યો હશે તો પણ હું તેના પર પૂર્ણ શ્રદ્ધા રાખીશ. લિલી! તેં જ્યારથી કહ્યું કે હું ત્હારી છું ત્યારથીજ મ્હને લાગ્યું કે મ્હારૂં જીવન હવે ધન્ય થયું છે. ત્હારા પિતાનો વિચાર કે કૅપ્ટન લેનૉક્સનું શૌર્ય, મ્હારા ભાવી સુખની આડે આવનાર નથી. આપણને લગ્ન સુખ મેળવવા માટે આપણે થોડો વખત થોભવું પડશે પણ મ્હને તેની બીલકુલ ચિંતા નથી. ત્હારા જેવા સ્વર્ગીય રત્નની પ્રાપ્તિ સહજમાં થતી નથી. ત્હારી પ્રાપ્તિ માટેની મ્હારી યોગ્યતા સિદ્ધ કરવા હું રાત્રિ દિવસ ગુલામ પ્રમાણે રહીશ, કાયદાની ઉચ્ચ પરીક્ષાઓ આપીશ, પાર્લામેંટનો સભાસદ થવાનો

પ્રયત્ન કરી તેમાં વિજય સંપાદન કરીશ, અને આ વિલીયમ, કેવળ પુસ્તકમાં પડી રહેનાર નથી પણ કર્તવ્યશાળી વીર છે એવી સર્વની સાથે ત્હારા પિતાની ખાત્રી કરી આપીશ. આપણા સ્વર્ગસ્થ રાજા ઍડવર્ડ "શાંતિના રક્ષક" મનાતા હતા. હું તેમનું અપૂર્ણ રહેલું ઉદાર પરોપકારી કાર્ય પૂર્ણ કરીશ. યુદ્ધની સામે થઇ ભવિષ્યમાં હવે પછી જગતમાં યુદ્ધ થાય નહિ તે માટે મનુષ્ય માત્રનાં મન કેળવી તૈયાર કરીશ. **"યુદ્ધ જંગલીઓ માટે છે."** એવું પ્રત્યેકને લાગશે તેમજ **"યુદ્ધ શબ્દ ઉચ્ચારવો એ યોગ્યજ નથી."** એવી ભાવના દૃઢ થશે ત્યારેજ મ્હારા કર્તવ્યની સમાપ્તિ થશે. લિલી ! મ્હારૂં એ કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધીમાં ત્હારા પિતાનું મન તું તૈયાર કર. લિલી, તું જ્યારે મ્હારી સાથે નિવાસ કરતી થશે ત્યારેજ હું સુખી થઇશ. લિલી, તું મ્હારો પ્રાણ છે અને મ્હારૂં સર્વસ્વ તુંજ છે. ત્હારા સમાગમથીજ મ્હારૂં કર્તવ્ય બજાવવાની મ્હારામાં સ્ફૂર્તિ આવશે. હે સ્ફૂર્તિદેવી ! જે રીતે ત્હારો પવિત્ર સમાગમ મ્હને સત્વર થઇ શકે અને મ્હને કર્તવ્ય બજાવવાનું બમણું બળ પ્રાપ્ત થાય તેમ તું કરજે. લગ્ન ગ્રંથીથી તું મ્હારી થાય ત્યાં સુધી મ્હને કર્તવ્યનિષ્ઠ બનવાને ત્હારા અધરામૃતનો એક ઘૂંટડોજ પ્રચંડ સામર્થ્ય આપશે." એટલું કહી વિલીયમે લિલીના ગુલાબી ગાલ પર સપ્રેમ ચુંબન કર્યું. બે ને બે ચાર નેત્રોમાંથી વિજળી ઉત્પન્ન થઇ એક બીજાના હૃદયમાં ઉતરી પડી, તે સમયે પશ્ચિમાસુંદરીનો કપોલપ્રદેશ પણ સૂર્ય ભગવાનના ચુંબનને લીધે લાલ થઇ રહ્યો હતો.

પ્રકરણ ૪ થું.

યુદ્ધ માટે નિશ્ચય.

વિલીયમ સ્વગૃહ તરફ જવા નીકળ્યો તે વખતે સ્વચ્છ આકાશમાં રજનીનાથ પ્રકાશી રહ્યો હતો. રજનીનાથની ઇચ્છિત વિહારની વચ્ચે વાદળાંઓ આવી વિઘ્ન નાંખી શકે નહિ તેવી ગોઠવણ થયેલી જણાતી હતી. વિલીયમ મનમાં પોતાના ભવિષ્ય જીવનનું ચિંતન કરવા લાગ્યો. તેને લાગ્યું કે: માથા પર રહેલા અભ્રરહિત આકાશ પ્રમાણે મ્હારૂં જીવન સંપૂર્ણ રીતે નિષ્કલંક રહેશે. તેના પર સંકટ કે દુઃખની લેશ માત્ર પણ છાયા પડશે નહિ, તારાગણની સંગતિમાં વિહાર કરનાર તારાનાથ જે પ્રમાણે આનંદથી વ્યોમમાં વિહાર કરે છે તે પ્રમાણેજ હું મ્હારી પ્રાણેશ્વરી લિલીના સમાગમમાં જીવનપર્યંત સુખે કાળક્રમણ કરીશ. સ્વર્ગીય રજનીનાથ જે સુખનો ઉપયોગ કરે છે તેવું સુખ મ્હને કેવળ લિલીના પ્રેમને લીધે આ લોકમાંજ મળશે. ખરેખર લિલી સ્વર્ગની દેવી છે, તે સ્વર્ગીય સદ્‌ગુણનો ભંડાર છે, સ્વર્ગીય પવિત્રતાનું નિવાસ સ્થાન છે, તેનામાં સ્વર્ગીય સુંદરતા છે, તેમ ન હોત તો પોતાને પ્રાપ્ત થનાર વૈભવને લાત મારી, તેણે કેવળ પ્રણય માટેજ મ્હારા જેવા વિદ્યાનેજ ધન માનનારા, મધ્યમ સ્થિતિના યુવકનો સ્વીકાર કર્યો ન હોત." આવા પ્રકારની વિચાર પરંપરા વિલીયમના મનમાં ચાલતી હતી. તેનો આનંદ આજે અવર્ણનીય હતો. સર્વ કોર્નવૉલ પ્રાંતમાં તેના જેટલો સુખી પ્રાણી આજે અન્ય કોઇ હશે કે કેમ તે વિષે શંકાજ હતી. "લિલીએ મ્હારી પત્ની થવાનું સ્વીકાર્યું છે, તેનો મ્હારા પર વિશુદ્ધ પ્રેમ છે, તેના પ્રેમનો મધુરસ્વાદ લેવાને હું એકલોજ ભાગ્યશાળી છું, તેણે મ્હારા પરના સ્નિગ્ધ સ્નેહને લીધેજ પ્રાપ્ત થતી શ્રીમંતાઇ અને ઉચ્ચ-

પણાની આહુતિ આપવાનો નિશ્ચય કર્યો છે.” વગેરે અનેક પ્રકારના સુખમય વિચારમાં વિલીયમ એટલો લીન થઈ ગયો હતો કે, જેથી તે સ્વગૃહ સમીપ ક્યારે આવી પહોંચ્યો તેનું પણ તેને ભાન રહ્યું નહિ.

વિલીયમની વિચારશૃંખલાએ વધતાં વધતાં યુદ્ધ પર સ્વારી કરી ખરી શાંતિનો પ્રસાર કરવા જેટલે સુધી આવી. તેને એકદમ પિતાના શબ્દોનું સ્મરણ થયું. પુનઃ તે વિચાર પરંપરામાં પડયો: “મ્હારા પિતાની ઇચ્છા યુદ્ધશાસ્ત્રને નષ્ટપ્રાય કરી યુદ્ધ એ એક નિંદનીય વ્યસન છે એવી જનસમાજની ખાત્રી કરવાની હતી પણ તે પૂર્ણ થઈ નથી. હું તે પૂર્ણ કરીશ અને પિતાના અખંડ સ્મરણીય પ્રસંગને સિદ્ધાન્તસૂત્રમાં સાચવી રાખીશ. મ્હારા હસ્તે જે પરોપકારી કાર્ય થવાનું છે તેનું બીજ મ્હારા પિતાએજ રોપ્યું છે અને તેમનાજ ઉપદેશામૃતના બળ ઉપર હું આવું એક મહાન કાર્ય ઉઠાવી લઉં છું.” મહાન કાર્યનો વિચાર પૂર્ણ થતાં તે પોતાની હિંમત માટે અભિમાન ધરવા લાગ્યો. જગતનું ચિરકાળ ટકી શકે એવું અલૌકિક કૃત્ય સ્વહસ્તે થવાની આશા જણાતાં કયો પુરૂષ—મનુષ્ય—મગરૂર ન બને? તુરતજ ગૃહ સમીપ આવી પહોંચ્યાનું તેના લક્ષ્યમાં આવ્યું. ઉતાવળમાં ઘોડો બાંધી તે પોતાના વાંચનાલયમાં ગયો.

વિલીયમના અંગમાં તેની માતાનું રક્ત પણ કંઈક અંશે ચૈતન્યમય હતું. તેની માતાએ જે કુટુંબમાં જન્મ લીધો હતો તે કુટુંબ શૌર્ય માટે વિખ્યાત હતું. એ કારણથી કંઇક થોડા ઘણા પ્રમાણમાં યુદ્ધપ્રિયતા દૃગ્ગોચર થતી હતી; પરંતુ તેના મન પર તેના પિતાના ઉપદેશની દૃઢ અસર થવાથી તેમજ તેના મૃત્યુ પછી ડૉ. રેંથાલ જેવા પ્રોફેસરે તેને અત્યુત્તમ રીતે પોષવાથી તેના દેહમાં રહેલી યુદ્ધપ્રિયતાનું તેજ છુપાઈ રહ્યું હતું—અંશતઃ દબાઈ ગયું હતું. તે કોઇ પણ રીતે બહાર નીકળવાનો માર્ગ શોધતું હતું. આજે તેને ઉત્તમ અવકાશ મળ્યો. તેણે યુદ્ધની સામે થઇ પોતામાં રહેલી યુદ્ધપ્રિયતાની નસને શાંત કરવાનો વિચાર કર્યો. યુદ્ધની ભયંકરતાની કલ્પના થઈ શકે તેમ નથી! પણ તેની સામે થવાનો વિલીયમે નિશ્ચય કરી નાખ્યો હતો તે આપણે જાણીએ છીએ. તેને પણ લાગ્યું કે: યુદ્ધની સામે થવું એ પરા-

ક્રમની, શૌર્યની અને દૃઢતાની હદ બતાવવા જેવું છે.

વિલીયમ ઑક્સફર્ડ વિદ્યાલયમાં જ્યારે અભ્યાસ કરતો હતો ત્યારે અનેક બાબતોમાં તે કંઇ ભૂલતો હોય એમ તેને લાગતું અને કેટલીક વખત શૌર્યોક્તિ આવતી ત્યારે તેનું મન પ્રફુલ્લ થતું; પણ તેમ થવાનું કારણ તે સમયે તેના લક્ષ્યમાં આવ્યું નહતું. આજે તે સર્વનો નિર્ણય આપોઆપ થઇ ગયો. તેને લાગવા માંડ્યું કેઃ પુસ્તકો વાંચી કે ગ્રંથ લખી પિતાએ સ્થિર કરેલા માર્ગે યશ પ્રાપ્તિ થવાની નથી. અદ્વિતીય ઉત્સાહથી, અલૌકિક સામર્થ્યથી અને અવિશ્રાંત પ્રયત્નથી સંકટો સામે થવા તૈયાર થવું જોઇએ. યુદ્ધ અને તેના પુજારીઓનેજ યુદ્ધનું નિમંત્રણ કરી યશ સંપાદન કરવો જોઇએ.

તે એકદમ આનંદની સીમાનું ઉલ્લંઘન કરી કુદકા મારવા લાગ્યો અને બોલ્યોઃ "જગત્‌નિયંતાએ ઉપદેશેલાં પરોપકારી તત્વોનો હું સર્વને યથાસ્થિત પરિચય કરી આપીશ, હવે શાંતિની મૂર્તિ–પૂતળી પ્રભુનાં બાળકોને હમેશને માટે મળે તે સારૂ હું યુદ્ધની સામે થવા તૈયાર થયો છું. યુદ્ધને સ્ફૂર્તિ આપનારાં પિશાચો, યુદ્ધની મહત્તાનું ગાન કરનારા અસુરો અને યુદ્ધમાં આનંદ માનનારા રાક્ષસોને દૂર કરી મનુષ્ય માત્રને હું ઉન્નત કરવાનો મ્હું. હવે ભવિષ્યમાં મ્હારા વિશ્વ બાંધવોનાં મસ્તિષ્ક ભારે કરથી નીચાં નમશે નહિ, જનતાનાં નેત્રોમાં દુખાશ્રુ દષ્ટિએ પડશે નહિ. હા, નેત્રમાંથી અશ્રુનું નામ નષ્ટ થવાનું નથી, પણ તે યુદ્ધમાં અકાલે મૃત્યુ પામતા યુવકોના દુઃખથી નહિ નીકળતાં, શાંતિના ખરા સુખનો અનુભવ મળવાના આનંદને લીધે અમર રહેશે! એ સર્વનું કારણભૂત કોણ? મ્હારા પ્રિયતમ પિતાજ!"

ઉક્ત આનંદોદ્‌ગાર પૂર્ણ થતાંજ વિલીયમની દૃષ્ટિ ડૉ. લિટનના સુંદર છાયા ચિત્ર તરફ ગઈ. તે સ્વગત બોલ્યોઃ

"પિતા! પ્રિયતમ પિતા! તમે જગત્ ઉપર કેવો મહાન ઉપકાર કર્યો છે!"

અનેક પ્રકારના ગ્રંથોથી પરિપૂર્ણ બનેલું વાચનાલય! એ ગ્રંથોનો જીવન પર્યંત ઉપભોગ લેનાર ડૉ. લિટનની ગંભીર પણ સહાસ્ય વદનની, મુખ્ય સ્થાને શોભતી છબી અને તે તરફ એકાગ્ર દૃષ્ટિથી જોનારો વિલીયમ! એ

ચિત્ર રજનીનાથને પણ એટલું મોહનીય લાગ્યું કે, તેણે પણ ક્ષણ માત્ર અટકી વાચનાલયમાં ડોકીયું કર્યું.

પિતાના સહાસ્ય વદન તરફ જોતાં જાણે તેઓ પોતાના તરફ જોઇ સ્મિત કરે છે એવો વિલીયમને ભાસ થયો. તે બોલ્યો: "પિતા! અંતર્જ્ઞાનથી તમે મ્હારા મનનો નિશ્ચય અવશ્ય જાણી ગયા છો. તેમ ન હોત તો તમારા મુખ પર સંમતિદર્શક હાસ્ય ઉપસ્યું ન હોત."

પુનઃ શાંત થઈ તે પિતાની મુખમુદ્રા તરફ જોઇ રહ્યા પછી પાસેની ખુરસી પર બેઠો અને ડૉ. લિટને લખેલા "બોર યુદ્ધ સંબંધી વિચાર" નામક પુસ્તક વાંચવાનો પ્રયત્ન કરવા લાગ્યો; પણ ત્યાં તો પ્રત્યેક પૃષ્ઠ પર લિલીના સુંદર વદનનું ચિત્ર તરવરવા લાગ્યું, ત્યારે તે પુસ્તક દૂર મુકી હૃદયમાં સંગ્રહી રાખેલી પ્રતિમા મનશ્ચક્ષુ સમીપ ધારી તેનું ચિંતન કરવા લાગ્યો. ધીમે ધીમે તેનાં નેત્ર મીંચાયાં. તે લિલીની કાલ્પનિક પ્રતિમા જોવામાં એટલો લીન થઇ ગયો કે જાણે લિલી પાસે બેસી મંદહાસ્ય કરે છે એવો ભાસ થયો. એ ભાસ તેણે નેત્ર ઉઘાડયાં તો પણ નષ્ટ થયો નહિ.

ચક્ષુ ઉઘાડતાંજ વિલીયમને પિતાનું ચિત્ર જણાયું. તે તરફ જોતો તે બોલ્યો:

"પિતા! મ્હારા મનમાં પરોપકારી વિચારોની પ્રેરણા કરનાર અને મ્હારી વૃત્તિને કર્તવ્યનિષ્ઠ બનાવનાર મૂર્તિ એજ છે. લિલી, જા! પિતાની પાસે જા! તેમનો આશિર્વાદ પ્રાપ્ત કર. પૂજ્ય પિતા! એ સૌંદર્યલતિકા મ્હારા પ્રાણરૂપ છે. એજ સ્વર્ગીયદેવી મ્હારા સુખનું કેન્દ્ર છે. એ હૃદયેશ્વરીનાજ પ્રભાવથી યુદ્ધની સામે આક્રમણ કરવા હું તત્પર થયો છું. પિતા! અમારા લગ્નમાં અનુમતિ આપી અમે સુખી થઇએ તેવો આશિર્વાદ આપો."

કલ્પના અને સત્યતાની જાળમાં સપડાયલો વિલીયમ માનવા લાગ્યો કે: પિતા જીવંત છે અને તે મ્હારા તરફ જુએ છે. તેની કલ્પનાએ તેના મનને સૂચવ્યું કે: ડૉ. લિટન પુનરપિ હાસ્ય કરે છે. પુનઃ તે બોલ્યો: "પિતા! તમે બોલતા નથી, પણ તમારા હાસ્ય પરથી સ્પષ્ટ થાય છે કે મ્હારા ભાવી લગ્નમાં તમારી સંમતિ છે. પ્રિયતમા લિલી સાથે લગ્ન થઈ

મ્હારૂં જીવન સુખી થાય એવી ઇચ્છા તમારા પ્રસન્ન વદન પરથી ધ્વનિત થાય છે. પિતાજી! જાઉં છું! રજા લઉં છું! થોડાજ વખતમાં તમને ખાત્રી કરી આપીશ કે, તમારો ઉપદેશ મેં સફળ કર્યો છે." એમ કહી જાણે પિતા સાથે વાર્તાલાપ કરીને પોતે બહાર નીકળે છે તેવા આવિર્ભાવથી વિલીયમ બહાર નીકળતો હતો તેટલામાંજ "કોણ? વિલીયમ!" એવો મંજુલ શબ્દનાદ તેના કાને પડ્યો.

વિલીયમ કલ્પના સૃષ્ટિમાંથી એકદમ જાગૃત થયો. તેણે સામે દૃષ્ટિ કરી તો પોતાની માતા ઉભેલી જણાઈ. તે વિકૃત મનઃ સ્થિતિને દબાવવાનો પ્રયત્ન કરી બોલ્યો:

"માતા! મ્હેં ધાર્યું હતું કે તું નિદ્રાધિન થઇ હશે."

"મ્હારા વ્હાલા પુત્રને પાછો આવેલો જોયા સિવાય હું કેવી રીતે શાંત નિદ્રા મેળવી શકું? મ્હેં નહોતું જાણ્યું કે; તું આવશે તેવોજ વાચનાલયમાં જશે. ક્યારનો આવ્યો છે ભાઈ?"

"ઘણો વખત થયો. તું નિદ્રાધિન થઈ હશે એવું માની મ્હેં ત્હને બોલાવી નહતી."

"અહીં તું શું કરતો હતો?" પુત્રના મસ્તિષ્ક પર હસ્ત ફેરવી માતાએ પૂછ્યું.

"વિચાર કરતો હતો."

"વિચાર કરતો હતો? મ્હેં જાણ્યું કે તું ભાષણ કરતો હશે!"

"એ વિચારજ તેવો હતો."

"શાનો વિચાર કરતો હતો?"

"પિતા વિષે."

વિલીયમની માતા કંઈ બોલી નહિ. તેનાં ચક્ષુમાં પાણી ભરાઈ આવ્યાં; પરંતુ તેણે તે વિલીયમના લક્ષ્યમાં આવવા દીધું નહિ.

થોડી વાર પછી વિલીયમ બોલ્યો: "માતા, વ્હાલી માતા! ત્હને એક વાત કહેવાની છે. પણ તે તદ્દન ગુપ્ત રાખે તો."

"ત્હારી ઇચ્છા નહિ હોય તો એક અક્ષર પણ હું પ્રકટ કરીશ નહિ. કહે, ત્યારે જે કહેવું હોય તે નિશ્ચિંત જીવે કહે."

કેટલાક વખત સુધી વિચાર કરી વિલીયમ બોલ્યો: "ઍડમિરલ નેલ્સનની કન્યાએ મ્હને લગ્ન માટે વચન આપ્યું છે."

"શું?"

"લિલીએ મ્હારી પત્ની થવાનું સ્વીકાર્યું છે. ત્હને એ સંબંધમાં કંઈ અનિષ્ટ જણાય છે?"

"મ્હને કલ્પના પણ ન્હોતી કે, ઍડમિરલ નેલ્સનની પુત્રી ત્હારી સાથે લગ્ન કરવાનું સ્વિકારે. તું સત્યજ કહે છે કે?"

"પૂર્ણ સત્ય. નિઃસંશય સત્ય."

"વિલીયમ! સર્વે કૉર્નવૉલ પ્રાંતમાં લિલી જેવી સદ્‌ગુણી અને સુંદર બાળા નથી. અહા! તેનો સ્વભાવ કેટલો મધુર છે? કેવી મર્યાદાશીલ વર્તન વાળી! અહા! તે મ્હારા વિલીયમની પત્ની થશે! મ્હારા આનંદની અવધિ થઈ છે. જો આ વખતે ત્હારા પિતા જીવતા હોત તો તે પોતાની પુત્ર વધૂને પુષ્પ સમાન પ્રિય માનત."

"હું હમણાં પિતાને એજ કહેતો હતો." વિલીયમ બોલ્યો: "તેમણે મ્હારા આ લગ્ન વિષે પૂર્ણ સંમતિ આપી છે. તેમના આશિર્વાદ લઈનેજ હું હમણાં બહાર નીકળતો હતો."

વિલીયમના શબ્દ સાંભળતાંજ તેની માતાના નેત્રમાંથી અશ્રુસ્ત્રાવ થયો. તે લૂંછી બોલી.

"બેટા! વિલીયમ! તું ભાગ્યશાળી છે. તેથી તને આવી સદ્‌ગુણી અને સુંદર પત્ની મળી. હવે તમારૂં બન્નેનું જીવન અત્યંત સુખમાં જાય એવી પરમેશ્વર પાસે હરનિશ યાચના કરવી એજ મ્હારૂં કર્તવ્ય છે. પણ તમારા લગ્ન કાર્યમાં ઍડમિરલ નેલ્સનની સંમતિ કેવી રીતે મળી? મ્હેં સાંભળ્યું હતું કે ઍડમિરલે કેપ્ટન લૅનોક્સને પોતાની પુત્રી અર્પણ કરવાનો નિશ્ચય કર્યો છે."

આ પ્રશ્નના ઉત્તરમાં વિલીયમે ઍડમિરલનું મન પ્રસન્ન કેવી રીતે કરી લેવાનું છે તે તથા ભવિષ્યના જીવનક્રમ વિષેના વિચારો કહી છેવટે હસીને કહ્યું: "હવે હું થોડા સમયમાં યુદ્ધ કરવાનો છું."

"યુદ્ધ ! કોની સાથે !"

"યુદ્ધની સામે થવાનોજ મ્હારો વિચાર છે." એમ કહી વિલીયમે હસતાં હસતાં માતાની રજા લીધી.

આજની રાત્રિ વિલીયમે લિલીના સ્વપ્ન સુખમાં પૂર્ણ કરી. જાણે તે લિલીની સાથે હાસ્ય કરતો વાતો કરી રહ્યો છે. જાણે તે લિલીના સુંદર ગાલ ઉપર ચુંબનની વૃષ્ટિ વરસાવી રહ્યો છે. વચ્ચે વચ્ચે તે શાંતિ માટેના પ્રયત્નનો પણ આસ્વાદ લેતો હતો. પરંતુ યુરોપખંડમાં નૃત્ય કરી રહેલી શાંતિનો થોડા સમયમાંજ ધ્વંસ થવાનો હતો તેની તે બિચારાને કલ્પના પણ નહતી !

પ્રકરણ ૫ મું.

ટેનિસ.

તે રાત્રી પછી કેટલાક દિવસ સુધી વિલીયમ લિટન સુખમય સ્થિતિમાં હતો. પ્રેમનું પવિત્ર સુખ અનુભવતો હતો. લિલીની અને તેની એકાંતમાં વિશેષ વાતચિત થતી નહતી તોપણ કંઇ ને કંઇ મિષ કાઢી તે હમેશ મૂનલાઇટ પૅલેસ તરફ જતો. ઍડમિરલ નેલસન પણ આંતરિક રહસ્ય જાણતા નહતા તેથી તેનું પ્રેમપૂર્વક સ્વાગત કરતા હતા. લિલીને વિલીયમની ઉમરના બે બન્ધુ હતા. તેમાંનો ડિક કેટલાક દિવસ સુધી વિલીયમ જે કૉલેજમાં અભ્યાસ કરતો હતો તેજ કૉલેજમાં હતો, તેથી તે બન્ને વચ્ચે સારો સ્નેહ થયો હતો. એક દિવસ વિલીયમે ટૅનિસ વિષે અમર્યાદ પ્રેમ વ્યક્ત કર્યાથી ડિકનો તેના પ્રત્યેનો સ્નેહભાવ સ્થિર થયો હતો. કૅપ્ટન લેનૉકસ ટૅનિસની રમતમાં પ્રવીણ હતો. તેની સામે થવાની હિંમત કરી વિલીયમે તેને આહ્વાન કર્યું. તેથી નેલ્સન સાહેબનો પણ તેના પર પ્રેમ થયો.

"વિલીયમ, તું કોને આમંત્રણ કરે છે તેનો પ્રથમ વિચાર કર." કૅપ્ટન લેનૉકસ તિરસ્કાર વ્યંજક સ્વરમાં બોલ્યોઃ હમણાં હમણાં લિલી તેની

સાથે પ્રેમાળ મનથી વાર્તાવિનોદ કરતી નહતી અને વિલીયમ પ્રતિ તે વિલક્ષણ રીતે આકર્ષાઈ જતી હતી તેથી લેનૉક્સનું હૃદય ઇર્ષ્યાથી ઓતપ્રોત થઇ ગયું હતું.

ડિક વચ્ચેજ બોલી ઉઠયો: "વિલીયમ, બીજી એક વાત લક્ષ્યમાં લેવાની છે. આ રમતમાં જેનો પરાજય થાય તેણે આપણી ક્લબને મીજબાની આપવી."

તુરતજ સર્વે જણ સમુદ્ર કિનારા પરના મેદાન તરફ ગયાં. લિલી પણ પ્રેક્ષક સમૂહમાંની એક હતી. નેલસન સાહેબે પ્રમુખસ્થાન લીધું હતું. તે આવી રમતોના શૉખિન હતા.

રમતનો આરંભ થયો. આરંભમાં લેનૉક્સનું ભાગ્ય અનુકૂળ હતું. સ્પષ્ટ રીતે જણાવા લાગ્યું કે તેનો જય થશે; પણ કેટલીક વાર પછી રંગ બદલાયો અને વિલીયમ જો આવી સુંદર રીતે રમ્યા કરશે તો કદાચિત તે યશસ્વી થશે એમ સર્વને લાગવા માંડયું. વિલીયમ બરાબર સંભાળીને રમતો હતો. તેની ભાવના એવી થઈ હતી કે જો આ રમતમાં યશ મળશે તો સર્વ જીવનક્રમમાં વિજય પ્રાપ્ત થશે. લિલીનું ખિન્ન મુખ પણ પ્રફુલ્લિત બન્યું હતું.

પ્રેક્ષક સમૂહમાં એક ચસ્માવાળો અપરિચિત પણ ગંભિર મુખમુદ્રાવાળો કોઇ મનુષ્ય હતો. તે પણ વિલીયમની રમતથી ખુશ થયેલો જણાયો. તે મ્હોટેથી બોલી ઉઠયો:

"મ્હેં આ રમત રમતાં ઘણા નામીચા મનુષ્યોને જોયા છે પણ આ ગૃહસ્થે હમણાં જે રમત દેખાડી છે તેવી રમત અત્યાર સુધી મેં જોઈ નથી." કૅપ્ટન લેનૉકસ એ સ્તુતિ સહન કરી શક્યો નહિ. તે બોલ્યો:

"મીસ્ટર! હું બોલીશ તેથી આપને માઠું લાગવાનો સંભવ છે; પણ નિરૂપાયે સૂચવવું પડે છે કે; આવા પ્રકારની પ્રશંસાથી રમતમાં વિઘ્ન આવે છે. એ અત્યાર સુધીના પ્રેક્ષક તરીકેના અનુભવથી તમારે સમજી લેવું જોઇતું હતું."

તે અપરિચિત ગૃહસ્થે નમ્રતાથી કહ્યું: "ક્ષમા કરો, તમારી રમતમાં વિઘ્ન લાવવાની મ્હારી બીલકુલ ઇચ્છા નહતી. પુનઃ આપને ત્રાસ થાય

તેવા શબ્દો હું બોલીશ નહિ." તે વિલીયમ તરફ જોઇ બોલ્યો: "આપને તો ત્રાસ થયો નથી ને?"

"બીલકુલ નહિ." વિલીયમે ઉત્તર આપ્યો.

થોડી વારમાં રમત પૂર્ણ થઈ અને વિલીયમને વિજય મળ્યો.

"વિલીયમ વિજેતા છે માટે લેનૉક્સે ભોજન સમારંભ કરવો જોઇએ." નેલ્સન સાહેબે આનંદથી કહ્યું: "વિલીયમ, તું બહુ સારી રમત રમ્યો છે. હું તને અભિનંદન આપું છું."

"વિલીયમ બહુ સરસ રીતે રમ્યો છે." પોતાની નિરાશા છુપાવતાં કૅપ્ટન લેનૉક્સ બોલ્યો.

"માફ કરો." પેલો અપરિચિત સંભવિત ગૃહસ્થ પુન: ઇંગ્લિશ ભાષામાં બોલ્યો: "હું પણ આપને અભિનંદન આપવાની હિંમત કરૂં છું. એ ખરૂં છે કે હું એક ઇંગ્રેજ નથી, પણ આપના રાષ્ટ્ર સાથેના સ્નેહભાવનો લાભ લઇ આપનો પરિચય કરી લેવાનો યત્ન કરૂં છું. આપની રમતથી હું આશ્ચર્યચકિત થયો છું. આપ ટૅનિસ સારી રીતે રમી શકો છો." એમ કહી તે ગૃહસ્થે પોતાના નામનું કાર્ડ વિલીયમના હસ્તમાં મૂક્યું.

"સરદાર વીમર." કાર્ડ પરનું નામ જોઇ વિલીયમ બોલ્યો: "હું આપનો આભાર માનું છું."

"મ્હારો તમારી સાથે પરિચય નહિ હોવા છતાં મ્હેં બોલવાનું સાહસ કર્યું છે તે માટે ક્ષમા કરશો." સરદાર બોલવા લાગ્યા: "પણ મ્હારાથી રહેવાયું નહિ. મ્હેં આવી ઉત્તમ રમત કદી જોઇ નહતી. હું જો કે જર્મન છું પણ અલસાસ નિવાસી છું. તમારા દેશપર મ્હારો અત્યંત પ્રેમ છે." એટલું કહી તે ત્યાંથી ચાલ્યો ગયો.

"એ કોણ છે?" ડિકે પ્રશ્ન કર્યો.

"હું તેને ક્યાં ઓળખું છું? તે દેખાવમાં સજ્જન જણાય છે, તેમાં કંઇ શંકા જેવું નથી." વિલીયમે કહ્યું.

"તેનું નામ શું?" નેલ્સને પૂછ્યું.

"સરદાર વીમર, વિલર બંગલો, અલસાસ; કૉંટિનેન્ટલ કલબ, લંડન." વિલીયમે કાર્ડ પરના શબ્દો વાંચ્યા.

"વીમર નામ મ્હને ઘણું ગમે છે." નેલ્સને કહ્યું: "અને કોંટિનેન્ટલ ક્લબ પણ સારી ગણાતી કલબોમાંની એક છે. પુનઃ તેની મુલાકાત થશે તો હું તેનો પરિચય કરી લઇશ. ઠીક, કૅપ્ટન લેનોક્સ! મીજબાનીની તૈયારી કર. વિલીયમે વિજય મેળવ્યો છે!"

"વિલીયમ! મ્હને કેટલો આનંદ થયો તે કેવી રીતે વ્યક્ત કરૂં?" સહજ એકાંત મળતાં લિલી બોલી: "તેં કૅપ્ટન લેનોક્સને હરાવ્યો તે ઘણું સારૂં થયું."

"મ્હને પણ તેમ લાગે છે," વિલીયમ બોલ્યો: "પણ એ ક્ષુદ્ર રમત કરતાં વિશેષ મહત્વની કેટલીક બાબત મ્હારા મનમાં ભ્રમણ કરી રહી છે."

થોડી વાર પછી દૂર ઉભા રહેલા લેનોક્સે આવી કહ્યું:

"વિલીયમ! આ યુદ્ધભૂમિ પર ત્હારો વિજય થયો છે ખરો પણ બીજી એક અતિ મહત્વની યુદ્ધભૂમિ પર મ્હારૂં તેજ પ્રકાશવાનું છે. ત્હેમાં મ્હને જ યશ મળવાનો છે. પછી લીલી—"

પ્રકરણ ૬ ઠ્ઠું.

હું સૈનિક બનીશ નહિ!

ભોજન સમારંભ સમયે વિલીયમ સંપૂર્ણ આનંદમાં હતો. લિલીનું મુખકમળ પણ હાસ્યપ્રભાથી પ્રફુલ્લિત થઈ શોભી રહ્યું હતું. નેલ્સન પણ વિલીયમ પર ખુશી થઈ ગયા હતા.

"વિલીયમ!" નેલ્સન સાહેબ બોલ્યા: "તેં આજે એક મ્હોટો વિજય મેળવ્યો છે. મેં સાંભળ્યું છે કેઃ તું પાર્લામેંટમાં જવાનો છે."

વિલીયમઃ "મ્હારો વિચાર છે ખરો."

નેલ્સનઃ "અવશ્ય તેમાં પણ તું જય મેળવશે. પુસ્તકોની વચમાં પડી રહેવાનું તું છોડી દેશે એ જાણી મ્હને આનંદ થયો છે. હા, ખરૂં છે કે,

પુસ્તકી જ્ઞાનનો પાર્લામેંટમાં ઉપયોગ ઘણો સારો થશે, પણ હમણાં દેશને કર્તવ્યનિષ્ઠ મનુષ્યોની વિશેષ આવશ્યકતા છે.”

વિલીયમ: “મ્હારી કર્તવ્યપરાયણતા અને વીરતા જનસમાજને બતાવી આપવાનો મ્હેં દ્રઢ નિશ્ચય કર્યો છે.”

નેલ્સન: “ત્હારા હસ્તે મહાન કૃત્યો થવાનો ઘણો સંભવ છે. રોજરની પાર્લામેંટમાં જવાની ઉત્કટ ઇચ્છા હતી; પણ દુર્દૈવે તે યુદ્ધમાં મા્ર્યો ગયો. વર્તમાન સમયે આપણે શાંતિ અનુભવીએ છીએ તેથી ઇશ્વરની મહાન કૃપાજ સમજવી જોઇએ. તું કાલે સાંજે અહીં આવીશ કે? આવતી વખતે ત્હારી માતાને પણ સાથે લઈ આવજે.”

“ ઠીક.”

“વિલીયમ!” લિઝી વિણા જેવા મધુર સ્વરે બોલી: “આજે ત્હારા અલ્પ યશથી મ્હારા પિતા જેટલા ખુશી થયા છે તેટલા તું દશ ફેલોશીપ્સથી પણ કરી શક્યો નહોત. કાલે વહેલો આવજે.”

વિલીયમે પોતાની પ્રાણેશ્વરીના મુખકમળ તરફ પ્રેમ ભરેલી દ્રષ્ટિએ જોઈ ચાલવા માંડયું. તે સ્વગૃહ તરફ પગેજ ચાલ્યો જતો હતો. તેના આનંદનો પાર નહતો. તેમાં આશ્ચર્ય પણ શું છે? તે યુવાન અને ઉત્સાહી હતો, એક અત્યંત લાવણ્યવતી બાળાનો નિસ્સીમ પ્રેમ તેના પર ચોંટ્યો હતો અને પોતાનો ભાવી જીવનક્રમ અત્યંત ઉજ્વલ જણાતો હતો.

ચાલતાં ચાલતાં તેને રસ્તામાં સરદાર વીમર મળી ગયા.

“વિલીયમ લિટન!” સરદાર વીમરે કહ્યું: “હું નહોતો ધારતો કે, આટલા જલદી આપણે મળી શકીશું.” એમ કહી તે વિલીયમ સાથે ચાલવા લાગ્યા.

વિલીયમ: “તમે સેંટ જૉનમાં પહેલી જ વાર આવ્યા હો એમ જણાય છે?”

વીમર: “હા, આ ગામની ચોતરફ પ્રસરી રહેલા સૃષ્ટિસૌંદર્યે મ્હને ગાંડો બનાવી દીધો છે. મ્હને શાંતિ અતિશય પ્રિય છે.”

વિલીયમ: “ત્યારે તમે યુદ્ધને ધિક્કારતા હશો.”

વીમરઃ "એમાં સંશય શો? મ્હારી પરિસ્થિતિ વિચિત્ર છે. મ્હારૂં નામ જો કે જર્મન છે પણ માતા ફ્રેંચ છે. ફ્રાન્સ ઉપર મ્હને ઘણો પ્રેમ છે. હું અલસાસ પ્રાંતમાં રહું છું. તમે જાણતા હશોજ કે, પહેલાં અલસાસ પ્રાંત ફ્રેંચ સત્તા નીચે હતો, પણ હમણાં જર્મન રાષ્ટ્ર પાસે રહેલો છે. જર્મનીનો હું તિરસ્કાર કરૂં છું. જર્મન રાજ્યપદ્ધતિ અંતઃકરણને અકળાવે છે. જર્મન સરકાર મ્હારી રાજ્યનિષ્ઠા પર સંશય રાખતી હોવાથી મેં ઇંગ્લાંડમાં રહેવાનું કરાવ્યું છે."

વિલીયમઃ "તમે અમારા દેશને પસંદ કરો છો?"

વીમરઃ "તમારો દેશ કોને પ્રિય ન થાય? સ્વતંત્રતા, શાંતિ, બન્ધુપ્રેમ અને વિશ્વબંધુત્વ જેવા ઉદાર વિચારોના સંબંધમાં તો ઇંગ્લાંડ જગતમાં પ્રસિદ્ધ છે. તમારા મૂનલાઇટ પેલેસથી થોડે દૂર એક બંગલો છે. તે વેચાતો કે ભાડે મળે તો રાખવાનો વિચાર છે."

વિલીયમઃ "તે નેલ્સન સાહેબનોજ છે."

વીમરઃ "કાલે રમતના મેદાનમાં પ્રમુખ હતા તેજ કે? કેવો સજ્જન પુરૂષ! તમારા ઇંગ્લિશ મનુષ્યોમાં તેઓ સજ્જનતાનું એક અનુકરણીય દૃષ્ટાંત થઇ પડે તેમ છે."

વિલીયમઃ "તે તમને ખુશીથી પોતાનો બંગલો આપશે."

વીમરઃ "ઠીક છે. હું એક વખત તેમને મળીશ. તે દરિયાઇ લશ્કર ખાતામાં છે કે?"

વિલીયમઃ "હમણાં તેમણે પેન્શન લીધેલું છે; પણ દરિયાઇ લશ્કર ખાતામાં હજુ તેમનું ઘણું માન છે."

વીમરઃ "હું લશ્કરી ખાતાને પસંદ નથી કરતો તે હું કહી ચૂક્યો છું. મ્હારાથી યુદ્ધની કલ્પના પણ થઇ શકતી નથી. પણ થોડાજ સમયમાં યુદ્ધનો પ્રારંભ થશે એમ લાગે છે."

વિલીયમઃ "શા કારણથી? સર્વિયન અરાજકને લીધેજ કે?"

વીમરઃ "હા, આરંભમાં લાગતું હતું કે આસ્ટ્રિયા અને સર્વિયાનું કલહબીજ સુલભતાથી નષ્ટ થશે; પણ જર્મનીના બળપર આસ્ટ્રિયાએ ઘણી

કડક સરતો દાખલ કરી છે. રૂશિઆ પણ સર્વિયાનો પક્ષ લેશે એમ લાગે છે."

વિલીયમ: "ત્યારે પછી ?"

વીમર: "પછી શું ? રૂશિઆ સર્વિયાનો પક્ષ લેશે એટલે જર્મની આસ્ટ્રિયા સાથે છેજ ! એટલેથી પણ અટકે તેમ લાગતું નથી. મ્હારૂં પ્રિય રાષ્ટ્ર ફ્રાન્સ પણ યુદ્ધમાં પડશે ! માત્ર તમોને કંઇ ભય નથી. કારણ કે, ઇંગ્લાંડ તો જર્મની સાથે રહેલા સ્નેહભાવના કરારને વળગી રહેશે. ઇંગ્લાંડ પોતાના કરારને કદી પણ તોડશે નહિ."

વિલીયમ: "મ્હને પણ તેમજ લાગે છે. અમારૂં રાષ્ટ્ર યુદ્ધ પ્રિય નથી. મ્હને વિશ્વાસ છે કે, અમારૂં શાંતિ સમયનું સૈન્ય ઓછું છે અને તેમાં વધારો કરવાનો પ્રસંગ નહિજ આવે."

વીમર: "મ્હોટાં સૈન્ય યુદ્ધનાં ભવિષ્ય સૂચકજ છે ! ઠીક, બંગલા સંબંધી શું કરીશું ?"

વિલીયમ: "હું કાલે નેલ્સન સાહેબને કહી જોઇશ. પછી તમે તેમને મળજો."

"ઠીક છે. હું હવે જઇશ." એમ કહી વીમર ચાલ્યા ગયા.

દિનપ્રતિદિન ભયંકર સમાચાર આવવા લાગ્યા. (ઇ. સ. ૧૯૧૪) જુલાઇના અધવચમાં આસ્ટ્રિયા અને સર્વિયાનો કલહ દૂર થાય તેવાં ચિહ્નન જણાતાં હતાં; અને સર્વિયાએ ગુન્હેગારને ૨૪ કલાકમાં યોગ્ય શાસન કરવાનું વચન આસ્ટ્રિયાને આપ્યું હતું. પણ જુલાઇની ૨૪ મી તારીખે અસંતોષકારક ખબર પ્રકટ થઇ. કોઇ પણ સ્વાભિમાની રાષ્ટ્ર તે સરતો સ્વીકારી શકે તેમ નહતું.

જુલાઇની ૨૫ મી તારીખે વિએનાથી નેલ્સન સાહેબ પર તેમના એક સ્નેહિનો પત્ર આવ્યો. તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું:

"પરિસ્થિતિ વિકટ થતી જાય છે. આસ્ટ્રિયાએ સર્વિયાને વિશેષ ત્રાસ આપવાનો વિચાર રાખ્યો નહતો, પણ જર્મનીએ આસ્ટ્રિયાને અવળે માર્ગે દોર્યાથી સર્વ કંઇ બદલાઇ ગયું છે. કયસરના કહેવાથી આસ્ટ્રિયાએ વિચિત્ર શરતો દાખલ કરી છે. કયસરની મનેચ્છા જાણી શકાય તેમ નથી; પણ તે તો આજ કેટલાંક વર્ષથી ચલાવેલા અવિશ્રાંત પ્રયત્નને લીધે જર્મનીનું પૃથ્વી

પરંતુ લશ્કર અને દરિયાઈ લશ્કરી તથા યુદ્ધનાં સાહિત્યો ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યાં છે. સર્વે જાણે છે કે તેની તુલનામાં આવે એવું લડાયક રાષ્ટ્ર આજે જગતમાં એક પણ નથી. રૂસો-જાપાન યુદ્ધમાં રૂશિઆ નમી ગયેલું છે તેથી કયસર જાણે છે કે તેનાથી ડરવાનું કંઈ કારણ નથી. તેજ પ્રમાણે તે જાણે છે કે ફ્રાન્સ પણ યુદ્ધ માટે બીલકુલ તૈયાર નથી. એ ઉપરથી વિદ્વાનો તર્ક કરે છે કે: આસ્ટ્રિયા દ્વારા સર્વિયા તરફ અશક્ય સરતો મોકલી કયસરનો યુદ્ધ કરવાનો વિચાર હોવો જોઇએ. એ તો સ્પષ્ટ છે કે રૂશિઆ સર્વિયાના પક્ષમાં જશે એટલે ફ્રાન્સ પણ રૂશિઆના પક્ષમાં જવાનું. આ પ્રમાણે થશે તો એકલું આસ્ટ્રિયા, રૂશિયા અને સર્વિયાને અટકાવી રાખશે, એટલે જર્મની ફ્રાન્સને પરાજિત કરી તેને પોતાના સામ્રાજ્ય છત્ર નીચે લઇ જશે. સર્વ માને છે કે ઇંગ્લાંડ આ કલહમાં પડશે નહિ. કયસર પણ તેમ માને છે. મ્હારો તો નિશ્ચય થયો છે કે: પોતાની પુરાતન મહત્વાકાંક્ષા ફળદ્રૂપ કરવા જર્મની પ્રસ્તુત પ્રસંગનો ઉપયોગ કરે છે. એક વખત ફ્રાન્સ જર્મન સત્તામાં જશે તો ફ્રાન્સના સમુદ્ર કિનારાની અને દરિયાઈ લશ્કરી બળની સહાયથી ઇંગ્લાંડને પણ તે સહેલાઇથી ગળી જઈ શકશે."

"આ પત્રની સર્વ હકીકત ખરી છે." નેલ્સને કહ્યું.

"એમાં તો કંઇ શંકાજ નથી કે; કયસર બહારથી ધર્મા અને શાંતિનો ગમે તેટલો ડોળ કરતો હોય પણ વસ્તુતઃ તે એક યુદ્ધપ્રિય-રાક્ષસ છે."

"પણ કયસર એટલો મૂર્ખ નથી," એક વ્યક્તિએ કહ્યું: "ઇંગ્લાંડનું સામર્થ્ય તે જાણે છે."

"હા, પણ તે અભિમાનમાં છકી ગયો છે. તે માને છે કે જર્મની સર્વ જગતમાં પોતાની સત્તા ચલાવી શકશે."

જુલાઇની ૨૬ મી તારીખે સમાચાર આવ્યા કે: આસ્ટ્રિયા-હંગરીના એલચી-વકીલોએ બેલગ્રેડ છોડયું છે.

તા. ૨૮ જુલાઇની રાત્રીએ વિલીયમ સ્વગૃહે સહાસ્ય મુખે વર્તમાનપત્ર વાંચતો હતો.

"આ ઠીક થયું." તે એકાએક બોલી ઉઠયો: "સર એડવર્ડ ગ્રે

જેવો સજ્જન ચાલાક મુત્સદ્દી કોઇકજ હશે. તેણે સર્વિયા અને આસ્ટ્રિયાનો કલહ દૂર કરવાનું કામ તટસ્થ મુખ્ય રાષ્ટ્રોને સોંપવાનું સૂચવ્યું છે.”

“વિએનાથી નેલ્સન સાહેબ પર આવેલા પત્ર તેં વાંચ્યા છે કે?” તેની પાસે બેઠેલા તેના એક સ્નેહીએ પુછ્યું.

વિલીયમ: “હા, પણ તેમાં કેવળ કલ્પનાની રમતો છે. કયસર વિષે મ્હારો મત ઉંચો છે. તે એક સજ્જન અને ધર્મનિષ્ઠ મનુષ્ય છે. ગમે તેમ હો, પણ આ યુદ્ધમાં ઇંગ્લાંડને પડવાનું કારણ નથી. જર્મની, ફ્રાન્સ, ગ્રેટબ્રિટન અને ઇટલી એ ચાર તટસ્થ રાષ્ટ્ર મળી આસ્ટ્રિયા, સર્વિયાની તકરારનો નિર્ણય કરે એવી એડવર્ડ ગ્રેની સૂચના યશસ્વી થશે એવું મ્હને લાગે છે.”

સ્નેહી: “મ્હને નથી લાગતું કે જર્મની એ સૂચના તરફ વિશેષ લક્ષ્ય આપે.”

આ વાત થયા પછી થોડાજ સમયમાં આસ્ટ્રિયાએ સર્વિયા વિરૂદ્ધ યુદ્ધ જાહેર કર્યું. આસ્ટ્રિયાની સરહદ નજીક રૂશિઆએ સૈન્ય ગોઠવ્યાના સમાચાર આવ્યા; પછી રૂશિઆએ સર્વ બાજુએ સૈન્ય સજ્જ કરવા માંડયું અને સમગ્ર યુરોપખંડમાં યુદ્ધનું અસુરી નૃત્ય થવાનો ભય સમીપ જણાયો!

તા. ૧ ઑગષ્ટે (ઇ. સ. ૧૯૧૪) જર્મનીએ રૂશિઆ સામે યુદ્ધ જાહેર કર્યું.

વિલીયમના સ્નેહીએ વિલીયમને કહ્યું: “જોયું, જર્મનીએ સર એડવર્ડ ગ્રેની સૂચના સ્વીકારી નહિ. એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, આસ્ટ્રિયા કરતાં જર્મનીજ યુદ્ધ માટે વિશેષ ઉત્સુક થયેલું છે.”

વિલીયમ: “ઘણું નઠારૂં થયું. એટલું સારૂં છે કે આપણને યુદ્ધમાં પડવા જેવું કંઈ કારણ નથી.”

“તેમ કહી શકાય નહિ. જર્મનીએ લક્ષમબર્ગ પર સ્વારી કરી છે. સર્વ પ્રમુખ રાષ્ટ્રોએ લક્ષમબર્ગને અભિવચન આપ્યું હતું કે: તમારી સ્વતંત્રતા અબાધિત કાયમ રહેશે, પણ જર્મનીએ પોતાનું વચન તોડયું છે.”

વિલીયમ: “એ કેવળ દંતકથા છે.”

“દંતકથા છે કે શું છે તે હવેજ જણાશે.”

"આ વિષે નેલ્સનનો કેવો મત છે તે જાણવો જોઇએ. માટે તું ત્યાં જઇ નિર્ણય કરે તો ઠીક."

તુરતજ વિલીયમ મૂનલાઇટ પૅલેસમાં ગયો. હમણાંજ નેલ્સન સર એડવર્ડ ગ્રેનું સુપ્રસિદ્ધ ભાષણ વાંચી રહ્યા હતા. આ વખતની તેમની મુખ-મુદ્રા પ્રેક્ષણીય હતી.

"સર એડવર્ડ ગ્રેએ શાંતિ જાળવવા માટે અવિશ્રાંત પરિશ્રમ કર્યો છે." નેલ્સને વિલીયમને આવેલો જોઇ કહ્યું: "પણ તેનો ઉપયોગ થાય તેમ લાગતું નથી. કયસરે ગમે તેટલાં ધર્મનિષ્ટપણાનાં અને ઇશ્વરભક્તિનાં વ્યાખ્યાનો આપ્યાં હોય પણ મ્હારી ચોક્કસ ખાત્રી છે કે, તે કેટલાંક વર્ષથી ઇરાદાપૂર્વક યુદ્ધની તૈયારી કરતો આવેલો છે."

"પણ ઇંગ્લાંડને યુદ્ધમાં પડવાનું કંઇ કારણ નથી." વિલીયમ ધીમે રહી બોલ્યો.

નેલ્સન: "ફ્રાન્સ અને ઇંગ્લાંડનો કરાર છે. જો ફ્રાન્સ પર જર્મની હુમલો કરે તો ઇંગ્લાંડ તટસ્થ રહી શકે કે કેમ એ એક મહત્વનો પ્રશ્ન છે."

વિલીયમ: "પણ યુદ્ધ એ કેવું અનર્થકારક છે તેનો વિચાર થવો જોઇએ."

નેલ્સન: "હું સર્વ જાણું છું. યુદ્ધ અને રક્તપાતનો મ્હને સારો અનુભવ છે, પરંતુ જર્મનીને અધિક બળવાન અને ભયંકર થયેલું જોવા કરતાં ઇંગ્લંડને યુદ્ધમાં પડેલું જોવાનું મ્હને વિશેષ પસંદ પડશે."

વિલીયમ: "પણ ઇંગ્લાંડને જર્મનીનો ભય રાખવાનું કારણ નથી."

નેલ્સન ગુસ્સે થઈ બોલ્યા: "હું જે કંઈ જાણું છું તે શબ્દથી સમજાવી શકતો નથી, પણ મ્હારા શબ્દો ધ્યાનમાં રાખ. આ સર્વ વિચાર જર્મનીએ પ્રથમથી નિયત કરી રાખ્યા છે. સર્વિયા અને આસ્ટ્રિયાનો કલહ કેવળ નિમિત્તરૂપ છે. કોઇ પણ બહાને યુદ્ધમાં ઉતરી પ્રથમ ફ્રાન્સ અને પછી ઇંગ્લાંડ જેવા રાષ્ટ્રને નષ્ટપ્રાય કરવાનો જર્મનીનો રાક્ષસી ઉદ્દેશ છે!"

છેવટે ઇંગ્લાંડે યુદ્ધ જાહેર કર્યું ત્યારે અખિલ બ્રીટિશ સામ્રાજ્યની પ્રજાને શું લાગ્યું હતું તે અહીં કહેવાની જરૂર નથી.

લૉર્ડ કીચનરે જ્યારે ઇંગ્લાંડના તરૂણોને સ્વદેશ માટે, સર્વ રાષ્ટ્રોની

સ્વતંત્રતા માટે અને માનવ જાતિના કલ્યાણ માટે યુદ્ધમાં ઉતરવાનું નિમંત્રણ કર્યું તે સમયે વિલીયમ મૂનલાઇટ પેલેસમાં હતો.

"મ્હેં લશ્કરી શિક્ષણ મેળવ્યું છે, માટે હું સૈન્યમાં દાખલ થઇશ." નેલ્સનના પુત્ર જૉને કહ્યું.

કૅપ્ટન લેનૉક્સ પોતાની જગ્યા પર જઈ પહોંચ્યો છે. મ્હારે પણ જવું જોઇએ. વિલીયમ તું પણ સૈન્યમાં જોડાશે કે?" ડિકે પ્રશ્ન કર્યો.

"ના." વિલીયમે શાંતપણે ઉત્તર આપ્યો: "હું સૈનિક બનીશ નહિ."

પ્રકરણ ૭ મું.

લિલી ત્હારી સ્હામે દૃષ્ટિ પણ નહિ કરે!

"શું કહે છે?" ડિક આશ્ચર્ય પામી બોલ્યો: "વિલીયમ તું બોલે છે શું?"

"હું સૈનિક બની શકીશ નહિ." વિલીયમે પૂર્વની શાંતિ જાળવી પૂર્વનાજ શબ્દોનો ઉચ્ચાર કર્યો.

"વિલીયમ, આ મશ્કરીની વાત નથી. તેં અમારી સાથે લશ્કરી શિક્ષણ મેળવેલું છે. તું અવશ્ય અમારી સાથે સમરાંગણમાં આવશેજ." ડિક વિલીયમની મુદ્રા પ્રતિ જોઈ બોલ્યો.

વિલીયમ દુ:ખનો દમ ખેંચતો બોલ્યો: "ડિક! હું મશ્કરી કરતો નથી. હું જે કહું છું તે પૂર્ણ વિચાર કરીને કહું છું. સૈનિક બની સમરાંગણમાં જવાનું મ્હને પ્રિય નથી."

"વિલીયમ! ગાંડા જેવું શું બકે છે? આપણા દેશના વર્તમાન સેનાનાયક લૉર્ડ કીચનરે આપણા દેશની આબરૂનું સંરક્ષણ કરવા માટે યુવાન વીરોને મોકલેલો સંદેશો ત્હારા જાણવામાં નથી? આજે ઇંગ્લાંડને પાંચ લાખ યુવકની જરૂર છે. ભવિષ્યમાં એ સંખ્યા વધવાનો સંભવ છે. આવે સમયે

ત્હારા જેવા તરૂણો પાછા પડે તો તે દેશભક્તિનું ખૂન કરવા જેવું નથી? કહે, વિલીયમ! સ્વસ્થ બેસી રહેતો નહિ. હું સૈન્યમાં દાખલ થઈશ એવા શબ્દો ક્યારે ત્હારા મુખમાંથી સાંભળું એવુંજ મ્હને થઈ રહ્યું છે."

"મ્હને નથી લાગતું કે, ત્હારી ઇચ્છા મ્હારાથી પૂર્ણ થાય!"

"બસ કર! વિલીયમ હસવાની વાત જવા દે." ડિક વિલીયમ પાસે જઈ લાગણીપૂર્વક બોલ્યો: "તું યુદ્ધના સમાચાર તો વાંચે છે ને? યુદ્ધ કેમ ઉપસ્થિત થયું અને તેમાં ઇંગ્લાંડને કેમ પડવું પડયું તેની તને ખબર છે ને? અભિવચન આપ્યા પ્રમાણે ઇંગ્લાંડ બેલજીયમને સમયે સહાય ન કરે તો ઇંગ્લાંડની કીર્તિને કેવું કલંક લાગે તે તું જાણે છે ને?"

"સર્વ જાણું છું અને સર્વ વાંચ્યું છે."

"ત્યારે યુદ્ધમાં સામેલ થવાને ના કેમ કહે છે?" ડિકે કહ્યું: "આપણો દેશ યુદ્ધમાં પડે છે તે ન્યાયપુરઃસર અને યોગ્ય છે એમ ત્હને નથી લાગતું?"

"યુદ્ધ કદી પણ ન્યાય અને નીતિના તત્વ પર ઉપસ્થિત થવું શક્યજ નથી. વ્યક્તિની નીતિનું ખૂન કરવું અને ઇશ્વિરી આદેશનું અપમાન કરવું, એ યુદ્ધનું મુખ્ય કાર્ય છે. ઇશ્વિરી સત્તાથી બ્હીનાર, ઇશ્વિરના શબ્દને લેશ માત્ર માન આપનાર મનુષ્ય પોતાના બન્ધુનું ખૂન કરવાને કેમ પ્રવૃત્ત થઈ શકે? યુદ્ધ એ એક પ્રચંડ કસાઇખાનું છે! તેવા કસાઇખાનામાં કસાઇનું કૃત્ય કરવા માટે મ્હારૂં નામ નોંધો એમ કયો ન્યાયપ્રિય પુરૂષ કહેશે? જો હું તોફાન કરી કોઇનું ખૂન કરીશ તો મ્હને એક પાપી ખૂની ગણવામાં આવશે. પ્રત્યેક મનુષ્ય મ્હારૂં નામ સાંભળતાની સાથેજ સંતાપથી પ્રેરિત થઇ મ્હારૂં મુખ જોવાનું પણ પસંદ નહિ કરે. પરંતુ એજ અપરાધ અત્યંત વિશાળ રીતે પોતાની હઠનો નિર્ણય કરવા માટે કોઇ કરે તે ન્યાય મનાય એ શું નવાઇ જેવું નથી? એક વ્યક્તિ કરે તે અપરાધ! અને અનેક વ્યક્તિ એટલે રાષ્ટ્ર કરે તે ન્યાય! એવાં આશ્ચર્યકારક પરસ્પર વિરૂદ્ધ તત્વો હવે ઘણા દિવસ ટકી શકશે નહિ."

વિલીયમના આ શબ્દો સાંભળી સમીપમાં ઉભો રહેલો એક તરૂણ ક્રોધના આવેશમાં બોલી ઉઠયો: "યુદ્ધ એ મહાન પ્રમાણ પર થતાં ખૂન છે

એવું પ્રતિપાદન કરનારને ધિક્કાર છે. પોતાની બ્હીકણતાનો એ એક ખોટો બચાવ છે. યુદ્ધ અને ખૂનની સરખામણી કરનારની વિચારશક્તિ કટાઇ ગઈ છે એમ કહેવાને હરકત નથી. યુદ્ધ એ શૂરવીરનું લક્ષણ છે! ખૂન એ બ્હીકણનું કામ છે! યુદ્ધને કસાઇખાનાના ખૂનનું સ્વરૂપ આપી શકાયજ નહિ."

"કેવી રીતે? યુદ્ધ અને ખૂનમાં સરખીજ ક્રૂરતા છે, બન્નેથી મનુષ્યનો વધ થાય છે, ત્યારે ભેદ શો છે?" વિલીયમે પોતાની શાંતિ ન ખોતાં કહ્યું.

તે તરૂણ ક્ષણવાર વિચાર કરી ગર્જના કરી બોલ્યો: "અધમ મનુષ્યને ફાંસી પર લટકાવનાર ચંડાળ ખૂની કહેવાશે કે? અપરાધીને ફાંસીની શિક્ષા કરનાર ન્યાયાધીશ કદી ખૂની મનાશે? મીસ્ટર! એવી બાબતમાં વાદવિવાદ કરતા પહેલાં મગજ ઠેકાણે છે કે નહિ તેની જો તમે પરીક્ષા કરાવી હોત તો ઠીક થાત." એટલું કહી તે તરૂણ વિકટ હાસ્ય કરી ત્યાંથી ચાલ્યો ગયો.

છેવટે ડિકે કહ્યું: "વિલીયમ! ત્યારે તેં શો નિશ્ચય કર્યો? દેશ પ્રત્યેનો ધર્મ ન વિચારતાં તું આનંદમાં કાળનો વ્યય કરશે?"

ડિકનો અપમાનકારક પ્રશ્ન સાંભળી વિલીયમે કહ્યું: "ડિક! તું ગમે તેમ કહે. હું મ્હારા હૃદય વિરૂદ્ધ કંઈ કરીશ નહિ. હું લશ્કરમાં દાખલ થઇશ નહિ. હું તો તેથી પણ વિશેષ રાજભક્તિ દર્શાવવા શાંતિ જાળવવાનો પ્રયત્ન કરીશ. મ્હને એજ સર્વોત્કૃષ્ટ કાર્ય જણાય છે."

તુરતજ ડિક ત્યાંથી પોતાના મિત્રમંડળ સાથે ચાલ્યો ગયો. વિલીયમ એકલો પડયો.

થોડા વખત પછી મૂનલાઇટ પેલેસ સામેના પટાંગણમાં ટેનિસની રમત શરૂ થઈ. વિલીયમ તેમાં હમેશ આગળ પડતો ભાગ લેતો હતો, પણ તે આજે ત્યાં જણાતો નહતો. તે દૂર જઇ કંઇ વિચાર કરતો બેઠો હતો. તે કયાં બેઠો છે તેની સર્વને ખબર હતી પણ તેના જેવા ભીરૂ સાથે રમવું તે લજ્જાસ્પદ છે એવી માન્યતા થવાથી તેને કોઇ બોલાવવા ગયું નહિ. તે જ્યાં બેઠો હતો ત્યાંની હવા તેના શ્વાસોચ્છ્વાસથી જાણે કે દુષિત થઇ હોય એવા ભયથી કે અન્ય કારણથી કોઈ પણ તેની પાસે જવા તત્પર થયું નહિ. પરંતુ વિલિયમની તેના સ્નેહી વર્ગ કરતાં પણ વિશેષ કાળજી રાખનાર

એક વ્યક્તિ હતી. તે તેને ભૂલી શકી નહિ.

માતૃભૂમિ પર આવેલા સંકટ સમયે તેના સર્વ પુત્ર એક દિલથી પ્રાણુની દરકાર ન કરતાં, દેશના ઉદ્ધાર માટે યુદ્ધ કરે અને હું બાયલાની માફક કેમ બેસી શકું ? એ વિચાર વિલીયમના મનમાં ઉદ્ભવ્યો નહતો એમ નહતું. પણ તેની દૃઢ માન્યતા હતી કે: યુદ્ધ એ કેવળ અનાચાર છે. તે મનમાંજ વિચાર કરવા લાગ્યો કે: "સ્નેહીઓ ત્યજી જાય તો ભલે, જનસમાજ મ્હારા પ્રતિ તિરસ્કાર વ્યક્ત કરે તો પણ ફીકર નથી, આખો દેશ પોકાર કરીને કહે કે, વિલીયમ લિટન શૂરત્વહીન છે, તેનામાં સ્વદેશ પ્રેમનું ચિહ્ન પણ નથી અને તે દેશને ભારરૂપ છે, તો પણ ચિંતા નથી. જગત્ ગમે તેમ કહે પણ હું મ્હારી અનુપમેય પરોપકારી પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરીશ નહિ, પિતાની આજ્ઞા તોડીશ નહિ અને હૃદયનું કદી પણ અપમાન કરીશ નહિ. અંતે તો સર્વ મ્હારા કાર્યને જોશે. પરંતુ—"

વિલીયમ આગળ વિચાર કરતો હતો તેટલામાંજ લિલી આવતી જણાઇ.

તેની વિચારશૃંખલામાં લિલીના વિચારની એક સુવર્ણ કડી પરોવાઈ. તે આગળ વિચાર કરવા લાગ્યો: "હું મ્હારી પ્રતિજ્ઞા–નિશ્ચય માટે સ્નેહીઓનો કોપ સહન કરવા તત્પર થયો છું, જનસમાજની દૃષ્ટિએ દેશદ્રોહી મનાવામાં હરકત જોતો નથી પણ પ્રિય લિલીને એ વિચાર પસંદ નહિ પડે તો ? એજ નિશ્ચય માટે કદાચ તે મ્હારો ત્યાગ કરશે તો ! ત્યારે પ્રતિજ્ઞાનું પાલન કરવું કે લિલીને પ્રસન્ન કરવી ? પરંતુ લિલી કદી પણ મ્હને ત્યજી દેશે નહિ." આ છેવટના સુખમય વિચારની કડી વિલીયમ વિચારશૃંખલામાં સજતો હતો તેટલામાં ક્રોધથી તપ્ત થયેલી લિલી તેના સન્મુખ આવી ઉભી રહી.

લિલીનો ક્રોધ વિલીયમના લક્ષ્યમાં આવ્યો નહિ. ક્રોધથી લિલીના મુખ ઉપર ઉત્પન્ન થયેલી રતાશ, વિશેષ વક્ર બનેલી ધનુષ્યાકાર ભ્રમરો, સુકુમાર ઓષ્ઠોની પરસ્પર એક રૂપ થવાની ચંચળતા અને સર્વ તરફના આવિર્ભાવથી તેને હમેશ કરતાં પણ આજે તેની મોહકતામાં વધારો થયેલો જણાયો. લિલીની માફક સ્તબ્ધતા ધારણ કરી તે તેના વદન તરફ એકાગ્રતાથી જોવા લાગ્યો.

સ્તબ્ધતા અસહ્ય થવાથી લિલી બોલી: "વિલીયમ! ડિક કહે છે તે સત્ય છે?"

વિલીયમે લિલીનો આજના જેવો સ્વર કદી પણ સાંભળ્યો નહતો. તેણે શરમાઇને પૂછ્યું:

"ડિકે ત્હને શું કહ્યું?"

"શું કહ્યું તેની તું પોતે કંઇજ કલ્પના કરી શકતો નથી કે શું?" ભેદક દૃષ્ટિથી જોતી લિલી બોલી, પણ વિલીયમ કંઈ બોલ્યો નહિ ત્યારે તે સંતપ્ત બાળાએ કહ્યું:

"માતૃભૂમિની સેવા કરવામાં સર્વ મનુષ્યો સ્વાત્મભોગ આપવા તૈયાર થયા પણ તું તેમાંથી ખસી જવા માગે છે. એ વાત ખરી છે ને? તું દેશદ્રોહી—"

લિલીને વિશેષ બોલવા ન દેતાં વિલીયમ વચ્ચેજ બોલ્યો: "લિલી! સહજ શાંત થશે તો હું સર્વ ખુલાસો કરીશ. મેં સૈનિક થવાનું ના કહ્યું છે તેનું—"

"બસ, બસ, હવે હું વિશેષ સાંભળવા ઇચ્છતી નથી. ત્હારા ખુલાસાની આવશ્યકતા નથી." લિલીના શબ્દમાં ઓતપ્રોત થયેલો ક્રોધ સ્પષ્ટ જણાવા લાગ્યો: "લૉર્ડ કીચનરે સર્વ તરૂણોને દેશસેવા કરવાનું જાહેર નિમંત્રણ કર્યું છે. પાંચ લાખ યુવકોની જરૂર છે. શું આ જગતના વૈભવમાં પડી રહી દેશને પરતંત્રતાની બેડીમાં જકડાતો જોઇ બેસી રહેવામાં ધર્મ રહેલો છે? દેશને દરિદ્રાધિન કે પરાધિન થવા દેવામાં શાંતિનાં તત્વો જળવાઈ રહે છે? ના, ના, દેશને માટે, દેશની સ્વતંત્રતા માટે અને દેશની ઉન્નતિ માટે પ્રાણને પરવશ બનાવવો—આત્મભોગ આપવો—એજ ખરૂં પુણ્ય છે, એજ ખરો વિજય છે અને એજ જીવન સાફલ્યતા છે. જ્યાં યુદ્ધનો આરંભ થઈ ગયો છે ત્યાં શાંતિના વિચાર ટકી શકે ખરા? શું તું આવા પ્રસંગે ભીરૂ બની પડી રહેશે? કહી દે, કહી દે!"

"લિલી મ્હારાં તત્વો તું જાણે છેજ. મ્હારો નિશ્ચય, મ્હારી પ્રતિજ્ઞા પણ તું જાણે છે. મ્હેં પેલી ટેકરી પર ત્હને શું કહ્યું હતું તે ત્હારા લક્ષ્યમાં—"

વિલીયમને વિશેષ ન બોલવા દેતાં લિલી બોલી: "હા, સર્વ મ્હારા લક્ષ્યમાં છે. શું ત્હારાં તત્વો આ પ્રસંગે ઉપયોગનાં છે? જો ત્હારાં તત્વોનું પાલન આ સમયે આ દેશની પ્રજા કરવા તત્પર થાય તો સર્વ પ્રજા ક્યાર-નીએ પરવશ થઈ શાંતિને સ્થાને ગુલામગીરીનો અનુભવ લેતી થઇ જાય! આગ લાગી હોય તે સમયેજ કુવો ખોદી તેને શાંત કરવાનો વિચાર જેમ વ્યર્થ છે તેમ યુદ્ધના આરંભ સમયે ત્હારાં શાંતિ જાળવવાનાં તત્વો નિષ્ફળ છે. હવે વિશેષ ન કહેતાં સાંપ્રત સમયે તું શું કરવા ઇચ્છે છે તે મ્હને જાણવા દે."

આ શબ્દોનો ઉચ્ચાર થતા થતામાં લિલીનું અંગ ક્રોધથી કંપવા લાગ્યું, નેત્ર અગ્નિમય બની ગયાં અને તેનો કપોલપ્રદેશ પ્રસ્વેદ બિંદુથી વ્યાપ્ત થઇ ગયો. તે જોઇ પ્રથમ સરળતાથી ઉત્તર આપી પાછળથી સર્વ ખુલાસો કરવાનો વિચાર કરી વિલીયમ બોલ્યો:

"હું કાંઇ પણ કરવાનો નથી."

"સત્ય વદે છે?"

"હા, યુદ્ધમાં જઈશ નહિ. હું મ્હારાં તત્વોનું સત્વર પાલન થાય તેમ કરીશ."

લિલી વિલીયમના આ શબ્દોનો ઉચ્ચાર વારંવાર કરી તેના તરફ તિર-સ્કાર દર્શાવવા લાગી. છેવટે ક્રોધાવેશમાં કંઇ અવળુંજ બોલી જવાશે એમ માની તેના અંગમાં રહેલા સર્વ બળને એકત્ર કરી શાંતિનો વ્યય કરી તે બોલી:

"ઠીક છે, મ્હારા પ્રશ્નનો ઉત્તર મળ્યો છે. હવે હું જઇશ. ટેનિસની રમત બંધ કરી છે. હવે સર્વનો ફરવા જવાનો વિચાર થયો છે. હું ત્યાં જાઉં છું."

"નહિ! લિલી! મ્હારા પર ગુસ્સે થઇને જઈશ નહિ. ક્ષણવાર હું કહું તે સાંભળ, અને પછી જા."

"હવે હું ઉભી રહી શકીશ નહિ."

"મ્હારે ત્હારી સાથે ફરવા આવવું નહિ, એમજ કહેવાનો ત્હારો વિચાર છે?"

"તેનો વિચાર તુંજ કર. અમારી સાથે ફરવા આવવામાં ત્હને આનંદ થાય એમ મ્હને લાગતું નથી." એમ કહી લિલી વિદ્યુતવેગે ચાલી ગઈ.

તે દૃષ્ટિએ જણાતી બંધ થઇ ત્યારે વિલીયમ સ્વગત બોલ્યો: "ભાગ્ય પલટાય છે જ્યારે, બધું બદલાય છે ત્યારે." એ સત્ય છે. લિલી પર કેવો અટલ વિશ્વાસ હતો! તે પણ ત્યજી ગઇ! મ્હારી પ્રાણેશ્વરી—મ્હારી લિલી—મ્હને છોડી દે તો પછી કેવળ તત્વોને વળગી રહી શું કરવું?" એટલું કહી તે પૂર્વવત્ વિચારમગ્ન થયો.

"આજ સુધીનો આચાર અવિચારી નહતો તદપિ સર્વ સ્નેહીઓ ત્યજી દે, અપરિચિત મનુષ્ય પણ આંગળી બતાવી હાંસી કરે, એટલુંજ નહિ, પણ પૂર્ણ રીતે જીવન સમર્થનારી હૃદયદેવી પણ અસંતુષ્ટ બની ગુસ્સે થઇ ચાલી જાય, એક પણ મનુષ્યનું હૃદય મ્હારાં તત્વોની સત્યતા જાણી શકે નહિ. "યુદ્ધમાં પડવું એ અધર્મ છે." એવું કોઇને પણ લાગે નહિ. યુદ્ધકાર્ય અન્યાય જણાય નહિ, કોઇ પણ જગત્‌નિયંતાના શબ્દોપર શ્રદ્ધા રાખી શકે નહિ ત્યારે સત્ય શું? કદાચિત હું ભૂલતો હોઉં તો? સર્વ જગત ખોટું અને હુંજ ખરો એમ કેમ કહી શકાય?" વિલીયમ એ વિચારથી ચિંતા-મગ્ન થયો પણ તેજ ક્ષણે તેને લાગ્યું કે: "પોતે અવિચારી નથી. સત્યની પ્રભુ કસોટી કરે છે. કોઇ પણ મહાન તત્વવેત્તા સ્વજીવનમાં પ્રિય થઇ શકયો નથી. પોલીટીકલ—મુત્સદ્દી—મનાતા મનુષ્યો પોતાનાજ કાળમાં જનસમાજને પ્રિય થઇ શકયા હશે ખરા? પણ કોણ કહે છે કે: તેઓ સત્યવાદિની મૂર્તિરૂપ છે? પોલીટીકલ એટલે શું? અસત્યતા, લુચ્ચાઇ, દંભ, વિશ્વાસઘાત, છળ, કપટાદિ દુર્ગુણોનો ઉત્તમ પોષક કે અન્ય? હું તો એમજ માનું છું કે: એ એક સ્વચ્છ શરીરમાં રહેતી સુધરેલી મલિનતા છે. જગત્ મોહમાં ડુબેલું છે એટલે જનસમાજને તેવું રૂચીકર થઈ પડે તેમાં શું આશ્ચર્ય?"

જર્મનીએ પોતેજ કલહ ઉપસ્થિત કરવા માટે યુક્તિ પ્રયુક્તિ કરી કેટલાંક રાષ્ટ્રોને રણયજ્ઞમાં ખેંચ્યાં છે. એ કથનપર વિલીયમને વિશ્વાસ નહતો; તો પણ કયસરના અભિમાની વર્તનને લીધેજ યુદ્ધનો જન્મ થયો છે એમ તે માનતો હતો. વિલીયમ જાણતો હતો કે: કયસરે લક્ષમબર્ગ જેવા નાના

રાજ્યપર કરેલી સ્વારી, બેલજીયમપર મોકલેલો અપમાનકાક ખલિતો અને પૂર્વના કરારને ચીથરાં કહેવામાં બતાવેલું ધૈર્ય; એ સર્વ યુદ્ધનો અન્યાયથી પ્રારંભ થયો છે એવુંજ સિદ્ધ કરી શકે છે. એટલુંજ નહિ પણ બેલજીયમના રાજાએ ઈંગ્લાંડની મદદ માગી છે, એ પણ તેને અયોગ્ય લાગ્યું નહિ. તે કબૂલ કરતો હતો કે, બેલજીયમને સંકટ સમયે સહાય કરવાનું ઈંગ્લાંડે વચન આપ્યું છે, એટલે જો તેનું પાલન કરવાનો પ્રસંગ આવે અને તેમાંથી ઈંગ્લાંડ દૂર રહે તો તે અસહ્ય અન્યાયજ ગણી શકાય.”

પણ યુદ્ધ ?

યુદ્ધ શબ્દ સાંભળતાંજ તેને પિતાનાં વચન અને પ્રો. રેંથોલના શબ્દોનું સ્મરણ થતું. યુદ્ધ નરકમાં જવાનું વાહન છે. યુદ્ધ ખૂન કરનારાઓનો અખાડો છે. યુદ્ધ જંગલીમાં જંગલી મનુષ્યની પાતકી ઇચ્છા છે. યુદ્ધ કેવળ અધર્મ છે; વગેરે વચનો તેના હૃદયને ખળભળાવી નાખતાં અને જાણે પોતે પ્રત્યક્ષ ચાલતું યુદ્ધ જુએ છે, ત્યાં મનુષ્ય વધ માટે આતુર થયેલાં પિશાચ આમ તેમ ભમે છે અને રક્તપાતની ઇચ્છા પરિપૂર્ણ કરવા માટે કેટલાંક નરપશુ ત્યાં સંચાર કરે છે, એવો તેને ભાસ થતો.

“જર્મની વિનાકારણ નિરપરાધી બેલજીયમને યુદ્ધનું આહ્વાન કરી તેનું અપમાન કરે, જર્મનીની પ્રચંડ શક્તિ સામે ટકી શકાય નહિ, એવા ભયથી બેલજીયમ ઈંગ્લાંડની સહાય ઇચ્છે, ઇંગ્લાંડ પોતાના નાના પણ તેજવાળા પડોશીને મદદ કરવા કમ્મર કસે, હજારો યુવકો મસ્તિષ્ક હાથમાં લઇ સ્વદેશનું વચન પૂર્ણ કરવા માટે રણયજ્ઞમાં કુદી પડવા તૈયાર થાય ત્હારે મ્હારે શાંત રહેવું ? ના, એ તો કાયરનું કામ છે.” એવું જાણી પુનઃ વિલીયમ દુઃખી થયો; પણ તુરતજ પુનઃ જગતનિયંતાના પવિત્ર શબ્દોનું સ્મરણ થયું, “પ્રભુના વચનપર શ્રદ્ધા રાખનાર મનુષ્ય યુદ્ધ કરવા કેવી રીતે તૈયાર થઇ શકે ? પવિત્રશાસ્ત્રનાં મહત્તમ તત્ત્વ કલંકિત થાય તેવું કૃત્ય, શાસ્ત્રનો ખરો પુંજારી કેમ કરી શકે ?” એમ ધારી પુનઃ તે ગભરાયો. છેવટે એજ વિચારમાળામાં ગુંથાતો તે ઘેર જવા નીકળ્યો.

વિલીયમ ઘેર આવ્યો તે વખતે તેની માતા બહાર ગઈ હતી. તે જોઇ

તેને દુઃખમાં સુખનો અનુભવ થયો. હમેશ કરતાં આજે તે વહેલો ઘેર કેમ આવ્યો તેનો નિર્ણય કરવાનાં કારણો કથવાનો પ્રસંગ દૂર થયો જાણી ક્ષણવાર વિચાર કરવાની વૃત્તિથી તે પોતાના પુસ્તકાલયમાં ગયો.

અત્યાર સુધી તેણે કંઈ થોડો વિચાર કર્યો નહતો. પરંતુ પુનઃ એક વખત વિચાર કરી એક નિશ્ચયપર આવવાનું તેણે નક્કી કર્યું.

"હું જે કરૂં છું તે બરાબર છે. લિલી એડમિરલની કન્યા છે એટલે યુદ્ધ જેવા અધર્મ કાર્યપર તેનો પ્રેમ હોયજ. તેને ગૃહશિક્ષણ અને દૈનિક અનુભવ તેવાજ પ્રકારનો મળ્યો છે એટલે મ્હારૂં હૃદય તે યોગ્યદૃષ્ટિથી જોઇ શકે નહિ. પ્રત્યેક ઇંગ્લિશ યુવકે હસ્તમાં સમશેર લઈ દેશનું સંરક્ષણ કરવામાટે તૈયાર રહેવું જોઇએ; અને તેમ ન કરી શકે તે ભીરૂ એવી તેની ખાત્રી થયેલી છે, એટલે જો હું શાંતિનાં તત્વો દૂર કરવા તૈયાર ન હોઉં તો લિલીને છોડવા તૈયાર થવુંજ જોઈએ. પરંતુ લિલીને ત્યજી દેવાનું સાહસ હું કેવી રીતે કરૂં? યુદ્ધ જો મ્હને ન્યાયી જણાય તો મ્હારે રણક્ષેત્રપર જઈ પ્રાણ અર્પણ કરવો જોઇએ; પણ લિલી! હા, લિલી! લિલીને કેમ છોડી શકું? તે તો મ્હારો જીવન પ્રાણ." એવો વિચાર કરી વિલીયમ કંઇક સ્વસ્થ થયો. તેના પિતાની પ્રતિમા તેની પોતાની સન્મુખ જણાતી હતી. તે છબી તરફ જોઈ સ્વગત બોલ્યો:

"યુદ્ધ કરવું એ કાર્ય ન્યાયી હોવું જોઇએ કિંવા યુદ્ધને પાતકી કહેનાર ધર્માજ્ઞા અન્યાયી હોવી જોઇએ. બન્ને ન્યાયી હોય એ અસંભવિત છે, પિતા! આ સમયે મ્હારૂં શું કર્તવ્ય છે તે કહો? ઈંગ્લાંડના જે યુવકો વીરતાથી સ્વાત્મભોગ આપવા તૈયાર થયેલા છે તેમની સાથે રહી વૃદ્ધજનોનો આશીર્વાદ અને લિલીના પ્રેમનો લાભ મેળવું કે યુદ્ધ એ અધર્મ છે એમ કહેતો ફરૂં અને પ્રત્યેકના તિરસ્કાર અને લિલીના અનાદરને પ્રાપ્ત થાઉં? પિતા! ઉત્તર આપો. એમ ગુસ્સે થશો નહિ. તમારો ઉપદેશ મ્હારા હૃદયમાં દૃઢ થયેલો છે. સદ્ધર્મ તત્વો હું ઉત્તમ રીતે જાણું છું. જગત્નિયંતાની આજ્ઞાઓ મ્હને માન્ય છે. કેવળ ધન્યવાદ જેવા મધુર શબ્દથી ભૂલી જઈ હું તે વિરૂદ્ધ કદી પણ વર્તીશ નહિ. જનસમાજના તિરસ્કાર કે રોષની મ્હને પરવા નથી.

પરમકૃપાળુ પ્રભુના તિરસ્કાર અને રોષથીજ મ્હારે ડરવું જોઇએ, પણ તેમ કરતાં હું લિલીને ગુમાવીશ !"

વિલીયમનો સ્વગત ગણગણાટ પૂર્ણ થયો ન થયો. તેટલામાં તેની માતા આવી. તેણે કહ્યું: "બેટા ! મ્હને અતિશય દુઃખ થાય છે. મ્હારૂં હૃદય કંપે છે, ત્હારો વિયોગ અસહ્ય છે પણ તે સહન કરવો એજ મ્હારૂં કર્તવ્ય છે. હું ત્હારી જન્મદાતા છું પણ મ્હારા કરતાં ત્હારે ત્હારી માતૃભૂમિપર વિશેષ પ્રેમ રાખવો જોઇએ; ને જ્યારે તેની સેવા કરવાનો અત્યુત્તમ સમય પ્રાપ્ત થાય ત્યારે આનંદથી ત્હારે તે કર્તવ્યને આધિન થવા સજ્જ થવું જોઇએ. મ્હારી કંઇ પણ ચિંતા ન કરતાં તું ખુશીથી ત્હારા સ્નેહીઓ સાથે સમરાંગણ પર જા અને સ્વદેશની કીર્તિ અમર કર !"

"માતા, માતા !" વિલીયમ નીચું મુખ કરી ધીમે રહી બોલ્યો: "સમરાંગણ પર નહિ જવાના વિચારપર હું આવેલો છું."

"કેમ ? જર્મનો ફ્રાન્સ અને બેલ્જીયમને પાયમાલ કરી છેવટે ઇંગ્લાંડ પર આક્રમણ કરી આ દેશની પ્રજાને ગુલામ બનાવે એવી ત્હારી ઇચ્છા છે ? જર્મનોના હિચકારા કૃત્યની સામે થઇ સ્વરક્ષણ કરવાનું બળ ઇંગ્લાંડની પ્રજામાં નથી એમ સિદ્ધ કરવું ત્હને યોગ્ય લાગે છે ?"

વિલીયમ કંઇ બોલ્યો નહિ. પુત્રના અપ્રાસંગિક મૌનનો તિરસ્કાર કરી તેની માતાએ કહ્યું:—

"વિલીયમ ! મ્હારા પરના અચળ પ્રેમના કારણે તું સમરાંગણમાં જવા તૈયાર નહિ હોય એમ હું અનુમાન કરૂં છું. પણ મ્હારે કહેવું જોઈએ કે: તું મ્હનેજ સંતુષ્ટ રાખવાની ઇચ્છા રાખતો હોય તો એક ક્ષણનો પણ વિલંબ ન કરતાં સમરાંગણ પર જવા તત્પર થા ! ત્યાં જઇને ભૂમાતાનો તું સાચો પુત્ર છે એમ જગતને બતાવી આપ. ત્હારે ત્હારા કર્તવ્યનો વિચાર અવશ્ય કરવો જોઈએ."

"આજે મ્હારા પિતા જીવતા હોત તો તેમણે મ્હને રણક્ષેત્રમાં જવાની સંમતિ દર્શાવી હોત ?" એમ કહી વિલીયમે પિતાના ચિત્ર સામે આંગળી કરી.

"તેમણે ત્હને જવા દીધો ન હોત. તે યુદ્ધના શત્રુ હતા."

"શત્રુ નહિ. તે સત્યધર્મના સેવક હતા, તેથીજ યુદ્ધને અધર્મનો ભંડાર કહેતા હતા. તેઓ સર્વે જીવોના મિત્ર હતા. તેથી જીવમાત્રનું સંરક્ષણ કરવા સર્વેને બોધતા, યુદ્ધ એ ખુનામરકીનો અખાડો છે. એજ કારણથી હું પણ યુદ્ધને ધિક્કારૂં છું."

"ત્હારા આ કૃત્યનું શું પરિણામ આવશે તે તું જાણે છે? તું તરૂણ છે, તેં યુદ્ધનું શિક્ષણ મેળવ્યું છે અને ત્હારામાં યુદ્ધ કરવાની શક્તિ છે છતાં સમરક્ષેત્રપર જઇ શકતો નથી એમ જે જે મનુષ્યોના જાણવામાં આવશે તે તે મનુષ્યો ત્હને ધિક્કારશે. ત્હારૂં મુખ જોવાનું પણ પસંદ કરશે નહિ."

"હું તેની દરકાર કરતો નથી. મનુષ્ય કરતાં પરમેશ્વરની સત્તા વિશેષ છે. તેની આજ્ઞા પાળવી એજ મ્હારો અને પ્રત્યેકનો ધર્મ છે."

"પરંતુ લિલી ત્હારા તરફ દૃષ્ટિ પણ નહિ કરે!"

"શું લિલી દૃષ્ટિ પણ નહિ કરે?"

પ્રકરણ ૮ મું.

પ્રેમ કે કર્તવ્ય?

"લિલી ત્હારા તરફ દૃષ્ટિ પણ નહિ કરે?" એ શબ્દો માતાના મુખમાંથી નીકળતાંજ વિલીયમના હૃદયને આઘાત થયો. પોતાનાં તત્વો માટે તે જેટલો તીવ્ર હતો તેટલોજ લિલીની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ હતો. પોતાના નિશ્ચયના પાલનની તેને જેટલી મનિષા હતી તેટલીજ ઉત્કટ ઇચ્છા લિલીની પ્રાપ્તિ માટે હતી. બન્ને ઇચ્છાનું ભયંકર યુદ્ધ શરૂ થયું. તેને લાગ્યું કે તત્વના તોફાનમાં અવશ્ય લિલી જશે. તેના અંગમાં પિતાની દૃઢતા અને માતાની વીરતા, એ બન્નેનો નિવાસ હતો. પિતાની દૃઢતા—સ્વેચ્છાને વળગી રહેવાનું પ્રોત્સાહન આપવા લાગી અને માતાની વીરતા, પ્રેમથી

દૂર થવાય તો ભલે પણ હૃદયના સત્ય વિચારનો વિક્રય નહિ કરવાની આજ્ઞા કરવા લાગી. આ પ્રમાણે લિલીના પ્રેમ પર ઉભય બાજુથી આઘાત થઈ છેવટે પ્રેમ કરતાં કર્તવ્ય શ્રેષ્ઠ છે એમ તેને લાગ્યું.

પ્રેમનો પરાજય થયો અને કર્તવ્યનો વિજય થયો! પણ તેથી વિલીયમના અંતઃકરણમાં કેવી ભયંકર વેદના થતી હતી તેની કલ્પના વિલીયમજ કરી શકશે. લિલીનો સમાગમ હમેશને માટે જશે એ કલ્પના તેને દુઃખની હદનું ભાન કરાવવા લાગી. લિલી મળે અને યુદ્ધ પણ ન કરવું પડે તેવો માર્ગ શોધી કાઢવા તેણે ઘણા પ્રયત્ન કર્યા, પણ અત્યાર સુધીના સર્વ વિચાર લય પામશે એમ તેને લાગવા માંડયું. "મ્હેં મ્હારા પિતાના વિચારો ફેરવ્યા છે અને આપણા લગ્નમાં સંમતિ મળવાનો સમય સન્નિદ્ધ થતો જાય છે. એ શબ્દો ચારજ દિવસ પર લિલીએ આનંદથી મ્હને સંભળાવ્યા હતા; તેના સ્થાને આજે સુખદુઃખના સંબંધને નષ્ટ કરનાર પ્રસંગ ઉપસ્થિત થઈ લગ્ન લગભગ અશક્યજ થતું જાય છે." એ વિચારથી તેને વારંવાર વિષાદ થવા લાગ્યો.

આવી રીતે વિષાદિન રહેવામાં, દુઃખ સહન કરવામાં અને નિશ્ચય કરવામાં વિલીયમે બે દિવસ વ્યતિત કર્યા. લિલીનું દર્શન થયે આજે બે દિવસ પૂર્ણ થયા ન હતા. છતાં પણ લિલીના વિયોગ જન્ય દુખમાં જાણે કેટલાંએ વર્ષ વહી ગયાં છે, એમ તેને લાગવા માંડયું. કેવળ બે દિવસનો વિયોગ આટલો દુઃખમય જણાય છે તો પછી લિલીના સહવાસ સિવાય સર્વ જન્મ કેમ પૂર્ણ થશે તે વિષે તેના મનમાં મહાન ચિંતા ઉત્પન્ન થઈ. ચિંતામગ્ન સ્થિતિમાં તે ઘેર આવ્યો. વિલીયમને બહારથી આવેલો જાણી તેની માતા એક પત્ર લઈ તેની પાસે આવી. પત્ર આગળ ધરી તેણે કહ્યું:

"વિલીયમ! હું ક્યારની માર્ગ પ્રતીક્ષા કરતી બેઠી છું. એડમિરલ નેલ્સનનો પત્ર આવ્યો છે. તે શું લખે છે?"

પત્ર વાંચી વિલીયમ કિંચિત્ પ્રફુલ્લ વદને બોલ્યો: "મ્હને ભોજન માટે બોલાવ્યો છે."

"રાત ઘણી ગઈ છે. ભોજન સમય બહુધા પૂર્ણ થઈ ગયો છે. હવે

ત્યાં જવાની શી જરૂર છે? પત્ર આવે બે ત્રણ કલાક થઈ ગયા છે."

"કંઇ હરકત નહિ. સમય થઈ ગયો હશે તો પણ શું? હું આ સૂત્રણુંસંધિ જવા દઇશ નહિ."

માતાની પ્રેમઘેલછાએ માન્યું કે થએલી ભૂલ સ્વીકારી પુત્ર સમરાંગણપર જવાનું નક્કી કરશે. પરંતુ વિલીયમ્ તો એજ વિચાર કરતો હતો કે; લિલીનું દર્શન કરીશ. પોતે રણક્ષેત્રપર કેમ જતો નથી તેનો ખુલાસો કરીશ અને તેનો પ્રેમ સાચવવાની વ્યવસ્થા કરીશ.

વિલીયમે મૂનલાઇટ પેલેસ તરફ વાયુવેગે મોટર છોડી તેમ છતાં ભોજન સમય સાચવી શકાયો નહિ: "સર્વ નિદ્રાધિન થતા પહેલાં આવી પહોંચ્યો તે પણ ઠીક થયું." એમ માની વિલીયમે વાચનાલયમાં પગ મૂક્યો તો નેલ્સન યુરોપનો નકશો ટેબલપર પહોળો કરી કંઇ વિચારમાં પડેલા જણાયા.

જે સ્થળે નેલ્સન બેઠા હતા તે સ્થળને વાંચનાલય કહેવું એ કેવળ શબ્દ પ્રપંચ કરવા જેવું છે. કારણ કે તે સ્થાન પુસ્તક રાખવાની વખાર તરીકે નેલ્સન સાહેબે ઉપયોગમાં લીધું નહતું. તે ભિન્ન ભિન્ન દેશોના નકશાનું, સમુદ્રનાં દશ્યોનું, ક્રૂઝરોનું, ડ્રેડનોટનું અને દરિયાઇ લશ્કરી ખાતાની ભિન્ન ભિન્ન વસ્તુઓનું એક મહાલય હતું. એક નાના કબાટમાં બે ત્રણ યુદ્ધ વિષયક નામનાંજ પુસ્તકો હતાં. તેટલા પરથી આ "જલયુદ્ધ વસ્તુ સંગ્રહાલય"ને વાચનાલય કહીશું તો હરકત નથી!

વિલીયમનો પગરવ સંભળાતાંજ ઍડમિરલે નકશા પરથી દૃષ્ટિ કાઢી વિલીયમ તરફ હાસ્યમુક્ત વદને જોતાં કહ્યું:

"વિલીયમ! મ્હેં ધાર્યું હતું કે: તું ભોજન સમયે અવશ્ય આવીશ, પણ હું માનું છું કે કંઇ મહત્વના કાર્યને લીધે તું યોગ્ય વખતે આવી શક્યો નહિ હોય. હમણાં આવ્યો તે પણ ઠીક કર્યું. બેસ, હું ત્હારી સાથે કંઇક વાત કરવા ધારૂં છું."

નેલ્સન શું કહેવા ઇચ્છે છે તે વિલીયમ સમજી ગયો. તે શાંત રીતે નજીકની ખુરશીપર બેઠો. તેજ વખતે તેના લક્ષ્યમાં આવ્યું કે: વૃદ્ધ એડમિરલ બહારથી હસ્તું મુખ રાખે છે પણ તેમનું અંતર ચિંતાથી પ્રજ્વલિત થાય છે.

" એક મહીના ઉપર જો કોઇએ કહ્યું હોત કે, યુરોપમાં યુદ્ધાગ્નિ ભભૂકી ઉઠશે તો કોઈ તે સમયે તે વાર્તા સત્ય માનત કે? મ્હારો પ્રથમથી તર્ક હતો કે, એક વખત જર્મની સાથે ઇંગ્લાંડને યુદ્ધમાં ઉતરવું પડશે, પણ આટલા થોડા સમયમાં તેમ બનશે એવી મ્હને કલ્પના નહતી. ઠીક થયું કે, આ સમયે ઇંગ્લાંડ સાવચેત છે; નહિ તો પ્રસંગ કઠિન હતો. આ વખતે ઇંગ્લાંડે સૈન્ય એકત્ર કરવામાં અને દરિઆઈ બળની સિદ્ધતા કરવામાં જેટલી ત્વરા દર્શાવી છે તેટલી આ પૂર્વે કોઇ પણ યુદ્ધમાં જણાઇ નહતી. ઇંગ્લાંડના સુપુત્રોમાં આજે એટલું તેજ વિલસે છે કે, રાજ્યકર્મચારીઓની ઇચ્છા પ્રદર્શિત થતાની સાથેજ સર્વ યુવકોએ " અમે તૈયાર છીએ " એવો રણવીરને શોભે તેવો ઉત્તર આપ્યો છે. ત્હારા જેવા તરૂણો તેમ કહે એમાં આશ્ચર્ય નથી પણ મ્હારા જેવા વૃદ્ધોના ચિત્તમાં સુદ્ધાં એમજ થાય છે કે: ક્યારે યુદ્ધક્ષેત્રમાં જઈ જર્મનીને દમ ખેંચાવીએ! ડિક અને જોર્જ તો રણાંગણ સિવાય અન્ય કંઇ જોતાજ નથી. તે થોડાજ દિવસમાં સમરાંગણ તરફ જવાના છે."

" હું જાણું છું." વિલીયમે સંક્ષિપ્તમાં પતાવવા ઇચ્છયું.

" એ બન્ને ભાઇઓ યુદ્ધની વાતમાં ગાંડાજ બની ગયા છે. મ્હારી એવી કલ્પના હતી કે ડિક યુદ્ધકળામાં પારંગત થયો છે એટલે તે યુદ્ધકાર્યમાં જોડાશે અને જોર્જ ઘેર રહેશે. પણ હવે તો ડિક કરતાં પણ જોર્જનો ઉમંગ વિશેષ જણાય છે. એવા શૂરવીર પુત્ર માટે હું મગરૂર બનું છું. બોર યુદ્ધ વખતે મ્હારો જ્યેષ્ઠ પુત્ર ધારાતીર્થમાં પતન પામ્યો ત્યારે મ્હારા મન પર સખત આઘાત થયો હતો. તે દુઃખનું વિસ્મરણ થતાં પહેલાં બન્ને પુત્રો યુદ્ધાર્થે તત્પર થયા છે? વિલીયમ! ડિક અને જોર્જ દેશને માટે પ્રાણની આહુતિ આપવા જાય છે તેથી મ્હને લેશ માત્ર દુઃખ થતું નથી. એક રીતે સ્વદેશના સંરક્ષણ માટે હું બે પુત્ર આપી શક્યો છું, તેથી મ્હને આનંદજ થાય છે. હું મ્હારા કુટુંબને નષ્ટ થયેલું સાંભળી શકીશ પરંતુ મ્હારા દેશની કીર્તિને લેશ માત્ર કલંકિત થયેલી સાંભળવા જીવીશ નહિ." વૃદ્ધ એડમિરલ કિંચિત સમય માટે ચૂપ થયા. વિલીયમ કંઇ બોલ્યો નહિ. એડમિરલ કયા

શબ્દો બોલી પુર્ણાહુતિ કરશે તે તેની જાણ બહાર નહતું; તેમ છતાં વચમાં બોલી ઉઠી તે પ્રસંગ વહેલો ઉપસ્થિત કરવો ઠીક નથી એમ ધારી તેણે મૌનનોજ સ્વીકાર કર્યો.

"વિલીયમ!" એડમિરલ પુનઃ બોલ્યાઃ "અમારૂં કુટુંબ જેમ સેંકડો વર્ષથી યુદ્ધકુશળ ગણાય છે તેમ ત્હારી માતાનું પિતૃગૃહ પણ તેવુંજ પ્રસિદ્ધ છે. જો કે ત્હારા પિતા અને પિતામહ શાંતિપ્રિય હતા પણ ત્હારી માતા અને વિશેષતઃ તેના પિતા યુદ્ધભક્ત હતા. અમારા કુટુંબના કેટલાએ પુરૂષોએ ત્હારી માતાના પિતૃગૃહના પુરૂષોની સાથે ને સાથે રહી શત્રુના રક્તથી અસિને તરબોળ બનાવેલી છે. આવા પ્રકારની લોકોત્તર કીર્તિ સંપાદન કરવાનું કાર્ય કંઇ સાધારણ નથી. એવા શૂર વડીલો માટે આપણને અભિમાન હોવું જોઇએ!"

"અવશ્ય." કંઈ પણ બોલવાના આશયથી વિલીયમે એકજ શબ્દ ઉચ્ચાર્યો.

"મ્હને ડિકે અનેક વખત કહ્યું છે કે તેં લશ્કરી શિક્ષણ પ્રાપ્ત કર્યું છે અને તેમાં તું પ્રવિણ ગણાય છે; તેથી મ્હને ત્હારે માટે અતિ અભિમાન થાય છે. જો કે હું દરિયાઇ લશ્કરી ખાતાનો મનુષ્ય છું તોપણ સૈન્યમાં એકાદ સારી જગ્યા ત્હને મળે તેવું મ્હારાથી બની શકે એમ છે."

"હજી સૈન્યમાં સામેલ થવાનો મ્હારો નિશ્ચય થયો નથી." વિલીયમે કહ્યું.

"અદ્યાપિ સુધી તેં નિશ્ચય કર્યો નથી? હવે ત્હારે એકદમ નિશ્ચય કરવો જોઇએ. આવા પ્રસંગે તો પ્રત્યેક યુવકે માતૃભૂમિના સંરક્ષણાર્થે લઢવા તૈયાર થવું જોઇએ. તું સૈન્યમાં પ્રવેશ કરે તો ત્હારો અન્ય અભ્યાસ થોડા કાળ માટે વ્યર્થ થાય તેમ છે પણ તેમ કરવાની આવશ્યકતા છે. થોડા કાળ પછી યુદ્ધ પૂર્ણ થશે એટલે ત્હારો અભ્યાસ પુનઃ થઇ શકશે અને હેતુ સિદ્ધ કરી શકાશે. યુદ્ધમાં જવાથી ત્હને કંઈ હાની થવાની નથી."

"મ્હારો નિશ્ચય ન થવાનું કારણ જુદુંજ છે."

"ક્યું?"

"તમે મ્હારા પિતાના વિચારો વિષે જાણુતા હશોજ."

"હા, કેમ નહિ? ડૉ૦ લિંકન મહાન સંભવિત પાપભીરૂ પુરૂષ ગણાય છે. માત્ર તે નિરર્થક શાંતિનો પક્ષ કર્યા કરતા એટલુંજ, પણ અન્ય રીતે તે મહાપુરૂષ હતા. તેમનું હવે શું છે? સૈન્યમાં સારી પદવી પર ત્હારી નિમણુંક થાય તેવી વ્યવસ્થા હું કરીશ. તું એક વખત નિશ્ચય પર આવી જા."

"તમે મ્હારે માટે જે લાગણી ધરાવો છો તે બદલ હું તમારો અતિ આભારી છું. પણ સૈન્યમાં સામેલ નહિ થવાનો મ્હેં નિશ્ચય કરેલો છે."

"શું? યુદ્ધમાં નહિ ઉતરવાનો તું નિશ્ચય કરી ચુક્યો છે? તેવો નિશ્ચય કરવાનું કારણ શું?"

"ઍડમિરલ સાહેબ!" વિલીયમે કહ્યું: "જે વાત હૃદયને પ્રિય ન હોય તે કરવી યોગ્ય છે કે?"

"નહિ, પોતાના હૃદય વિરૂદ્ધ કોઇએ કંઇ પણ કરવું જોઇએ નહિ." ઍડમિરલે ઉત્તર આપ્યો.

"મ્હારૂં હૃદય કહે છે કે: યુદ્ધ એ કેવળ અધર્મ છે, યુદ્ધ એ સદ્ધર્મત્વને હરકતકારક છે. યુદ્ધ એ નીતિમત્તાનું ખૂન કરે છે. યુદ્ધ એ અનેક નિર્દોષ બાળાઓને રખડાવી દે છે. બાલ્યવસ્થાથીજ મ્હારા મનમાં યુદ્ધપર અપ્રીતિ દૃઢ થયેલી છે; તેથી રાત્રિ દિવસ યુદ્ધ કેવી રીતે નષ્ટ થાય અને કોઇપણ પ્રજા યુદ્ધજ ન કરે, એનોજ વિચાર કર્યા કરૂં છું. એવી પરિસ્થિતિમાં સમરાંગણમાં જવાનું મ્હને ક્યાંથી પ્રિય હોય?"

"એટલે જર્મની સામે યુદ્ધમાં ઉતરવાની ઇંગ્લાંડે ભૂલ કરી છે એવી તું કલ્પના કરે છે કેમ? ઇંગ્લાંડ યુદ્ધમાં ઉતરે છે તે જર્મનીની માફક રક્તપાતની રાક્ષસી અભિલાષા પૂર્ણ કરવા માટે એમ તું ધારે છે? જો તેવું લાગતું હોય તો આ પત્ર તરફ જો." એમ કહી તેમણે એક પત્ર વિલીયમ આગળ ધર્યો. "આસ્ટ્રિયાનો રાજપુત્ર મરાયો તે માટેજ વર્તમાન યુદ્ધનો આરંભ થયો છે એમ તું માને છે? વર્તમાન યુદ્ધ જર્મનીના સામર્થ્યના અભિમાનનું પ્રદર્શન છે. બિચારો આસ્ટ્રિયાનો બાદશાહ સર્વિયાનો ખુલાસો સાંભળી સ્વસ્થ રહેવાનો હતો, પણ તે કયસરને ક્યાં ગમતું હતું? તેને માટેજ આસ્ટ્રિયાને સર્વિયા સામે યુદ્ધ જાહેર કરવાની ફરજ પડી અને તેણે પોતાની

અનેક દિવસની યુદ્ધ પિપાસા તૃપ્ત કરવાનો ગર્વ રાખી લક્ષમબર્ગ અને બેલજીયમ જેવાં ન્હાનાં રાષ્ટ્રને પગ નીચે કચડવાનો પ્રારંભ કર્યો. વિલીયમ! બેલજીયમ જેવા ક્ષીણબળ મિત્ર રાષ્ટ્રને સહાય કરવાનું આપણું કર્તવ્ય નથી? વાંચ, આ પત્ર વાંચ. જર્મનોએ યુદ્ધ કરવાની તૈયારી કેટલાં વર્ષથી કરી રાખી છે અને જર્મનીના અયોગ્ય વર્તનને લીધે, આપણને હાથમાં શસ્ત્ર પકડવાનો પ્રસંગ કેમ આવ્યો છે તે ત્હારા લક્ષ્યમાં આવશે."

વિલીયમે ઍડમિરલના હાથમાંથી પત્ર લઇ વાંચ્યો. કંઇક વિચાર કરી તે બોલ્યો: "તમે કહો છો તે સર્વ સત્ય છે; પણ એથી યુદ્ધ ન્યાયનું કાર્ય છે એવું સિદ્ધ ક્યાં થાય છે?"

"ત્યારે કયસર અને તેની રાક્ષસી ઇચ્છા પ્રમાણે નાચતું તેનું સૈન્ય જે અત્યાચાર ચલાવે છે તેજ ન્યાય છે? બેલજીયમ જેવા નિરૂપદ્રવી રાષ્ટ્રપર હુમલો થાય અને કરારના કાગળોના કકડા કરી નાખવામાં આવે, એજ જો ત્હને પસંદ હોય તો ઇંગ્લાંડે પોતાના અભિવચન પ્રમાણે બેલજીયમને સહાય કરવાનું ઠરાવ્યું છે તે માટે ત્હને ખોટું લાગવું સ્વાભાવિક છે."

"ઍડમિરલ સાહેબ." વિલીયમ આવેશથી બોલ્યો: "તમે મ્હારા કથનનો ગમે તેવો અર્થ કરશો તો મ્હને તેની ચિંતા નથી. યુદ્ધ એ પૂર્ણ રીતે અધર્મનું, અનીતિનું, અને સંકટ પરંપરાનું કાર્ય હોવાથી તે કયસરે આરંભ્યું હોય કે અન્યે શરૂ કર્યું હોય, તેમાં તમે ઉપકાર કરવાની બુદ્ધિથી ઉતરો કે ફાયદો મેળવવાની આશાથી પડો—તમારા સારાનરસા આશયને લીધે તેમાં રહેલું અનિષ્ઠ કંઈ નષ્ટ થવાનું નથી. ધર્મનાં તત્વો એક મતથી યુદ્ધ વિરૂદ્ધ પોકાર કરી કહે છે તો પણ યુદ્ધને સારા ખોટા હેતુનું બળ આપી ન્યાયી કૃત્ય ઠરાવવાનો પ્રયત્ન કરવો તે કેવળ ગાંડપણ તો શું પણ દુષ્ટતા છે! આપણા પવિત્રશાસ્ત્રનું કયું તત્વ યુદ્ધનો ઉપદેશ કરે છે? શાસ્ત્રના પ્રત્યેક પાનામાં "યુદ્ધમાં ઉતરવું તે કેવળ અધર્મ છે." એવુંજ પ્રતિપાદન થયેલું છે. આવા ધર્મતત્વને પગ નીચે રાખી, ઈશ્વરી ઈચ્છાનું અપમાન કરી નીતિના મુખમાં લાખો મનુષ્યોના વધનું ખૂન—અમંગલરક્ત રેડવાનો પ્રયત્ન કરવો તે ન્યાય છે એમ કહેવું અને તે ધર્મસંમત છે એવું પ્રતિપાદન કરવું તે પ્રભુએ વિચાર

કરવા આપેલું મસ્તિષ્ક નથી પણ નિરર્થક માટીના ઘડા જેવો હાડમાંસનો ઘડો છે એમ કહેવા જેવું છે!"

"બસ! ચૂપ! વિલીયમ વિશેષ બોલીશ નહિ." વૃદ્ધ એડમિરલ સંતપ્ત થઇ બોલ્યા: "આપણા પવિત્ર શાસ્ત્રમાં જે અનેક મહત્તમ તત્વો છે તેમાં-નુંજ એક તત્વ, વચનપાલનનો ઉપદેશ કરે છે. આપણા રાષ્ટ્રે બેલજીયમને સંકટ સમયે મદદ કરવાનું વચન આપેલું છે. રાષ્ટ્રનું વચન એ રાષ્ટ્રની પ્રત્યેક વ્યક્તિએ આપેલું વચન છે એમ કહેવાને હરકત નથી. આપણા સર્વ ઇંગ્લેંડ-વાસીઓએ એક સંપથી બેલજીયમનું સંરક્ષણ કરવાનું કાર્ય સ્વીકારી લીધેલું છે. આપણા રાષ્ટ્રે આપેલું વચન પૂર્ણ કરવું એ આપણું સર્વનું કર્તવ્યકર્મ છે. સદ્દધર્મથી વર્તવાની સફાઈ મારનાર એકાદ મનુષ્ય પોતાનાજ વચનથી વિરૂધ વર્તન કરે તો તેને હું પૂર્ણપાપી, અધર્મી અને નીચ માની શકું."

"પણ, એડમિરલ સાહેબ!"

"વિલીયમ! વિશેષ બોલવાની ઇચ્છા નથી. આજસુધીના ત્હારા વર્ત-નપરથી હું ભૂલ્યો છું એ વાત ખરી છે. લિલી ત્હારે માટે મ્હને ઘણું કહેતી હતી. મ્હારા ડિક પર જેટલો પ્રેમ હું નહોતો રાખતો તેટલો ત્હારા પર રાખતો હતો. પરંતુ તેનો શો ઉપયોગ? જા, ત્હારા જેવા દેશદ્રોહીનું મુખ જોવાની મ્હારી ઇચ્છા નથી. જા!"

વિલીયમ ચૂપકીથી ઍડમિરલના વાંચનાલયમાંથી બહાર નીકળ્યો. નેલ્સન એક દીર્ઘ નિશ્વાસ નાખી દુ:ખપૂર્ણ મુખેથી વિલીયમની પાછળ જોઈ રહ્યા હતા. તેમના ઉદાર મનને જાણે પોતાના પુત્રનીજ દુ:ખપૂર્ણ ભેટ થઇ હોય તેમ લાગ્યું.

પ્રકરણ ૯ મું.

પ્રેમની આહુતી.

મૂનલાઇટ પેલેસનો ત્યાગ કરતા પૂર્વે જે સ્થળે પોતાની હૃદયદેવી રહે છે તે સ્થાન તરફ એક વાર દૃષ્ટિ કરી નિરસ જીવનમાર્ગે ચાલ્યા જવાનો વિચાર કરી વિલીયમે પાછા વળી જોયું તો લિલી તેના તરફ આવતી જણાઇ. ઍડમિરલે તો તિરસ્કાર કર્યો પણ લિલીના મુખથી દુઃખપૂર્ણ જીવનનો નિર્ણય સાંભળવો બાકી છે, એમ જાણી તે અત્યંત કષ્ટ પામ્યો. પરંતુ મનુષ્યપ્રાણી આશાવાદી છે. તેણે મનમાં વિચાર કર્યો કેઃ "લિલીને સ્વમતનો ખુલાસો કહું અને કદાચિત તેના મનની ખાત્રી થાય તો–" તેટલામાં લિલી તેની પાસે આવી પહોંચી અને બોલીઃ

"વિલીયમ! ઉભો રહે, ક્ષણ વાર ઉભો રહે. તેં ત્હારો વિચાર બદલ્યો છે કે નહિ તે મ્હને જાણવા દે."

વિલીયમ કંઇજ બોલ્યો નહિ.

"ત્હારા મૌન પરથી ચિહ્ન સારાં જણાતાં નથી. સમરાંગણ પર જઇ પુરૂષાર્થ બતાવી આપવાની સૂવર્ણસંધિ તું વ્યર્થ જવા દઇશ? વૃદ્ધ પુરૂષની પેઠે કે એકાદ વિધવા સ્ત્રીની પેઠે ઘેર બેસી કાયરોનો નેતા બનશે? કહે, વિલીયમ! એમજ કરવાનો વિચાર નિશ્ચિત થયો છે કે?"

"લિલી! તું ગમે તેમ કહે. હું મ્હારી સદ્દવિવેક બુદ્ધિએ દોરેલા માર્ગે જઇશ. લોકો ભલે મ્હારો તિરસ્કાર કરે, દ્વેષ કરે કે ગમે તેમ કહે. હું અધર્મી માર્ગનું અવલંબન કદી પણ કરીશ નહિ."

"વિલીયમ! ધર્મનો અને સદયબુદ્ધિનો ડૉળ કરવાની જરૂર નથી. લિલી હવે ભોળી કે અજ્ઞાન નથી. તે દિવસે સર્વિયા આસ્ટ્રિયાની વાત ત્હારા મુખે

સાંભળી ત્યારથી વર્તમાન યુદ્ધ સંબંધી મેં આવશ્યક હકીકત મેળવી છે. હવે ત્હારે જે ખુલાસો કરવો હોય તે કર. માત્ર યુદ્ધને અપશબ્દથી સંબોધશે તેથી નિર્ણય થવાનો નથી."

"લિલી!" વિલીયમે કહ્યું: "હું મ્હારા મત વિષે પ્રથમ એક વખત બોલી ચૂકયો છું. પાર્લામેંટમાં પ્રવેશ કરી હું યુદ્ધ સામે કેવી રીતે થવાનો છું તે તું જાણે છે. મ્હારા પિતા શાંતિના ઉપાસક હતા. ખરો ધર્મ કયો હોઈ શકે તે તે ઉત્તમ રીતે જાણતા હતા. આપણું ધર્મશાસ્ત્ર કહે છે કે "શત્રુનો પણ દ્વેષ કરતો નહિ, કોઇ ત્હારા ડાબા ગાલ ઉપર મારે તો તું જમણો ગાલ તેના આગળ ધરજે, પણ ક્રોધવશ થઈ વેર લેવાની ઇચ્છા રાખતો નહિ. તેમ કરવું એ અધર્મ છે." આપણી એવી શાસ્ત્રાજ્ઞાનો અનાદર કરી અંગમાં સ્વાભાવિક રીતે નિવાસ કરી રહેલી જાલીમ યુદ્ધલાલસા તૃપ્ત કરવા માટે યત્ન કરવો, તે અમે એક વખત જંગલી સ્થિતિમાં હતા; એટલુંજ નહિ પણ તે સ્થિતિનું દ્યોતક જે યુદ્ધ તે અમે અદ્યાપિ પ્રિય માનીએ છીએ એમ સિદ્ધ કરવા જેવું છે."

"વિલીયમ! વર્તમાન યુદ્ધમાં જંગલી કૃત્ય કોનું છે? યુદ્ધલાલસા કોણે વ્યક્ત કરી તે તું જાણતો નથી એમ લાગે છે."

લિલીને પુરૂં બોલવા ન દેતાં વિલીયમે કહ્યું: "હું સર્વ જાણું છું. બધી વાતનો પૂર્ણ વિચાર કરીનેજ હું બોલું છું."

"આવા સમયે ઇંગ્લાંડ પોતાના હાથમાં શસ્ત્ર પકડે નહિ તો જર્મનીનો બળવાન રાક્ષસ, ફ્રાન્સ અને બેલ્જીયમને જીતી લઇ આપણા પર આવી પડે તેનો કંઇ વિચાર કર્યો?"

"તે વિચાર કરવાની જરૂર નથી. એક સારી વાતનો લાભ થાય માટે બીજી ખરાબ વાત કરવી તે શ્રેયસ્કર નથી. સત્યશોધન માટે અસત્યનું અવલંબન કરવું એ કંઇ ન્યાય નથી. એકાદને ત્રાસ ન થાય એવી બુદ્ધિથી અસત્ય પ્રલાપ કરવો તે નીતિને પ્રિય નથી. એકના સંરક્ષણ માટે બીજાનું ખૂન કરવું એ યોગ્ય નથી. લિલી આપણે એ વાતજ ન કરીએ તો ઠીક. ત્હારો મ્હારા પર પ્રેમ છે અને મ્હારો ત્હારા પર છે. આપણે આ યુદ્ધની પંચાતમાં પડવાની શી જરૂર છે?"

"પંચાતમાં પડવાની શી જરૂર છે? વાહ, હદ થઇ ત્હારી વિવેક-બુદ્ધિની! નરવીરો સ્વાર્પણ કરી, શત્રુ સાથે યુદ્ધ કરી તેમજ જન્મભૂમિની કીર્તિને અમર કરી—જર્મન રાક્ષસનો અમંગલ સ્પર્શ થવા દે નહિ અને તું વર્તમાન યુદ્ધમાં પ્રેતની માફક સ્વસ્થ પડી રહી પિશાચ સમાન યુદ્ધ વિષયક અપ્રીતિ ઉત્પન્ન કરી ભટકતો ફરે તો શાંતિના યુગમાં આ દેશમાં રહી ત્હને સુખ ભોગવવાનો શો હક્ક છે? સંકટ સમયે કાયરની માફક બેસી રહી શાંતિના સમયે આગળ આવવું એ ન્યાય હશે કેમ? બીજાએ સ્વાત્મભોગ આપી પ્રાપ્ત કરેલાં ફળનો તું ઉપભોગ લે એમજ ત્હારૂં ધર્મશાસ્ત્ર કહે છે કેમ?" લિલી આવેશથી બોલીઃ

"યુદ્ધ કેવળ અધર્મ છે. કોઈ પણ કારણથી યુદ્ધ ન્યાયી કૃત્ય મનાશે નહિ."

"યુદ્ધ, યુદ્ધ, એમ અપૂર્ણ વાત શા માટે કરે છે? વર્તમાનની વાત કર. સ્વદેશ આપત્તિમાં હોય છતાં તું શાંત પડી રહે, ત્હારી માતૃભૂમિ કહે કે અસુરોનો મ્હને સ્પર્શ થવા દેશો નહિ છતાં તું બાયલાની પેઠે આંખ મીંચે અને માતાના સંરક્ષણાર્થે દોડી જવાનું રહેવા દઇ કાયદાનાં પુસ્તકો ફેરવ્યા કરે તો અહીંની હવામાં રહેવાનો ત્હને શો હક્ક છે? તું સ્વાતંત્ર્યના વાતા-વરણમાં રહેવાને યોગ્ય નથી. કોઈ કર્તૃત્વહીન કાયર રાજ્યમાં જઇ તું કાલ-ક્રમણ કરે એજ ઠીક."

"લિલી! એવી રીતે મ્હારો અનાદર કરતી નહિ. હું પણ ત્હારી પેઠે સ્વતંત્રતાના વાતાવરણમાં રહેનાર છું; અને તેથીજ ચોતરફથી અપમાનકારક શબ્દોની વૃષ્ટિ થવા છતાં સ્વમતનો ત્યાગ કર્યો નથી. વર્તમાન યુદ્ધમાં હું અધર્મ જોઉં છું. હું તેને હમેશ અધર્મજ કહીશ! આખો દેશ મ્હારા પર ક્રોધાગ્નિ વરસાવશે તો તે હું સહન કરીશ પણ મ્હારાં તત્વોને ત્યજીશ નહિ. જો કોઇનામાં પાણી હોય તો તેણે મ્હારી સન્મુખ આવી યુદ્ધમાં પડવું તે ન્યાયનું કૃત્ય છે એવી ખાત્રી કરી આપવી. તે વખતે આ વિલીયમ કાયર છે કે રણવીર છે તેની સર્વને ખાત્રી થશે.

"ત્હારી ખાત્રી કોણ કરાવે?" લિલીએ કહ્યુંઃ "નિદ્રાધિન થયેલાને

જાગ્રત કરી શકાય પણ જે નિદ્રાનું મિષ કરી પડી રહ્યો હોય તેને કેવી રીતે જાગ્રત કરવો ? વર્તમાન યુદ્ધમાં કોણ દૂષિત છે તે તું જાણે છે. યૂરોપનાં સર્વ રાષ્ટ્રને સૈનિકબળ બતાવી તેમને કિંવા તેમનામાંનાં ઘણાં ન્હાનાં મ્હોટાં રાષ્ટ્રને ક્યારે અંકિત કરાશે એવી જર્મની રાહ જોયા કરતું હતું. પ્રસંગ આવ્યો, યોગ્ય સંધિ મળી એટલે ક્ષુદ્ર કારણને અગ્નિસ્ફુલિંગનું મહત્વ આપી, સમગ્ર યૂરોપમાં યુદ્ધનો અગ્નિ સળગાવવા નિશ્ચય કરી, જર્મનીના યુદ્ધપ્રિય અસુરો કમ્મર કસી તૈયાર થઈ રહેલા હતા. કયસરે ધાર્યું કે ફ્રાન્સના પ્રધાન મંડળમાં ફ્રાન્સના યુદ્ધ માટે જોઇએ તેવી તૈયારી નથી એવા શબ્દોચ્ચાર થયા છેજ, રૂશિઆ જાપાન સાથેના યુદ્ધમાં નરમ થયેલું છે અને ઇંગ્લાંડમાં આયરિશ કલહ ચાલે છેજ, એટલે સર્વ દિશા સાનુકૂળ છે. માત્ર તેને યુદ્ધ માટે કોઈ બ્હાનાની જરૂર હતી. તેટલામાં આસ્ટ્રિયાના રાજપુત્રનો વધ થયો. એજ કારણ આગળ કરી જર્મનીએ તૈયાર રાખેલાં શસ્ત્ર ઉંચાં કર્યાં અને અવિચાર–મદના જોરમાં ગમે તેવો અત્યાચાર કરવાનો આરંભ કર્યો. જર્મનીએ કેવા અત્યાચાર કર્યા છે, વચનોને કેવી રીતે તોડી નાખ્યાં છે અને યોગ્યા–યોગ્યતાનો વિચાર ન કરતાં જ્યાં ત્યાં પ્રલય કરવાના નિશ્ચય પર કેવી રીતે તે આવેલું છે તે તો તું જાણે છેજ."

"હશે, કયસર યુદ્ધપ્રિય મનુષ્ય હશે. યુદ્ધનો આરંભ કરવામાં કયસરે મહાન અપરાધ કર્યો હશે, યૂરોપની શાંતિનો સંહાર કરવામાં કયસરે નેતૃત્વ લીધું હશે, પણ તેટલાજ કારણથી યુદ્ધનાં પાતકી, અનાચાર, અધર્મ અને સંકટપરંપરા વગેરે ઓછાં થાય તેમ નથી. જે યુવકોએ સ્વધર્મનો પ્રચાર કરવા માટે પ્રયત્ન કરવો જોઇએ, જે યુવકોએ નીતિનું અવલંબન કરી પોતાની મનઃસ્થિતિ ઉત્તરોત્તર ઉચ્ચ કરવા પ્રયત્ન કરવો જોઇએ અને જે તરૂણોએ ઇશ્વરીકાર્યને સહાય કરી પોતાનો આત્મા પરમાત્માના જેવો વિમલ કરવા પ્રયત્ન કરવો જોઇએ તે તરૂણોને શયતાન પણ પ્રવેશ કરે નહિ તેવા મલિન અને પાતકી સમરાંગણમાં જવાનું પ્રોત્સાહન આપવું તે અધર્મ છે."

"એમજ કહે કે કોઈ પણ કારણથી યુદ્ધને ન્યાયી સ્વરૂપ મળશે નહિ."

વિલીયમે હકાર દર્શાવ્યો. લિલીએ કહ્યું:

"તેં અનેક વખત વાંચ્યું હશે કે: ઇંગ્લાંડનો નિઃપાત કરવાના ઉદ્દેશથી સોળમી સદીમાં સ્પેનનો રાજા ફિલિપ ઇંગ્લાંડ પર ચઢી આવ્યો હતો. તે વખતે ત્હારા તત્વ પ્રમાણે આપણા વડીલો સ્વસ્થ રહ્યા હોત અને વિજયશ્રી ફિલિપને વરી હોત તો આજે આપણી માતૃભૂમિ કેવી સ્થિતિમાં હોત? આપણાં ગૃહ, આપણું ધન અને આપણું સાહિત્ય પરદેશીઓના હસ્તમાં હોત, એટલુંજ નહિ પણ આપણી પ્રિય સ્વતંત્રતા અને આપણા પ્રાણ કરતાં પ્રિય એવો ધર્મ નામશેષ થયો હોત. ડ્રેક, હૉકિન્સ વગેરે પ્રખ્યાત થએલા રણબહાદુરો સંકટ સમયે કંઈ પણ ચળવળ ન કરતાં શાંત રહે એવીજ ઇશ્વરી ઇચ્છા હતી એમ ત્હને લાગે છે?"

વિલીયમ કંઇજ બોલ્યો નહિ.

ત્યારે લિલી બોલી: "સોળમા શતકમાં ઇંગ્લાંડને જે શત્રુ મળ્યો હતો તેના કરતાં પણ બળવાન શત્રુ ઉપસ્થિત થયો છે. તેને શૃંખલાબદ્ધ કરી, દાંતમાં તૃણ પકડાવી શરણે આવવાની જરૂર પાડવાનું શૌર્ય અને તેજ આજે ઇંગ્લાંડમાં છે. મ્હારી માતૃભૂમિના સુપુત્રો પોતાના અલૌકિક શૌર્યથી સમર-ભૂમિને ગજાવશે, જર્મનોના ગર્વનો સંહાર કરશે અને ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળના આકાશમાં સૂર્ય પ્રમાણે પ્રકાશી રહે તેવું ક્ષાત્રતેજ પ્રકટ કરી તેઓ માતૃભૂમિની કીર્તિ સાચવશે. વિલીયમ! વર્તમાન મહાનયુદ્ધ પૂર્ણ થયા પછી વીરશ્રીના પ્રેમને પ્રાપ્ત થયેલા યુવકો જે સુખ, વૈભવ અને સન્માનનો ઉપભોગ કરે તેમાંથી તું દૂર ન થાય તો ઠીક. કર્તવ્યાધિન ન થતાં ફલપ્રાપ્તિના સુખનો અનુભવ લેવાની તેં સારી યુક્તિ કાઢી છે!"

"લિલી! એમ બોલવું યોગ્ય નથી."

"છટ્, હું એક અક્ષર પણ અયોગ્ય બોલી નથી. બ્હીકણ પુરૂષે સ્વતઃ પર થતા વાક્પ્રહાર માટે ખોટું કેમ લગાડવું જોઇએ? મ્હેં શું અયોગ્ય કહ્યું છે?"

"લિલી! ત્હારા પ્રશ્નનો મ્હારે ઉત્તર આપવો નથી. કારણ કે હું જાણી ચુક્યો છું કે ત્હને સમજાવવાના સર્વ પ્રયત્ન વ્યર્થ છે. લિલી! પ્રાણપ્રિય લિલી! આ યુદ્ધના ક્ષુલ્લક કારણ માટે તું ત્હારા હૃદયપ્રદેશમાંથી મ્હને દૂર

કરશે? લિલીનું પાણી ગ્રહણ મ્હારા ભાગ્યમાં છે કે? લિલી! ત્હારી આશા રાખું કે—" વિલીયમથી આગળ બોલાયું નહિ.

"તે સર્વનો આધાર તું પોતે છે."

"હું છું?" ડુબતા મનુષ્યને તૃણનો આશ્રય મળ્યો.

"હા, તું છે. મ્હેં ત્હને કહ્યું હતું તે પ્રમાણે પિતાનો મત અનુકૂળ કર્યો છે. પણ—"

"લિલી! આગળના શબ્દ ઉચ્ચારીશ નહિ. મ્હારા મનને કેવું દુઃખ થાય છે તેની ત્હને કલ્પના નથી."

"વિલીયમ! મ્હારે સ્પષ્ટ કહેવું જોઇએ. જે મનુષ્ય પોતાની જન્મભૂમિ પર સંકટ આવેલું જોઇ સ્વસ્થ રહી શકે છે તે મ્હારો પતિ થવાને યોગ્ય નથી."

"લિલી! આવો આઘાત કરવો નહિ. ત્હારી પ્રાપ્તિ માટે મ્હારા હૃદયની વિરૂદ્ધ અરે! હૃદયનું ખૂન કરવું પડે છે તે તરફ લક્ષ્ય આપ."

"વિલીયમના શબ્દ સાંભળી લિલી કિંચિત્કાળ અટકી. છેવટે તે દૃઢ નિશ્ચયથી બોલીઃ "વિલીયમ! બ્હીકણપણું અને હું, એ બેમાંથી ત્હને શું પ્રિય છે? જે અધિક પ્રિય હોય તેનો સ્વીકાર કરી લે."

"એટલે, લિલી? હું યુદ્ધમાં નહિ જાઉં તો તું મ્હારો ત્યાગ કરશે?"

"હજુ ત્હને સંશય છે?" લિલીના દૃઢ શબ્દો સાંભળતાંજ વિલીયમના મન પર વિદ્યુત્પાત થયો. તે એકદમ ચાલ્યો ગયો.

વિલીયમ અદૃશ્ય થતાની સાથે લિલીનો આવેશ, દૃઢતા અને તેના વદન પર ઉપસેલું અલૌકિક તેજ અદૃશ્ય થયું. તે ખરી પડેલા પુષ્પ પ્રમાણે એક કોચ ઉપર પડી અને ડસકાં ભરવા લાગી. તેને લાગ્યું કેઃ આજે મ્હારો હૃદયેશ્વર મ્હને ત્યાગી ગયો છે.

સ્વતંત્રતાના વાતાવરણમાં નિવાસ કરતી બાળા સ્વદેશને માટે થતા રણયજ્ઞમાં પ્રેમની આહુતી આપવા સજ્જ થઇ.

પ્રકરણ ૧૦ મું.

કાયરનાં ચિહ્ન.

કેટલાક દિવસ સુધી સેંટ જૉન ગામમાં યુદ્ધ સિવાય અન્ય કંઇ સંભળાતુંજ નહતું. જ્યાં જાઓ ત્યાં યુદ્ધનીજ વાત! આબાલ વૃદ્ધ સર્વમાં એ વિષેજ ચર્ચા થતી.

કેટલાક દિવસ પછી લીજના કિલ્લા પર હૂમલા થયાની વાર્તા સંભળાઈ. બેલજીયન પ્રજા અપૂર્વ શૌર્યથી ટકી રહી છે, એવા સમાચાર સાંભળી સર્વ સામ્રાજ્યાભિમાની વીરનરોને આનંદ થયો. પ્રત્યેક એમજ કહેવા લાગ્યા કે: હવે આપણું સૈન્ય બેલજીયમને સહાય કરવા ક્યારે રણભૂમિપર ઉતરશે? એટલામાં લીજનો કિલ્લો જર્મનોએ મેળવ્યાની વાત આવી અને ત્યાર પછી તુરતજ બ્રસેલ્સ લીધાના સમાચાર પ્રકટ થયા. લૉરેન અને અલસાસ પ્રાંત લેવા માટે ફ્રેંચોએ કરેલા પ્રયત્ન પણ નિષ્ફળ થયા! પ્રત્યેકને લાગ્યું કે અદૂરદર્શિત્વને લીધે ફ્રેંચોની હાની થાય છે. ફક્ત પ્રચંડ સૈન્યથી યશ પ્રાપ્તિ થતી નથી. તે માટે હુશિયાર સેનાનાયકની જરૂર રહે છે. એ કલ્પના સત્ય જણાઈ અને લૉર્ડ કિચનરે પૅરિસ જઈ યુદ્ધની યોગ્ય દિશા નિયત કર્યાના વર્તમાન પ્રકટ થયા. તે જોઇ સર્વને અત્યાનંદ થયો.

"આપણા પક્ષને યશ પ્રાપ્ત કરાવનાર હોય તો તે એક લૉર્ડ કિચનર જ છે!" એવા પ્રસંશોદ્‌ગાર નીકળવા લાગ્યા: "નેપોલિયન બોનાપાર્ટના સમયે જેમ ડયૂક ઑફ વેલિંગ્ટન હતા તેમ આજે લૉર્ડ કિચનર છે."

દિનપ્રતિદિન જર્મનો ફ્રાન્સમાં જય મેળવતા પ્રસરતા જતા હોવાના સમાચાર આવતા ગયા. જેને તેને લાગ્યું કે, પૅરિસ જશે તો પછી શું રહેશે?

સર્વ ઇંગ્લાંડમાં ઝપાટાબંધ સૈનિક ટોળાં યુદ્ધ ભૂમિ પર જવા તૈયાર

થતાં હતાં, પણ કૉર્નવોલ પ્રાંતે અદ્યાપિ સુધી આ કાર્યમાં વિશેષ ઉત્કટતા વ્યક્ત કરી નહતી. તેથી સેંટ જૉનના યુવકોને યુદ્ધનું સ્વરૂપ સમજાવવા તેમજ યુદ્ધમાં ઉતરવા માટે તેમનામાં ઉત્સુકતા ઉત્પન્ન કરવા એક સભા મેળવવાનું નેલ્સને નક્કી કર્યું.

હવે વિલીયમ વિશેષ બહાર જતો નહતો. ઘણો વખત સ્વગૃહમાંજ બેસી રહેતો. તેના મનમાં બે પરસ્પર વિરૂધી વિકારોનું તુમૂલ યુદ્ધ ચાલતું હતું. એ વિકારોમાં એક સ્વદેશ પરનો ઉત્કટ પ્રેમ હતો ત્યારે બીજો યુદ્ધ વિષે તિરસ્કાર હતો. વિલીયમને લાગતું કેઃ બહાર જાઉં છું તો પ્રત્યેક મનુષ્ય મ્હારા તરફ જોઇ મ્હારી મશ્કરી કરે છે, પણ તે સત્ય નહતું. પુષ્કળ મનુષ્યો જાણતા હતા કેઃ યુદ્ધ–શત્રુ ડૉ. લિટનનો પુત્ર યુદ્ધમાં જશે નહિ; કારણ કે તેનામાં પિતાના ગુણ રહેલા છે.

એક દિવસે સેંટ જૉનના મુખ્ય રસ્તા પર નીચે પ્રમાણેની જાહેરાતો દૃષ્ટિએ પડી.

" ગુરૂવારે સંધ્યાકાળે ટાઉન હૉલમાં એક મ્હોટી જાહેર સભા મળશે. તેમાં ઇંગ્લાંડ યુદ્ધમાં કેમ ઉતર્યું છે અને યુદ્ધમાં જવા માટે પ્રત્યેક દેશાભિમાની વીરનું શું કર્તવ્ય છે તે સમજાવવામાં આવશે. સભાનું અધ્યક્ષસ્થાન ઍડમિરલ નેલ્સને સ્વીકાર્યું છે. સેંટ જોન તરફથી પાર્લામેંટના સભાસદ અને કૅપ્ટન લેનૉક્સનાં વ્યાખ્યાન થનાર છે. જેઓ દેશની સ્વતંત્રતાને ઇચ્છે છે, જેઓ પોતાનું કર્તવ્ય સમજે છે અને જેઓ દેશની કીર્તિ પર પ્રેમ ધરાવે છે તેઓએ અવશ્ય આ સભાનો ઉત્તમ લાભ ગુમાવવો નહિ."

"હું સભામાં જઇશ નહિ." વિલીયમ મનમાં બડબડયો. "યુદ્ધનાં કારણ હું જાણું છું." પણ જેમ જેમ સભાનો દિવસ પાસે આવતો ગયો તેમ તેમ તેની ઉત્કંઠા વધવા લાગી.

છેલ્લા દિવસોમાં વિલીયમ અને તેની માતા વચ્ચે વિશેષ વાર્તાલાપ થતો નહતો. તેને લાગતું કે માતા તિરસ્કાર કરે છે. આ વખત વિલીયમ વાચનાલયમાં બેસી વિચાર કરતો હતો તેટલામાં તેની માતા આવી. તેણે કહ્યુંઃ "તું સભામાં જશે કે?"

વિલીયમ મસ્તિષ્ક નીચું રાખી સ્તબ્ધ રહ્યો.

"કૅપ્ટન લેનૉક્સ હવે સમરાંગણ પર જવાનો છે. આજની સભાને લીધેજ તે આજે અહીં આવનાર છે." વિલીયમની માતા પુનઃ બોલવા લાગી: "તેના શૌર્ય અને દઢ નિશ્ચયની સર્વત્ર પ્રસંશા થાય છે. લિલી પણ નર્સ થઇને ફ્રાન્સ જવાની છે એમ પણ સાંભળ્યું છે."

લિલીનું નામ અને તેનો વિચાર સાંભળી વિલીયમનું મન ધબકવા લાગ્યું. લજ્જાથી તેણે નીચે જોયું.

વિલીયમની માતા આગળ બોલી: "કૅપ્ટન લેનૉક્સ કાલે મૂનલાઇટ પૅલેસમાં ગયો હતો. નેલ્સન તેની અતિશય સ્તુતિ કરતા હતા. આજે સભામાં લિલી પણ આવશે એમ લાગે છે. તે હમેશ તેના પિતા સાથે બેસે છે. તેનો પિતા અધ્યક્ષ છે એટલે તે પણ પ્લૅટફૉર્મ પર અધિષ્ઠિત થશે."

વિલીયમનું હૃદય ત્રાસજનક વિચારોથી ભરાઇ આવ્યું. "પ્રથમથી નેલ્સન સાહેબને લેનોક્સ પ્રિય હતો. હવે તેના પર તે આફરીન થઈ જશે, એમાં સંશય નથીજ. કૅપ્ટન લેનૉક્સે સ્વદેશના સંરક્ષણ માટે કમ્મર કસી છે. માત્ર હુંજ દેશભક્તિ અને સદ્‌સદ્‌વિવેક બુદ્ધિના કલહમાં સપડાયો છું!"

તેણે સભામંડપના દેખાવની કલ્પના હૃદય પ્રદેશમાં કરી લીધી. કૅપ્ટન લેનૉક્સ જુસ્સાથી અને અપૂર્વ શૌર્યયુક્ત સ્વરથી દેશસેવા માટે પ્રજાને ઉશ્કેરે છે અને તેનું સ્વદેશાભિમાન પૂર્ણ ભાષણ સાંભળી સંતુષ્ટ થયેલા મનુષ્યો તાળીઓના ગડગડાટથી તેને અભિનંદન આપે છે અને તેની પાસેજ બેઠેલી લિલી તેના માટે આદરભાવથી પ્રસન્ન થઇ પોતાનો પ્રેમ સર્વસ્વ તેને અર્પણ કરે છે એવો તેને ભાસ થયો.

સભાના દિવસનો સૂર્ય ઉદય થયો. સંધ્યા સમયે સભા મળવાની હતી. વિલીયમની આરંભમાં ઇચ્છા નહતી પણ અંતે તે ત્યાં ગયો. હજુ વ્યાખ્યાનનો સમય થયો નહતો; તદપિ સભામંડપ શ્રોતાઓથી ઉભરાઇ ગયો હતો. દેશાભિમાનનાં રાષ્ટ્રીય ગીત ચોતરફથી કર્ણપટલપર આવતાં હતાં. વિલીયમનું સર્વાંગ રોમાંચિંત થયું. સ્વદેશ માટે યુદ્ધ કરવામાં અને દેશબાંધવોની સ્વતંત્રતા માટે પ્રાણ અર્પણ કરવામાં કંઈ વિશેષતા જણાવા લાગી, પણ તેજ

ક્ષણે યુદ્ધનું ભયંકર સ્વરૂપ, તેથી થતું દુઃખ, મ્હોટાં મ્હોટાં શહેરોનાં બની જતાં ખંડેરો, જનસમાજમાં વધી જતી દરિદ્રતા, નષ્ટ થતા ઉદ્યોગ હુન્નર અને દ્રવ્યનો અપાતો ભોગ, જીતાયલા રાષ્ટ્રની પ્રજાના થતા હાલ હવાલ વગેરે પ્રકારનાં દશ્ય તેના ચક્ષુસમીપ તરવા લાગ્યાં. તેની ખાત્રી થઇ કે: આજના વ્યાખ્યાનથી મ્હારા પર કુંઈ પણ અસર નહિ થાય.

નિયત સમયે અધ્યક્ષ અને વક્તા તાળીઓના પ્રચંડ અવાજ વચ્ચે મુખ્ય ખુરસીઓ પર આવી પહોંચ્યા. નેલસનની પાછળજ આવતી લિલીને જોઈ વિલીયમનું હૃદય વિદીર્ણ થયું. તેણે તે તરફ નહિ જોવાનો પુષ્કળ પ્રયત્ન કર્યો પણ તેમાં વિજય મળ્યો નહિ. દષ્ટિએ દષ્ટિ મળી. એ દષ્ટિભેટ ક્ષણવાર સ્થિર રહી પણ તેટલામાંજ વિલીયમનું ચિત્ત ખળભળી ઉઠ્યું. લિલીના કપોલપર પ્રસરેલી રક્તાછટા, તેના ઓષ્ઠ પર વિલસતું તિરસ્કારપૂર્ણ સ્મિત અને તેના મુખકમલ પરની ક્રોધ કાંતિ પણ તેણે જોઇ. તેનો નિશ્ચય થયો કે લિલીએ તેને ત્યજી દીધો છે!

આરંભમાં નેલસન સાહેબે ઇંગ્લાંડની પ્રાચીન મહત્તાનું, ન્યાય પ્રિયતાનું અને શૌર્યનું વર્ણન કર્યું અને વર્તમાન સમયે શૂર યુવકોની કેટલી આવશ્યકતા છે તે પ્રકટ કર્યું.

ત્યાર પછી સેંટ જૉન તરફથી પાર્લામેંટમાં ગયેલા સભાસદનું ભાષણ થયું; પણ તેની શ્રોતાવર્ગ પર જોઇએ તેવી અસર થઈ નહિ. જનસમાજના મનમાં જુસ્સો ઉત્પન્ન કરવાને કોઇ પણ અપૂર્વ વસ્તુની આવશ્યકતા હતી; પણ તે અદ્યાપ સુધી વ્યાખ્યાનકાર મેળવી શક્યો નહતો. અધ્યક્ષે કૅપ્ટન લેનૉક્સને ભાષણ કરવાની સૂચના કરી.

કૅપ્ટન લેનૉક્સને ઉભો થયેલો જોતાંજ વિલીયમના હૃદયમાં ઈર્ષ્યાનું સામ્રાજ્ય પ્રસર્યું. સૈનિકના ભભકાદાર પોષાકમાં લેનૉક્સ એક મહાન વીરનું ભાન કરાવતો હતો. તે યુવાન દેખાવમાં સુંદર હતો. તેના પૂર્વજોનાં નામ ઇતિહાસ પ્રસિદ્ધ હતાં. તેમાં તેના આજના દેશાભિમાની વર્તનની વૃદ્ધિ થવાથી તે પ્રત્યેકને વિશેષ આદરણીય જણાતો હતો.

તેણે ભાષણનો પ્રારંભ કર્યો.

"ગૃહસ્થો અને દેશબન્ધુઓ ! હું વક્તા નથી. આજ સુધી મ્હેં કોઈ પણ સાર્વજનિક સ્થાને ભાષણ કર્યું નથી. હું એક સામાન્ય સૈનિક છું અને થોડા વખતમાં રણક્ષેત્ર પર જવાનો છું. હું આ સ્થાને ઉભો થયો છું તેનું કારણ એટલુંજ છે કે, હું શા માટે યુદ્ધક્ષેત્રમાં જવા તૈયાર થયો છું તે તમને સમજાવવું એ મ્હારૂં કર્તવ્ય છે."

તેના જુસ્સાદાર શબ્દોથી તેની ખરી લાગણી જણાઇ આવતી હતી. તેના અંતઃકરણમાંથી નીકળતા શબ્દો જો કે સાદા, સરળ અને અપૂર્ણ હતા તો પણ પ્રત્યેકના હૃદયમાં તે પ્રવેશ કરવા તત્પર થયા હતા. તેના ભાષણથી વિલીયમનું હૃદય ભેદાઈ ગયું. "થોડા વખતમાં રણક્ષેત્રમાં જવાનો છું." એ શબ્દો હું પ્લેટફૉર્મ પર ઉભો રહી બોલી શક્યો હોત તો કેવું સારૂં થાત એમ પણ તેને લાગ્યું.

"સદ્‌ગૃહસ્થો !" લેનૉક્સ આગળ બોલવા લાગ્યોઃ "તમે જાણો છો કે કયસરે પોતેજ બેલજીયમને વચન આપ્યું હતું કે અમે તમારૂં સદૈવ રક્ષણ કરીશું પણ આજે તેનો તેણે ભંગ કર્યો છે. તેણે વચનભંગનું મહાન પાતક કર્યું છે. કયસર જ્યારે વચનભંગ કરવા તત્પર થયો ત્યારે આપણા મુત્સદ્દી વીરોએ કહ્યું કેઃ અમે બેલજીયમને તમારી માફક વચન આપેલું છે, અમે અમારી ઉજ્વલ કીર્તિને શોભે તેવી રીતે અમારા વચનનું પાલન કરીશું. અમારા વચનને માટે અમે અમારા ધન અને તનનો સંપૂર્ણ રીતે વ્યય કરીશું, અને છેવટે સ્પષ્ટ જણાવતાં કહ્યું કેઃ જો બેલજીયમને અપાયલું વચન તોડશો તો અમે તમને શત્રુ માની સ્વતંત્રતાના સંરક્ષણ માટે યુદ્ધ જાહેર કરીશું. તમે કયસરને ઓળખો છો ? કયસર જેવો ગર્વિષ્ઠ મનુષ્ય આ જગતમાં હું નથી ધારતો કે અન્ય સ્થળે કોઇ હોય ! મદાંધ કયસરે, હું હમણાં કહી ગયો તે આપણા ખલિતાનો જવાબ આપ્યો નહિ. ક્યાંથી આપે ? જે કેવળ યુદ્ધની વિકટ પિપાસા તૃપ્ત કરવાના વિચિત્ર વિચારોમાં અંધ બન્યો હોય તો તેવી સુબુદ્ધિ તેને કેવી રીતે ઉત્પન્ન થઈ શકે ! છેવટે તેણે નાનકડાં સ્વતંત્ર રાષ્ટ્ર પર હલ્લો કર્યો ! ત્યારે તમેજ કહો કે આવા સમયે સત્યપ્રિય ઇંગ્લાંડ જર્મની સામે યુદ્ધ જાહેર કર્યા સિવાય રહી શકે ખરૂં ?"

"નહિ ! કદી નહિ !" એક પ્રચંડ ધ્વનિ થયો.

"જ્યારે તમારૂં હૃદય કહે છે કે, ઇંગ્લાંડને યુદ્ધ કર્યા સિવાય ચાલેજ નહિ, જ્યારે તમારૂં મન કહે છે કે ઇંગ્લાંડે યોગ્ય કાર્ય હસ્તમાં લીધું છે અને જ્યારે તમારૂં ચિત્ત કહે છે કે ઇંગ્લાંડે સ્વકીર્તિને કલંકિત થવા દેવી જોઇએ નહિ ત્યારે તે માટે કેટલી તૈયારીની આવશ્યકતા છે તેનો તમે અવશ્ય વિચાર કર્યો હશે. તમે જાણો છો કે ઇંગ્લાંડ તેવી તૈયારી કરી ન શકે તો, આ જગતમાં ઇંગ્લાંડને ભવિષ્યમાં મ્હોટાં રાષ્ટ્રો પોતાની પંક્તિમાંથી દૂર કરવાનું સાહસ કરવાને પણ ભૂલે નહિ અને જ્યારે તમારી તેવી સ્થિતિ થાય ત્યારે તમે કેવું દુઃખપૂર્ણ જીવન અનુભવો તેનો ખ્યાલ કરો. શું તેવો સમય આવે તો તેને તમે વધાવી લઇ શકો તેમ છો ? નહિજ. ઇંગ્લાંડનો એક પણ સુપુત્ર એમ નહિ માનતો હોય કે ભવિષ્યમાં ઇંગ્લિશ પ્રજાનું અપમાન થાય તે સહનીય છે. ત્યારે આપણું કર્તવ્ય શું છે? કર્તવ્ય સ્પષ્ટ છે. માત્ર કર્તવ્યને આધીન થવા તૈયાર થાઓ. આપણા રાષ્ટ્રનું વચન પૂર્ણ કરવા અને રાષ્ટ્રની ઉજ્વળ કીર્તિનું રક્ષણ કરવા કમર કસો. આવા પ્રસંગે કર્તવ્યવિમૂખ તરૂણોને હું શું કહીશ તે તમે જાણો છો ? તેવા કાયર પુરૂષોને હું કહીશ-કે, તમે બાયલા છો. દેશને કલંકિત કરનાર શયતાનો છો અને માતૃભૂમિની મહત્તા ભૂલી જનાર, તેને દુઃખી કરનાર નરપશુ છો !"

શ્રોતાઓએ પ્રચંડ ગડગડાટ વચ્ચે લેનૉક્સનો, જન્મભૂમિનો અને સ્વતંત્રતાદેવીનો જયઘોષ કર્યો. લેનૉક્સ બમણા ઉત્સાહથી બોલવા લાગ્યો:—

"જો તેવા કાયર અને નરપશુઓ ધારે તો ઘણું કરી શકે તેમ છે. આ દેશનો પ્રત્યેક માણસ દેશસેવા કરી શકે તેમ છે. સેવાવ્રત એ ધર્મની શ્રેષ્ઠ આજ્ઞા છે. જે મનુષ્ય સેવાવ્રતનું અવલંબન કરતો નથી તે મનુષ્યના પાપના પશ્ચાત્તાપને પ્રભુ કદી સાંભળતો નથી. જો ધારે તો મ્હારા દેશની પ્રત્યેક ભગિની પણ પુષ્કળ સહાય કરી શકે તેમ છે. બ્હેનો ! યુદ્ધથી કાયર બની દૂર રહેતા પ્રિયકરોનો તિરસ્કાર કરો ! તેમના મુખ પર સ્પષ્ટ કહો કે જે પુરૂષ સ્વદેશ સેવા કરી શકતો નથી તે અમારો ગુલામ બનવાને પણ પાત્ર નથી ! આ સભામંડપ વચ્ચે તેમના કાળા કલંકિત મુખ પર થૂ કરો !

તેમને ધિક્કારો ! બ્હેનો ! મ્હારી વહાલી દેશ સેવિકાઓ ! એ કાર્ય માટે હું ધોળાં પીછાં લઇને આવ્યો છું. જે જે બાલાનો વ્હાલો પ્રાણ પ્રિય યુદ્ધમાં જવા તૈયાર ન હોય તે તે બાલાઓ જો આ પીછું તેમના પ્રિયકરને બક્ષીસ આપશે તો બસ છે ! એ એક તેમની કાયરતાની, નામર્દાઇની અને નર-પશુત્વની નિશાની છે ! બસ, મ્હારે વિશેષ શું કહેવાનું હોય ? મ્હેં હમણાંજ મ્હારી ભગિનીઓને જે વિનંતિ કરી છે—જે માર્ગ દર્શાવ્યો છે તેનો સ્વીકાર થશે તો તેથી પણ સ્વદેશની અત્યુત્તમ સેવાજ મનાશે." એટલું કહી તેણે પીછાંનું બંડલ ટેબલ પર મૂક્યું અને લોકોના પ્રચંડ અભિનંદનના પોકારો સાંભળતાં સાંભળતાં સ્વસ્થાન સ્વીકાર્યું.

સભાનું કાર્ય પૂર્ણ થયું. નેલસન, કૅપ્ટન વગેરે ઘર તરફ જવા નીકળ્યા. જતાં જતાં લેનૉક્સ અને લિલી વિલીયમ પાસે આવ્યાં. લેનૉક્સે કહ્યું:

" વિલીયમ ! તેં સ્વયં સૈનિકની નામાવલીમાં ત્હારૂં નામ નોંધાવ્યું કે નહિ ? તેં લશ્કરી શિક્ષણ મેળવ્યું છે. તું ત્હારા દેશને માટે યુદ્ધમાં ઉતરવા સજ્જ નહિ થાય તો કરશે શું ? "

લેનૉક્સના તિરસ્કાર વ્યંજક શબ્દ સ્વરથી વિલીયમનું હૃદય વિંધાયું. લિલી હવે શું કહેશે તેની તો તે કલ્પના પણ કરી શક્યો નહિ.

" ત્યારે તું રાષ્ટ્રની કીર્તિનું સંરક્ષણ કરવાના કાર્યમાં સહાય નહિજ કરે ? " કંપિત સ્વરે લિલીએ પ્રશ્ન કર્યો.

વિલીયમને લાગ્યું કે: લિલી છેવટની ઉત્તમ સંધિ આપે છે, પણ તે કંઈ બોલ્યો નહિ. માત્ર મસ્તિષ્ક હલાવી નકાર પ્રદર્શિત કર્યો.

" એમ ? લે, આ પીછું ત્હને બક્ષીસ આપું છું ! " તેના શરીર પર પીછું નાખી લિલી બોલી: " હવે તે માટે તું મગરૂર બનજે ! મ્હને ખાત્રી છે કે એ પીછું તું ત્હારી ટોપીમાં ખોસી ભૂષણાસ્પદ માનીશ. "

આ અપમાનકારક શબ્દોએ વિલીયમને હતાશ કરી નાખ્યો. તે પૃથ્વી પર દૃષ્ટિ રાખી સ્તબ્ધ બન્યો.

" કૅપ્ટન ! " લિલી બોલી: " ચાલો, આપણે હવે જવું જોઇએ." તુરત જ તે બન્ને ત્યાંથી ચાલ્યાં ગયાં.

શું કરવું તે વિલીયમને સુઝયું નહિ. તેનો સંકલ્પ હતો કે: કરેલો નિશ્ચય સંપૂર્ણ પાર ઉતારવો.

હવે તેને કૅપ્ટન લેનૉક્સના નીચલા શબ્દોનું સ્મરણ થયું.

"આ યુદ્ધ ભૂમિ પર ત્હારો વિજય થયો છે પણ બીજી એક યુદ્ધ ભૂમિ પર મ્હારૂં તેજ પ્રકાશવાનું છે."

"હા, ગઇ! હમેશને માટે તે મ્હને ત્યજી ગઈ? અરે, મ્હેં ત્યજી દીધી! પણ હવે શું કરૂં!" વિલીયમે નિરાશામય ઉદ્‌ગાર કાઢ્યા.

પ્રકરણ ૧૧ મું.

યુદ્ધ એ ધર્મસંમત છે?

"માતા! વ્હાલી માતા!" ઘેર આવતાંજ વિલીયમે પોકાર કર્યો. "તું ક્યાં છે? હું કાલે ગામ જવાનો છું!"

"ક્યાં?" વિલીયમ પોતાને બોલાવે છે જાણી તેની માતાએ તેની નજીક આવી કહ્યું.

તેની પ્રબળ ઇચ્છા હતી કે; વિલીયમ સ્વદેશ સંરક્ષણાર્થે સૈનિક બની નામ અમર કરે પણ તે તેમ કરવા તત્પર નથી જોઈ તેણે પણ તેના પર ભીરૂત્વનો આરોપ મુક્યો હતો. તેને લાગ્યું કે: વિલીયમ ગામ જવાનું કરે છે એટલે તે સૈન્યમાં જવા માટેજ કહેતો હશે. તેથી "ક્યાં?" એવો ઉત્સુક્તાથી પ્રશ્ન કર્યો.

"ઑક્સફર્ડ." વિલીયમે ઉત્તર આપ્યો.

તેની માતાએ નિરાશ થઈ કહ્યું: "વિલીયમ! તું સૈનિક નહિજ બને? પુત્ર વિયોગથી અને તેથી પણ વિશેષ ગણાતા પ્રાણાંતિક પ્રસંગોનાં મહાન દુઃખો મ્હને સહન કરવાં પડશે એમાં સંશય નથી, પણ મ્હારો પુત્ર ભીરૂ બની માતૃભૂમિના પવિત્ર રક્ષણ-કર્તવ્યથી દૂર થાય છે તે જોઈ મ્હને જે

દુઃખ થાય છે તે તેથી પણુ તીવ્રતર છે."

"માતા? હું કાયર નથી. હું યુદ્ધમાં મરણુથી બ્હીતો નથી. માત્ર ધર્મતત્ત્વ મ્હને એ કાર્યથી અટકાવે છે. હું ખરી રીતે તમારી આજ્ઞાઓનું પાલન કરવાને ઉત્સુક છું, પણુ શું કરૂં? સદસદ્વિવેક બુદ્ધિનું ખૂન મ્હારાથી થઇ શકતું નથી. નહિ તો જનોપવાદનો ત્રાસ મ્હેં શા માટે સહન કર્યો હોત? સહજ શાંતિ મળે તેથી પ્રૉ. રૈંથૉલને મળવા જાઉં છું."

વિલીયમની માતા કંઈ પણુ ઉત્તર ન આપતાં ત્યાંથી ચાલી ગઈ.

બીજે દિવસે પ્રાતઃકાળે વિલીયમ સ્ટેશન પર ગયો. આજે અસંખ્ય મનુષ્યોથી સ્ટેશનનું પ્લૅટફૉર્મ ઉભરાઈ રહ્યું હતું. જોતાં જણાયું કે સર્વ મનુષ્યો કૅપ્ટન લેનૉક્સને વિદાયગીરીનું માન આપવા આવેલા હતા. થોડાજ વખતમાં નેલ્સનની મોટરમાંથી લેનૉક્સ ઉતર્યો. તેની પાછળ નેલસન અને લિલી પણુ ઉતર્યાં. તેમણે વિલીયમને જોયો પણુ તેની સાથે કોઇ કંઈ બોલ્યું નહિ. પોતાનો તિરસ્કાર થતો જોઇ વિલીયમને અસહ્ય વેદના થવા લાગી.

સ્ટેશન પર આવેલા સંભવિત ગૃહસ્થો પ્રેમથી લેનૉક્સ સાથે હસ્તાંદોલન કરી તેનો વિજય ઇચ્છવા લાગ્યા. એટલામાં તેમાંથી એક મનુષ્યે મ્હોટેથી કહ્યું: "કૅપ્ટન સાહેબ! કાલે આપે ધોળાં પીછાંની યુક્તિ કાઢી તે ઘણી અસરકારક નીવડી છે. કર્તવ્યથી પરાઙ્મૂખ થતા નરપશુઓને એવી નિશાની મળવીજ જોઇએ."

"એ યુક્તિ મ્હારી નહતી." લેનૉક્સે કહ્યું: "એ સૂચવવાનું માન મીસ લિલીને—નેલ્સન સાહેબની કન્યાને—આપવું જોઇએ."

તેજ સમયે સર્વ મનુષ્યોએ લિલીના નામનો ત્રણુ વાર જયઘોષ કર્યો. લિલી સલજ્જ—અને રોમાંચિત વદને દૃષ્ટિ નીચે રાખી ઉભી રહી.

ટ્રેન આવી પહોંચી. કૅપ્ટન લેનૉક્સ અંદર બેઠો કે નેલ્સને આવેલા મનુષ્યો પ્રત્યે કહ્યું: "ગૃહસ્થો! આપણા કૅપ્ટનનો જય બોલાવો. તે આપણી માતૃભૂમિ માટે, પવિત્ર કીર્તિના સંરક્ષણાર્થે અને સર્વ માનવ પ્રાણીની સ્વતંત્રતા સાચવવા માટે યુદ્ધ કરવા જાય છે. આ પવિત્ર કર્તવ્ય આગળ પોતાના પ્રાણુની કીંમત તેઓ અલ્પ માને છે. તેમનો જય પોકારો."

વિલીયમ આજ ગાડીમાં જવાનો હતો; પણ તેની સાથે કોઇ પણ મનુષ્ય એક શબ્દ પણ બોલ્યું નહિ. તેને "કર્તવ્યપરાંઙ્મુખની" પદવી પ્રાપ્ત થયેલી હતી.

વિલીયમ ઑક્સફર્ડ પહોંચ્યો ત્યારે ભગવાન સૂર્યનારાયણ અસ્તાચળે પહોંચી ગયા હતા; પણ પ્રૉ. રૅંથૉલને મળવાનો વિચાર હતો તેથી તે તેમને ઘેર ગયો. પ્રૉફેસરે તેનું સ્વાગત કરી કહ્યું:

"વિલીયમ! ત્હને જોઇને મ્હને અત્યાનંદ થયો છે. હમણાં હમણાં મ્હને લેશમાત્ર શાંતિ મળતી નથી. જ્યાં ત્યાં યુદ્ધ! સદ્ધર્મતત્વનો વિચાર માનવપ્રાણીના મસ્તિષ્કમાં રહ્યો છે કે નહિ તે વિષે મ્હને શંકા થયા કરે છે."

વિલીયમ: "હું પણ એ વિચારથી કંટાળી તમારી પાસે આવ્યો છું, પ્રૉફેસર સાહેબ! ઇંગ્લાંડ યુદ્ધમાં સામેલ થયું છે તે વિષે તમારો શો મત છે?"

પ્રૉફેસર: "મ્હેં સાંભળ્યું છે કે, પોતાની ઉજ્વલ કીર્તિ માટે આપણું રાષ્ટ્ર તેમાં ભળ્યું છે, પણ એ કારણ કોઇ પણ યુદ્ધમાં ઇંગ્લાંડે દર્શાવ્યું નહતું! બોર યુદ્ધમાં કઇ ઉજ્વલ કીર્તિ માટે ઝંપલાવ્યું હતું? એ સર્વ કહેવાનું છે. સદ્ધર્મના દયાળુ તત્વ સાથે ભીષણ અને રક્તપાતપ્રિય યુદ્ધની સરખામણી કેવી રીતે થઇ શકે?"

વિલીયમ: "એ સર્વ સત્ય છે. પૂર્વના યુદ્ધમાં ન્યાય હતો કે અન્યાય હતો તે જોવાનું આપણું કર્તવ્ય નથી. આપણે સદ્યસ્થિતિ વિષે જોવાનું છે. કોઈ પણ કારણ માટે ગમે તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય તોપણ યુદ્ધમાં ઉભા રહેવું તે અન્યાયજ છે કે? મ્હારો નિશ્ચય થયો છે કે આ યુદ્ધનો જન્મદાતા કયસર છે. તેને સર્વ જગતપર સ્વસત્તા ચલાવવી છે. અન્ય પ્રજાઓના પ્રદેશ મેળવવાની દુષ્ટ ઇચ્છા તે રાખે છે. આવા સમયે ઇંગ્લાંડ જેવું રાષ્ટ્ર કયસરની મહત્વકાંક્ષાને તોડી પાડવા યુદ્ધમાં પ્રવેશ કરે તે સદ્ધર્મતત્વને સાનુકૂલ છે કે નહિ?"

"કદી પણ નહિ!"

વિલીયમ: "ત્યારે તમારૂં કહેવું એમજ છે કે કયસરને જેમ કરવું હોય તેમ કરવા દેવું કેમ? બેલ્જીયમ, ફ્રાન્સ ઇત્યાદિ રાષ્ટ્રોનો ચૂરો કરી નાખવામાં

તેને હરકત કરવી નહિ એમજ ને ?"

પ્રૉફેસરઃ "હું તેવું કહેતો નથી. મ્હારૂં કહેવું એટલુંજ છે કે, માનવજાતિના કોઈ પણ વ્યાધિપર યુદ્ધ એ યોગ્ય ઉપચાર નથી. તેનાથી માનવજાતિનું કલ્યાણ થવાનો સંભવ નથી. રક્તપાત, ખૂન, દારિદ્ર, દુષ્કાળ વગેરે ભયંકર વાતોને જન્મ આપનાર યુદ્ધ કદી પણ ધર્મસંમત થવું શક્ય નથી."

વિલીયમઃ "એ તો એક સામાન્ય વાત છે. પ્રથમ જર્મનીએજ યુદ્ધની વાત કરવી જોઈતી ન હતી, તે હું સ્વીકારૂં છું. યુદ્ધ એ એક નિંદનીય ઉપચાર છે એ વાત પણ સત્ય છે પરંતુ વર્તમાન સ્થિતિમાં શું કરવું જોઈએ તે જોવાનું છે. જર્મનીએ રાક્ષસીકૃત્ય કર્યું છે એ પણ ખરૂં છે. બેલજીયમને આપેલું વચન ક્યસરે તોડયું છે. ફ્રાન્સનો નાશ કરવા તે ઉદ્યુક્ત થયો છે. એવા સમયે ઇંગ્લાંડ જેવા સામર્થ્યશાલી રાષ્ટ્રે શું કરવું ? તે શાંત રહે એ યોગ્ય છે? બેલજીયમ અને ફ્રાન્સ જેવાં રાષ્ટ્રો સાથે કરારથી બંધાયલા ઇંગ્લાંડને સહાય કરવી એ પરમ કર્તવ્ય નથી કે? ચોતરફથી 'યુદ્ધ માટે તૈયાર થાવ! દેશની કીર્તિ માટે કમર કસો!' એવા પોકાર સંભળાતા હોય તો ખરા સદ્ધર્માનુયાયીએ શું કરવું ?"

પ્રૉફેસરઃ "આ પ્રશ્નનો ફક્ત એકજ ઉત્તર છે, સદ્ધર્મપ્રણેતાએ કરેલા સદુપદેશ પ્રમાણે ચાલવું. સર્વ જગતમાં શાંતિ ચિરસ્થાયી થાય, અખિલ મનુષ્યજાતિ બન્ધુભગિની પ્રમાણે પ્રેમથી રહે એ ઉદાત અને મહાન તત્વોનો પ્રચાર કરવાની સદ્ધર્મોત્પાદકોની આજ્ઞાને માન્ય કરવી જોઇએ. આપણે સાંભળીએ છીએ કે જો જર્મનીનો પરાજય નહિ કરીએ તો એકાદ સમયે આપણી સ્વતંત્રતા નષ્ટ કરવા તે ઉદ્યુક્ત થશે એ વાત ખરી છે, પણ તેની સાથે શું કર્તવ્ય છે? આ સર્વ સૃષ્ટિ અને તેમાં પ્રવર્તતા વ્યવહારો પ્રભુના હસ્તમાં છે તેથી તેની ઇચ્છા પ્રમાણે—તેણે સદ્ધર્મોપદેશ દ્વારા વ્યક્ત કરેલી ઇચ્છા પ્રમાણે—આપણે ચાલવું જોઇએ. પ્રત્યેક મનુષ્ય જો કંઈ પણ કારણ દર્શાવી પરમાત્માની આજ્ઞાનો ભંગ કરશે તો પછી જગત કલ્યાણની અને ઉન્નતિની આશા ક્યાંથી રાખી શકાશે ?"

પ્રૉફેસર સાહેબના ભાષણથી વિલીયમના મનને સંતોષ થયો. તેને

લાગ્યું કે: "મ્હેં જે કર્યું છે તે યોગ્ય છે" છતાં પણ હજી સુધી તેની શંકા સર્વાંશે નષ્ટ થઈ ન હતી. તેને લાગતું કે પ્રૉફેસર કંઇ પણ ભૂલે છે ખરા પણ ક્યાં ભૂલે છે તે કહેવાનું સામર્થ્ય તેનામાં ન હતું.

રાત્રીનો સમય હતો. વિલીયમ એક હૉટેલ તરફ જતો હતો એટલામાં તેને એક સ્ત્રીનો હૃદયવિદારક સ્વર સંભળાયો. તેણે તેની નજીક જઈ જોયું તો એક જંગલી મનુષ્ય તેને પકડી મારવાની તૈયારી કરતો જણાયો. વિશેષ વિચાર કરવામાં સમયનો અપવ્યય ન કરતાં વિલીયમ એકદમ તે જંગલી મનુષ્યપર ધસી ગયો અને તેને જમીનપર અફાળ્યો પણ તેજ ક્ષણે તે મનુષ્યની સહાયમાં બીજો એક જંગલી આવ્યો અને તે ઉભયે વિલીયમ પર હુમલો કર્યો. વિલીયમ તેમના આગળ બહુ વખત ઉભો રહી શકે તેમ નહતું. તેણે એક ચીસ પાડી પોલીસને બોલાવી થોડાજ વખતમાં પોલીસે તે બન્ને જંગલી મનુષ્યોને પકડયાં. પોલીસ અધિકારીએ વિલીયમનું નામ લખી લીધું અને તેનો આભાર માન્યો.

સ્થાનિક વર્તમાનપત્રોમાં આ શૂર કૃત્ય માટે વિલીયમની મુક્તકંઠે પ્રશંસા થઈ. પ્રૉફેસર રેંથોલે પણ કહ્યું:

"વિલીયમ! આ શૌર્ય તેં પ્રદર્શિત કરેલું જાણી હું તને અભિનંદન આપું છું."

વિલીયમ: "પણ પ્રૉફેસર સાહેબ! હું મહાન વિચારમાં પડી ગયો છું. જુસ્સાના આવેશમાં મ્હેં તે દુષ્ટો પર ધસારો તો કર્યો, પણ તે કૃત્ય સદ્ધર્મતત્વથી વિરૂદ્ધ હતું એમ મ્હને લાગે છે. આપે કાલેજ કહ્યું હતું કે, યુદ્ધ કદી પણ માનવજાતિના દોષ પર યોગ્ય ઉપચાર ગણી શકાતું નથી, પણ મ્હને તેમ લાગતું નથી. સર્વ બનાવ બળ ઉપર અવલંબી રહે છે. જો મેં યુદ્ધ ન કર્યું હોત તો પેલા જંગલીઓએ તે સ્ત્રીને મૃત્યુવશ કરી હોત અને પોલીસના સામર્થ્યાભાવે હું પ્રભુ પાસે પહોંચી ગયો હોત. સામર્થ્ય સિવાય કંઈજ નથી, પણ સદ્ધર્મના અહિંસાતત્વથી તે વિરૂદ્ધ છે ત્યારે મ્હારૂં કાલનું વર્તન યોગ્ય હતું કે અયોગ્ય હતું?"

પ્રૉફેસર: "ત્હારૂં વર્તન તદ્દન યોગ્ય હતું, એમાં લેશ પણ શંકા નથી."

"જ્યારે તમે એમ કહો છો ત્યારે મ્હારે કહેવું જોઇએ કે, ઇંગ્લાંડે જર્મની વિરૂદ્ધ યુદ્ધ જાહેર કર્યું તેમાં કંઈ ખોટું કર્યું નથી. કાલે પેલો જંગલી જેમ પેલી સ્ત્રીને છળતો હતો, તેમ જર્મનીએ બેલજીયમનો છળ કરવાનો આરંભ નથી કર્યો? જ્યારે તે સ્ત્રીના સંરક્ષણ માટે મ્હારૂં યુદ્ધ ન્યાયી હતું ત્યારે ઇંગ્લાંડનું જર્મની સામે થતું યુદ્ધ ન્યાયી કેમ નહિ?"

પ્રૉફેસર: "ત્હેં વર્તમાનપત્રોના છેલ્લા અંક વાંચ્યા છે કે? રણભૂમિપર કેવો ભયંકર રક્તપાત અને કેવા અત્યાચાર થાય છે તેની ત્હને કલ્પના છે કે?"

વિલીયમ: "એ સર્વે ખરૂં, પણ તેથી મ્હારા પ્રશ્નનો નિર્ણય થતો નથી. એ અત્યાચાર જ્યારે જર્મનીની દુષ્ટતાથી થાય છે ત્યારે જર્મનીને શાસન કરવું એ ઇંગ્લાંડનું કર્તવ્ય ખરૂં કે નહિ? લૉર્ડ કિચનર કહે છે કે: યુદ્ધ માટે યુવકોની આવશ્યકતા છે, તો મ્હારે શું કરવું?"

પ્રૉફેસર: "સદ્દધર્મતત્વનાં પુસ્તક વાંચ! સદ્દધર્મોત્પાદકે ઉપદેશેલાં અહિંસા–તત્વોનો હૃદયમાં સંગ્રહ કર!"

વિલીયમ: "હા, પણ—"

"મ્હને વિશેષ બોલવાનો સમય નથી." એમ કહી એકદમ પ્રૉફેસર સાહેબ ત્યાંથી ખસી ગયા.

પ્રકરણ ૧૨ મું.

જર્મનીની રાક્ષસી મહત્વાકાંક્ષા!

"બીજે દિવસે વિલીયમ લંડન આવ્યો. બૅરિસ્ટરની પરીક્ષા આપવાનો વિચાર દૃઢ થયો હતો. તે જો કે પ્રસ્તુત યુદ્ધ ન્યાયી છે એમ પ્રૉફેસર સાહેબને કહી ચૂક્યો હતો પણ તેનું અંતરંગ તેથી જુદું જ હતું. યુદ્ધ માનવજાતિમાં દર્શન દેતા ઉચ્ચતમ ગુણોનું સત્યાનાશ કરનાર છે, અર્થાત્ શાંતિનો પક્ષ નહિ ત્યજવાનો વિલીયમે નિશ્ચય કર્યો, પણ લોકમતના પ્રવાહના તેના હૃદય પર મહાન આઘાત થવા લાગ્યા. યુદ્ધ સિવાય અન્ય

શબ્દજ સંભળાતો નહોતો અને વર્તમાનપત્રોમાં પણ અગ્રસ્થાને એના સિવાય અન્ય કંઇ ચર્ચાજ નહતી.

લંડન ગયા પછી જર્મનીના પક્ષમાં લખનાર એક વર્તમાનપત્રનો અંક તેને મળ્યો. તેમાં કયસરની યુદ્ધ કરવાની ઇચ્છાજ નહતી એમ સિદ્ધ કર્યું હતું. તેણે યુદ્ધ અટકાવવા અવિશ્રાંત પરિશ્રમ કર્યો હતો. જો તેની યુદ્ધ કરવાની ઇચ્છાજ હોત તો તે આટલાં વર્ષ સુધી શાંતિ સુખમાં રહેતજ નહિ. ખરી રીતે અન્ય રાષ્ટ્રોએ જર્મનીને યુદ્ધમાં ઉતરવાની ફરજ પાડી છે એટલે તેને કર્તવ્યાધીન થયા સિવાય ચાલે તેમ નથી. વગેરે પ્રકારના તેમાં લેખો પ્રકટ થયેલા હતા.

એક દિવસે સંધ્યા સમયે વિલીયમ એક ન્હાના ઉપહાર ગૃહમાં બેઠો હતો. ત્યાં તેનો એક પરિચિત મનુષ્ય આવી પહોંચ્યો. તેણે વાત કરતાં વિલીયમને કહ્યું:

"પરમ દિવસે મ્હેં એક આશ્ચર્યકારક વાત સાંભળી છે."

"કેવી ?"

"અલસાસના એક શ્રીમંત પેઢીવાળાની સાથે મ્હારે ઓળખાણ છે. તેણે મ્હને કહ્યું કે: "કેટલાક દિવસ પર કયસરની સાથે ભોજન લેવાનો તેને પ્રસંગ પ્રાપ્ત થયો હતો. ત્યારે કયસરે કહ્યું હતું કે, સમગ્ર યુરોપ ભૌતિક પ્રગતિનો ગુલામ બનતો જાય છે અને સદ્ધર્મનો ત્યાગ કરતો જાય છે. યુરોપખંડના એ મહાન વ્યાધિને નષ્ટ કરવાનું કાર્ય ઇશ્વિરે જર્મનીને સોંપ્યું છે. જર્મનીના બાદશાહ તરીકે યુરોપનું સંરક્ષણ કરી સર્વ યુરોપમાં સદ્ધર્મતત્વની જાગ્રતી કરવી એ હું મ્હારૂં કર્તવ્ય માનું છું. મ્હને લાગે છે કે તે નાસ્તિકત્વના ભયાનક રોગથી યુરોપનું રક્ષણ કરવાનો માર્ગ કેવળ યુદ્ધજ છે. "તે પેઢીવાળાને કયસરનું આ ભાષણ ખરા હૃદયનું હોય તેમ લાગ્યું. મ્હને લાગે છે કે; કયસર જેવો ધર્મનિષ્ઠ મનુષ્ય આ જગત્માં ભાગ્યેજ હશે."

કેટલીક વારે તે માણસ ગયા પછી વિલીયમ ત્યાંથી ઉઠયો અને ઉપહારગૃહની પાછલી બાજુએ એક વૃક્ષ નીચે બાંકડા પર જઇ બેઠો. ત્યાંથી ઉપહારગૃહમાં શું થાય છે તે જણાતું હતું, પણ તે વૃક્ષનાં ડાળ પાંદડાં આડે આવવાથી ઉપહારગૃહમાં બેઠેલા મનુષ્યો તેને જોઇ શકતા નહતા.

થોડી વારે બે ગૃહસ્થે ઉપહારગૃહમાં પ્રવેશ કર્યો અને તેમને જોઇતા પદાર્થ આપી નોકર ચાલ્યો ગયો.

તેમાંનો એક જણ બોલ્યો: "સુભાગ્યે અહીં કોઇ જણાતું નથી. હવે અહીં મુક્ત ચિત્તે વાત કરી શકીશું."

"અને કોઇ હોય તો પણ આપણને શી હરકત આવે એમ છે! ઇંગ્રેજો જેવા અજ્ઞાન્ મનુષ્યો પૃથ્વીના કોઈ પણ ભાગમાં નહિ હોય. તેમને ફસાવવા, એ તો ઘણું સહેલું છે. આપણા માતાપિતાએ આપણને પ્રથમથી ઇંગ્લાંડમાંજ શિક્ષણ અપાવ્યું છે તેથી ઇંગ્લિશ ભાષા અસ્ખલિત બોલી શકાય છે, એટલે એ પણ અતિશય ઉપયોગી થયું છે."

"વિલીયમનું રક્ત ઉષ્ણ થવા લાગ્યું. તેને લાગ્યું કે આ બેમાંથી એક મનુષ્યને મ્હેં કોઈ સ્થાને જોયો છે, પણ તેનું સ્થળ સ્મરણ થઇ શક્યું નહિ. બન્ને જાણે કે ઇંગ્લિશ ગૃહસ્થ હોય તેમ જણાતું હતું.

પહેલો મનુષ્ય બોલવા લાગ્યો: "કયસરને કેટલીક ઉપયોગી સૂચના કરવા માટે કૉર્નવાલ પ્રાંતમાંથી મ્હને ઠીક માહીતી મળી છે."

બીજો: "શું કહે છે?"

પહેલો: "ખરૂં કહું છું. સેંટ જોન નામના ગામડામાંથી એ સર્વ મેળવવાને હું ભાગ્યશાળી થયો છું."

વિલીયમ ચમક્યો. તેણે તે માણસને ઓળખ્યો. તેની ખાત્રી થઈ કે તે માણસ કે જે પોતાને વીમર કહેવડાવતો હતો તેજ છે. પણ તેનું તે સમયનું અને અત્યારનું સ્વરૂપ તદ્દન ભિન્ન પ્રકારનું લાગતું હતું.

તે માણસ વિશેષ બોલ્યો: "મ્હને ખબર મળી કે સેંટ જોનમાં એક પેન્શન પર ગયેલો મ્હોટો ગૃહસ્થ રહે છે. તે દરિયાઇ લશ્કરી ખાતામાં ઍડમિરલની પદવી પર હતો. બ્રિટિશ દરિઆઇ બળ વિષે હકીકત મેળવવાના ઉદ્દેશથી હું તે ગામમાં ગયો હતો. તેની પુત્રીપર એક વિલીયમ નામક યુવકનો પ્રેમ થયેલો છે, એમ જાણી મ્હેં તેનો પરિચય કરી લીધો."

બીજો: "તેં કયું નામ ધારણ કર્યું હતું?"

પહેલો: "તેણે મ્હારૂં નામ પુછ્યું ત્યારે મ્હેં ત્હને પ્રથમ કહ્યું હતું

તેમ મ્હારૂં વીમર નામવાળું કાર્ડ તેને આપી દીધું હતું. વિલીયમ યુદ્ધને ધિક્કારે છે. તેના જેવો મૂર્ખ મ્હેં બીજો કંઈ જોયો નથી. તેને તો શાંતિનીજ ઘેલછા લાગેલી છે ! મ્હેં પણ તેવોજ વેશ ભજવ્યો અને યુદ્ધ વિષે તિરસ્કાર પ્રદર્શિત કર્યો. આટલા ટુંકા પ્રયાસથી મ્હેં નહોતું ધાર્યું કે મ્હારૂં કાર્ય સફળ થશે. મ્હેં એક બંગલો રાખવાનું બહાનું કરી વિલીયમ દ્વારા નિષ્કપટી વૃદ્ધ નેલ્સન અને તેના જેવા બીજા ગૃહસ્થોનું પણ ઓળખાણ કરી લીધું. પછી ધીમે ધીમે યુક્તિ પ્રયુક્તિથી સર્વ પ્રકારની વાતો કરતાં કયસરને ઇંગ્લાંડનું જે રહસ્ય જાણવાની ઉત્કંઠા હતી તે બધું મ્હેં જાણી લીધું. તે વૃદ્ધ એડમિરલનો બહુબોલો સ્વભાવ અને વિલીયમના શાંતિવાદનું વારંવાર સ્મરણ થતાં મ્હને હાસ્ય થયા કરે છે. નેલ્સન બ્રિટિશ કાફલાનો પક્કો અભિમાની છે. તે કહે છે કે: સર્વ જગત્‌માં અમારા જેવું દરિઆઇ લશ્કરી બળ કોઇની પાસે નથી. તે બિચારાને કયસરના મુત્સદ્દીપણાનો ખ્યાલ પણ ક્યાંથી હોય ? ઇંગ્લાંડે આજ સુધીમાં જગતમાં ઉચ્ચસ્થાન મેળવી રાખ્યું છે અને મગરૂર રહ્યું છે પણ તે નથી જાણતું કે હવે સમય બદલાયો છે ! ”

બીજોઃ “ વર્તમાન સમય યુદ્ધને યોગ્ય છે એમ તું માને છે? એક વખત યુદ્ધ થવાનું હતું એ નિશ્ચય હતું પરંતુ કયસરે ઉતાવળ કરી છે એમ ત્હને નથી લાગતું ? તેનો પ્રથમ વિચાર, ફ્રાન્સને નષ્ટ કરી સર્વ દરિયાઇ લશ્કર સ્વસત્તામાં લીધા પછી ઇંગ્લાંડ પર હુમલો કરવાનો હતો પણ વ્યૂહ રચનામાં ભૂલ થઇ છે. આપણે માનતા હતા કે: ઇંગ્લાંડ સાથે ઇ. સ. ૧૯૨૦ માં જર્મની યુદ્ધ કરશે. ”

પહેલોઃ “ ત્હારૂં કહેવું બરાબર છે, પણ પરિણામ ગમે ત્યારે સરખુંજ છે. રૂશિઆ અને બાલ્કન સંસ્થાનોને આસ્ટ્રિઆ અટકાવી રાખશે, ત્યાં સુધીમાં કયસર પેરિસ લેશે, પછી રૂશિઆનું અભિમાન જર્મની સહેલાઇથી તોડી નાખશે.”

બીજોઃ “ પણ ઇંગ્રેજો યુદ્ધકળામાં નિપૂણ મનાય છે.”

પ્રથમઃ “ બહુ નિપૂણ ! અતિશય નિપુણ ! એકે એક જર્મન જાણે છે કે: બોર યુદ્ધમાં તેમનું બળ સર્વ જગત્ જાણી ગયું છે. સીત્તેર હજાર ખેડુતોને વશ કરવા માટે ચાર વર્ષ સુધી તેમને લઢવું પડયું હતું ! જે પ્રજા ખેડુતો

સામે ટકી શકતી નહતી તે જર્મન સૈનિક આગળ કેમ ઉભી રહી શકશે? ત્રણ અઠવાડિઆમાં આપણું અજીત સૈન્ય પૅરિસમાં આવી પહોંચશે! પૅરિસ હસ્તમાં આવ્યું કે પછી લૉર્ડ કિચનરના સૈન્યને નષ્ટ કરતાં શી વાર?"

હવે વિલીયમ શાંત રહી શક્યો નહિ. તે ત્યાંથી ઉઠયો અને પાછળના દ્વારમાં પ્રવેશ કરી ઉપહાર ગૃહના માલીકને સર્વ હકીકત કહી. તે અને બીજા બે ત્રણ ગૃહસ્થો ઉપરોક્ત જર્મન જાસૂસોના ટેબલ પાસે ગયા તેટલામાં તો તે અદૃશ્ય થઈ ગયા!"

વિલીયમ સ્વસ્થાને પાછો ફર્યો. તેના મસ્તિષ્કમાં જર્મન જાસુસોની વાર્તા ભ્રમણ કરી રહી હતી. તે જાણતો હતો કે, પ્રત્યેક સરકારને જાસુસો રાખવાની જરૂર હોય છે; પણ તેને આ જાસુસો માટે ચિંતા થવાનું કારણ જુદુંજ હતું. એ જાસુસોએ વિલીયમને ફસાવી બ્રિટિશ સામ્રાજ્યને અપાય-કારક હકીકત મેળવી હતી. વિલીયમનો નિશ્ચય થયો કે, કયસર ઘણા લાંબા વખતથી યુદ્ધની તૈયારી કરી રહ્યો હતો. તે આત્મપ્રતિ કહેવા લાગ્યો:

"જર્મન સૈન્ય સ્વસંરક્ષણ માટે અસ્તિત્વમાં આવ્યું નથી પણ અન્ય રાષ્ટ્રો પર અન્યાયથી હુમલો કરી સ્વસત્તાનો વિસ્તાર વધારવાની ઇચ્છાથી યોજાયું છે. ખરેખર, જર્મની ઈંગ્લાંડનો વૈભવ સહન કરી શકતું નથી અને તેની રાક્ષસી મહત્વાકાંક્ષાજ તેને યુદ્ધમાં પ્રવૃત્ત કરે છે. જર્મની કેવળ યુદ્ધ કરવા માટે–રક્તપાન કરવા માટે જન્મેલા રાક્ષસો, પિશાચો અને ક્રૂર માન-વીઓ ઉત્પન્ન કરનાર ફૅકટરી છે! કયસરની લાલસા અમર્યાદિત છે. આ સત્ય ખરેખર પ્રભુએજ મ્હને સમજાવ્યું છે."

"કદાચિત જર્મની આ કાર્યમાં વિજય પ્રાપ્ત કરશે તો પરિણામ શું આવશે? શું મ્હારી શાંતિની આશા વિલય પામશે?" વિલીયમ વિચાર કરવા લાગ્યો: "બસ! એ રાક્ષસી વૃત્તિના કયસરની, જગતમાં અશાંતિ ઉત્પન્ન કરનારા ઉન્મત્ત જર્મન સૈનિકોની અને પોતાની પ્રચંડ મહત્વાકાંક્ષા તૃપ્ત કરવા માટે મનુષ્યોનો ભોગ લેતા જર્મન યુદ્ધપિશાચોનો ગર્વ નષ્ટ કરવો જોઇએ! પણ હું કેવા ક્રૂર વિચાર કરૂં છું! શું શયતાન સાથે યુદ્ધ કરી હીન સ્થિતિને પ્રાપ્ત થવા જેવું એ કાર્ય નથી? મ્હારે કહેવુંજ પડે છે કે

સદ્ધર્મતત્વનું પ્રતિપાદન કરનારા મહાત્માની અહિંસા વિષયક આજ્ઞા કેવળ અસત્ય છે ! ના, ના, સદ્ધર્માનુયાયી યુદ્ધમાં પ્રવેશ કરી શકેજ નહિ. પ્રભુ ! પ્રભુ ! સદ્બુદ્ધિ આપ !"

આવા વિચાર કરતો વિલીયમ શાંત થવા પ્રયત્ન કરતો પણ તેજ ક્ષણે પુનઃ તેના શાંતિ પ્રિય હૃદય પર તેથી વિરૂદ્ધ દિશાના વિચારો ધસી આવ્યા. તેની જાજવલ્ય સ્વદેશભક્તિ અને જન્મભૂમિ પરનો અમર્યાદ પ્રેમ પણ જર્મન મહત્વાકાંક્ષાઓને નષ્ટ કરવા પ્રોત્સાહન આપવા લાગ્યો. પુનઃ તેને લાગ્યું કે: "જગત્માં અશાંતિને જન્મ આપતા ઉન્મત જર્મન યુદ્ધભક્તોને નષ્ટ કરવા પ્રત્યેક શાંતિ પ્રિય મનુષ્યે પ્રયત્નશીલ થવું એજ ખરૂં કર્તવ્ય કર્મ છે. પણ નહિ," તે બોલી ઉઠ્યો: "આ વિકારોનો ભોગ થઇ પડી સદ્ધર્મોત્પાદકની પવિત્ર આજ્ઞાનું ઉલ્લંઘન થઇ શકેજ નહિ. શત્રુ પર પ્રેમ રાખ ! કોઇ ત્હારા ડાબા ગાલ પર તમાચો મારે તો જમણો ગાલ ધર ! એવું માનનારો સદ્-ધર્મનિષ્ઠ માનવ યુદ્ધમાં પડી વિશ્વ બન્ધુઓની હત્યા કેમ કરી શકે ? છટ્ ! એમ બની શકેજ નહિ. ગમે તેવી મહાન હાની થાય પણ નિશ્ચયથી ચલિત નહિજ થઉં !"

ખરેખર, વિલીયમને હાની પણ ઓછી થઇ નહતી ! વાચક ! તેણે પરમપ્રિય, પ્રાણતુલ્ય સર્વાંગ સુંદર લિલીનો પવિત્ર અને નિસ્સીમ પ્રેમ ખોયો હતો. હવે લિલીની પ્રાપ્તિ સંભવિત નહતી. ભીરૂ, બાયલો, કર્તવ્ય પરાંઙ્મૂખ, દેશદ્રોહી, પાપી વગેરે વિશેષણ–ઉપાધીઓ તેને મળી ચૂકી હતી. તે સમાજથી દૂર થયો હતો ! એ કંઇ જેવો તેવો ભોગ નહતો.

વિલીયમે ખીસામાંથી પૉકેટ–બુક કાઢી અને તેમાંથી લિલીએ આપેલું શુભ્ર પીંછું બહાર કાઢ્યું. એ પીંછાં પર શી નિશાની હતી ? ઉપરોક્ત સર્વ વિશેષણો એ પીછું વ્યક્ત કરતું હતું.

આ પ્રમાણે વિલીયમ વિચારનિદ્રામાં નિમગ્ન હતો તેટલામાં પોષ્ટમેને આવી તેના હસ્તમાં એક પત્ર મૂક્યો.

"માતાનોજ હોવો જોઇએ." કહી તેણે તે પત્ર ફોડ્યો.

પ્રકરણ ૧૩ મું.

કપ્તાનની કુટીલતા.

પત્રની હકીકત પરથી જણાતું હતું કેઃ ઑક્સફર્ડના સ્થાનિક વર્તમાનપત્રોના અંક વિલીયમની માતાના વાંચવામાં આવ્યા હતા. તે પત્રમાં નીચે પ્રમાણે લખેલું હતું:—

" વિલીયમ, મ્હને અભિમાન થાય છે કેઃ તેં એક પ્રકારે સેવા ધર્મનું પાલન કર્યું છે. જનસમાજ કહેતો કેઃ વિલીયમ બ્હીકણ છે તેથી ભય પામી નાસી ગયો છે, પણ ત્હેં ઑક્સફર્ડમાં જે શૂરવીરને શોભે તેવું કૃત્ય કર્યું છે તે પરથી સિદ્ધ થાય છે કે, જનોપવાદ અસત્ય છે. તે દિવસના વર્તમાનપત્રની પચાશ પ્રત મંગાવી સ્નેહીઓ અને આમ જનો તરફ મ્હેં મોકલી છે. અહીંના સ્થાનિકપત્રમાં પણ ત્હારા પરાક્રમની સવિસ્તર હકીકત પ્રસિદ્ધ કરાવવાની મ્હેં વ્યવસ્થા કરી છે.

" વિલીયમ, ત્હારા સ્વભાવનું ગૂઢ હું સમજી શકતી નથી. ત્હેં ત્હારા શાંતિવાદનાં તત્વોને દૂર રાખી એક અનાથ સ્ત્રીનું બે નરપિશાચોના પંજામાંથી સંરક્ષણ કર્યું છે; ત્યારે તેના રક્ષણાર્થે દુષ્ટોને શાસન કરવામાં અને બેલ્જીયમ જેવા અનાથ રાષ્ટ્રને નષ્ટપ્રાય કરવામાં જર્મનીને શાસન કરવામાં ત્હને ભિન્નતા જણાય છે તે નવાઈ જેવું નથી ?"

" લિલી નર્સ થઈ ફ્રાન્સ જવાની છે તે તું જાણતો હોઈશ. કૅપ્ટન લેનૉક્સને તેણે અદ્યાપિ સુધી કંઈ વચન આપ્યું નથી; પણ તે થોડા વખતમાં અપાશે એમ લાગે છે. હું ધારૂં છું કે તે કૅપ્ટનના સહવાસમાં રહેવાની ઇચ્છાથીજ પરદેશ જતી હશે.

"વિલીયમ ! ત્હેં તેના વિશુદ્ધ પ્રેમને ગુમાવ્યો છે. મ્હેં સાંભળ્યું છે કે, તે હવે ત્હને ધિક્કારે છે. ત્હારા જેવા કાયર પુરૂષને ઘરમાં આવવા જવા દીધો તે માટે નેલ્સન પશ્ચાતાપ પ્રદર્શિત કરે છે. વિલીયમ ! મ્હારા હૃદયની શી સ્થિતિ હશે તેની તું કલ્પના કર. તું રણયજ્ઞમાં અધિષ્ઠિત થાય તેથી મ્હને હરનિશ ચિંતા થાય પરંતુ વર્તમાન સમયના ત્હારા વર્તનથી જે દુઃખ થાય છે તેના આગળ તે કનિષ્ઠમાં કનિષ્ઠ છે. હું સાંભળું કે: મ્હારા પુત્રે સ્વદેશ માટે સ્વાત્મભોગ આપવાનો નિશ્ચય કર્યો છે; તો મ્હને કેટલો આનંદ થાય? ત્હારા શૂરકૃત્યનો વૃતાંત વાંચ્યો તે પહેલાં સ્નેહીઓને મ્હારૂં મુખ બતાવતાં હું શરમાતી હતી."

વિલીયમે દીર્ઘ નિશ્વાસ નાખી પત્ર બંધ કર્યો: "દુષ્ટોથી એક અબળાનું રક્ષણ કરવું એ ન્યાય છે ત્યારે પણ નહિ, એવા વિચાર મનમાં આવવા દેવો એજ પાપ છે." તે સ્વપ્રતિ બોલ્યો: "જર્મને યુદ્ધ કરવાની નીચતા સ્વીકારી માટે શું ઇંગ્લાંડે પણ તેમ કરવું? કુતરૂં બચકું ભરે તો તેને માણસે બચકું ભરવું એ ભૂષણાસ્પદ મનાય ખરૂં કે?"

બીજે દિવસે, સંધ્યાસમયે ઇમ્પીરિયલ નાટક ગૃહમાં એક મહાન સભા મળનાર છે, એવા અર્થનાં હસ્તપત્રક હેંડબીલો વિલીયમના હસ્તમાં આવ્યાં. સભાનો ઉદ્દેશ એ હતો કે: યુદ્ધનાં વાસ્તવિક કારણ શાં છે અને રાષ્ટ્રનું કર્તવ્ય શું છે તે સમજાવવું. વિલીયમ યોગ્ય સમયે નાટકગૃહ તરફ જવા નીકળ્યો.

માર્ગક્રમણ કરતાં કરતાં તે એક પુસ્તકની દુકાન આગળ અટક્યો. પહેલાં તેણે અનેક વખતે એ દુકાનની જે સ્થિતિ જોઇ હતી, તેમાં આજે પરિવર્તન થયેલું જોઇ તેને આશ્ચર્ય થયું. "નૂતન નવલકથા, આદર્શચરિત્રો, ઐતિહાસિક નવલકથા!" વગેરે પ્રકારની જાહેર ખબરોને સ્થાને યુદ્ધવિષયક પુસ્તકોની જાહેર ખબરો અને પુસ્તકોથી દુકાન પરિપૂર્ણ બનેલી હતી. ચોતરફ દૃષ્ટિ ફેરવતાં તેણે બાજુની દિવાલપર મ્હોટા અક્ષરે ધ્યાન ખેંચતી એક જાહેરાતનું પાટીયું જોયું. તેમાં નીચે પ્રમાણે હતું:

જર્મની અને ભાવિ યુદ્ધ.

લેખક:—જનરલ બર્નહાર્ડિ.

એક પ્રસિદ્ધ જર્મન સેનાનાયકે વ્યક્ત કરેલા જર્મનીના વિલક્ષણ વિચાર અને મહત્વાકાંક્ષા !

આ પુસ્તક જર્મનીમાં અત્યંત લોકપ્રિય થયેલું છે. જર્મનીના બાદશાહ કયસરે પ્રત્યેક દેશાભિમાનીને વાંચવા ભલામણ કરેલી છે!

વિલીયમે તે પુસ્તક વેચાતું લીધું.

કેટલીક વારે વિલીયમે ઇમ્પીરિયલ નાટકગૃહમાં પ્રવેશ કર્યો. પ્રેક્ષકોની સંખ્યા અતિ મ્હોટી હતી. દેશભક્ત અને રાષ્ટ્રપ્રેમી કંઠોમાંથી નીકળતો રોમાંચોત્પાદક ધ્વનિ સર્વત્ર ઘૂમી રહ્યો હતો.

"બસ !" વિલીયમ બડબડ્યો: "સ્વદેશભક્તિમાં એક પ્રકારની દૈવી-શક્તિનો નિવાસ છે, એમાં કંઇ શંકા નથી. રાષ્ટ્રપ્રેમ સ્વર્ગીય સુખનું નિધાન છે. માનવ અંતઃકરણમાં રાષ્ટ્રપ્રેમની ભાવના અક્ષય રહેશેજ. તેનો ત્યાગ કરવાનો—તેને ભૂલી જવાનો પ્રયત્ન કરવો એ તો વ્યર્થજ છે."

અલ્પ સમયમાં પ્રેક્ષકોના જયનાદની ગર્જના વચ્ચે ભાષણકર્તા પ્લૅટફોર્મ પર આરૂઢ થયા.

આજના ભાષણમાં પ્રમુખસ્થાને દરિઆઈ લશ્કરના પ્રધાન હતા. તેમણે પ્રમુખ તરીકે ભાષણ કર્યું. તે જો કે શ્રોતાઓને વિકારવશ કરનાર નહતું તો પણ તેમાં તેમણે યુદ્ધનાં કારણો વિષે તથા ઈંગ્લાંડની ન્યાયપ્રિયતા વિષે ઉત્કૃષ્ટ રીતે વિવેચન કર્યું હતું, અને સર્વ પ્રેક્ષકોએ વાહ! વાહ! કહી તેને વધાવી લીધું હતું.

"યુદ્ધ કદાચિત ન્યાયીકૃત્ય મનાવાનું સંભવિત હશે." વિલયમે વિચાર કર્યો: "પણ ઇંગ્લાંડે જે યુદ્ધમાં ઝપલાવ્યું છે તે કદી ન્યાયી મનાશે નહિ. અરે, પણ મનુષ્યનો વધ કરનાર યુદ્ધ ન્યાયી થવું કેમ સંભવિત હોય ? જર્મન લોકો યૂરોપની શાંતિ નષ્ટ કરે તે અન્યાય છે, અધર્મ છે એ તો તદ્દન સત્યજ છે; પણ રક્તપાત બંધ કરવા રક્તપાતનાં સાધનોનો ઉપયોગ

કર્યા સિવાય ચાલે તેમ નથી ? પશુતુલ્ય ઉન્મતપણાને નષ્ટ કરવા ક્રૂરતા અને અનંત દુઃખની વૃદ્ધિ કરવાની શી જરૂર ? શું એ સિવાય બીજો કોઈ માર્ગ નથી ?"

બીજા વક્તાનું ભાષણ વક્તૃત્વપૂર્ણ હતું. શ્રોતાઓ ઉપર તેની સારી અસર થઈ હતી. તેણે પોતાના ભાષણમાં નીચે જણાવેલી વાત કહી હતી:

"બર્લિનમાં યુદ્ધ પૂર્વે આપણા વકીલને કયસરના વકીલે પૂછ્યું હતું કે: "અમે બેલજીયમ અને ફ્રાન્સ વિરૂદ્ધ યુદ્ધ જાહેર કરીએ તો તમે જર્મની વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરશો કે ?" આ પ્રશ્નના ઉત્તરમાં આપણા વકીલે પૂછ્યું કે: "યુદ્ધનું કંઇ કારણ ?" ત્યારે જર્મન વકીલે કહ્યું કે: "તમે બેલજીયમ અને ફ્રાન્સનું રક્ષણ કરવાના કરાર ઉપર સહી કરેલી છે તેથી જાણવાની જરૂર છે." આપણા વકીલે એ ચર્ચા વિષે વિશેષ માહિતી મેળવવાની ઇચ્છાથી કહ્યું: "કરારનો ભંગ થઇ શકે ખરો ?" તુરતજ તે વકીલે સલાહ આપતાં જણાવ્યું કે: "કરાર એટલે શું ? એક કાગળ ઉપર લખાયલા શબ્દો ! અરે એક કાગળનો ટુકડો ! ક્ષુદ્ર ટુકડા માટે શું તમે જર્મન જેવા બળવાન રાષ્ટ્ર સાથે યુદ્ધમાં ઉતરવાનું સાહસ કરશો ?"

"સદ્‌ગૃહસ્થો ! મ્હને કહેવા દો કે; હમણાં હું કહી ગયો તેમાં જર્મન વકીલે આપેલી સલાહ, કહો કે આપણા તરફની તેણે રાખેલી આશા શું વ્યર્થ ન મનાય ? શું કરારને કાગળનો ટુકડો માનવો તે ન્યાય છે ? તેની માન્યતાનો અર્થ તો એટલોજ થઇ શકે કે: પ્રભુની મહાન આજ્ઞાઓ જે કાગળપર ઉતરી છે તે પણ નિરર્થક છે ! તે એક ખરો નાસ્તિક છે. શયતાન છે. અરે ! નરપિશાચ છે. શું એ વ્યવહારને આપણે માન આપી શકીએ ? જગતમાં થતા વ્યવહારોમાં માત્ર સત્ય એજ પ્રભુને પ્રિય છે. સત્યને માટેજ સર્વ શાસ્ત્રો રચાયાં છે. સત્ય એજ સાચી શાંતિને જન્મ આપનાર દેવીવ્રત છે. તમેજ કહો કે એવા સત્યનું અવલંબન કરવામાં ઇંગ્લાંડે પાછળ રહેવું જોઇએ ?"

"નહિ. કદી નહિ !" અન્ય પ્રેક્ષકો સાથે વિલીયમ પણ પોકારી ઉઠયો.

પણ તેટલામાંજ તેને સદ્ધર્મનું સ્મરણ થયું. સદ્ધર્મનિષ્ઠ મનુષ્ય યુદ્ધમાં પ્રવેશ કરી શકેજ નહિ. કયસરને પણ જો સદ્ધર્મતત્વનું સ્મરણ

કરાવતાં કહ્યું હોત કે: " ત્હારા જેવો ધર્મનિષ્ઠ કહેવડાવનારો બાદશાહ યુદ્ધ ઉપસ્થિત કરે—અસંખ્ય મનુષ્ય બન્ધુઓની ક્રુરતાથી હિંસા થવા દેવા માટે ઉધુક્ત થાય તે યોગ્ય છે, ત્હને ભૂષણાવહ છે ? તો આ શબ્દો સાંભળતાંજ તેણે પોતાની સમશેર નમાવી ન હોત કે ? સદ્ધર્મ પ્રેમી કહેવડાવનારા મનુષ્યો યુદ્ધને "ન્યાય" એ વિશેષણ કેવી રીતે આપે છે ? તેઓ પોતે તેવાં દુષ્ટકૃત્યોમાં કેમ પ્રવૃત્ત થાય છે તેજ મ્હને સમજાતું નથી !"

ત્રીજા વ્યાખ્યાનકારે એક સ્વાનુભવની વાત કહેતાં કહ્યું:—

"ગૃહસ્થો, આજે હું તમોને કહેવાતા શાંતિપ્રિય કયસરની ઇચ્છા જણાવનારા સ્વાનુભવ કહેવાનો છું તે પરથી તમે સહજમાં કલ્પના કરી શકશો કે કયસર અધર્મની પ્રતિમૂર્તિરૂપજ છે. તે ધર્મને ઇચ્છતો નહોતો. તે માત્ર સ્વસત્તાનો પ્રચાર એજ ધર્મકૃત્ય માનતો હતો. હું જે વાત કહેવાનો છું તે ૭ વર્ષ ઉપરની છે. ૭ વર્ષ પૂર્વે બાર્લીનમાં મળેલી શાંતિ ઉત્પાદક પરિષદમાં હું ગયો હતો. તે પરિષદ પરસ્પર રાષ્ટ્રમાં થતા કલહો અને યુદ્ધ માટે ક્રૂર અને ઘાતકી ઉપાયોને સ્થાને કયા શાંત ઉપાયો યોજી શકાય તેની ચર્ચા માટે જન્મ પામી હતી. પણ અફસોસ ! તે પરિષદનો અંત કેવી રીતે આવ્યો ? ધ્યાનમાં રાખો કે: એ પરિષદ જર્મનીના પાટનગર બર્લિનમાં મળી હતી. મ્હારા જેવા અનેક મનુષ્યો—શાંતિના ઉપાસકો શાંતિ સાચવવાના ઉચ્ચતમ અને પવિત્ર વિષયનો ઉહાપોહ કરવા એકત્ર થયા હતા."

વિલીયમ રોમાંચિત થયો. જગતમાં શાંતિનું અબાધત સામ્રાજ્ય સ્થાપવાની તેની ઉચ્ચતમ મહત્વાકાંક્ષા હતી. એજ તેનું ઉચ્ચતમ ધ્યેય હતું.

"અમે એકત્ર શા માટે થયા હતા? શાંતિનું સામ્રાજ્ય સ્થાપવા માટે?" વ્યાખ્યાનકાર બોલવા લાગ્યો: "અમારી પરિષદનો અધ્યક્ષ પ્રાસ્તાવિક ભાષણ માટે ઉભો થયો ! તેના મુખમાંથી "ગૃહસ્થો," એટલા શબ્દો નીકળ્યા ન નીકળ્યા તેટલામાં જર્મન સરકારે મોકલેલા સૈનિક આવી પહોંચ્યા અને તેમણે પ્રતિનિધિઓને ત્યાંથી ચાલ્યા જવાની ફરજ પાડી. તમે સમજી શક્યા હશો કે: રાષ્ટ્રોમાં શાંતિ કેવી રીતે રાખી શકાય—માનવજાતિ ક્યાં સાધનથી શાંતિનું અક્ષયસુખ અનુભવે એ પરમ પવિત્ર વિષયની ચર્ચાને પણ જર્મનીના પાટનગરમાં આવકારદાયક માનવામાં આવતી નથી ! જો એવા રાષ્ટ્રને યૂરોપમાં સ્વેચ્છાચારી બનવા દેવામાં આવે તો ઇંગ્લાંડની સ્વતંત્રતાની શી સ્થિતિ થાય?"

વિલીયમ આશ્ચર્યચકિત થયો. તે ત્યાંથી ઉઠી ગયો. શું? જગતમાં શાંતિ કેમ રાખી શકાય તેની ચર્ચા પણ કયસરને પ્રિય નથી? શું જર્મની યુદ્ધ માટે–માનવજાતિનું રક્તપાન કરવા માટે–આટલું બધું ઉત્સુક થયેલું છે? કયસર અને તેના યુદ્ધપ્રિય મિત્રોની આસુરી ક્રૂરતા આટલે સુધી પોષાઈ છે?" વિલીયમ આવી ચમત્કારિક મનઃસ્થિતિમાં ઘર તરફ જતો હતો તેટલામાં માર્ગમાં એક સ્નેહી મળ્યો.

"વિલીયમ!" તેણે કહ્યું: "ત્હેં આ પત્ર વાંચ્યું કે? કયસરનું આજ્ઞાપત્ર કેવું છે તે જરા વાંચી તો જો?"

વિલીયમે વાંચી કહ્યું: "આમાં કયસર કહે છે કે: 'અમારા સૈનિકોને અમારી એવી આજ્ઞા છે કે, તેમણે પોતાનું સર્વ પરાક્રમ, સર્વ ધૈર્ય અને સર્વ શૌર્ય એકત્રિત કરી ઇંગ્લિશ સૈન્યને હતાશ કરવું–નષ્ટ કરવું–જનરલ ફ્રેંચે એકત્ર કરેલા ક્ષુદ્ર સૈન્યના ચૂરા કરી નાખવા."

વિલીયમનું હૃદય ક્રોધાગ્નિથી તપ્ત થવા લાગ્યું.

"એ હુકમનું જર્મન સૈનિક પાલન કરી શક્યા નથી!" તેના સ્નેહીએ કહ્યું: "જનરલ ફ્રેંચના ક્ષુદ્ર સેન્યને તેઓ નષ્ટ કરી શક્યા નથી. જર્મનીએ પોતાના ઉમદા ચૂંટી કાઢેલા સૈનિકો મોકલ્યા હતા અને તે પણ એક ઇંગ્રેજ સૈનિક પાછળ પાંચ જર્મન સૈનિક હતા તો પણ આપણી હાર ભેદવાની શક્તિ તેમનામાં જણાઇ નથી."

"તું હજી લશ્કરમાં દાખલ થયો નથી તેથી મ્હને આશ્ચર્ય થાય છે." વિલીયમે કહ્યું.

"મ્હેં પુષ્કળ પ્રયત્ન કર્યો, પણ મ્હારી દ્રષ્ટિ બરાબર નહિ હોવાથી મ્હને સૈન્યમાં લીધો નહિ. તું ક્યારે જઇશ?"

વિલીયમ કંઇ પણ ઉત્તર ન આપતાં ઘેર આવ્યો.

ઓરડીમાં ગયા પછી, "વખતનો વ્યય શા માટે કરવો?" એ પ્રશ્ન વિલીયમના મનમાં ઉપસ્થિત થયો. આવી વિકારવશ સ્થિતિમાં નિદ્રા આવવી શક્ય નહતી, તેને બર્નહાર્ડીના પુસ્તકનું સ્મરણ થયું. તે વાંચવા માંડયું અને તુરતજ તેમાં લીન થઇ ગયો.

પ્રકરણ ૧૪ મું.

નિશ્ચય.

જે પ્રમાણે ભૂકંપના જન્મથી રમ્ય સરોવરને સ્થાને પ્રચંડ પહાડ ઉત્પન્ન થાય છે અથવા પ્રચંડ વાયુથી દશેદિશા ધમધમી ઉઠે છે; અને સુરૂચિર તરૂરાજી નષ્ટ થઈ તે સ્થળે વૃક્ષવિહીન અરણ્ય તૈયાર થાય છે અથવા તો જાદુના કાલ્પનિક રાજ્યનો જાદુગર પોતાની સોટી ફેરવી પ્રશાંત સમુદ્રમાં તોફાન ઉત્પન્ન કરે છે તે પ્રમાણે આપણા નાયક વિલીયમનું ચિત્ત એક ન્હાનું પુસ્તક ક્યાં સુધી લઇ જાય છે તે હવે જોવાનું છે. તે પુસ્તકમાં પ્રકટ થયેલા સાહસિક પ્રમેયો પ્રત્યક્ષ આસુરી સ્વરૂપ લઈ તેની દૃષ્ટિ આગળ નૃત્ય કરવા લાગ્યા. આજસુધી હું યુદ્ધને અધર્મનું, અનીતિનું અને અન્યાયનું સંગ્રહાલય માનતો હતો; પણ આ લેખક શું કહે છે? " યુદ્ધ એ પ્રત્યેકનું આવશ્યક કર્તવ્યકર્મ છે ! યુદ્ધ સિવાય રાષ્ટ્રનું હિત સાધ્ય થતું નથી ! યુદ્ધ એ પ્રગતિનું પોષક છે એટલુંજ નહિ પણ તેના જેવો અન્ય સદ્ગુણ છે જ નહિ ! યુદ્ધ જન્મ પામે એવી ઈશ્વરીઇચ્છા અને તેના પ્રોત્સાહનથીજ યુદ્ધ જેવાં પવિત્ર કાર્ય ઉપસ્થિત થાય છે." આ અને એવા પ્રકારનાં અન્ય પ્રમેયો તેનાં સ્મૃતિપટલ તોડી યુદ્ધના રક્તવર્ણ રસમાં તેના નેત્ર સન્મુખ તરવા લાગ્યાં. આવા પ્રકારના વિચાર કોઇ પણ પ્રસિદ્ધ કરે નહિ. આ એક કેવળ ભ્રમ હોવો જોઇએ એમ માની તેણે પુસ્તકનાં પાનાં પર દૃષ્ટિ ફેરવવા માંડી. જેમ જેમ પૃષ્ઠ ફરતાં ગયાં તેમ તેમ કંઇ અવનવું જણાવવા લાગ્યું. તે પુસ્તકમાં ગ્રથિત થયેલા જર્મનીના યુદ્ધ સિદ્ધાંતની વિશેષતા જણાવા લાગી.

" યુદ્ધના અભાવે હીન સ્થિતિમાં આવી અધોગતિ પામતાં રાષ્ટ્રો સારાં

અને ઉદયોન્મુખ રાષ્ટ્રોની પ્રગતિમાં કંટક રૂપ થશે અને સામાન્ય રીતે સર્વ જગતની અવનતિ થવા લાગશે."

પ્રચલિત સમયે જે સત્તાસ્થાને હોય તેને સ્વામી માનવો એ ભૂલ છે. જે વીર તે સત્તા મેળવી શકે તેને સ્વામી સમજવો જોઈએ."

"બળીયાના બે ભાગ, એ નિયમ સર્વથૈવ સત્ય છે અને સત્ય પક્ષ કયો છે, તેનો નિર્ણય યુદ્ધથીજ કરી શકાય છે."

"યુદ્ધ અતિ આવશ્યક છે, એટલુંજ નહિ પણ યુદ્ધ સર્વોપરી ન્યાયની પ્રતિમૂર્તિ છે એમ પણ વિચારાંતે સમજાશે."

"સર્વ વિધાનનો ટુંકામાં સારાંશ કહીએ તો, યુદ્ધને નષ્ટ કરવાના વિચારોના પ્રવાહના બળે થતા પ્રયત્ન મૂર્ખતાદર્શક છે, એટલુંજ નહિ પણ અનીતિના છે. આવા પ્રકારના પ્રયત્ન કરનારા મનુષ્યો માનવજાતિને કલંક આપનારા છે?"

"શાંતિના કરાર પ્રમાણે બલિષ્ટ રાષ્ટ્રની માફક નિર્બળ રાષ્ટ્ર પણ હક્કથી વૈભવ ભોગવે છે, તે સર્વ રીતે અનીતિ છે."

"શાંતિના પ્રયત્ન જો વિજયી થશે તો તેથી સર્વ રાષ્ટ્રોની અવનતિ થશે અને અખિલ માનવસમાજ નિઃસત્વ તથા વીર્યહીન થશે."

"શાંતિ માટે પ્રયત્ન કરનારાઓના માર્ગમાં કાંટાઓ વેરી તેમને તે અમંગળ કાર્યથી અટકાવવાના પ્રત્યેક વિચાર આચારમાં સ્થિર કરવા જોઇએ."

અંતિમ તત્વ વાંચતાં બર્લિનમાં મળેલી શાંતિપરિષદમાં જર્મન સૈનિકોએ પ્રવેશ કરી ત્યાંનું કાર્ય અટકાવ્યું હતું તેનું કારણ વિલીયમના લક્ષ્યમાં આવ્યું. હવે તેની ખાત્રી થઈ કે તે ભ્રમવશ થયેલો ન હતો. તેને લાગ્યું કે જર્મન-પ્રજા આ જગતમાં રહેતી માનવજાતિ નથી પણ અત્યંત કઠોર જગતમાં રહેનારા અસુર છે! તેમનું જગત ભિન્ન છે, તેમનો ધર્મ જુદો છે અને તેમની નીતિ સર્વથી વિરૂદ્ધ છે. જેને આપણે કર્તવ્ય માનીએ છીએ તેને તેઓ પાતક માને છે. જે આપણને ત્યાજ્ય છે તે તેમને વંદ્ય છે. જે આપણને અપ્રિય છે તે તેમને પ્રિય છે. આપણે જે ઈશ્વરને માનીએ છીએ તે ઈશ્વરને તે શયતાન માને છે! આપણા અને તેમના આચાર, વિચાર અને મનમાં મહદ્ અંતર છે!

ખરેખર જર્મનો યુદ્ધદેવનાજ ભક્ત છે. ખરા પરમેશ્વરનો ભોગ લઈ તેમણે જુદાજ દેવની સ્થાપના કરી છે. પણ જે દેવ રક્તપાત પર આસક્ત છે, જે યુદ્ધ શબ્દનો વિચાર થતાંજ હર્ષોન્માદથી ડોલવા લાગે છે અને જેના સામ્રાજ્યમાં શાંતિ શબ્દનો વિચાર મહાન પાતક મનાય છે તેને દેવ કેમ કહી શકાય? એને મૂર્તિમંત પિશાચ કે પ્રત્યક્ષ શયતાનજ કહેવો જોઇએ! એવા યુદ્ધાસક્ત અસુરને, એવા શાંતિદ્રોહી પિશાચને અને એવા સદ્ધર્મદ્વેષી શયતાનને ઉચ્ચ સ્થાને સ્થાપી યુદ્ધપ્રિય જર્મનો તેના પુજારી બન્યા છે. એ યુદ્ધપિશાચ સ્વચ્છંદતાથી સામ્રાજ્યનાં સૂત્રો હલાવે છે અને તેજ તેના ધ્યાનમાં મસ્ત થયેલા જર્મનભક્તોને પ્રિય લાગે છે.

જર્મનીનાં આ વિલક્ષણ તત્વો વાંચી વિલીયમની વિચારપરંપરાને નૂતન માર્ગ મળ્યો. તેને લાગ્યું કે: એવા રાષ્ટ્ર સાથે સલાહ કરી રહેવું, તેની સાથે સ્નેહભાવ રાખી રહેવું તે અશક્યજ છે. જર્મની પર પ્રેમ રાખવો તે દૂધ પાઇને સર્પ ઉછેરવા જેવું છે. સર્વ માનવ પ્રાણીને માન્ય તેવાં નીતિતત્ત્વો જ્યારે જર્મનોને પસંદ નથી ત્યારે તેની સાથે સ્નેહભાવ કેવી રીતે રાખી શકાય? "શાંતિ માટે તમે તમારી સમશેરને મ્યાનમાં રાખો. અહિંસાનાં ઉદાત્ત તત્વોનું પ્રતિપાદન કરનારા સદ્ધર્મ પ્રણેતાની સ્મૃતિ માટે તમે યુદ્ધાસક્તતાથી મુક્ત થવા તૈયાર થાવ," એમ જર્મનોને કે જર્મનીના દારૂણ મહત્વાકાંક્ષી કયસરને કહેવાથી શો લાભ? જેને શાંતિ જાળવવાનો પ્રયત્ન કરવો કેવળ અનીતિમય કાર્ય લાગે છે તેમની સાથે યુક્તિવાદ કરવાથી શું ફળ?

બર્નહાર્ડી જેવા વિદ્વાનોએ નીચેના યુક્તિવાદનું મંડન કર્યું છેઃ—

"અત્યંત ઉચ્ચ પ્રગતિને પ્રાપ્ત થઇ ચુકેલા અને સુસંસ્કૃતતાના ઉચ્ચ શિખર પર અગ્રસ્થાને વિરાજનારા રાષ્ટ્રે જગત્ પર સત્તા ચલાવવી જોઇએ."

"જર્મન રાષ્ટ્ર (આ લેખકના મત પ્રમાણે) સુધારણાની અને સુસંસ્કૃતિની પરમોત્કૃષ્ટ પદવીએ પહોંચ્યું છે. એમાં કંઈ શંકા નથી!"

"આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે: પોતાના સત્તાપ્રચારના માર્ગમાં વિઘ્ન ઉપસ્થિત કરનારાં રાષ્ટ્રો સાથે યુદ્ધ કરવાનો જર્મનીનો સ્વતઃ સિદ્ધ હક્ક છે અને તેજ તેમનું કર્તવ્ય છે. અનુકૂળ સંધિ પ્રાપ્ત થતા સુધી તેમણે અટ-

કરવું જોઇએ પણ પછી રક્તપાત કે માનવકોટી પર ખેંચાઈ આવતાં સંકટોને વશ ન થતાં યુદ્ધ કરવું જોઇએ."

બર્નહાર્ડી લખે છે: "પ્રશિયાના ઇતિહાસ પ્રસિદ્ધ મહાન બાદશાહ ફ્રેડરિક ધી ગ્રેટે જાણી જોઇ યુદ્ધ ઉપસ્થિત કરીનેજ પ્રશિયાના વૈભવ મંદિરમાં પ્રવેશ કર્યો હતો."

આ સર્વ વાત–ઉક્ત વિવરણ લક્ષ્યમાં લઈ, કયસરે સમરાંગણ પર જતા સૈનિકોને ઉદ્દેશી કરેલા ભાષણનો વિલીયમે વિચાર કર્યો. કયસરે કહ્યું હતું કે:—

"લક્ષ્યમાં રાખો કે પ્રભુની જર્મની પર કૃપા છે. જર્મનીના બાદશાહ તરીકે પરમેશ્વરનો દિવ્ય અંશ મ્હારામાં જન્મ પામ્યો છે. હું પરમાત્માનું આયુદ્ધ છું. મ્હારી આજ્ઞા અમાન્ય કરનારના મસ્તક પર પ્રભુના વજ્રનો આઘાત થાઓ! કાયરો અને નાસ્તિકો મૃત્યુવશ થાઓ!"

કેવી ભયાનક આજ્ઞા!

આવા પ્રકારનાં વ્યાખ્યાન આપનાર કયસરને આ સર્વ સત્ય લાગતું હશે તેનો તે પર વિશ્વાસ હશે. પણ તેની કેવી ભયંકર અસર થાય છે! તેની મહત્વાકાંક્ષા જગતને ઘાતક છે. માનવ જાતના સુખને નષ્ટપ્રાય કરનારી છે!

"મ્હારા ધર્મનો સ્વીકાર કરો કે મરણને પ્રાપ્ત થાઓ!" એમ કહેનાર હ. મહંમદ અને તેની ઇચ્છાનુસાર એક હસ્તમાં કુરાન તથા એક હસ્તમાં સમશેર લઈ તેના તત્વનો જયઘોષ કરતા તેના અનુયાયીઓ આવી સર્વ વાતો ખરા દીલથી કરતા હતા. તેમનો એ તત્વો પર દૃઢ વિશ્વાસ હતો તેમની ખાત્રી હતી કે આપણા ધર્મનો અંગીકાર કરવાથીજ માનવજાતિનો ઉદ્ધાર થશે. જગતનિયંતાના અને ખ્રિસ્તી ધર્મના નામ પાછળ સ્પેન દેશના મૂર લોકોની દુર્દશા કરનાર ફર્ડિનાંડ અને ઇસાબેલા પણ પોતાની સદ્વિવેક બુદ્ધિના કથન પ્રમાણે ચાલતાં હતાં. માટે શું થયું? તેથી તેમના ભયંકર સ્વરૂપથી ઓછી હાનિ થઈ છે કે? યુદ્ધ સિદ્ધાંત પર અટલ શ્રદ્ધા રાખનાર જર્મનીનું વિશ્વઘાતકત્વ, તેમની શ્રદ્ધા પ્રમાણિક છે માટે ઓછું ઘાતક થશે

કે ? ખરી રીતે તો તેથી તેમની ભયંકરતા વિશેષ હિંસક ઠરે છે. જ્યારે જર્મની પર સત્તા ચલાવનારા યુદ્ધ સેવકોને સદ્ધર્મપ્રણિત અહિંસાતત્વ માન્ય નથી ત્યારે તેમની સામે યુક્તિવાદ શા માટે ? તેઓને જે સ્વતઃનો જન્મસિદ્ધ હક્ક લાગે છે તે અન્યનો પ્રાણભક્ષક છે ! એ ક્રૂર જર્મની સાથે યુક્તિવાદ કરવાનો પ્રયત્ન કરવો તે વિકાળ જડબાના મનુષ્યરક્ત પિપાસુ વ્યાઘ્ર સાથે વાત કરવા જેવું છે. યુદ્ધપ્રેમ, યુદ્ધાસક્તિ, યુદ્ધભક્તિ એજ તેમના રાષ્ટ્ર ધર્મના પદ ઉપર વિરાજીત થયેલાં છે. તેમના જેવા કિંબહુના તેમનાથી પણ વિશેષ બળની સહાય વગર તેમને દમન કરી શકાય તેમ નથી."

હવે વિલીયમને યુદ્ધમાં જર્મનોએ કરેલા અત્યાચારોની સત્યતા જણાવા લાગી, અને તેની ખાત્રી થઈ કે તે તેમના ભયાનક ધર્મતત્વની છાયારૂપજ છે.

એક જર્મન યુદ્ધ પક્ષનો લેખક કહે છે:

"પરકીય રાષ્ટ્ર માટે સ્વાર્થત્યાગ કરવો અને સ્વતઃ પરિશ્રમ સહન કરી અન્ય રાષ્ટ્રને સહાય કરવી તે સર્વ રીતે અનીતિનું કાર્ય છે."

"રાજકીય દૃષ્ટિએ જેને પાતક માનવામાં આવે છે, તે પાતકમાં દુર્બળત્વ શ્રેષ્ઠ છે—અત્યંત નિંદ્યપાતક છે. પરમેશ્વરની આજ્ઞાનું તે એક મહાન ઉલ્લંઘન છે."

બેલજીયમ સાથે થયેલા કરારને જર્મનીએ પગ નીચે કેમ ચગદી નાખ્યો તે પણ હવે વિલીયમના લક્ષ્યમાં આવ્યું. બર્નહાર્ડી કહે છે: "પ્રબળ રાષ્ટ્રની મહત્વાકાંક્ષામાં અને વૈભવ પ્રાપ્તિમાં જે કરાર વ્યત્યય ઉપસ્થિત કરે તે કરારથી જો રાષ્ટ્રના સત્તા પ્રચારના કાર્યમાં વિઘ્ન આવી પાછું પડવું પડે તો તે તહનો ભંગ કરવો તે ન્યાયપુરઃસર છે. તેને લાત મારી દૂર કરવો એજ રાષ્ટ્રનું કર્તવ્ય છે."

"જગતમાં સામ્રાજ્ય પ્રસ્થાપિત કરવાના પ્રયત્નમાં આપણે શિથિલ થવું નહિ—આપણે ધ્યેયથી રહિત થવું નહિ."

પોતાની દુષ્ટ મહેચ્છાની આડે આવતાં પ્રત્યેક રાષ્ટ્ર શત્રુ છે. તેમને કચડી નાખવાં જોઇએ, એવી જર્મનીની માન્યતા છે. એજ હેતુથી તે કેટલાંક વર્ષથી અજિંક્ય (?) સૈન્યની ઘટના કરતું હતું. જર્મની સ્વપર સંર-

ક્ષણુના તત્વનું અનુયાયી નથી. તેનું તો સ્વસત્તાપ્રચાર અને પરકીય નિકંદન એજ ધ્યેય છે. તેની કલ્પના છે કે એ સિવાય જગતનું સામ્રાજ્ય પ્રાપ્ત થવું સંભવિત નથી.

ઈંગ્લાંડ સ્વસત્તાપ્રચારમાં પ્રચંડ વિઘ્નરૂપ હોવાથી તેની સત્તા કેવી રીતે નષ્ટ કરવી એ વિચારમાં જર્મનીએ પ્રવેશ કરેલો છે, તે વિલીયમના લક્ષ્યમાં આવ્યું. જર્મનીની દૃષ્ટિએ યૂરોપનાં રાષ્ટ્રો કેવળ બુદ્ધિબળ–શેત્રંજ પરનાં સોગઠાં છે. તેનો વિચાર એવો છે કે જે પોતાની મહત્વાકાંક્ષાને સિદ્ધ કરવા આવશ્યક છે તેમાંનાં કેટલાંકને સહાય કરી અન્યને નમાવી દેવાં. તુર્કસ્થાનને સહાય કરવી અને ફ્રાન્સને નહિ કરવી. કારણ? ફ્રાન્સે તેનો શો અપરાધ કર્યો છે? આ પ્રશ્નનો એકજ ઉત્તર છે. "જર્મનીની મહત્વાકાંક્ષા ફ્રાન્સ પૂર્ણ થવા દેતું નથી–તેનું અસ્તિત્વ તેની સત્તાપ્રસારના કાર્યમાં તે કંટકમય છે."

બર્નહાર્ડી લખે છે: "કોઇ પણ ઉપાયે ફ્રાન્સનો કાંટો આપણા માર્ગમાંથી દૂર કરવો જોઇએ. જર્મન રાજનીતિનું પહેલું મહત્વનું કૃત્ય એ છે કે, ફ્રાન્સને એવું કચડી નાખવું કે ફરી તે ઉભું થઈ શકે નહિ."

વિલીયમે તે પુસ્તક દૂર ફેંકી દીધું. તેને લાગ્યું કે એ પુસ્તક વાંચવું એજ પાપ છે. તેમાં દૃષ્ટિએ પડતા નીચ યુક્તિવાદ અને શયતાની વિવેચન-પદ્ધતિ પર તેને તિરસ્કાર થયો. તે અદ્યાપિ સુધી પાપપંકમાંથી માર્ગક્રમણ કરતો હતો એમ તેને લાગ્યું. તે બોલ્યો: "આ જર્મન વિચારશૈલીનો, તેનાથી જન્મ પામતી યુદ્ધાસક્તિનો અને ઉદ્ભવતા ઉન્માદનું ઉચ્ચાટન કરવું જોઇએ. જર્મની સામે યુદ્ધમાં ઉતરવું એજ પરમ પવિત્ર કર્તવ્ય છે. પરમેશ્વરના–સદ્ધર્મપ્રણેતાના અહિંસાતત્વના પ્રચાર માટેજ આ યુદ્ધ છે."

વિલીયમની વિચારપરંપરાનો માર્ગ બદલાયો. સર્વ વસ્તુસ્થિતિ ભિન્ન સ્વરૂપમાં જણાવા લાગી. યુદ્ધ અત્યંત ભયાનક–માનવ અંતઃકરણમાં નિવાસ કરી રહેલી પાવન ભૂતદયાને ઘાતક છે ખરૂં, પણ જર્મનની ઝેરી યુદ્ધલાલસા નષ્ટ કર્યા સિવાય ચાલે તેમ નથી. જર્મની સાથે યુદ્ધ કરવું એજ ન્યાય છે."

"જેની પાસે તલવાર ન હોય તેણે તે પોતાનાં વસ્ત્ર વેચી દઇને પણ મેળવવી જોઇએ!" એ શબ્દ કોણે ઉચ્ચાર્યા હતા? એ શબ્દ સદ્ધર્મપ્રણે-

તાના કે બીજાના ? ખરેખર, એ શબ્દોચ્ચાર સમયે તેમની દિવ્યદષ્ટિ સન્મુખ સદ્યકાલિન પરિસ્થિતિ હોવી જોઇએ. એવી વિલીયમની ખાત્રી થઈ.

તે મનમાં બોલ્યોઃ " હવે આ પ્રશ્નનો નિર્ણય થઈ ગયો છે. જર્મની સાથે યુદ્ધ કરવું તે શાંતિની સેવા કરવા સમાન છે. આ યુદ્ધ નથી પણ યુદ્ધની સામે યુદ્ધ છે. યુદ્ધનો પ્રતિકાર છે. મ્હારી યુદ્ધની પ્રતિકાર યાત્રા માનવજાતિના સુખને માટે છે. જગતમાંથી દુષ્ટ યુદ્ધલાલસાને હાંકી મુકવાના ઉચ્ચ હેતુથી જન્મ પામી છે. હું જર્મનીનો દ્વેષ કરતો નથી. લાખો જર્મનો શાંતિપ્રિય અને વ્યવસાયમગ્ન છે. તેમને જો સ્વસ્થ રહેવા દેવામાં આવે તો બિચારા પોતાનો ઉદ્યોગ-ધંધો કરીને જીવનનિર્વાહ આનંદથી કરી શકે, પણ તેમને યુદ્ધપિશાચ વળગેલું છે. જર્મનીના યુદ્ધપક્ષીય સર્પોના વિષમય વચન સત્કારથી તેઓ વિવશ બનતા જાય છે તેથી તેમના હસ્તે દુષ્કૃત્યો થાય છે. તે સર્પોને જગતમાંથી નષ્ટ કર્યા સિવાય માનવજાતિ સુખે રહી શકશે નહિ. આ જર્મન યુદ્ધરાક્ષસનું ઉચ્ચાટન કરવું તે જર્મનીના પર ઉપકાર કરવા જેવું છે. તેથી તેઓ સુખી થશે. "

" બસ. " તે બોલી ઉઠયોઃ " હું કાલે સૈન્યમાં દાખલ થઇશ ! એજ મ્હારૂં આદ્યકર્તવ્ય છે ! "

બીજે દિવસે પ્રાતઃકાળે વિલીયમ સૈન્યમાં નામ નોંધાવવાના સ્થળે ગયો. ત્યાં ઘણાં મનુષ્યો એકત્ર થયાં હતાં. તેમાં કેટલાક કનિષ્ઠ પદવીના હતા; પણ વિશેષ સંખ્યા કારકુન, યુવાન વ્યાપારી વગેરેની હતી. તેમાંથી એક જણે વિલીયમને પુછ્યું:—

" દાખલ થવાની ઇચ્છા છે કેમ ? "

" હા, " વિલીયમે ઉત્તર આપ્યો.

" કંઈ લશ્કરી શિક્ષણ મેળવ્યું હતું ? "

" હા. "

" ક્યા શિક્ષણાલયમાં ? "

" કિલ્બરીન. "

" કેટલાં વર્ષ રહ્યા હતા ? "

વિલીયમ ઉત્તર આપવાનો હતો પણ તેટલામાં એક મોટરકાર નજીક આવી ઉભી રહી. તેમાંથી એક લશ્કરી મનુષ્ય બહાર આવ્યો. તેણે પોતાની ચોતરફ જોયું અને મકાનમાં પ્રવેશ કરવા જતો હતો તેટલામાં તેની દૃષ્ટિ વિલીયમ પર પડી.

પ્રકરણ ૧૫ મું.

લેફ્ટેનન્ટ.

"કોણ? વિલીયમ?" કેપ્ટન પ્રિંગલે પ્રશ્ન કર્યો.

"હા!" વિલીયમે ઉત્તર આપ્યો.

"અહીં કેમ આવ્યો હતો?"

"સૈન્યમાં દાખલ થવા માટે!"

"એ તો આશ્ચર્ય જેવું છે. તું યુદ્ધનો વિરોધી હતો ને? આવું અશક્ય લાગતું પરિવર્તન કેવી રીતે થયું?"

વિલીયમે કહ્યું: "હજી હું યુદ્ધને અધર્મ માનું છું પણ સર્વ દિશાથી વિચાર કરતાં આ યુદ્ધમાં જર્મની સામે લઢવું યોગ્ય લાગ્યું છે. હવે પછી પાંચ મીનીટ પણ ઈંગ્લાંડમાં રહેવાની ઇચ્છા નથી. ક્યારે યુદ્ધભૂમિમાં જાઉં એમજ થઈ રહ્યું છે."

પ્રિંગલ: "પણ અધિકારીની પદવી મળવી સહેલી નથી."

વિલીયમ: "તેની શી જરૂર છે? સર્વ અધિકારી થઈ શકેજ નહિ. સામાન્ય સૈનિક બનું તો બસ છે. મ્હારી એટલી ઇચ્છા છે કે જર્મનીની પ્રત્યક્ષ થઇ જર્મનીને બતાવવું કે ઈંગ્લિશ પ્રજામાં દેશભક્તિ અને સ્વભિમાન સંપૂર્ણ રીતે રહેલું છે."

પ્રિંગલ: "ધન્ય છે! એનુંજ નામ સ્વદેશાભિમાન, એનુંજ નામ સ્વદેશભક્તિ. મમત્વની દરકાર ન કરતાં માતૃભૂમિના અમલા અભિમાન માટે

પ્રાણ અર્પણ કરવા તત્પર થવું એજ ખરા વીરનું લક્ષણ છે. પણ, વિલીયમ! જર્મની પર તને ક્રોધ થવાનું કારણ શું બન્યું ?"

વિલીયમઃ "કારણ ? કારણ એ છે કે જર્મન અધિકારીઓ કેવળ યુદ્ધ પિશાચના ઉપાસક છે. શાંતિ અને વિશ્વબંધુત્વ જેવી ઉદાત તથા માનવજાતિને શોભાસ્પદ ભાવનાનો તિરસ્કાર કરવાનું એ અધિકારીઓએજ શિક્ષણ આપ્યું છે. યુદ્ધપ્રેમથી પ્રત્યેક જર્મનનું રક્ત ઉછળી રહેલું છે. તેમના હાડમાંસમાં યુદ્ધભક્તિ ઓતપ્રોત થઇ ગયેલી છે. એમની આવી દુષ્ટભાવના નષ્ટ કર્યા સિવાય જગતમાં કદી પણ શાંતિ પ્રસરી શકશે નહિ."

પ્રિંગલઃ "ત્હારા ધર્મવિચારો ક્યાં ગયા ?"

વિલીયમઃ "મ્હારી ધર્મનિષ્ઠાના બળથીજ મ્હારા વિચારો આટલા દૃઢ થયા છે. અંધકારમય રાત્રીએ ગૃહદ્વાર ઉઘાડાં રાખી ચોરોથી રક્ષણ કરવા પ્રભુને પ્રાર્થના કરવી એ જેટલી મૂર્ખતા છે, તેટલાજ પ્રમાણમાં અન્યાયથી યુદ્ધ કરવાગાં ધર્મ છે એમ જર્મની માનતું હોય છતાં યુદ્ધથી પરાવૃત રહેવા પરમાત્માને વિનંતી કરવી એ મૂર્ખતા છે. જર્મની માને છે કે, યુદ્ધ કરવા પ્રભુએ પ્રેરણા કરેલી છે અને સમશેરના બળથી સર્વ યૂરોપને સ્વસત્તામાં લેવા ઇશ્વિર આપણામાં અંતઃસ્ફૂર્તિ ઉત્પન્ન કરે છે. તેની આવી માન્યતા છે એમ આપણે જાણીએ છતાં હાથ જોડી સ્વસ્થ બેસી રહી કેવળ પ્રભુની પોકળ સ્તુતિ કરવી તે શું અજ્ઞાનતા ન મનાય ? જર્મનીએ આવી રીતે ઉભા કરેલા અને પૂજ્ય માનેલા યુદ્ધપિશાચને—કહો કે, પરમકૃપાળુ પરમાત્માના સ્થાને સ્થાપન કરેલા યુદ્ધરાક્ષસને પગ નીચે કચડી નાખવો જોઇએ. એમ થાય તોજ જગતમાં શાંતિ સચવાઈ શકે. જગતમાંથી યુદ્ધનામ નષ્ટ કરવું હોય તો પ્રથમ જર્મન મહત્વાકાંક્ષાનો નાશ કરવો જોઇએ. આટલી સ્થિતિ સુધી આવવામાં ઘણો સમય ગયો છે, પણ હવે મ્હને ક્ષણ વાર પણ ચેન પડતું નથી. મ્હારા મનને ભાસ થાય છે કે, આ કાર્યમાં મ્હને દૈવી પ્રેરણા પ્રવૃત્ત કરે છે."

પ્રિંગલઃ "ધન્ય છે ! શાબાસ વિલીયમ ત્હને હજાર વાર ધન્ય છે ! ધાર્મિક દૃષ્ટિએ તેં સાંપ્રત યુદ્ધનું પ્રતિપાદન બહુ સારી રીતે કર્યું છે. મ્હારી

પોતાની ધર્મ પર શ્રદ્ધા નથી અને મ્હને તેનો વિશેષ ભય પણ નથી. હું સાધારણ એક અંગ્રેજ જેવોજ છું. પોતાનું વચન પાળવું એ પ્રત્યેક અંગ્રેજનું કર્તવ્ય છે—અન્યાયથી રક્ષણ કરવું તે પ્રત્યેક અંગ્રેજનું વ્રત છે એટલુંજ હું સમજું છું અને તે પ્રમાણે ચાલું છું. તદપિ યુદ્ધનો બચાવ સદ્ધર્મતત્વથી કેવી રીતે થઇ શકે એ એક કઠિન પ્રશ્ન હતો. પણ ત્હારા ભાષણથી મ્હારી શંકા દૂર થઇ છે. હવે મ્હને લાગે છે કે, ત્હને અધિકારીની જગ્યો મળી શકશે. ત્હને ઘોડા પર બેસતાં આવડે છે કે?"

"સારી રીતે."

"મોટર વિષેની માહીતી છે?"

"છે."

"તું કદી ફ્રાન્સ ગયો હતો?"

"અનેક વખત. હું જર્મનીમાં પણ ગયો હતો."

"જર્મન ભાષા જાણે છે?"

"ઘણીજ ઉત્કૃષ્ટ."

"ઠીક છે; હું ત્હારા વિષે કર્નલને કહીશ. ત્યાં સુધી ત્હારી પરીક્ષાનું કામ થવા દે. આરંભમાં ગમે તેવાં માણસોને સૈન્યમાં દાખલ કરતા હતા; પણ હવે યોગ્ય તપાસ કર્યા સિવાય એક પણ નામ નોંધવામાં આવતું નથી."

વિલીયમ પરીક્ષામાં પસાર થયો; ત્યાર પછી પ્રિંગલે કહ્યું:

"હવે તું જા. ત્હારી યોગ્યતા મ્હારા લક્ષમાં છે. ત્હારે માટે ભલામણ કરવા હું ભૂલીશ નહિ; પણ હમણાં જ હું તે માટે ચોક્કસ કહી શકીશ નહિ."

ઘેર આવી વિલીયમે માતાને પત્ર લખ્યો:

"વ્હાલી માતા,

હું સૈન્યમાં દાખલ થયો છું. મ્હારા આ શબ્દોથી ત્હને આશ્ચર્ય થશે. તું માનશે કે મ્હેં મ્હારા ધાર્મિક વિચારો ત્યજી દીધા છે, પણ તેમ કર્યું નથી. મ્હને લાગ્યું છે કે: જર્મનીના પૂજ્ય (?) પદથી ઉપસ્થિત થયેલા યુદ્ધ-રાક્ષસનો સંહાર કરવાની આવશ્યકતા છે, પરંતુ જો હું આ પહેલાં સૈન્યમાં

દાખલ થયો હોત તો મ્હને સંતોષ થાત નહિ. હું સદ્સદ્ વિવેકબુદ્ધિનું ખૂન કરી જનઅપવાદથી ડરી નિંદ્ય આચરણને વશ થાઉં છું એમ મ્હને લાગત અને અહર્નિશ તીવ્ર સંતાપ સહન કરવો પડત. મ્હારા આવા પ્રકારના વર્તનથી હું એક અત્યંત મૂલ્યવાન વસ્તુને ખોઈ બેઠો છું; પણ મ્હારા પોતાના વિચાર પ્રમાણે વર્ત્યો છું તેથી મ્હને પૂર્ણ સંતોષ આપનારો અનુભવ મળે છે. કૅપ્ટન પ્રિંગલ મ્હને મળ્યો હતો. તેની ભલામણથી મ્હને અધિકારીની જગા મળવાનો સંભવ છે. મ્હને તેની કીંમત નથી. ગમે તેવી પદવીથી હું યુદ્ધયજ્ઞમાં જવા ઉત્સુક બન્યો છું. નવલ વિશેષ લખતો રહીશ."

બીજે દિવસે વિલીયમને સૈનિક પદવીથી લશ્કરમાં દાખલ થવું પડયું. આરંભમાં ઘણા દિવસ સુધી તેને ડ્રિલ કરવી પડી, કાચા પાકા અન્નથી ઉદરનિર્વાહ કરવો પડયો અને સાદા બીછાના પર રાત્રીનો વ્યય કરવો પડયો; પણ તેથી તે હતાશ થયો નહિ. તે જાણતો હતો કે, સમરભૂમિ પર જતા પહેલાં આવા પ્રકારની ટેવ પાડવી પડે છે અને માતૃભૂમિની અનન્ય મનથી સેવા કરવી હોય તો તે સર્વ સહન કરવું જોઇએ. આ પ્રમાણે કેટલાક દિવસ ગયા પછી અણુચિંતવ્યું કર્નલ સેપ્સવર્થ સાહેબે તેને બોલાવી કહ્યું: "તમને લેફ્ટનંટની પદવી પર નીમવામાં આવ્યા છે."

વિલીયમ પોતાનો હર્ષ શબ્દરૂપે વ્યક્ત કરવાને અશક્ત થયો.

પ્રકરણ ૧૬ મું.

ફ્રાન્સની રણભૂમિનું દર્શન.

અમલદાર તરીકે વિલીયમને પુષ્કળ કાર્ય કરવું પડયું. સમરાંગણ પર જવાની આજ્ઞા આજે થશે, કાલે થશે, હમણાં થાય છે વગેરે પ્રકારની આશાઓમાં કેટલાક દિવસ વહન થઈ ગયા.

છેવટે હુકમ મળ્યો. તે એક ગીચ ભરાયલી ટ્રેનમાં બેસી દક્ષિણ કિનારા તરફ નીકળ્યો. તે જો કે યુદ્ધ કરવા ઉત્સુક થયો હતો, જર્મનીની

ભયંકર અને નિષ્ઠુર માનવરક્ત પિપાસા નષ્ટ કરવા જો કે અત્યંત ઉત્કંઠિત થયો હતો, તો પણ સમરાંગણ પર જવા નીકળેલા ઇંગ્રેજ તરૂણોને જોઈ તેનું હૃદય ભરાઈ આવ્યું. એવા અનેક યુવકો હતા કે જેમને અદ્યાપિ સુધી મૂછ પણ ફૂટી નહતી. ઇંગ્લાંડની જનસંખ્યાના ઘણા સારા ગણાતા પુરૂષોથી સૈન્ય ભરાઈ ગયું હતું. સર્વે મનુષ્યો બળવાન, સુદૃઢ અને પ્રફુલ્લિત જણાતા હતા. તેમના સહાસ્ય વદનપરથી લાગતું હતું કે યુદ્ધ એક રમત છે એવી તેમની કલ્પના હશે. તો પણ અધિક સૂક્ષ્મ રીતે અવલોકન કરતો વિલીયમ તેમનું અંતઃકરણ અને તેજસ્વી દૃષ્ટિને ઓળખી શક્યો. વિલીયમે જાણ્યું કે: તેઓ કેવા ભયાનક કાર્ય માટે જાય છે તે પૂર્ણ રીતે જાણે છે. તેઓ આનંદી સ્વરમાં રાષ્ટ્રગીત લલકારી રહ્યા હતા; તો પણ શું તે વખતે તેમના મનશ્ચક્ષુ સન્મૂખ તેમના સ્વર્ગીય ગૃહસૌખ્યનું ચિત્ર ઉપસ્થિત નહિ થતું હોય? તેમના પ્રેમમાં દૃઢ થયેલી સુરૂચિર તરૂણીઓનાં મુખકમલ તેમની અંતરદૃષ્ટિ આગળ હાસ્ય નહિ કરતાં હોય? અરે, તેમાંનાં કેટલાક પોતાના ગૃહ અને પ્રિય બાળાનું પુનઃ દર્શન પણ કદાચિત નહિ કરી શકે! થોડાજ દિવસમાં એમાંના કેટલાંકનાં શબ સમરભૂમિ પર પડશે! કેટલાક અપંગ થઇ દવાખાનામાં જશે!

"યુદ્ધ સિવાય બીજી કોઈ ક્રૂર અને નિષ્ઠુર વસ્તુ જગતમાં અન્ય છેજ નહિ!" વિલીયમ મનમાં બોલ્યો: "યૂરોપખંડનાં સુધરેલાં રાષ્ટ્રોની સુકીર્તિને એ શોભાસ્પદ નથી. ઇતિહાસમાં સાંપ્રત યુદ્ધ જેવું અનીતિમાન અધર્મયુદ્ધ કદી પણ થયેલાનું સાંભળ્યું નથી. બસ, મ્હારે કર્તવ્યાધિન થવું જોઇએ. મ્હારી કર્તવ્ય દિશા હવે નિશ્ચિત થઈ છે. ઇંગ્લાંડે નિરૂપાય બની અનાથના સંરક્ષણાર્થે અને જર્મન દુષ્ટોને શાસન કરવા માટે પોતાનો હસ્ત ઉંચો કર્યો છે. ઇંગ્લાંડ સત્ય માટે લઢે છે. ઇંગ્લિશ પ્રજા ઐશ્વર્ય લાલસાથી કે નૂતન પ્રદેશ મેળવવાની ઇચ્છાથી કદી યુદ્ધમાં ઉતરતી નથી. તે એક નિર્બળ રાષ્ટ્રને આપેલું વચન પાળવા માટે, પોતાનું વ્રત સાચવવા માટે અને માનવજાતિને શાંતિ સુખ મળે એ આશયથી લઢે છે. શાંતિના પ્રચાર માટે હું આ યુદ્ધમાં જોડાયો છું. પ્રત્યેક શાંતિપ્રિય શૂરવીરે નિશ્ચય કરવો જોઇએ કે, યૂરોપના પ્રત્યેક રાષ્ટ્રનું ચૈતન્યસુખ યુદ્ધોની તૈયારીમાં ઉડાવી દેવાની જરૂર પાડનાર જર્મનીને સર્વ રીતે નષ્ટ કર્યા સિવાય તલવાર બંધ કરવી નહિ."

હવે વિલીયમ, પ્રિંગલ અને અન્ય સૈનિકો ફ્રાન્સની ભૂમિ પર આવી પહોંચ્યા હતા. પૅરિસના ફ્રેંચોએ તેમનું અત્યંત પ્રેમ અને અપૂર્વ હર્ષથી સ્વાગત કર્યું. સર્વ સ્થળે ઇંગ્રેજોનો વિજયઘોષ થવા લાગ્યો. જ્યાં ત્યાં એજ ધ્વનિ સંભળાતો હતો. ફ્રેંચ વૃદ્ધો અશ્રુપૂર્ણ નેત્રોથી તેમનું સ્વાગત કરતા હતા. વૃદ્ધ સ્ત્રીઓ આશિર્વાદની વૃષ્ટિ કરી રહી હતી અને બાલસમૂહ આનંદ-યુક્ત શબ્દોથી તેમનું અભિષ્ટ ચિંતન કરતો હતો.

"બેટા!" વિલીયમ એક ફળની દુકાનમાં પેઠો કે તુરતજ દુકાનની વૃદ્ધા સ્વામીનીએ કહ્યું: "શું જોઇએ છે? જે જોઇએ તે લે. તમે ઇંગ્રેજો અમારા રક્ષણકર્તા છો—અમારા પરમ અભીષ્ટકારી છો. અમારી યુદ્ધમાં પડવાની ઇચ્છા નહતી, પણ જર્મનીએ અમને તેમ કરવાની જરૂર પાડી છે. તમે અમારા સ્નેહી તરીકે આવી અમને કહો છો કે: "ભય પામશો નહિ, તમારો પક્ષ સત્ય હોવાથી તમને સહાય કરવા આવ્યા છીએ, આપણે જર્મનોને નષ્ટભ્રષ્ટ કરી નાખીશું! તેમનો ઉન્માદ છિન્નભિન્ન કરી દઇશું." તો શું હું તમારી પાસેથી પૈસા લઇશ? નહિ બને, બેટા! ત્હારે જેટલાં જોઇએ તેટલાં ફળ ઉઠાવી લે."

"બ્હેન! તમે ગરીબ હશો. આ યુદ્ધથી તમને ઘણી હરકત પડતી હશે!" તમને મદદ કરવી. એ તો અમારૂં કર્તવ્યજ છે. નિર્બળને કોઇ સતાવે ત્યારે તે સતાવનારની ખબર લેવીજ જોઇએ!" વિલીયમે કહ્યું.

"ગમે તેમ હો, હું કંઇ પણ લઇશ નહિ. તમે ઇંગ્રેજો અમારા સ્નેહી છો! જગતના કલ્યાણ માટે પરિશ્રમ લેનાર છો! હું તમારી પાસે કંઇ પણ લઇ શકીશ નહિ."

વૃદ્ધ સ્ત્રીના શબ્દો સાંભળી વિલીયમનું હૃદય દ્રવ્યું. તેને લાગ્યું કે: આ દુષ્ટ અને ઘનઘોર રણયજ્ઞથી ફ્રેંચ અને ઇંગ્લિશ પ્રજાની સ્નેહગ્રંથી દૃઢ થઇ છે.

વિલીયમ દુકાનમાંથી બહાર નીકળ્યો તેટલામાં કૅપ્ટન પ્રિંગલે તેને કહ્યું: "વિલીયમ, આ ગૃહસ્થ શું કહે છે તે સાંભળ. તે બહુજ ઉતાવળથી બોલે છે તેથી એ જે કહે છે તે મ્હારા સમજવામાં આવતું નથી."

તે ગૃહસ્થે ફ્રેંચ ભાષામાં કહ્યું: "હું તમને અભિનંદન આપું છું, અને

તમારો વિજય ઇચ્છું છું. તમે સાચા નિઃસ્વાર્થી છો એમાં કંઇ શંકા નથી. જો તમે ધસી આવ્યા ન હોત તો જર્મનોએ અત્યાર પહેલાં પૅરિસ લઈ લીધું હોત અને ઈ. સ. ૧૮૭૦ની પુનરાવૃત્તિ પ્રકટ કરી હોત. હું ૧૮૭૦ના યુદ્ધમાં હતો; તે સમયની મ્હારી મનોવૃત્તિનું હવે મ્હને સ્મરણ થાય છે. અમે તે સમયે અમારા વચનનો–પ્રતિજ્ઞાનો ભંગ કર્યો હોત તો અમારો બચાવ થયો હોત; પણ એક વખત ગયેલું વચન પાછું આવતું નથી. વચન કે પ્રતિજ્ઞાભંગ એ તેજસ્વી રાષ્ટ્રનું વ્રત નથી. કીર્તિ જાય તે કરતાં મૃત્યુ ઉત્તમ છે. આ વખતે જર્મનો તે સમયના જેવો વિજય મેળવી શકશે નહિ. તેમણે વિજયની આશા રાખવી વ્યર્થ છે. તમે ઇંગ્રેજોએ ફ્રેંચોના પરાજયનું ચક્ર ફેરવી નાખ્યું છે. કહો કે અમારા ઉપર ઉપકાર કર્યો છે. ધન્ય છે ઇંગ્રેજોને! ધન્ય છે એમના એક વચનીપણાને!"

રસ્તામાં ફ્રેંચ જાતિની વૃદ્ધ સ્ત્રીઓ અને યુવતીઓનાં ટોળેટોળાં ઇંગ્રેજોને અભિનંદન આપતાં હતાં. વસ્તુતઃ યુદ્ધમાં પડવાની કંઇ આવશ્યકતા ન હતી, દેશ પ્રાપ્તિની લેશ માત્ર ઇચ્છા ન હતી તદપિ કેવળ વચન માટે અને સત્પક્ષના સમર્થનાર્થે ઇંગ્લાંડે યુદ્ધમાં પ્રવેશ કર્યો હતો તેથી સર્વને આશ્ચર્ય થતું હતું તેમજ તેમના વિષે અત્યંત આદરભાવ ઉત્પન્ન થતો હતો.

ફ્રેંચ લોકોનો પ્રેમ જોઇ વિલીયમને કૌતુક થયું. પૅરિસના પ્રત્યેક રાજમાર્ગમાં નાગરિકોએ તેને અને પ્રિંગલને અભિનંદનો આપી આપીને ખૂશ કરી દીધા. ત્યાર પછી તે બન્ને એક ઉપાહારગૃહમાં ભોજન લેવા ગયા, ત્યાં પણ તેમની સાથે અનેક ફ્રેંચોએ જઈ તેમનાં બીલ ચુકવી આપવાનો આગ્રહ કર્યો.

"નહિ, નહિ." વિલીયમ માનતો નથી જોઇ તેઓ બોલ્યા: "તમે અમારા અતિથિ છો, તમે અમારા સ્નેહી છો. અમને સહાય કરવા, અમારા રક્ષણ માટે, અમારી કીર્તિ માટે, દુષ્ટ શત્રુના મૂળનો ઉચ્છેદ કરવા માટે તમે આવ્યા છો. તમને કોઈ પણ રીતે ખરચ કરવા દેવો યોગ્ય નથી. **ઇંગ્રેજોનો સર્વત્ર વિજય થાઓ!"**

પોતાના દાક્ષિણ્યથી ઇંગ્રેજોને આનંદિત બનાવવા માટે ફ્રેંચ સ્ત્રીઓ અને પુરૂષોમાં સ્પર્ધા ચાલતી હતી. ઇંગ્લિશ સૈનિકો સાથે વારંવાર હસ્તાંદોલન

(શેકહૅંડ) કરવા તે આગ્રહ કરતી. બે વૃદ્ધ સ્ત્રીઓએ તો વિલીયમને ગભરાવી નાખ્યો હતો. બન્નેએ તેના ગાલ પર ચુંબન કરવાની વિલક્ષણ હઠ પણ લીધી !

માર્ગમાંથી સીધી રીતે ચાલ્યા જવામાં પણ તેમને હરકત પડી. ચોતરફથી લોકો એકત્ર થતા અને તેમની સાથે હસ્તધૂનન (શેકહૅંડ) કરવાની ઇચ્છા કરતા.

થોડાજ દિવસમાં પૅરિસ છોડી રણક્ષેત્ર પર જવાની આજ્ઞા મળી. અન્ય સર્વ સૈનિકો સાથે રેલ્વેદ્વારા વિલીયમ અને પ્રિંગલે પ્રવાસ કર્યો. માર્ગમાં યુદ્ધથી નષ્ટભ્રષ્ટ થયેલો ઘણો પ્રદેશ જોવામાં આવ્યો. ખેતરોમાં તૈયાર થયેલો પાક ધૂળમાં રોળાતો હતો અને અનેક ગામો બળી ભસ્મીભૂત થઇ ગયાં હતાં!

એક સ્થળે સાઇડિંગ પર થોડી વાર ટ્રેન ઉભી રહી. વિલીયમ અને પ્રિંગલ નીચે ઉતર્યા. એટલામાં નજીકના ખેતરમાંથી એક ફ્રેંચ આવ્યો અને તેમને કહેવા લાગ્યો.

"ભાઇઓ! બન્ધુઓ !" તે વૃદ્ધ ખેડુતે કહ્યું: "જર્મન સૈનિકોએ મ્હારૂં ઘર અગ્નિને આપી દીધું છે. હું બાલ્યાવસ્થાથી તેજ ઘરમાં રહેતો હતો. એટલું ઠીક થયું કે તેમણે મ્હારો કોઠાર રહેવા દીધો. તેમાં કોઈ પણ પાક એકત્ર કર્યો નહતો તેથી તેમણે તેનો નાશ કર્યો નહિ. નહિ તો મ્હારે બાલબચ્ચાંસહ અન્ન માટે ભટકવું પડયું હોત. મ્હારે ઘેર મ્હારી યુવાન પુત્રી નહતી એ પણ એક પ્રભુની કૃપાજ સમજું છું !"

"કેમ વારૂ ?" વિલીયમે પ્રશ્ન કર્યો.

"મ્હારા આ પડોશી ખેડુત તરફ જુઓ. એને પુછી જુઓ !"

વાંચક! તે દુઃખી માણસે કહેલી હૃદયવિદારક કહાણી કહેવાનું અમારામાં સામર્થ્ય નથી. તે અતિ ભયંકર, દારૂણ કથા છે. તે સાંભળી વિલીયમનું હૃદય વ્યથિત થયું: "ઇશ્વરકૃપાથી જ્યાંસુધી આ દેહમાં પ્રાણ છે ત્યાંસુધી આ વિલીયમ કદી શાંત રહેશે નહિ." તે ક્રોધના આવેશમાં બોલી ઉઠયો.

"તેનું વય અલ્પ હતું." તે ડોસો કહેવા લાગ્યો: "તેના જેવી સુંદર છોકરી આટલા તેટલામાં નહતી. તે બિચારીએ આત્મહત્યા કરી. હાય! હાય!

તે માનવરૂપધારી શયતાનોએ તે પતિવ્રતાનું શાયલ ભ્રષ્ટ કર્યું. પ્રભુ! દયા કર! દયા કર! કહો, તે એવા ભ્રષ્ટ દેહથી વૈભવ ભોગવવાનું પસંદ કરે ખરી?"

"પ્રિંગલ! જુઓ! જર્મન સુધારાના સુંદર વૃક્ષને કેવાં કડવાં ફળ આવ્યાં છે?" વિલીયમ ક્રોધથી કહેવા લાગ્યો: "એ શેનું પરિણામ? જર્મનીએ ઉપસ્થિત કરેલા યુદ્ધ રાક્ષસનું!"

કેટલીક વારે ફરતાં ફરતાં એક ખાઇમાં બે સૈનિકનાં શબ દૃષ્ટિએ પડયાં. બન્ને એકબીજાને સ્વબાહુથી પકડી રહેલાં હતાં. તેમાં એક ફ્રેંચ અને બીજો જર્મન હતો.

"અરેરે! આ બિચારાઓને કોઇ જાતનું વેર નહતું. કદી તેમના પોતાના માટે દ્વેષ થયો નહિ હોય! માત્ર એક યુદ્ધના પ્રોત્સાહનને લીધે એકબીજાનો પ્રાણ લીધો છે!" પ્રિંગલે કહ્યું.

"આપણા વડા પ્રધાનનું કથન ખોટું નથી." વિલીયમે કહ્યું: "યુદ્ધ એ કેવળ અત્યાચારનું અને ક્રૂરતાનું પ્રદર્શન છે. પણ યુદ્ધ કર્યા સિવાય ચાલે તેમ નથી. જર્મનીની આ મનુષ્યહિંસક પ્રબળ યુદ્ધલાલસા નષ્ટ થયા સિવાય શાંતિનો અનુભવ થશે નહિ. પ્રભુ કૃપા કરે અને યૂરોપનું આ અંતિમ યુદ્ધ ઠરે!"

તે પાછા ગાડીમાં આવી બેઠા. ગાડી પુનઃ માર્ગ ઓળંગવા લાગી. કેટલાક સૈનિકો આનંદથી રાષ્ટ્રગીત ગાતા હતા તો કેટલાક વાર્તાવિનોદ કરી રહ્યા હતા. એટલામાં સાથેની લાઇન પર વિરૂદ્ધ દિશામાં ચાલતી ટ્રેન દૃષ્ટિએ પડી. તે ઘાયલ થએલા સૈનિકોથી ભરાયલી હતી.

"જુઓ!" વિલીયમે કહ્યું: "એક ટ્રેન સશક્ત, નિરોગી અને ઉત્સાહપૂર્ણ લોકોથી ભરાઈ સમરાંગણ તરફ જાય છે, ત્યારે બીજી યુદ્ધભૂમિ પર જખ્મી થયેલાં મનુષ્યોથી ભરાઈ પાછી જાય છે. આપણામાંથી ઘણાને આવી રીતે પાછું ફરવું પડશે!"

"તેનું કારણ શું?"

"એનું કારણ, જર્મનીના યુદ્ધ ભક્તોએ યુદ્ધ એજ એક દેવ છે, તેની પૂજા કરવી જોઇએ. યુદ્ધ એજ જગતનું તારક છે, યુદ્ધ એજ માનવ

જાતિની ઉન્નતિનું ઉત્કૃષ્ટતમ એક કારણ છે! એવા પ્રકારનાં તત્વોનું પ્રતિપાદન કરી તેમણે જગતની ગાઢ શાંતિનો ઉચ્છેદ કર્યો છે અને ઉચ્ચતર સુખને છિન્ન ભિન્ન કરી નાખ્યું છે."

થોડા સમયમાંજ ટ્રેન ઉભી રહી. પોતે સમરાંગણ નજીક આવી પહોંચ્યા છે એવું વિલીયમે જાણી લીધું. તે સાથે તોપોનો–યમદૂતિઓનો ભયંકર કોલાહલ સ્પષ્ટ સંભળાવા લાગ્યો. તોપનો–યુદ્ધ જેવાં દુષ્કૃત્યને ભૌતિકશાસ્ત્રે કરેલી સહાયનો ધ્વનિ સાંભળી સર્વનાં હૃદય કંપી ઉઠયાં!

પ્રકરણ ૧૭ મું.

આશાતંતુ!

કૅપ્ટન લેનોક્સ જે સમયે યુદ્ધક્ષેત્ર પર જઈ પહોંચવાની ઇચ્છા રાખતો હતો તે સમયે જઈ શક્યો નહિ. એજ કારણથી તેને પુનઃ મૂનલાઇટ પૅલેસમાં જવાની ફરજ પડી. ભાવી વિલક્ષણ હોય છે. આજે તેને લિલીનું અપૂર્વ દર્શન થયું. એડમિરલ નેલસન યુદ્ધવિષયક કામ માટે લંડન ગયા હતા અને લિલી અદ્યાપિ સુધી નર્સ બની ફ્રાન્સ જવા નીકળી નહતી તેથી કૅપ્ટન લેનોક્સને તે એકલીજ મળી શકી.

"લિલી" લૅનોક્સે કહ્યું: "ક્ષમા કર, ત્હારૂં દર્શન કર્યા સિવાય મ્હને ચેન પડતું નથી. ફ્રાન્સ જવાનો દિવસ ફેરવવામાં આવ્યો છે તેથી આજે હું ત્હને મળી શક્યો છું, પણ મ્હને નથી લાગતું કે મ્હને જોઇને ત્હને સંતોષ થતો હોય?"

"ના, ના, એમ માનશો નહિ." લિલીએ ઉત્તર આપતાં કહ્યું: "એટલુંજ કે તમે પાછા આવો એવી મ્હેં અપેક્ષા રાખી નહતી. તમે સેંટ જોન છોડી ગયા ત્યારે તમને જે માન આપવામાં આવ્યું હતું તે સ્વીકાર્યા પછી પુનઃ આવી રીતે પાછા આવવું અયોગ્ય નથી જણાતું?"

ઉક્ત શબ્દો ઉચ્ચારતાં લિલીએ મંદ હાસ્ય કર્યું પણ તેની મુખમુદ્રા પરથી તેની શરીર પ્રકૃતિમાં અનિષ્ટકારક પરિવર્તન થયું હોય એમ સ્પષ્ટ જણાતું હતું.

"ઉત્કર્ષ કે અપકર્ષ, યોગ્ય કે અયોગ્ય વગેરે જાતના વિચાર મ્હારે શા માટે કરવા? મ્હારે તેની દરકાર રાખવાનું કંઇ કારણ?" લેનોક્સે કહ્યું: "મ્હને ચેન પડયું નહિ તેથી હું આવ્યો છું, હું જાણતો હતો કે તેં હજુ ઇંગ્લાંડ છોડયું નથી. તું મળશે એવી ખાત્રી હતી તેથી હું આવ્યો. આજ રાત્રે પાછો જઇશ."

"મ્હને નથી લાગતું કે, હમણાં મ્હારૂં મન રમત કે ગમતમાં સ્થિર થાય. તદપિ તમારે માટે—"

"રમતની વાત શા માટે કાઢે છે? હું રમવા માટે પ્લીમાઉથથી અહીં સુધી આવ્યો નથી. હું આવ્યો છું તેનું કારણ–પણ તે તું જાણે છે. તેં એન્જીનિઅર એનેટનું નામ સાંભળ્યું હશે. તે કાલે સમરાંગણપર જવાનો છે. તેનું લગ્ન પણ કાલેજ થયું છે. તેને અને તેની પ્રિયતમાને લાગ્યું કે, ભવિષ્યપર અવલંબી બેસવામાં લાભ નથી. તેના સ્નેહી વર્ગે, આવા અયોગ્ય પ્રસંગે લગ્ન કરવું એ મૂર્ખાઇ છે વગેરે કહી સમજાવવા અનેક પ્રયત્ન કર્યા; પણ તેમના ઉપદેશ તરફ તે ઉભયે દુર્લક્ષ કર્યું. તેની પ્રિયતમાએ પોતાના હિતચિંતકોને સ્પષ્ટ કહ્યું કે: "મ્હારો પ્રિયકર યુદ્ધભૂમિને વરે છે માટે મ્હારે પણ તેની સાથે લગ્ન ગ્રંથીથી જોડાવું જોઇએ. મ્હારી ઇચ્છા છે કે: ઘેર નવપરિણિત પત્ની પોતાની વાટ જોતી ખડી છે એ ભાવના તેના મનમાં જાગ્રત થાય." "પણ ધારી લે કે, તે યુદ્ધમાં મૃત્યુવશ થયો તો?" એક વૃદ્ધ સ્ત્રીએ કહ્યું: "હરકત નહિ. તેની વિધવા તરીકે ગણાવાનું મ્હને અભિમાન થશે. તેણે નિડરતાથી ઉત્તર આપ્યો: "કેમ? યુવતી તેજસ્વી અને વીર છે કે નહિ?"

લિલીએ ઉત્તર આપ્યો નહિ.

"પુષ્કળ લોકોએ એજ માર્ગનું અનુકરણ કર્યું છે;" લેનોક્સ ઉતાવળથી બોલવા લાગ્યો: "તેમના મનમાં પુષ્કળ દિવસ અટકવાની ઇચ્છા હતી,

પણ યુદ્ધ ઉપસ્થિત થતાંજ તેમને પોતાનાં લગ્ન કરવાં યોગ્ય માની લીધાં છે !"

"તમારા મનમાં પણ એવીજ ઇચ્છા છે ?" આ શબ્દનો ઉચ્ચાર કરતાં લિલી પોતાના આત્મા પરજ ગુસ્સે થઇ, પણ તેની ચિત્ત વૃત્તિ લુબ્ધ થઈ હતી તેથી એ શબ્દ એકદમ નીકળી ગયા.

"હું મહાન આનંદથી લગ્ન કરીશ !" લૅનોક્સ વિકારવશ થઇ બોલ્યો: "ગમે તેવો સ્વાર્થ ત્યાગ કરીશ પણ લગ્ન સંધિ જવા દઇશ નહિ ! લિલી ! હું શા માટે આવ્યો છું તે તું હવે સમજી ગઇ હશે. અત્યાર સુધી ત્હારી સાથે સ્પષ્ટ રીતે વાત કરવાનો પ્રસંગ આવ્યો નહિ પણ હવે મ્હારાથી ચુપ રહી શકાતું નથી. તું જાણે છે કે મ્હારો ત્હારા પર કેવો દૃઢ પ્રેમ છે. તું મ્હારી આશાને કિંચિત માત્ર અવકાશ આપીશ તો-તો—"

લિલી કંઇજ બોલી નહિ. એ ત્રણ અઠવાડીઆંથી તેનું ચિત્ત અસ્થિર બની ગયું હતું. વિલીયમ સાથે લગ્ન કરવાનો તેણે નિશ્ચય કર્યો હતો. તેણે પોતાનો પ્રેમ તેના સમક્ષ વ્યક્ત કર્યો હતો; તેણે તેની પત્નીપદ લેવાનું તેને વચન આપ્યું હતું; પણ ત્યાર પછી એકાએક યુદ્ધરૂપ કૃષ્ણ મેઘથી ભાવિ સુખ-સૂર્ય ઢંકાઇ ગયો હતો અને તેને લાગતું હતું કે: પ્રત્યેક વીર યુદ્ધ માટે ઉત્કટ ઇચ્છાથી યાહોમ કરવા તત્પર થાય છે; છતાં વિલીયમ તૈયાર થતો નથી તેનું કારણ ધાર્મિકતત્વ નથી પણ તે પોતાની ભીરૂતા છુપાવવા પ્રયત્ન કરે છે એજ છે. વિલીયમનો વિચાર તેને અસહ્ય થવા લાગ્યો, આંગ્લભૂમિનો પુત્ર કહેવડાવવાનો તેને હક્ક નથી-તે અધિકારી નથી-એ વિચારથી તેનું હૃદય બળતું હતું. તેને લાગ્યું કે: "તેને આલિંગન કરવાની સંમતિ આપી, તેને અધરામૃત લેવા દીધું એ મ્હેં અત્યંત ગહન પાતક કર્યું છે! શું માતૃભૂમિની સ્વતંત્રતા માટે અને કીર્તિને માટે પ્રાણ સમર્પણ કરનાર સત્પુરૂષના વંશમાં જન્મ પામેલી બાળા એક હિચકારા સાથે પ્રણયબદ્ધ થાય ? ધિક્કાર છે તેને ! ફીટકાર છે એવા નરપશુને !" આવા પ્રકારની વિચાર પરંપરા ચાલતી હતી પણ આશ્ચર્ય જેવું એ હતું કે: ગમે તેમ છતાં તેના હૃદયમાંથી વિલીયમની મૂર્તિ નીકળી શકતી નહતી. તે માનતી હતી કે: "એ રણભીરૂ છે." તેમ છતાં પણ પ્રેમ નષ્ટ કરવાને સામર્થ્યવાન નહતી ! સેંટ જોનની સભામાં તેનું અપમાન

કર્યું હતું ત્યારે પણ તેનું હૃદય પ્રેમમય હતું !

"ગમે તેમ હો, રાષ્ટ્ર પ્રેમથી જેની મનોવૃત્તિ વિકાસ પામી નથી, રાષ્ટ્રના વિમલ યશ કે સ્વાતંત્ર્યનો પ્રશ્ન ઉપસ્થિત થાય તોપણ તેના રક્ષણ માટે જે યુદ્ધ યજ્ઞમાં આહુતિરૂપ થવા તત્પર થતો નથી, તે મનુષ્ય "પુરૂષ" નામનેજ પાત્ર નથી ? બસ, આ લિલી એવા રણભીરૂ પર કદી પણ પ્રેમ રાખશે નહિ !" છેવટે તેણે નિશ્ચય કર્યો.

તેનો એવો નિશ્ચય હતો પણ તેના હૃદયમાંથી વિલીયમની મનોહર પ્રેમી-મૂર્તિ નષ્ટ કરવાનું બળ નહતું. તેનું હૃદય-હૃદયના ઉંડા અંતર્ભાગમાં વિલીયમ રણભીરૂ નથી એમજ થતું હતું.

કેપ્ટન લૅનૉક્સ મૂનલાઇટ પૅલેસમાં આવ્યો ત્યારથી લિલી તેની ઇચ્છા જાણી ગઇ હતી. આજે કેટલાક મહીનાથી તે તેના વિષે વિલક્ષણ શ્રદ્ધા દર્શાવતો હતો અને લિલીના વર્તનનું મન તે જાણી ગયો હતો. લિલીને પણ તેના ગુણ પ્રિય હતા. તે રણધીર પુરૂષના વંશમાં જનમ્યો હતો, અને માતૃ-ભૂમિપર ઉચ્ચ પ્રેમ ધરાવતો હતો. તે દેખાવમાં પણ સુદૃઢ અને ઉદાર અંતઃ-કરણવાળો હતો. તેની સાથે લગ્ન કરવાથી લગ્ન યશસ્વી મનાય-જીવન સફળ થાય-તેમ હતું અને ભૂષણાસ્પદ હતું. તેના પ્રિય પિતાની ઇચ્છા પણ તેવી હતી. તેના વિચાર પ્રમાણે સમર ભૂમિપર જવામાં ભીરૂતા કે ધર્મતત્વ બતા-વનાર વિલીયમ કરતાં લૅનૉક્સ અનેક રીતે આદરણીય હતો.

લિલી કંઇ બોલી નહિ તે જોઈ લૅનૉક્સ બોલ્યોઃ "લિલી ! મ્હારા કહે-વાથી ત્હને ખોટું તો લાગ્યું નથીને ?"

લિલીઃ "જી ! બીલકુલ નહિ, કંઇ કારણ ?"

લૅનૉક્સઃ "મ્હારી આશા પૂર્ણ થવાનો સંભવ છે ખરો ? તું મ્હને વચન આપ એમ હું કહેવા ઇચ્છતો નથી-આગ્રહ કરતો નથી. ત્હારા સિવાય અન્ય કાર્ય પર મ્હારો વિશેષ પ્રેમ નથી એમ તું કહેશે તો બસ છે. હું વિશેષ ધૈર્યથી રણયજ્ઞમાં જઇશ. દેવી લિલી ! એટલા શબ્દ તું નહિ ઉચ્ચારી શકે ?"

"ના." તેના કંપયુક્ત સ્વર પરથી તેના મનપર થયેલી અનુકૂલ અસર ધ્વનિત થતી હતી.

લૅનોક્સ : " મ્હારો કોઇ પ્રતિસ્પર્ધી તો નથીને ? "

લિલી: " ના. "

લૅનોક્સ: " ત્યારે મ્હને અંશતઃ પણ વચન આપ. "

લિલી: " તેથી તમને સંતોષ થશે નહિ. "

લૅનોક્સ: " ત્હારા હૃદયના એક ખૂણામાં જો મ્હને સ્થાન મળશે તો હું અન્ય સર્વ પ્રદેશ ત્વરાથી પ્રાપ્ત કરીશ. કહે ! "

એક વખત વિલીયમ પર પ્રેમ રાખતી હતી એ વાત લિલી ગુપ્ત રાખવાનું પસંદ કરતી નહતી. તે નિશ્ચય પૂર્વક બોલી:—

" તમને એક વાત કહેવાની આવશ્યકતા છે. મ્હારો કોઇ પર પ્રેમ નહતો એમ મ્હેં કહ્યું તે ખોટું છે. "

લૅનોક્સ: " અમે તે પર હો ! વર્તમાન સમયે કોઇ વ્યક્તિ પર ત્હારો–"

લિલી: " છટ્, છટ્ ! બીલકુલ નહિ. "

લૅનોક્સ: " તે વ્યક્તિનું નામ ? "

લિલી: " તમે તર્ક કરી શક્યા નથી ? "

લૅનોક્સ: " કોણ વિલીયમ ? "

લિલી: " હા, હવે તેના નામનો ઉચ્ચાર પણ લજ્જાસ્પદ છે. તેવા રણથી બ્હીતા પુરૂષ પર પ્રેમ રાખ્યો તે મ્હેં એક ઘોર પાપ કર્યું છે એમ મ્હને લાગે છે; અને તેનો પ્રતિક્ષણે પશ્ચાતાપ થાય છે. " લૅનોક્સ " ત્હારો તે પ્રેમ કેવળ ક્ષણિક હોવો જોઇએ. ત્હારા જેવા શૂર અંતઃકરણની બાલાનો વાસ્તવિક રીતે તેવા કાયર ઉપર પ્રેમ થવો સંભવિતજ નથી. "

લિલી: " હું બીરૂતાને જેટલી ધિક્કારૂં છું તેટલી અન્ય કોઇ પણ વસ્તુને ધિક્કારતી નથી. હૃદય પ્રદેશમાંથી વિલીયમના વિચારનો ઉચ્છેદ કરવા માટે હું પ્રયત્ન કરૂં છું. "

લૅનોક્સ: " તેની તું લેશ માત્ર ચિંતા કરીશ નહિ. તેવા પુરૂષ સાથે સ્નેહ કરવામાં મ્હને પણ પશ્ચાતાપ થાય છે. લિલી ! તેને આપણે આપણી વિચાર ભૂમિકામાંથી હાંકી કાઢીશું. "

લિલી કંઇક અંશે ક્ષણવાર માટે લૅનોક્સ પર ઉગ્ર થઇ. તેની ઇચ્છા વિલીયમના વિચારનું સમર્થન કરવાની થતી હતી. " ત્હારા કરતાં વિલીયમ

શૂર પુરૂષ છે." એમ કહેવાને તે આતુર હતી, પણ તેનાથી બોલાયું નહિ.

લૅનોક્સ: "મ્હને ત્હારા હૃદય પ્રદેશમાં સહજ સ્થાન આપ. પછી વિલીયમનો વિચાર દૂર કરવામાં ત્હને શ્રમ નહિ પડે."

લિલી: "હમણાં હું કંઇ કહી શકીશ નહિ."

લૅનોક્સ: "પણ તું મ્હારા પર પ્રેમ રાખવાનો—અરે! મ્હને અમૃતમય દૃષ્ટિથી જોવાનો પ્રયત્ન કરીશને?"

લિલી: "માત્ર તેટલું વચન આપું છું."

લૅનોક્સ: "એટલું બસ છે. હમણાં વિશેષ લાલસા નથી. લિલી હવે એક પ્રેમ ચુંબન—"

લિલીએ નાકે આંગળી લગાડી કહ્યું: "ચૂપ! એ વાત કરશો નહિ!"

લૅનોક્સ: "જેવી ત્હારી ઇચ્છા. ત્હારા તેટલા વચનથીજ મ્હને લાગે છે કે, મ્હારા જેવો આ જગતમાં કોઈ સુખી નથી. હું સમરાંગણપરથી ક્યારે પાછો ફરી શકું એજ ચિંતા તું કર્યા કરશે કેમ નહિ?"

લિલી: "પ્રભુ જાણે. વર્તમાનપત્ર પરથી જણાય છે કે નર્સ બની જતી સ્ત્રીઓ પણ જોખમમાં છે."

લૅનોક્સ: "મ્હને લાગે છે કે, તું તે વિચાર ત્યજી દઇશ."

લિલી: "કેમ? સ્વદેશ માટે સ્વાત્માર્પણ કરવાનો પુરૂષોને હક છે તેમ દેશકાર્યમાં બને તેટલી સહાય કરવી એ અમારૂં કર્તવ્ય છે. હું સ્વકર્તવ્યથી વિમૂખ થનાર સ્ત્રી નથી."

લૅનોક્સ પ્રશંસાપૂર્ણ દૃષ્ટિથી તેના તરફ જોવા લાગ્યો: "બસ! સ્ત્રી હોય તો આવીજ હજો!" તે મનમાં વિચાર કરવા લાગ્યો.

"કેવું સ્વાભિમાન—કેટલી કર્તવ્ય દક્ષતા! મ્હને પ્રાપ્ત થઈ! એટલા વચન માટે પણ તે વિચાર કરે છે. ગમે તેમ હશે! વિલીયમનો વિચાર અવશ્ય નષ્ટ થશે તે વિષે શંકાને સ્થાન નથી."

"કદાચિત ફ્રાન્સમાં દર્શન થશે ખરૂ! હું ઘાયલ થઇશ—" લૅનોક્સે પ્રેમ દૃઢ કરવાને બ્હાને કહ્યું.

"નહિ, એ વિચારજ કરશો નહિ!" લિલી કંપિત સ્વરે બોલી.

"ધન્ય છે પ્રભુ! એ બિચારીનો કેટલો પ્રેમ છે." લૅનોક્સ મનમાં

બોલ્યો: "મારો ઘાયલ થવાનો વિચાર પણ તે સહન કરી શકતી નથી."

તેણે ખુલ્લી રીતે કહ્યું: "ગમે તેમ હો, ત્હારી શુશ્રૂષામાં આવનાર મનુષ્ય ભાગ્યશાળીજ હશે. મ્હને એ સુભાગ્ય પ્રાપ્ત થશે તો હું એ લાભ મેળવવા ભૂલીશ નહિ."

તેજ દિવસે કૅપ્ટન લૅનોક્સ પ્લીમાઉથ જવા નીકળ્યો. તેની ખાત્રી હતી કે: "લિલી પ્રાપ્ત થશે." તે માનતો હતો કે નેલસનની કૃપા છે અને વિલીયમરૂપી કંટક દૂર થયો છે. ખરેખર, લિલી સદ્‌ગુણની પૂતળી છે! તે ક્ષુદ્ર વચનને પણ માન આપ્યા સિવાય નહિ જ રહે." વગેરે વિચારો કરતો તે હર્ષપૂર્ણ હૃદયે ચાલ્યો જતો હતો.

આપણે જાણી શક્યા છીએ કે: પ્રભુની ઇચ્છા ત્રણે વ્યક્તિને ફ્રાન્સની રણભૂમિ પર એકત્ર કરવાની હતી. દેશને લડાયક તરૂણ વીરની જરૂર છે, આપણું રાષ્ટ્ર યુદ્ધ ભૂમિપર ઉતરશે અને આપણામાં યુદ્ધ કૌશલ્ય છે; એટલોજ વિચાર લેનોક્સને માટે બસ હતો. આ યુદ્ધ ન્યાયી છે કે અન્યાયી? અને ઈંગ્લાંડને યુદ્ધમાં સામેલ થવાની આવશ્યકતા છે કે નહિ તેનો વિચાર કરવાનું કાર્ય તેનું નહતું.

લિલી ફ્રાન્સ જવાના કારણમાં માનતી હતી કે, પ્રાણનું રક્ષણ કરવું તે સ્ત્રી–કર્તવ્ય છે. સ્ત્રી જાતિના પરમ પવિત્ર અને ઉદાત્ત કર્તવ્યને આધીન થવા માટે તે પોતાનું ગૃહ છોડવા તથા પ્રાણ જોખમમાં નાખવા તૈયાર થઇ હતી. સ્ત્રીઓને યુદ્ધ કરવાની સંમતિ મળી હોત તો તે સમરાંગણ ઉપર જવાને પણ તત્પર થઇ હોત, પણ તેને તેવો અધિકાર નહતો તેથી જન્મભૂમિની ઉજ્જવળ કીર્તિ માટે ઘાયલ થતા વીરોની શુશ્રૂષા કરવા અને તેટલો પરિશ્રમ લેવા તે ઉધુક્ત થઈ હતી. તેના હૃદયમાં પ્રજ્વલિત થયેલી દેશભક્તિની જ્યોતિ એ માર્ગ બતાવ્યા સિવાય બીજો ઉપાયજ નહોતો.

વિલીયમનું કારણ સર્વેથી ભિન્ન હતું. તે આપણે જાણીએ છીએ. તે યુદ્ધને ધિક્કારતો હતો—અનંત નિંદ્યકર્મ માનતો હતો, અને યુદ્ધ–પ્રિય મનુષ્ય જાતિને કલંકભૂત ગણતો હતો, તે અનેક વખત એમજ બોલી ચૂક્યો છે. અર્થાત્ એ પણ સ્પષ્ટ થઇ ગયું છે કે: તે માનવ સૃષ્ટિમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપવા યુદ્ધાસક્ત જર્મનો સામે યુદ્ધ કરવાના નિશ્ચય પર આવ્યો હતો.

પ્રકરણ ૧૮ મું.

તોપોની ગર્જના વચ્ચે !

સમસ્ત દિવસના અસ્ખલિત પ્રવાસના શ્રમથી વિગલિત થયાના કારણથી કહો, અથવા સમરભૂમિ પર થતા ઘનઘોર રક્તપાતથી દૃષ્ટિ કંઇક વખત સુધી દૂર કરવાની ઇચ્છાથી કહો, કે પછી પૃથ્વીનો અન્ય ગોલાર્ધ પ્રકાશિત કરવાના ઉદાર કાર્યનો અમલ કરવાને કહો, ભગવાન્ સહસ્રરશ્મિ સંધ્યાદેવી સાથે સંલગ્ન થતા થતા અદૃશ્ય થયા. તે જોઈ તારકામંડળ આકાશની અટ્ટાલિકામાંથી પોતાનાં ચંચળ નેત્ર ફેરવતું ધીમે ધીમે બહાર આવવા લાગ્યું.

પુષ્પવૃક્ષના પલ્લવ પર અથડાઈ પુષ્પ સાથે વિલાસ કરતો વાયુ વિશ્રાંતિ લેતો હતો. પશુપક્ષીનાં ટોળાં પોતાનાં વિશ્રાંતિ સ્થળોમાં શાંતિ અનુભવવામાં મગ્ન થયાં હતાં. પ્રકૃતિ સુંદરી યુદ્ધ પ્રિય અસુરો સ્હામું જોઇ જાણે કહેતી હોય કેઃ મ્હારી શાંતિને દૂર કરવાનું તમારા જેવામાં સામર્થ્ય નથી. તે દેવી જાણે મશ્કરી કરતી હોય તેમ લાગતું હતું. એવે સમયે વિલીયમ સ્વદેશ બન્ધુઓ સાથે સમરભૂમિના મુખ્ય સ્થાને આવી પહોંચ્યો. તેને એમજ લાગી રહ્યું હતું કેઃ મોખરા પર જઇ યુદ્ધનું બીજારોપણ કરનાર જર્મનોનો નિઃપાત ક્યારે કરૂં અને યુદ્ધનાં જડમૂળ ખોદી કાઢી જર્મનોએ પોષેલા વિષમય વૃક્ષને ક્યારે નિર્મૂળ કરૂં પણઃ—”

“ ધમમમ ! ધમમમ ! ધમમમ ! ”

અને ત્યાર પછી સંભળાયલી કર્કશ ચીસો, અંતકાળના ગંભીર ધ્વનિ અને કરૂણામય આલાપ ! તથા જ્યાં ત્યાં દૃષ્ટિએ પડતા શબસમૂહ ! રક્તની નદીઓ અને માંસનો કાદવ ! દ્વેષ ! મત્સર ! ક્રૂરતા અને હૃદય શૂન્યતાનું

પ્રદર્શન! રણભૂમિ પર પ્રેતોને પણ કંપાવે તેવું દૃશ્ય જોતાંજ વિલીયમ થોડો વખત સ્વસ્થ ઉભો રહ્યો. તે જાગૃત સૃષ્ટિ જુએ છે કે સ્વપ્ન સૃષ્ટિમાં સંચાર કરે છે તે સમજી શક્યો નહિ. આજ સુધી તે યુદ્ધને માત્ર નરક સમજતો હતો. હવે તેની ખાત્રી થઇ કેઃ એ નરક અત્યંત તિરસ્કરણીય અને ભયપ્રદ છે. સુધારાના બળથી કાલ્પનિક સ્વર્ગ સુખને પણ તુચ્છ મનાવવાનો પ્રયત્ન કરનારા આ મૃત્યુલોક પર આવા પ્રકારનું નરક જોઇ વિલીયમનું હૃદય ભેદાઇ ગયું!

"આ હીન નરકને છિન્ન ભિન્ન કરી નાખવું, યુદ્ધને ભૂતકાલિન વિસ્મૃતિના ઉંડા પ્રદેશમાં ધકેલી મુકવું અને વિશ્વ બન્ધુઓને અપૂર્વ શાંતિનો પૂર્ણ આસ્વાદ લેવાને તક આપવી એજ આપણું આદ્ય કર્તવ્ય છે. આ દુર્ગંધીના ભંડારરૂપ નરકનો વિધ્વંસ કરવા માટે મ્હારા અને મ્હારા દેશ બન્ધુઓના મનમાં ઇશ્વરી પ્રેરણા થઇ છે. જો તેમ ન હોત તો કોઇ પણ જાતનો સ્વાર્થ ન હોવા છતાં લાખો ઇંગ્લિશ યુવકો ઇંગ્લિશ ખાડી ઓળંગી ફ્રાન્સના કિનારા પર શા માટે ઉતરત? લૉર્ડ કિચનરે દેશના કાર્ય માટે તત્પર થવા વિનંતિ કરતાની સાથેજ હજારો યુવકોનાં ટોળાં સૈન્યમાં કેમ દાખલ થાત! પોતાની પ્રિય દેવાંગનાઓના હાથમાં હાથ ભેરવવા છોડી દઈ—અરે! સુંદર બાળાઓના સુખ વિલાસને લાત મારી, અનુભવી વૃદ્ધ વીરાત્માઓ શાંત જીવનને તરછોડીને અને વિલાસી યુવાનો પોતાનાં સુખી સાધનને ભૂલી જઇને સમરભૂમિ પર કેમ દોડી જાત! એટલુંજ નહિ પણ લિલી જેવી સાર્વભૌમ સુંદરીનો—મ્હારી પ્રાણેશ્વરીનો ત્યાગ કરી, વિવેક બુદ્ધિનું પૂજન કરનારો હું રણક્ષેત્રમાં કેમ દોડી આવત? શું એથી સિદ્ધ થતું નથી કે, જેમ બને તેમ સત્વર, યુદ્ધનો વિનાશ કરવા યુદ્ધ પ્રિય જર્મન પિશાચોને આ જગતના માનવ સમાજમાંથી નષ્ટ કરવાની ઇશ્વરી ઇચ્છા છે." તે મનમાં બોલ્યો.

આવો વિચાર કરી વિલીયમ રણયજ્ઞમાં દોડવા લાગ્યો. તેનો જુસ્સો જોઈ તેની સાથેના કેટલાક તરૂણો તેના તરફ વિસ્મિત મુદ્રાથી જોવા લાગ્યા. એટલામાં એક તરૂણે તેને કહ્યું: "શત્રુ સાથે યુદ્ધ કરવાની હજુ આજ્ઞા મળી નથી." તુરતજ વિલીયમ પોતાના વિચિત્ર વર્તન વિષે મનમાંજ હસ્યો અને નિરૂપાયે પાછો ફર્યો.

રણક્ષેત્રમાં આજે પંદર દિવસ થઈ ગયા છે. હમેશ હુમલા અને પ્રતિ-હુમલા થયા કરે છે. મેઘનાદને શરમાવે તેવો તોપોનો અવાજ, પર્જન્યવૃષ્ટિને લજાવે તેવી અગ્નીવૃષ્ટિ અને વિદ્યુત પ્રકાશને ન્યૂનત્વ આપનાર શસ્ત્રોનો ચકચકાટ જોતાં પંચમહાભૂતો જાણે કે ખળભળી ઉઠ્યાં હોય તેમ લાગવા માંડ્યું છે. નેત્રને અંધ બનાવનાર, મનને ભય આપનાર અને કર્ણપટને તોડી નાખનાર યુદ્ધ પ્રસંગની ભયંકરતા ધીમે ધીમે વિલીયમના હૃદયમાંથી નષ્ટ થતી ગઈ. હવે અનેક મનુષ્યોનો એકદમ સંહાર કરનારા તોપના મુખમાંથી નીકળતા ગોળાઓ જોઈ તેને શરમ લાગતી નહોતી ! તે અગ્નિપ્રલય તરફ પ્રેમ કુતુહલથી જોતો હતો. મૃતદેહના ઢગલાથી તેનું મન શોકમય બની જતું નહતું. હવે તેના અંતઃકરણમાં યુદ્ધ કરવું એ ધર્મ છે કે અધર્મ તેનો વિચાર જ થતો નહોતો. હવે તો માત્ર રાષ્ટ્રના કાર્યમાં શુદ્ધ અંતઃકરણથી મદદ કેવી રીતે કરવી અને યુદ્ધને નિર્મુળ કરવા કેવા પ્રયત્ન કરવા તેનુંજ તે ચિંતન કર્યા કરતો હતો. કયસર માનવ સમાજનો સંહાર કરવા માટે પોતામાં ઇશ્વરી અંશ છે એમ કહેતો હતો ત્યારે વિલીયમ પણ એમજ માનતો હતો કે, " યુદ્ધ ભક્તોનો સંહાર કરવા માટે ઇશ્વરી તેજ મ્હારામાં જન્મ પામ્યું છે." તેનું વદન ચંદ્રકળા પ્રમાણે સમરતેજથી અધિકાધિક વિલસવા લાગ્યું. તેનો આનંદ જોઈ તેની સાથેના સૈનિકો આનંદિત થતા, તેનો આલ્હાદ જોઈ તેના સહચારીઓનાં વદન પ્રફુલ્લિત થતાં અને તેની સાથેના સર્વ મનુષ્યો તેને જોઈ આવેશથી રણગીતની ગર્જના કરતાં.

વિલીયમ સમરભૂમિમાં પ્રત્યક્ષ કાર્ય કરવા આતુર થઇ રહ્યો હતો, પરંતુ અદ્યાપિ સુધી તેને પ્રત્યક્ષ યુદ્ધ કરવાની આજ્ઞા મળી નહતી તેથી તે નિરાશ થયો. ઘણા દિવસ સુધી યુદ્ધ સિવાયનાં અન્ય કાર્યો કરવામાં તે ગુંથાઈ રહ્યો હતો. તેના જેવા વીર યુવકોને પ્રત્યક્ષ યુદ્ધમાં જવાનું માન મળ્યું અને પછીથી તેને યુદ્ધની પાછળ પડી રહેવું પડ્યું એ અસહ્ય થઇ પડ્યું. અનેક વખત તેણે સેનાપતિં સન્મૂખ જઈ યુદ્ધાજ્ઞા મેળવવાના વિચાર કર્યા હતા, પરંતુ તે જાણતો હતો કેઃ યુદ્ધયજ્ઞમાં સ્વેચ્છાને માન નથી—આજ્ઞા સિવાય કાર્ય કરવાની સત્તાજ નથી. એ કારણથી મોખરા પર જઈ જર્મન યુદ્ધાસુરોને ચમત્કાર બતા-

વવાનું મહદ્‌ભાગ્ય ક્યારે ઉઘડશે તેની ચાતક પ્રમાણે તે વાટ જોતો હતો.

એક દિવસ સાંઝે વિલીયમ અતૃપ્ત કર્ણે ઇંગ્રેજ વીર રત્નોના શૌર્યોચિત સમાચાર સાંભળતો હતો. તે દિવસે ઇંગ્રેજ વીરો મહાન ઉત્સાહથી જર્મનોની પાછળ પડયા હતા, એટલુંજ નહિ પણ કેટલીક જર્મન ખાઇઓ પણ તેમણે મેળવી હતી. એવા મહાયશમાં પોતાનો કંઈ ભાગ નહિ હોવાથી વિલીયમ દુઃખી થતો હતો. તેટલામાં એક તરૂણે તેની પાસે આવી કહ્યું:

"લેફ્ટેનન્ટ સાહેબ ! કર્નલ સૅપ્સવર્થ આપને બોલાવે છે." મેઘપ્રતિ અતૃપ્ત નયનથી જોતા ચાતકને મેઘવૃષ્ટિથી જેવો આનંદ થાય છે તેવો આનંદ આ વખતે વિલીયમને થયો. તેની ખાત્રી હતી કે: કર્નલ સૅપ્સવર્થ કોઈ પણ ઉત્તમ કાર્ય સોંપવા બોલાવે છે. આગળ જઈ યુદ્ધ કરવા માટે બોલાવેલા હોય તો કેવું સારૂં ?" એવા વિચાર કરતો તે કર્નલ પાસે આવ્યો.

"વિલીયમ !" કર્નલ સસ્મિત વદને બોલ્યો : "ત્હને મ્હેં આજ સુધી કંઇ કાર્ય નહિ આપ્યું તે યોગ્ય હતું. તેં જો કે યુદ્ધ સંબંધી ઉચ્ચ પ્રતિનું જ્ઞાન મેળવ્યું છે, પણ પ્રત્યક્ષ યુદ્ધનો અનુભવ કર્યો નથી. યુદ્ધના પુસ્તકી શિક્ષણમાં અને પ્રત્યક્ષ યુદ્ધમાં મહદ્‌ અંતર હોય છે. તેથી ત્હારૂં મન અહીંની પરિસ્થિતિ જોઈ ગભરાય નહિ અને ત્હારાં નેત્ર રક્તપાત જોઇ શકે તેથી અદ્યાપિ સુધી ત્હને પ્રત્યક્ષ યુદ્ધ પ્રસંગ આપ્યો નહતો. હવે ત્હારૂં મન અને ચક્ષુ યોગ્ય સ્થિતિમાં આવ્યાં હશે એમ ધારી હવે ત્હને પ્રત્યક્ષ રણભૂમિ પર સમરતેજ દર્શાવી આપવા બોલાવ્યો છે. ત્હારી આજ્ઞા નીચે કેટલાક તરૂણવીરો રહેશે. ઘણું કરી કાલે સવારેજ ત્હારે તત્પર થવું પડશે. આપણા જે સૈનિકોએ આજે અનેક ખાઇઓ મેળવી છે તે પાછી લેવા કાલે જર્મનો પ્રયત્ન કર્યા સિવાય રહેશે નહિ."

કર્નલના શબ્દો સાંભળતાંજ વિલીયમને અત્યાનંદ થયો. તેણે કહ્યું: "કર્નલ સાહેબ ! હું આપનો અત્યંત આભારી છું. રાષ્ટ્રહિતને માટે મ્હારા અન્ય બન્ધુઓને યુદ્ધ કરતા જોઈ તેમના તરફ શાંત રીતે જોયા કરવાનું કાર્ય મ્હને અસહ્ય થઇ પડયું હતું. જર્મનોનો ગર્વ તોડવાની સંધિની હું પ્રતીક્ષા કરી રહ્યો હતો; તેટલામાંજ આપે મ્હને પ્રત્યક્ષ યુદ્ધ કરવાની

આજ્ઞા આપી છે. આપે મ્હારા પર અત્યંત ઉપકાર કર્યો છે. આ ઉપકારનો બદલો—"

"ચૂપ વિલીયમ! વિશેષ બોલીશ નહિ." વિલીયમના ખભાપર હસ્ત મુકી કર્નલે ગદ્દગદિત વાણીથી કહ્યું: "યુદ્ધમાં થતી પ્રાણહાનીથી મ્હારાં નેત્રમાં કદી અશ્રુજળ ભરાયાં નથી, પણ ત્હારા એ શબ્દથી મ્હારાં ચક્ષુમાં જળ ભરાઈ આવ્યાં છે. જ્યાં સુધી સ્વદેશ સેવા માટે ત્હારા જેવા સ્વાર્થત્યાગી વીર મ્હારી માતૃભૂમિમાં જન્મ પામે છે ત્યાં સુધી અપયશની ચિંતા કરવાની જરૂર નથી. જા, સિંહ પ્રમાણે ગર્જના કરી અદ્વિતીય પરાક્રમ પ્રકટ કર અને સ્વતંત્રતાના વાતાવરણમાં રહેતા તરૂણોનું સમરતેજ જગતની દૃષ્ટિમાં લાવ? વિલીયમ! તું મ્હારા શબ્દોને સત્ય સ્વરૂપ આપીશ તેમાં મ્હને લેશ માત્ર સંદેહ નથી. જા, આખા દિવસના શ્રમથી તું પીડાતો હઈશ. રાત્રી આનંદથી વિશ્રાંતિ લેવામાં પૂર્ણ કર—"

"અને કાલે—" વિલીયમ વચ્ચેજ બોલ્યો.

"કાલે સૂર્યોદય થતાંજ ત્હારે સમરાંગણમાં અગ્રસ્થાને પ્રકાશિત થવું જોઈએ."

કર્નલને નમન કરી વિલીયમ પ્રસન્નવદને ત્યાંથી પોતાના તંબુ તરફ જવા નીકળ્યો. ઘણા દિવસથી પરીક્ષાનો નિર્ણય સાંભળવા માટે આતુર થએલા વિદ્યાર્થીના વદન પર પોતાના વિજય શ્રવણથી જેવો આનંદ દગ્ગોચર થાય છે તેવો આનંદ આજે તેના મુખકમળ પર વિલસતો હતો.

તે રાત્રી વિલીયમે, સ્વશૌર્યથી જર્મનો કચડાતા જાય છે, તેમનો નિઃપાત થયો છે વગેરે પ્રકારનાં સુખ સ્વપ્નોના અનુભવમાં પૂર્ણ કરી. બીજે દિવસે સૂર્યોદય થતાંજ વિલીયમ કેટલાક વીર સૈનિકોસહ સહજ આહાર લઈ સશસ્ત્ર રણમાં અગ્રસ્થાને આવી પહોંચ્યો. તે વખતનું દૃશ્ય અવર્ણનીય હતું. અત્યારે તેને લિલી અને સર્વ જગત્‌નું વિસ્મરણ થઈ ગયું હતું. જો તેને લિલીનું સ્મરણ હોતં તો વર્તમાન સમયે તેની મુખમુદ્રા જેવી આનંદિત જણાતી હતી તેવી લિલી સાથેના લગ્ન પ્રસંગે હોત કે કેમ તે જાણવું મૂસ્કેલ છે. થોડાજ વખતમાં હું મહાન કાર્ય કરીશ, થોડાજ વખતમાં હું યુદ્ધની સામે

થઇશ અને થોડાજ વખતમાં જર્મન અસુરો નષ્ટ થવા લાગશે વગેરે વિચારમાં તે પોતાને ધન્ય માનવા લાગ્યો. આ યુદ્ધમાં જો હું વિજયી થઇશ તો જગતપર મહાન ઉપકાર થશે! જગતમાં ઇંગ્લાંડની મહત્તા વધશે! સર્વ જગત્ ઇંગ્લાંડને ધન્યવાદ આપશે. ઇશ્વરના અસંખ્ય આશિર્વાદ ઇંગ્લાંડપર સ્વર્ગીય સુખની વૃષ્ટિ કરશે! અને એવાજ પરોપકારી કાર્યને, પવિત્ર કાર્યને–અરે! ધર્મકાર્યને ઉત્સાહ મળશે. છેલ્લો વિચાર વિલીયમના મનમાં આવતાંજ જર્મન તોપોમાંથી ધનનન! ધનનન! ધનનન! અવાજ નીકળ્યો, અને તેટલાજ જોરથી ઇંગ્લીશ સૈન્યે વળતો જવાબ આપ્યો.

જ્યાં ત્યાં ધુમ્રના ગોટ દેખાતા હતા. આજ્ઞા કેવી થાય છે તે જાણવા ઇંગ્રેજવીર આતુર થઇ રહ્યા હતા. તોપબાજી અસ્ખલિત ચાલતી હતી; એટલામાં ઇંગ્રેજ વીરાત્માઓને ખાઇ છોડી આગળ વધવાનો હુકમ મળ્યો. ઇંગ્રેજ સૈન્ય જર્મનો પર તોપોનો મારો ચલાવતું આગળ વધવા લાગ્યું. વિરૂદ્ધ દિશાથી જર્મન સૈન્ય પણ આવવા લાગ્યું. ઇંગ્રેજ સૈનિકોને એક પછી એક હુકમપર હુકમ થવા લાગ્યા. તે હુકમોનું યથાયોગ્ય પાલન કરવા સિવાય અન્ય કંઇ વિલીયમ જાણતો નહતો. એક બે વખત શત્રુપક્ષની ગોળીઓ તેના હાથ આગળ થઇ ચાલી ગઇ પણ તે ધીરવીર લેશમાત્ર ચલિત થયો નહિ. મુખ્ય અધિકારી તરફથી જે આજ્ઞાઓ થતી તેનું તે પોતાના રણવીર સૈનિકોને ભાન કરાવતો હતો. "બંદુક છોડો!" એ આજ્ઞા ક્યારે થાય છે તે તરફ ઇંગ્લિશ વીરોનું લક્ષ્ય ગયું હતું. હવે જર્મન સૈન્ય દૃષ્ટિમર્યાદા અને ગોળીના ગમન પ્રદેશમાં આવી રહ્યું હતું. આ સ્થિતિ પ્રાપ્ત થતાંજ બંદુકનો ઉપયોગ કરવાનું ફરમાન નીકળ્યું. અસંખ્ય બંદુકોના ઉપયોગથી ગડગડાટ થવા લાગ્યો. જર્મન સૈનિકો પટાપટ, પટાપટ પડવા લાગ્યા. તેમનો ધસારો અટકયો અને તેમની હારો નષ્ટ થવા લાગી. થોડાજ વખતમાં જર્મન સૈન્યમાં હાહાઃકાર મચી રહ્યો અને હવે જર્મન સૈન્ય પાછું હઠશે એમ જણાવા લાગ્યું.

જર્મનો કરતાં ઇંગ્રેજોમાં પ્રાણુ હાની ઓછી થઇ હતી, તોપણ તે ભયંકર આક્રમણ પોતાની ભયંકરતા પ્રદર્શિત કર્યા સિવાય નજ રહે એ સ્પષ્ટ

છે. વિલીયમના ડાબા અને જમણા હસ્ત આગળ રહી કેટલીક વખત પ્રતિપક્ષની ગોળીઓ સણુસણાટ કરતી ચાલી ગઈ હતી. અરે, કેટલીક વખત તેની બાજુએ રહેતા અંશ રક્ષકો પતન પામ્યા હતા. તે તેના લક્ષમાં હતું. તે જાણતો હતો કે "બે ઇંચ જમણી બાજુએ નમ્યો હોત, કાં તો ચાર ઇંચ ડાબી બાજુઓ ખસ્યો હોત તો આ દેહ નષ્ટ થાત." આથી તેનું ધૈર્ય ઓછું થયું નહિ. તે કિચિંત પણ નિરાશ થયો નહિ.

જર્મનો હવે પાછા ફરવાને આતુર થઇ રહેલા હતા, પણ ઇંગ્રેજ સૈન્યનો ધસારો બંધ પડયો નહિ. તેઓ જુસ્સાભેર ધસ્યા જતા હતા. પરિણામે ઉભયસૈન્ય એક બીજાની સમીપમાં આવી પહોંચ્યાં. હાથોહાથની ઝપાઝપી શરૂ થઈ. તોપો નકામી થઇ, બંદુકો વ્યર્થ જણાઈ અને સમશેરો તથા સંગીન બહાર પડયાં. મહાયુદ્ધમાં આવા હાથોહાથના પ્રસંગ અતિઅલ્પ હોય છે. આ યુદ્ધને બહુધા મનુષ્યોની લઢાઈ કહેવા-કરતાં યંત્રોનું યુદ્ધ કહીએ તો યોગ્ય ગણાશે. અનુભવમાં જણાયું કેઃ ઇંગ્રેજો આગળ જર્મન સૈનિકો હાથોહાથની લઢાઇમાં ઉભા રહી શકતા નથી. જર્મનો આપણા જેવા સશક્ત અને શસ્ત્રવાળા છે, તો પણ લઢાઇમાં પાછા પડતા જોઇ વિલીયમને આશ્ચર્ય થયું પરંતુ તેજ ક્ષણે લાગ્યું કેઃ "આપણા અમર તેજને જેમ ધર્મનું, ન્યાયનું, બન્ધુ પ્રેમનું અને સત્ય લાગણીનું પ્રોત્સાહન મળે છે તેમ યુદ્ધપ્રિય રાક્ષસોએ એકત્ર કરેલા તે ભક્તજનોને ક્યાંથી મળે? જેના હૃદયમાં હમેશ થયા કરે છે કે, આપણે અધર્મ યુદ્ધ આરંભ્યું છે, યુદ્ધ માટે વિના કારણે શસ્ત્ર પકડયાં છે અને વિના હક્કે રક્તપાન કરવા ઉદ્યુક્ત થયા છીએ તેને પોતાના કૃત્યનો જવાબ પ્રભુના દરબારમાં આપવો પડશે, તેના હસ્તથી યાંત્રિક હિલચાલ સિવાય અન્ય શું થઈ શકે!" આ વિચારથી વિલીયમને સંતોષ થયો.

પ્રથમ તો સન્મુખ ઉભેલા ઇંગ્રેજ બહાદુરોની સંગીનોના પ્રહારથી પીડાતા અને વીર ઇંગ્રેજોની સમશેરના ઘાથી યમદ્વાર તરફ જતા જર્મનો નિસર્ગતઃ શત્રુ નહિ હોવા છતાં તેમને પટાપટ મરતા જોઇ વિલીયમને ખેદ થયો. પરંતુ જર્મન યુદ્ધાસુરોના આસુરી સંપ્રદાયને છિન્ન ભિન્ન કરવા માટે તેમ કરવું પડે છે, તથા જગતમાં રહેલી શાંતિને અમર કરવા માટે એ સર્વ સહન કરવાની

જરૂર છે, એ લક્ષમાં આવતાંજ તેનું શૌર્ય બમણા ઉત્સાહથી પ્રકાશ્યું.

અંતે જર્મનોને પાછા ફરવાની આજ્ઞા મળી, કહો કે ફરજ પડી. તે પોતાનાં શસ્ત્રો નાખી, તોપો છોડી, યુદ્ધ સામગ્રીનો ત્યાગ કરી જીવનનું રક્ષણ કરવા નાશી છૂટયા. વિલીયમને પણ અન્ય સહચારીઓ સાથે લાગ્યું કે: હવે તેમની પાછળ પડવાનો હુકમ મળશે; પણ તેમાં તે નિરાશ થયો. જર્મનોની પાછળ પડવું સલાહકારક નથી. જાણી ઇંગ્લિશ સેનાપતીએ પોતાના સૈન્યને પાછું ખાઇ તરફ બોલાવી લીધું. ક્ષણવારમાં સૈન્ય ખાઇઓમાં ભરાઇ ગયું. અદ્યાપિ સુધી તોપબાજી ઉભયપક્ષ તરફથી અપ્રતિહત રીતે ચાલતી હતી; પણ તે તરફ દુર્લક્ષ કરી વિલીયમ શાંત રીતે પોતાના મુખ પરથી પ્રસ્વેદ બિંદુ લૂંછતો હતો. તેની ચોતરફ રક્તથી ખાડા ભરાયા હતા અને સ્થળે સ્થળે મૃતદેહ પડયાં હતાં. ઘાયલ થયેલા તથા મૃત્યુ સમીપ પહોંચેલા વીરોના અંતકાળના શબ્દો અસ્પષ્ટપણે સંભળાતા હતા. જખમી થયેલાઓને સુરક્ષિત સ્થળે પહોંચાડવાનું કાર્ય શરૂ થયું હતું. વિલીયમે પોતાના મુખ પરથી રૂમાલ કાઢી લઇ સ્વાભાવિક રીતે સામે જોયું તો એક જુનો સહાધ્યાયી પોતાની પાસે ઉભો રહેલો જણાયો.

"કોણ ? વિલીયમ ! મ્હને કલ્પના પણ ન હતી કે તું અહીં હઇશ."

"વાહ પિકફર્ડ ! ત્યારે તું મ્હને અહીં મળીશ એવો મ્હને સ્વપ્ને પણ ખ્યાલ હશે કે ? આપણે કેટલા લાંબા સમયે મળ્યા છીએ ? આપણે યુદ્ધશિક્ષણ મેળવતા હતા ત્યારે પરિચય થયો હતો તેજ ! તું અહીં કેટલા વખતથી આવ્યો છે ?" વિલીયમે પુછ્યું.

"ઘણા દિવસ થયા છે. ફ્રાન્સના કિનારાપર અમેજ પ્રથમ પગ મુકયો હતો." પિકફર્ડે કહ્યું "પણ તું કેમ આવ્યો છે ?"

"કેમ ભલા ? જન્મભૂમિમાટે યુદ્ધ કરવાનો મ્હને હક્ક નથી કે ? "

"ક્ષમા કર ! વિલીયમ ! મેં સાંભળ્યું હતું કે તું સૈન્યમાં દાખલ થવા તૈયાર ન હતો."

"ત્હને કોણે કહ્યું ?"

"કેપ્ટન લેનૉક્સ કહેતો હતો કે તું જુઠ્ઠાં કારણો દર્શાવી રાષ્ટ્રકાર્યથી

વિમૂખ થયો છે?–તું માતૃભૂમિનું ઋણ ફેડવા તૈયાર નથી. તે હસતાં હસતાં કહેતો હતો કે એક સુંદર યુવતીના હસ્તે મેં ત્હેને બીરૂતાની નિશાનીરૂપ પીછું પણ અપાવ્યું હતું. વિલીયમ શું એ વાત ખરી છે?"

"પીછું આપ્યાનું પણ તેણે કહ્યું કેમ?" વિલીયમ ક્રોધ કરી બોલ્યો.

"વિલીયમ! આ વિચિત્ર વાત પર મ્હેં તેની સાથે ઘણો વાદવિવાદ કર્યો હતો. કાલે રાત્રેજ ત્હારા વિષે ચર્ચા ચાલી હતી."

"એટલે? કેપ્ટન લેનૉક્સ અહીંજ લડે છે કે?

"તું નથી જાણતો? તેના વર્તમાન ઐશ્વર્યની વાત કરવા જેવી નથી. સૈનિકો તેને દેવ તુલ્ય માને છે. થોડા વખતમાં તે મેજર થશે. તે કહેતો હતો કે મેજર થયા પછી જોત જોતામાં હું કર્નલ થઈશ. તેના લગ્નનું પણ નક્કી થયું છે."

"લગ્ન? કોની સાથે?"

"ઍડમિરલ નેલ્સનને તું ઓળખતોજ હશે."

"હા."

"તેની કન્યા લિલી! તેં તે સુંદર બાળાને જોઇ હશેજ!"

"જોઇ છે." વિલીયમની આતુરતામાં ચિંતાનો પ્રવેશ થયો.

"તેની સાથેજ લેનૉકસનું લગ્ન થવાનું છે."

"લિલી સાથે કેપ્ટન લેનૉકસનું લગ્ન?" વિલીયમે હૃદયમાં રહેલું આશ્ચર્ય વ્યક્ત કર્યું "વિકફર્ડ! ત્હને એ વાત કોણે કહી?"

"લેનૉક્સ પોતેજ કહેતો હતો."

પોતાના હૃદયનો સ્વામી બનાવનારી કોમલ લિલી એ ચાર અઠવાડિઆં પૂર્ણ થતાની સાથેજ પોતાના વચનનો ભંગ કરશે એવું વિલીયમે ધાર્યું ન હતું. તે માનતો હતો કે: જો હું બીરૂં છું એમ તે ધારશે તો તે માત્ર મ્હારો ત્યાગ કરશે અને પુનઃ મુખાવલોકન નહિ કરવાના વિચાર પર આવશે. પણ તુરતજ લેનૉક્સપર લોભાઇ જઇ તેની પત્ની થવાનું તે સ્વીકારશે એમ તેનું મન કહેતું નહતું. ક્ષણવાર તે સમરભૂમિ અને કાર્યને ભૂલી ગયો. તેને લિલીની સંતપ્ત મૂર્તિ જણાવા લાગી. "બીરૂતા અને લિલી એ બેમાંથી

ત્હને જે પ્રિય હોય તેનો તું સ્વીકાર કર." મંજુલ નાદથી જાણે લલા એવું કહેતી હોય તેવો ભાસ થયો. સદ્દસદ્દવિવેકબુદ્ધિ પ્રમાણે આચાર રાખવાથી આવો લાભ થયો છે માની તે ક્ષણમાત્ર ચિંતાતુર થયો. ત્યારે પિકફર્ડે કહ્યું:

"વિલીયમ ! શેનો વિચાર કરે છે ?"

"વિચાર ? વિચાર કેવો ?" ચિંતાતુર વદનપર બનાવટી હાસ્ય ઉપજાવતાં વિલીયમે પૂછ્યું: "લેનૉક્સ હમણાં ક્યાં છે ?"

"આટલામાંજ હશે. એક કલાક પર હાથોહાથની ઝપાઝપી વખતે મ્હેં તેને લડતાં જોયો હતો. તે સમયનો તેનો આવેશ જોવા જેવો હતો. નેત્ર અગ્નિની પેઠે રક્તમય કરી ક્રોધથી પ્રતિપક્ષના વક્ષઃસ્થળોને તે ચીરી નાખતો હતો, તે વખતે તો તે સાક્ષાત્ યમ જેવો જણાતો હતો. આ વખતે તે કોઇ ખાઇમાં વિશ્રાંતિ લેતો હશે."

"ચાલ ! એને મળવાની ઇચ્છા છે ?" વિલીયમે કહ્યું તેજ વખતે "લેનૉક્સનો પત્તો નથી; તે ગૂમ થયો છે" એવો પોકાર સંભળાયો.

લેનૉક્સ બેમાલૂમ થયેલો સાંભળતાંજ વિલીયમને અત્યાનંદ થવો જોઇતો હતો. પોતાના પ્રેમ માર્ગમાં શૂલરૂપ થનારો આપોઆપ નષ્ટ થયો, હવે લિલી મ્હારીજ થશે. એવા વિચારથી તેનું મન આલ્હાદમાં ગૂંથાવું જોઇતું હતું, પણ તેમ ન થતાં ઉલટું તેના હૃદયને વ્યથા થવા લાગી. તે જોઈ પોતાની અસ્વાભાવિક મનઃસ્થિતિ વિષે વિલીયમને આશ્ચર્ય થયું અને ધન્યતા પણ લાગી. રણધીરને શોભે તેવો વિચાર કરી તેણે પિકફર્ડને કહ્યું.

"પિકફર્ડ ! કેપ્ટન લેનૉક્સને તેં ક્યાં જોયો હતો ? તે જીવંત હોવાનો ઘણો સંભવ છે."

"તે યુદ્ધમાં ઘાયલ થયો હશે તો ઉભયપક્ષ તરફથી થતી અગ્નિવૃષ્ટિમાંથી બચી નીકળ્યો હોય એમ મ્હને નથી લાગતું. સાંભળ, તોપોનો કેવો ગડગડાટ ચાલે છે. આ ખાઇથી આશરે ચારસો યાર્ડ સુધી આપણે જર્મનો સામે ધસી ગયા હતા. ત્યાં પેલા ઉંચા વૃક્ષ નજીક લેનૉક્સ અતુલ શૌર્યથી લડતો હતો; ત્યાંજ તે પડ્યો હોય તો—"

"તેને બચાવી શકાશે." વિલીયમે વચ્ચેજ કહ્યું: "કેપ્ટન જો

જખ્મી થયો હશે તો તેને વખતસર મદદ નહિ મળવાથી તે મૃત્યુ પામશે, બે કલાકમાં સૂર્ય અસ્ત પામશે ત્યાર પછી તેને શોધી કાઢવાનું કાર્ય મુશ્કેલ થશે. માટે જેમ બને તેમ જલ્દી તેની શોધ કરવી જોઇએ. ”

“તેને શોધી કાઢવાનું તદન અશક્ય છે. તેની પાસે જનાર મનુષ્ય તેની નજીકમાં પહોંચતા પહેલાંજ તોપોના મારાથી અથવા બંદુકની હઝારો ગોળીઓથી છિન્નવિચ્છિન્ન થઇ જશે. આવા પ્રત્યક્ષ મૃત્યુના ડાચામાં કોણ પ્રવેશ કરશે ? ”

પિકફર્ડના આ શબ્દો વિલીયમે લક્ષપૂર્વક સાંભળ્યા હતા. તે ક્ષણ વાર વિચાર કરી બોલ્યો: “આવા સંકટમાંથી જો તેને કોઇ સુરક્ષિત રીતે લાવે તો ?”

“ તો તે અત્યંત ઉદાર હૃદયનો પરોપકારી હોવા સાથે ધૈર્ય અને શૌર્યની પ્રતિમૂર્તિ છે એવો તેનો સર્વત્ર ગૌરવ થશે. તરૂણ વીરોને દૃષ્ટાંતરૂપ બનશે. વૃદ્ધ સેનાપતિ તેને ધન્યવાદ આપશે. સુંદર બાળાઓ તેનું દર્શન કરવામાં જીવનનું સાફલ્ય માનશે, પણ એવું કૃત્ય કરવા કોઇ તૈયાર થાય એમ મ્હને નથી લાગતું. ”

“ પિકફર્ડ ! લેનૉક્સ પાસે જઇ તેને મદદ કરવા એક યુવક તૈયાર છે. ” વિલીયમે હસતાં કહ્યું.

ચોતરફ ઉભેલા યુવાનો વિલીયમ તરફ જોવા લાગ્યા.

“ ત્યારે તો તે યુવક કૅપ્ટનનો બન્ધુ હોવો જોઇએ ! ”

“ તે કૅપ્ટનનો બન્ધુ નથી. ”

“ બન્ધુ નહિ હોય તો તેનો આત્મીય મિત્ર હોવો જોઇએ. ”

“ તે તેનો પ્રાણતુલ્ય મિત્ર પણ નથી. એક રીતે તો કૅપ્ટન ઉપર તેના મનમાં વેરનો નિવાસ થયો છે. ”

“ કૅપ્ટન પ્રત્યે વેર ધરાવનાર મનુષ્ય આગની ખાઇમાં કૂદકો મારશે, એ માનવું પોતાની વિચાર શૂન્યતાનું અન્યને ભાન કરાવવા જેવું છે. વિલીયમ ! લૅનૉક્સને માટે મૃત્યુના મુખમાં જવા માટે કોણ તૈયાર છે વારૂ ? ”

“ હું તૈયાર છું. ”

“ કૅપ્ટને ત્હારૂં અપમાન કર્યું છે તો પણ ? ”

"ફક્ત અપમાનજ નહિ પણ તેણે મ્હારા સુખ પર હૂમલો કર્યો છે, મ્હારી પ્રાણેશ્વરી પ્રિય લિલીનું મન દુષિત કરવા પ્રયત્ન કર્યો છે અને મ્હારા જીવનને ભયંકર સ્વરૂપ આપ્યું છે. તો પણ—"

"તે ત્હારો શત્રુ છે તદપિ તેના સંરક્ષણ માટે તું જીવનની દરકાર નહિ કરતાં અગ્નિના કૂપમાં કૂદકો મારશે ?"

"હા, હું અગ્નિમાં કૂદકો મારી મ્હારા એક દેશ બન્ધુનો પ્રાણ બચાવીશ. હું મ્હારા દેશ બન્ધુને પ્રાણથી અધિક માનું છું. હું વેરને ભુલી જઇશ. નિઃસ્વાર્થ આગળ સ્વાર્થ તુચ્છ છે. રાષ્ટ્ર કાર્યમાં અંગત વૈમનસ્ય, ભેદભાવ અને માનાપમાનનું વિસ્મરણ થવું જોઇએ. પરસ્પર વેર, ઈર્ષા ભૂલ્યા વગર દેશનું કલ્યાણ કાર્ય થતું નથી. દેશને માટે સ્વાર્થ ત્યાગ કરવો જોઇએ."

"ખરેખર, ત્હારા પવિત્ર કૃત્યથી આજે રાષ્ટ્ર પ્રેમનું અદ્વિતીય દૃષ્ટાંત—દેશભક્તિનો અમૂલ્ય ઉપદેશ જોવા–સાંભળવા અમે ભાગ્યશાળી થઇએ છીએ. ધન્ય છે ત્હારા રાષ્ટ્ર પ્રેમને !" આજુબાજુ ઉભેલા યુવકોએ વિલીયમ પ્રતિ આદરબુદ્ધિથી જોતાં કહ્યું.

વિલીયમ તુરતજ ઇષ્ટ સ્થળ તરફ જવા સજ્જ થયો. તે સમયે તેનાં ગાત્ર ક્ષુધા અને પિપાસાથી નરમ થઈ ગયાં હતાં. જે સ્થળ તરફ જવાનું હતું તે સ્થળ કેવળ કસાઇખાનારૂપ હતું ! ત્યાં અસંખ્ય પ્રેત પડયાં હતાં. કેટલાક અંતકાળનાં ડસકાં ભરે છે, કેટલાક છેવટનો દમ ખેંચે છે, કેટલાક પાણીનો પોકાર કરે છે અને કેટલાક અસહ્ય વેદનાથી આમ તેમ આળોટયા કરે છે, એવા સ્થળ પર તોપના ગોળાની અખંડ વૃષ્ટિ થાય છે, છતાં ત્યાંજ જવાનું છે ! તોપનો એક ગોળો પડતાંની સાથે કેટલાંએ માનવ શરીરના કુરચે કુર્ચા ઉડે છે ! એવા અનેક ગોળા પડયા કરતા હતા. તેમાંની એક ગોળી કે તોપના ધડધડાટનો અત્યલ્પ અંશ પણ યમસદન પહોંચાડવા સમર્થ છે, એવી ભયંકર પરિસ્થિતિમાં પ્રવેશ કરવાનો છે. તેમ છતાં એ સર્વ વિચારોએ વિલીયમને ત્યાં જતો અટકાવ્યો નહિ—એક પરોપકારી કાર્ય કરતાં પાછો પડયો નહિ. ખાઇની બહાર ઉંચા થઇને જોતાંજ સર્વ ભયંકરતા દૃષ્ટિએ પડે તેમ હતું. તથાપિ લેશ માત્ર ચલિત નહિ થતાં કર્તવ્ય તરફ લક્ષ આપી

વજ્ર જેવું કાળજું રાખી તે લેનૉક્સની શોધ માટે હિમ્મત રાખી નીકળ્યો. સીધા માર્ગે જવાનું અશક્ય હતું; તેથી તે દબાતો દબાતો ચાલ્યો. તેના શરીરની ચોતરફ કેટલીક ગોળીઓ પડતી હતી અને તેના માથા પરથી સેંકડો ગોળીઓ સણુસણાટ કરતી ચાલી જતી, પણ તેનો બિલકુલ વિચાર કર્યા વગર તે ધીમે ધીમે આગળ વધવા લાગ્યો.

અર્ધો માર્ગ ક્રમણ કર્યા પછી સુરક્ષિત રહેવા માટે વિલીયમ પ્રભુનો ઉપકાર માની આનંદ માનતો હતો, તેટલામાંજ એક ઘાયલ થઈ પડેલા જર્મન સૈનિકનું તે તરફ લક્ષ ગયું. તુરતજ તેણે પડયાં પડયાં બંદુક ઉંચકી પણ તેજ વખતે વિલીયમની નજર તેના તરફ ગઈ. વિલીયમે નેમ તાકી તેને યમદ્વારમાં પહોંચાડી દીધો. જો એક સેંકડ વ્યતીત થઈ હોત તો વિલીયમ પોતેજ પડયો હોત.

પિકફર્ડે કહેલા વૃક્ષ પાસે આવી અનેક પ્રેત આડાંઅવળાં કર્યા પછી વિલીયમે જખમી થયેલા લેનૉક્સને જોયો. લેનૉક્સના જખમમાંથી અદ્યાપિ સુધી રક્ત વહ્યા કરતું હતું. ઘા મ્હોટો હતો અને તેમાંથી અતિશય રક્ત વહી જવાથી કૅપ્ટન બેશુદ્ધ થયો હતો તથાપિ તેને જો એકદમ ઔષધોપચાર થાય તો તે બચી શકે એવી આશા જણાઈ. તુરતજ તે કૅપ્ટનને ખાંધે ઉંચકી લઈ જવા તૈયાર થયો.

વિલીયમના હૃદયમાં રાષ્ટ્રીય પ્રેમનું બળ ન હોત, તેના મનમાં સ્વદેશ પ્રેમની જ્યોતિ પ્રદિપ્ત થયેલી ન હોત અને તેના ચિત્તમાં બન્ધુપ્રેમને સ્થાન મળ્યું ન હોત તો પોતાના કરતાં પણ અધિક માન મેળવતા કૅપ્ટનને માટે શત્રુની તોપના ગોળા અને બંદુકોની નેમ ચુકવવાનું ધૈર્ય અને ઇચ્છા તેને થઇ ન હોત, પણ તેને આ વખતે સર્વ પ્રકારની શક્તિ પ્રાપ્ત થઈ હતી. એ સ્વતંત્રતાના વાતાવરણમાં દગ્ગોચર થતો પ્રાચીન અનુભવ છે.

કૅપ્ટન લેનૉક્સને પીઠ પર ઉંચકી લઈ અર્ધે રસ્તે આવતાં સુધી પોતે શું કરે છે તેની સ્મૃતિ વિલીયમને હતી, પણ પછી ધીમે ધીમે તે ઘટવા લાગી. અત્યંત પરિશ્રમથી તે બેશુદ્ધ થવા લાગ્યો. તેનું ભાન નષ્ટ થવા લાગ્યું. કર્તવ્ય પરિપૂર્ણ થાય છે કે નહિ તે વિષે તેને ભય ઉદ્દભવ્યો; પણ તે ક્ષણ-

વારને માટેજ. એક ક્ષણ પૂર્ણ થતાંજ તેની સ્મૃતિ તદ્દન નષ્ટ થઈ. તે બેશુદ્ધ થયો ! તો પણ તે કૅપ્ટન લેનૉક્સને—અરે ! પોતાના પ્રેમ માર્ગમાં ધૂળ મેળવનાર શત્રુને પોતાની પીઠ પર લઈ ચાલ્યો જતો હતો ! આવા પ્રકારનાં દૃશ્ય ક્વચિતજ જોઇ શકાય છે.

વિલીયમ પુનઃ શુદ્ધિ પર આવ્યો ત્યારે તેણે પોતાની ચોતરફ કૅપ્ટન પ્રિંગલ અને કર્નલ સૅપ્સવર્થને સેંકડો સૈનિકો સાથે ઉભા રહેલા જોયા.

" મ્હારૂં કાર્ય હું પરિપૂર્ણ કરી શક્યો છું કે ? કૅપ્ટન લેનૉક્સને હું સુરક્ષિત લાવી શક્યો છું કે ? " વિલીયમે ઉઠી બેઠા થતાં કહ્યું.

તેની સાથે પ્રેમપૂર્વક શૅકહૅન્ડ કરી કર્નલે કહ્યું:

" વિલીયમ ! તેં આજે ત્હારા શૌર્યની, ધૈર્યની અને કર્તવ્ય તત્પરતાની કલ્પના કરાવી છે. જર્મન યુદ્ધનો જ્યારે ઇતિહાસ લખાશે ત્યારે તેનો લેખક ત્હારૂં નામ સુવર્ણ અક્ષરથી લખ્યા સિવાય રહેશે નહિ. કવિ ત્હારી કૃતિ પર વીરરસ પ્રધાન કાવ્ય રચશે અને નવલકથાકાર ત્હારી આ કૃતિને ઉત્તમોત્તમ અલંકારથી સજ્જ જનસમાજ સમક્ષ મુકશે. વિલીયમ ! ત્હને ધન્ય છે ! તું આંગ્લજનનીનો સાચો પુત્ર છે. મ્હારા યુવાન મિત્રો ! આજે વિલીયમે બતાવી આપેલું દૃષ્ટાંત ભૂલશો નહિ. આંગ્લજનનીની ઇચ્છા છે કે પ્રત્યેક તરૂણ વિલીયમ બને. "

વાંચક ! કર્નલના શબ્દ સાંભળી વિલીયમના મનને થયેલા આનંદની આપણે પૂર્ણ કલ્પના કરી શકીશું ખરા ?

પ્રકરણ ૧૯ મું.

કયસરનું કારાગૃહ.

વિલાસની, ઐશ્વર્યની, શોભાની, સત્તાની અને રાજકીય હક્કની દૃષ્ટિયે જોતાં સર્વે જગતમાં યુરોપખંડ અત્યંત શ્રેષ્ઠ છે. તેમાં પણ ફ્રાન્સનાં વૈભવ સાધન, ઐશ્વર્ય, રાજકીય હક્કની ઉન્નતાવસ્થા અને સૌંદર્ય અતિ વિલક્ષણ છે. એ ફ્રાન્સની રાજધાની પેરિસ કે જે જગતમાં સુંદર મનાય છે, સૌંદર્યના જીવનરૂપ ગણાય છે અને વિલાસમાં પ્રથમ સ્થાન ભોગવે છે તેને મેળવી ત્યાં પોતાનો વિજયધ્વજ ચઢાવવાની રાક્ષસી મહત્વાકાંક્ષાને હવે કયસર ભુલવા લાગ્યો હતો. હવે તેણે ધાર્યું હતું કે પેરિસ તરફ જઈ શકાશે નહિ, કિન્તુ પાછું પડવું પડશે, તો પણ હમેશ થતી અસંખ્ય પ્રાણહાનીમાં ફેરફાર થયો નહિ. વિલીયમને હવે યુદ્ધ કરવાની સંધિ મળતી નથી એમ કહેવાનું સાધન રહ્યું નહતું. પરદેશના પ્રવાસીઓને દરિઆમાં જેમ જળ સિવાય અન્ય કંઈ દૃષ્ટિએ પડતું નથી, તેમ વિલીયમને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અને અનેક વખત સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી સમરાંગણ સિવાય અન્ય કંઈ જણાતું ન હતું. તેનું મન હમેશનાં અઘોર કૃત્યોથી કઠોર બનતું ગયું, તેને મૃત્યુનો ભય રહ્યો ન હતો, શબ સમૂહમાંથી જતાં તેના મુખપર હવે શોકનું ચિહ્ન જણાતું ન હતું. જર્મનોનો વધ કરતાં તેનું ચિત્ત અસ્થિર થતું નહતું અને સુખ દુઃખની પરંપરાનું તેને ભાન પણ રહ્યું ન હતું એમ કહીશું તો ખોટું નથી. કેપ્ટન લેનૉક્સને કાળના જડબામાંથી તે ખેંચી લાવ્યો હતો તેથી સર્વત્ર તેની પ્રસંશા થયા કરતી હતી. મુખ્ય અધિકારીઓને વિલીયમ પ્રાણતુલ્ય લાગતો હતો. તેમાં પણ વિશેષ કરીને એક બે જર્મન જાસુસોને પૂર્ણ ચાતુરીથી પકડી પાડવાથી તે સર્વેને પ્રિય થઇ પડ્યો હતો. ધીમે ધીમે

કર્નલ સૅપ્સવર્થે અને સેનાપતિ તેની ઉતરતી પદવી તરફ દુર્લક્ષ્ય કરી તેને મ્હોટાં મ્હોટાં કામ સોંપવા લાગ્યા અને વિલીયમ પણ તે યશસ્વી રીતે પરિપૂર્ણ કરવા લાગ્યો. વિલીયમને તેના અધિકારી જેટલું ચહાતા હતા તેટલુંજ નહિ પણ તેથી વિશેષ રીતે તેના સૈનિકોને તે પૂજ્ય જણાયો હતો. વિલીયમ પૂર્ણ સ્નેહથી તેમની સાથે રહી સુખ દુઃખ સહન કરવા હમેશ તત્પર થતો હતો. તેણે કદી પણ અધિકારીનો ગર્વ રાખ્યો ન હતો કે કોઇનું અપમાન કર્યું ન હતું. આવાં અનેક કારણથી પ્રત્યેક ઇંગ્રેજ તેની સ્તુતિ કરતો હતો.

હમણાં વિલીયમ પોતાના સૈનિકો સાથે વાર્તાવિનોદ કરતાં કરતાં ભોજન લેતો હતો. હજી પ્રતિપક્ષ શાંત હતો, તેથી ભોજનમાં વિલંબ થશે તો હરકત નથી એમ માની તેણે ઇંગ્લાંડની રાણી ઇલિઝાબેથના સમયે ઇંગ્લાંડે કેવું અપ્રતિમ શૌર્ય પ્રકટ કર્યું હતું, તેનું વીરરસ પૂર્ણ વર્ણન કરવાનો પ્રારંભ કર્યો હતો. સ્વદેશાભિમાનીને ઉચિત એવા વિલીયમના મુખ તરફ પ્રત્યેકનાં નેત્ર સ્થિર થયાં હતાં. વિલીયમ ચ્હાનો ઘુંટડો લેતો અને બે બે શબ્દો બોલતો હતો. ચ્હાનો છેવટનો ઘુંટડો લઇ તે પોતાના ટુંકા વ્યાખ્યાનને પૂર્ણ કરવાની તૈયારીમાં હતો એટલામાંજ કંઇ અવાજ સંભળાયો કે તે તુરતજ ઉઠી ઉભો થયો. ચ્હાના પ્યાલા જમીન પર ફેંકી દેવામાં આવ્યા. દશ સેકંડમાં વિલીયમ પોતાના રણવીર સૈનિકો સાથે શત્રુની સામે થવા સજ્જ થયો. તેણે કહ્યું:

"બન્ધુઓ ! સામેથી આવતું સૈન્ય આપણુંજ હોય તેમ લાગે છે, પણ ક્ષણ વાર ઉભા રહો, તેમના વિષે એક નિશ્ચય કરી શકાય તેમ નથી. જર્મનો આપણા જેવો પોષાક ધારણ કરી પુષ્કળ વખત આપણને ફસાવવાનો પ્રયત્ન કરે છે. આજે તેવુંજ હોય તેમ લાગે છે." વિલીયમના આ શબ્દો પૂર્ણ થતાની સાથેજ વિરૂદ્ધ દિશાથી ધસી આવતા સૈન્યે ઇંગ્લાંડનો જયઘોષ કર્યો.

"સાવધ રહો !" વિલીયમે પોતાના સૈન્યને કહ્યું: "ઇંગ્લાંડનો જયઘોષ થાય છે તે ઉપરથી તેઓને ઇંગ્લિશ સમજવાની ભૂલ કરશો નહિ. બે મીનીટમાં સત્ય શું છે તે હું શોધી કાઢું છું." એમ કહી વિલીયમ સામેથી

આવતા સૈન્ય તરફ વેગપૂર્વક દોડી ગયો. ત્યાં જઈ તે કંઇક પુછવાની તૈયારીમાં હતો તેટલામાં આઠ દસ સૈનિકોએ તેને ઘેરી લીધો.

"એક પણ શબ્દ બોલશે તો ત્હારા રાઈ રાઈ જેટલા ટુકડા થઈ જશે." ચોતરફથી એકજ ધ્વનિ નીકળ્યો. તદપિ લેશ માત્ર ભય ન પામતાં પોતાના સૈન્ય તરફ જોઇ વિલીયમે કહ્યું: "દગો છે! આ સૈન્ય ઇંગ્રેજી નથી પણ જર્મનીનું છે. એકદમ ગોળીબ્હાર ચલાવો." આટલા શબ્દ પૂર્ણ કરી તેણે સંતોષ માન્યો. આ વખતે ફક્ત શત્રુના આગમનના સમાચાર જેમ બને તેમ જલદી પોતાના લશ્કરને આપવા એજ તેનો ઉદ્દેશ હતો. તે પૂર્ણ થયો.

વિલીયમની આજ્ઞા થતાંજ તોપોના ગડગડાટ અને બંદુકોના કડકડાટ શરૂ થયા. જર્મન સૈન્યની ભયંકર હાનિ થવા લાગી. પોતાનો ઉદ્દેશ પૂર્ણ થવાની આશા નહિ રહેવાથી તે લોકો પોતાના કેમ્પ તરફ પાછા ફર્યા. વિલીયમ પણ તેમની સાથે હતો, કારણ કે તે કેદી બન્યો હતો.

હવે વિલીયમને વિચાર થયો કે: શત્રુના હસ્તમાંથી છૂટતાં સુધી મ્હારૂં પરમાર્થે કાર્ય પૂર્ણ કરવાને હું અશક્ત થયો છું, પણ તે સાથેજ તેને લાગ્યું કે: "હું નષ્ટ થવાથી કેટલાક યુવકો મ્હારૂં સ્થાન મેળવવા આગળ આવશે અને સર્વ જગતનું કલ્યાણ કરવાનો માતૃભૂમિનો સદ્હેતુ પૂર્ણ કરવામાં ઉપયોગી થશે." આથી તેના મનને સહજ સંતોષ થયો. જર્મનીનું કેદખાનું કેવું કષ્ટકારક હશે તેની કલ્પના પણ સ્વદેશસેવા આગળ ઉભી રહી શકી નહિ. ખરેખર, રાષ્ટ્રકાર્ય આગળ તુરંગવાસ કે યમયાતનાની શી કીંમત છે!

અર્ધા કલાકમાં વિલીયમને જર્મન કેમ્પમાં લાવવામાં આવ્યો. ત્યાં વિલીયમનું ઉત્તમ સ્વાગત કરી તેના નિવાસ તથા ભોજનનો પ્રબંધ ઉત્તમ રીતે કરવામાં આવ્યો. કેટલાક જર્મનો તેની ચોતરફ એકત્ર થતા, કેટલાક તેના તરફ જોયા કરતા અને પછી એક પણ શબ્દ ન બોલતાં ત્યાંથી ચાલ્યા જતા હતા. વિલીયમ વિચારમાં પડયો કે તિરસ્કાર કરવાને બદલે, અપમાન કરવાને બદલે અને છલ કરવાને બદલે આ લોકો મ્હારી સાથે આટલા પ્રેમથી કેમ વર્તે છે? આખો દિવસ તેણે આજ વિચારમાં પૂર્ણ કર્યો.

સૂર્ય પ્રકાશ લુપ્ત થતો ચાલ્યો. ભોજનની તૈયારી થઈ પણ ઉક્ત વિચારનો નિર્ણય થઇ શક્યો નહિ. વૃદ્ધ મનુષ્યની ક્ષીણ શક્તિ પ્રમાણે સૂર્યનું તેજ પણ ઓછું થવા લાગ્યું. પક્ષીગણનાં ટોળાં પોતાના નિવાસસ્થાન તરફ જતાં જણાયાં અને ભિન્ન ભિન્ન સ્થાનોએથી જર્મન તરૂણો કેમ્પમાં આવવા લાગ્યા પણ વિલીયમને હવે શું થશે તે સમજાયું નહિ.

હવે સૂર્યપ્રકાશ તદ્દન નષ્ટ થયો હતો. શોકદાયક ગૃહરાજ્યના અધિપતિનું સ્થાન સૌખ્યદાયક ચંદ્રે મેળવ્યું. ત્રાસજનક સૂર્યપ્રકાશને સ્થાને આલ્હાદજનક ચંદ્રપ્રકાશ ચળકવા લાગ્યો. તો પણ હવે શું થશે તેનો નિર્ણય વિલીયમથી થઇ શક્યો નહિ.

મધ્યરાત્રી થઇ ગઇ હતી. અદ્યાપિ વિલીયમે નિદ્રા મેળવી ન હતી. હવે એક જડવસ્તુની માફક જીવન પૂર્ણ કરવું પડશે, યુદ્ધથી જુદો પડીશ, શાંતિ મળશે નહિ, કાયદાનો અભ્યાસ થશે નહિ, પાર્લામેંટની આશા વ્યર્થ થશે, લિલીની પ્રેમદષ્ટિ અનુભવીશ નહિ, વગેરે પ્રકારના વિચાર કરવામાં તે ચિંતામગ્ન હતો. તેટલામાં તેના તંબુમાં કોઈ આવતું હોય તેવો ભાસ થયો. તેણે દૃષ્ટિ ઉંચી કરી જોયું તો એક સશસ્ત્ર જર્મન વીર સામે ઉભેલો દૃષ્ટિએ પડયો.

પોતાના તરફ વિલીયમનું લક્ષ્ય ખેંચાયલું જોઇ તે જર્મનવીરે કહ્યું: "મ્હારી સાથે થોડા સમય માટે બહાર આવશો ?"

વિલીયમ એક પણ શબ્દ ન ઉચ્ચારતાં તેની પાછળ પાછળ જવા લાગ્યો. મૃતવત્ સ્થિતિમાં પડી રહેવા કરતાં જર્મન વીરની પાછળ પાછળ જવાનું તેને યોગ્ય લાગ્યું.

વિલીયમ બહાર નીકળ્યો તે વખતે તેની બન્ને બાજુએ ચાર જર્મન સૈનિકો ચૂપકીથી ચાલતા હતા. તેની પાસે પ્રથમ જે જર્મનવીર આવ્યો હતો તે આગળ ચાલતો હતો અને તેની પાછળજ સર્વ ચાલ્યા કરતા હતા. રસ્તામાં આગળ ચાલતો જર્મન વારંવાર ઉભો રહેતો અને પહેરાવાળાને કંઇ કહી પુનઃ પોતાનો પ્રવાસ ચાલુ રાખતો હતો. આ રાત્રીનો પરાવલંબી પ્રવાસ ક્યારે પૂર્ણ થશે તેની વિલીયમને કલ્પના પણ નહતી. સૂર્યોદયથી

અત્યાર સુધીના સર્વ બનાવ તેની દૃષ્ટિ સન્મુખ ઉપસ્થિત થયા હતા. પોતે એક કેદી હોવા છતાં એકાદ રાજકીય અતિથી પ્રમાણે પોતાને સન્માન અપાયલું જોઈ તેને આશ્ચર્ય થતું હતું. હવે તેને શંકા થઇ કે આ સ્વપ્ન તો નથી. હું જાગ્રત છું કે નિદ્રાધિન છું? હું મારી છાવણીમાં પડ્યો છું કે જર્મન કેમ્પમાં ભટકું છું? હું પૂર્વવત્ સ્વતંત્ર છું કે શત્રુનો કેદી છું? વગેરે સંશયાત્મક પ્રશ્ન તે પોતાના મનને પુછવા લાગ્યો. પગ નીચેની જમીન પુનઃ જણાતી નથી, અરણ્યમાં રહેલા તંબુના સ્થાને મ્હોટાં ભવ્ય મંદિરો જણાય છે. અરે ! એ મહાલયોમાં પ્રવેશ કરવાનું પણ ભાગ્ય છે. વગેરે વિચાર તેના મનમાં ઉપસ્થિત થતા હતા. તે મનમાં બોલ્યો : "હું ક્યાં છું? પગ અને ચક્ષુથી ખાત્રી થાય છે કે હું જાગૃત અવસ્થામાં છું. હવે કાનની પણ ખાત્રી થવી જોઇએ."

તે વખતે વિલીયમ ઉત્તમ અલંકારોથી શણગારેલા અને વિદ્યુત જ્યોતિથી પ્રકાશિત થયેલા એક અત્યંત શાંત પરંતુ સુશોભિત દિવાનખાનામાં ઉભો હતો. તેની સાથે આવેલા જર્મન યુવકોને સ્થાને હવે બે પ્રૌઢ જર્મન અધિકારી ઉભા રહ્યા હતા. તે બન્ને સામેના પડદા તરફ સ્થિર દૃષ્ટિથી જોઈ રહ્યા હતા. આ સર્વનો અર્થ શો છે અને બે જર્મન અધિકારીઓ સ્વસ્થતાથી કેમ ઉભા રહ્યા છે તેની કલ્પના પણ વિલીયમ કરી શક્યો નહિ. આવી રીતે પા કલાક સુધી પત્થરના પૂતળાની માફક ઉભા રહ્યા પછી પડદો દૂર થયો અને પોતે એક મુખ્ય જર્મન અધિકારી પાસે ઉભો છે એવું વિલીયમના લક્ષમાં આવ્યું.

એક સુંદર મેજપર ભિન્ન ભિન્ન પ્રકારના સેંકડો કાગળ પડેલા છે. સામે એક ઉજ્વલ દીપક વિદ્યુત તેજથી પ્રકાશે છે. તે પ્રકાશમાં ટેબલપરના કાગળો એકાગ્ર ચિત્તથી જોતી, ક્વચિત તેપર કંઇ ટિપ્પણ લખતી, કદી વિચાર કરતી જર્મનીના ઉચ્ચ દરજ્જાના અધિકારીનો પોષાક ધારણ કરી એક મધ્યમ વયની પણ અશક્ત વ્યક્તિ બેઠેલી છે. પોતે તેના આગળ ઉભો રહેલો છે પણ તે તેની નજરમાં સુદ્ધાં નથી અને કાગળપત્ર સિવાય અન્ય કંઇ તેને દેખાતું નથી. તે જોઈ વિલીયમને લાગ્યું કે આજે કોઈ નવી દુનિઆ દૃષ્ટિએ પડી છે !

શાંતિમાં પોતાનો ટકટકાટ નહિ છોડનારી ઘડિઆળે જ્યારે જણાવ્યું કે : અર્ધો કલાક થયો છે ત્યારે તે વ્યક્તિએ પોતાનું મસ્તક ઉંચું કરી વિલીયમ તરફ ઝીણી દૃષ્ટિએ જોવા માંડ્યું. તેની વાંકદાર મૂછો, મુખની ભવ્યતા અને કપોલ પ્રદેશ પર ઝળકતું વિલક્ષણ તેજ જોઇ વિલીયમને લાગ્યું કે, આ માણસ મનુષ્ય સમાજપર પ્રભુત્વ ધરાવનારો કોઈ પણ શ્રેષ્ઠ કુલોત્પન્ન પુરૂષ હોવો જોઇએ અને જર્મન સૈન્યનો સંપૂર્ણ અધિકાર તેના હસ્તમાં હોવો જોઇએ. થોડાજ વખતમાં તે વ્યક્તિ કોણ છે તેની પણ વિલીયમને કંઇક કલ્પના થઇ. એ કલ્પનાને નિશ્ચયાત્મક સ્વરૂપ પ્રાપ્ત થતા પૂર્વે ઇંગ્રેજી ભાષામાં ઉચ્ચારાયલા નીચલા શબ્દો સંભળાયા:

"ત્હારૂં નામ વિલીયમ લિટન ?"

વિલીયમે ચોતરફ જોયું તો થોડાજ સમય ઉપર ઉભા રહેલા અધિકારીઓ દૃષ્ટિએ પડયા નહિ. તેણે નિમિષ માત્ર વિચાર કરી કહ્યું:—

"હા, મ્હારૂં નામ વિલીયમ લિટન છે."

"કર્નલ સૅપ્સવર્થના હાથ નીચે તું એક લેફ્ટેનન્ટ છે. આજે સવારે તું ત્હારા સૈનિકો સાથે યુદ્ધની સ્થિતિ જોવા નીકળવાનો હતો, એટલામાં તું પકડાયો છે ! પરંતુ તેટલા વખતમાં સુદ્ધાં ત્હેં ત્હારા સૈનિકોને સાવધ કરી પ્રતિપક્ષીને ફાવવા દીધા નથી એ વાત સત્ય છે ?"

"હા, સત્ય છે."

"તું સૈન્યમાં કેટલા દિવસથી દાખલ થયો છે ?"

"આશરે બે અઢી મહીનાથી !"

"તે પહેલાં તું શું કરતો હતો ?"

"કાયદાનો અભ્યાસ કરતો હતો."

"ત્યારે એમજ કહે ને કે, તને કાયદાનાં પુસ્તકોમાંથી ઉંચકી લશ્કરમાં રાખ્યો છે. ઇંગ્રેજોને લશ્કરી શિક્ષણની કંઈ જરૂર જણાતી નથીજ એમજ માનવું પડે છે !"

"તમે ભૂલો છો ! મ્હને લશ્કરી શિક્ષણ મળેલું છે. ઇંગ્લાંડમાં લશ્કરી અધિકારીઓને શિક્ષણ આપે એવી ઘણી સંસ્થાઓ છે, તેમાંની એક

સંસ્થામાં મેં શિક્ષણ પ્રાપ્ત કરેલું છે."

"મ્હને લાગે છે કે, ત્હારી એવી કલ્પના હશે કે વર્તમાન યુદ્ધમાં ઇંગ્રેજો વિજયી થશે."

" કલ્પના નહિ ! "

"ત્યારે ?"

" ખાત્રી છે. "

" ખાત્રી છે ? તમે વિજય માટે ખાત્રી રાખો છો ? "

" હા. " વિલીયમ દૃઢતાથી બોલ્યો : " યુદ્ધમાં અંતે અમારો વિજય છે એવી અમારી ખાત્રીજ છે. "

" એવો વિશ્વાસ રાખવાનું કારણ શું ? કયી બાબતથી તમારો એવો નિશ્ચય થયો છે. "

આ પ્રશ્નનો ઉત્તર વિલીયમના મુખમાંજ હતો પરંતુ તેનો ઉચ્ચાર કરવો કે ન કરવો તેના વિચારમાં તે પડ્યો. પછી તે વિચાર કરી બોલ્યો : " હું સ્પષ્ટ રીતે બોલીશ તો આપ ગુસ્સે તો નહિ થાવ ને ? "

" ગુસ્સે ? સ્પષ્ટવક્તા મનુષ્ય મ્હને અતિ પ્રિય છે. માત્ર મ્હેં જે પ્રશ્ન પુછ્યો છે તેનો ઉત્તર સ્પષ્ટ રીતે મળવો જોઇએ. કહે, યશ પ્રાપ્તિ પર એટલો બધો વિશ્વાસ રાખવાનું ત્હને શું કારણ છે ? "

" જગત્ ચાલક પરમાત્મા અમારા પક્ષમાં હોવાથી અમને અપયશનો ભય નથી. "

" શું ? પરમેશ્વરના અસ્તિત્વ પર તું વિશ્વાસ રાખે છે ? "

" એટલો દૃઢ વિશ્વાસ અન્ય કોઇ પર હું રાખતો નથી. "

"ત્યારે ત્હારી માન્યતા એવી છે કે ઇંગ્રેજો ન્યાયથી યુદ્ધમાં ઉતર્યાં છે ?"

" અલબત. " વિલીયમે જુસ્સાથી કહ્યું : " અમે જૂલ્મનો નાશ કરી સ્વાતંત્ર્ય તેજ પ્રકટ કરવા માટે, વચનની સિદ્ધતા માટે અને ઇશ્વરપ્રણિત શાંતિનો પ્રચાર કરવા યુદ્ધ કરીએ છીએ; ત્યારે અમારૂં યુદ્ધ ન્યાયપુરઃસર કેમ ન બને ? પરમેશ્વરની સહાય કેમ પ્રાપ્ત થાય નહિ ? "

વિલીયમના શબ્દો સાંભળી સામે બેઠેલી વ્યક્તિઓ તેના તરફ તીક્ષ્ણ

દૃષ્ટિથી જોયું. તેના નેત્રમાં ઝળકતું તેજ એટલું વિલક્ષણ હતું કે તેના તરફ જોનારને ભય થયા સિવાય રહે નહિ. કિંચિત્કાળ વિલીયમના શબ્દોનો વિચાર કરી તે બોલ્યો:

"બેલજીયમ સાથે થયેલા ક્ષુદ્ર કરારનો વિચાર ત્હારા મસ્તિષ્કમાં ભ્રમણ કરતો હોય એમ લાગે છે. એવા કાગળના કકડાને તમે ઈંગ્રેજો કેટલું મહત્વ આપો છો ?"

"પ્રાણ કરતાં પણ વિશેષ !" વિલીયમે અભિમાનપૂર્વક કહ્યું.

તેના તરફ જોઈ હાસ્ય કરી સામે બેઠેલા પુરૂષે કહ્યું: "વિલીયમ, મ્હારી ખાત્રી થઈ છે કે તું હુશીયાર અને સ્પષ્ટ વક્તા છે. ઈંગ્લાંડના મુત્સદીઓના વિચાર કે અભિપ્રાય તું નહિ જાણતો હોય પણ જનસમાજની ઇચ્છા સારી રીતે જાણતો હોવો જોઇએ. ઇંગ્લાંડની પ્રજા વર્તમાન યુદ્ધ વિષે શું માને છે તે તું કહી શકશે ?"

"ઈંગ્લાંડની પ્રજા કહે છે કે: વર્તમાન યુદ્ધ એ પાતકનો પુંજ છે. આજ સુધીમાં જે જે અન્યાય થઈ ગયા છે તે સર્વમાં આ અન્યાય અગ્રસ્થાને છે અને જંગલી લોકો પણ ધિક્કારે તેવું એ એક કૃત્ય છે. ઇંગ્લાંડનો જનસમાજ સઘ યુદ્ધ તરફ તિરસ્કારવ્યંજક ભાવનાથી જુએ છે. અમે ઇંગ્રેજો શાંતિના પુજારી છીએ. અમને શાંતિ અતિશય પ્રિય છે."

"ઈંગ્લાંડની પ્રજા યુદ્ધથી નાખૂશ બની નથી કેમ ?"

"નાખૂશ ? ફક્ત નાખૂશ નહિ પણ યુદ્ધ શબ્દનો ઉચ્ચાર સુદ્ધાં અમને પાપી લાગે છે."

"ત્યારે, યુદ્ધમાં અદ્વિતીય શૌર્યથી કેમ લઢો છો ? જે યુદ્ધ માટે તમે નારાજ છો અને જે યુદ્ધ માટે તમે ધિક્કાર દર્શાવો છો તેજ યુદ્ધમાં તમે આવું અતર્ક્ય શૌર્ય ક્યાંથી પ્રકટ કરો છો ?"

"તેનું કારણ એ છે કે, પ્રત્યેક આંગ્લ તરૂણ માને છે કે આ યુદ્ધ તો યુદ્ધ નામનો સંહાર કરવા માટે છે. જર્મનીએ ઉપસ્થિત કરેલા યુદ્ધને નિર્મૂળ કરી "બળીઆના બે ભાગ" એ તત્વને નષ્ટભ્રષ્ટ કરી, ઈશ્વર પ્રણિત ધર્મનો, ઈશ્વરદત્ત શાંતિનો સર્વત્ર પ્રસાર કરવો એ અમારૂં

ઇંગ્રેજોનું શ્રેષ્ઠ કર્તવ્ય છે. એવી પ્રત્યેક ઇંગ્લીશ વીરની માન્યતા છે અને તેથીજ અમારામાં અદ્‌ભૂત શૌર્ય, અલૌકિક ધૈર્ય અને અપૂર્વ કાર્યતત્પરતા સદૈવ જાગ્રત રહે છે."

"એટલે? તું શું કહે છે તે હું સમજતો નથી."

"અમે યુદ્ધ સામે યુદ્ધમાં ઉતર્યા છીએ. અમે યુદ્ધ ઉપર આક્રમણ કર્યું છે."

"યુદ્ધ સામે? યુદ્ધનો તિરસ્કાર કરનારાઓ યુદ્ધની સામે થયા છે? વિલીયમ, ત્હારા કથનનો આશય હજુ મ્હારા લક્ષ્યમાં આવ્યો નથી."

"મ્હને નથી લાગતું કે એ ઉદ્દેશ તમે સમજી શકો. જે યુદ્ધનો ઉપાશક છે. અરે! જેની માન્યતા થયેલી છે કે યુદ્ધ એ રાષ્ટ્રની પ્રગતિ અને જીવનને માટે આવશ્યક છે, તેને યુદ્ધ સામે થતા યુદ્ધનું રહસ્ય સમજાશે નહિ; તોપણ તમે તે માટે જીજ્ઞાસા રાખો છો તેથી તમને તેનો ખ્યાલ આપવા સહજ પ્રયત્ન કરીશ. મ્હારો અલ્પ ઇતિહાસ તમને કહી જઇશ તો મ્હેં મ્હારી ફરજ પૂર્ણ કરી છે એમ જણાશે, મ્હારા પિતાનો દઢ મત હતો કે, યુદ્ધ એ અધર્મ છે. એ વિચાર મ્હારા બાલ હૃદયપર એવો દઢ કરવામાં આવ્યો હતો કે: યુદ્ધ કરવું એ એક મહાન પાપ છે, એમ મ્હને લાગતું હતું. 'ગમે તેવો પ્રસંગ આવે તો પણ ક્ષમા ભાવ ત્યજીશ નહિ. વૈરભાવનાને હૃદયમાંથી દૂર કર' વગેરે પ્રભુ ઇસુની શાસ્ત્રાજ્ઞાને હું અક્ષરસઃ સત્ય માનવા લાગ્યો. એ કારણથી જ્યારે યુદ્ધનો આરંભ થયો અને હજારો યુવકો સૈન્યમાં જવા લાગ્યા ત્યારે મ્હેં તે પ્રતિ મ્હારી નાખૂશી પ્રકટ કરી, કારણ કે મ્હને દઢ વિશ્વાસ હતો કે યુદ્ધપ્રિયતા અને ધર્મ તત્પરતા કદી સાથે રહી શકેજ નહિ."

"પણ ત્હારે તે વિચાર કેમ છોડી દેવા પડ્યા?"

"ના, મ્હારો વિશ્વાસ તેથી દઢત્તર બન્યો છે."

"ત્યારે તું યુદ્ધમાં કેવી રીતે પ્રવેશ કરી શક્યો?"

"અચાનક મ્હને યુદ્ધ વિષયક જર્મન પુસ્તકો મળી આવ્યાં. તે મ્હેં વાંચ્યાં. તે પરથી મ્હને સમજાયું કે: "યુદ્ધનું બીજ જર્મનીએજ વાવ્યું છે અને

જગતની ગાઢ શાંતિમાં યુદ્ધરૂપી વિષ રેડવા જર્મનીએ અને યુદ્ધપ્રિય જર્મનોએ કમ્મર કસી છે." એજ વખતે મ્હારા શરીરમાં કંઈ દૈવી સંચાર થયો હોય એમ મ્હને લાગ્યું; અને જગતના શાશ્વત કલ્યાણ તથા સુખ તરફ લક્ષ્ય આપી યુદ્ધ પ્રિયતાનાં થડમૂળ ખોદી કાઢવાનો મેં નિશ્ચય કર્યો. આ નિશ્ચય યુદ્ધ પર હૂમલો કર્યા સિવાય, યુદ્ધ પર આક્રમણ કર્યા સિવાય, યુદ્ધના પ્રિયાત્માઓને નષ્ટ કર્યા સિવાય, અને યુદ્ધ પ્રેમનો પ્રચાર કરનારા મનુષ્યોને યમદ્વાર બતાવ્યા સિવાય થશે નહિ એમ માની હું તેજ દિવસે મ્હારા દેશબન્ધુઓએ આરંભેલા પરોપકારી કાર્યને સહાય કરવા તત્પર થયો. તેજ દિવસે મ્હેં મ્હારી લેખિનીને ત્યજી દઇ સમશેરનો સ્વીકાર કર્યો."

યુદ્ધ સામે યુદ્ધ શું છે—યુદ્ધ ઉપર આક્રમણ શું છે—તે હવે જર્મન અધિકારીના લક્ષ્યમાં આવ્યું. થોડીવાર વિચાર કરી તેણે કહ્યું:

" સર્વ ઇંગ્લાંડ એવાજ વિચાર ધરાવે છે કે ? "

" એમાં સંશય શો ? જર્મન પ્રજા વિષે અમારા મનમાં કાંઇપણ પ્રકારનો ખરાબ વિચાર નથી. પણ જર્મન યુદ્ધાસુરોને અમે અંતઃકરણથી ધિક્કારીએ છીએ. તેમને ક્યારે ધુળચાટતા કરીએ એજ વિચાર અમારા મનમાં થયા કરે છે. "

"તમારો આ વિચાર સફળ થશે નહિ, એમ તમને લાગતું નથી ? જર્મની પાસે આજે કેટલું સૈન્ય છે તેની તમને કલ્પના છે કે ? જર્મનીના પ્રચંડ સૈન્ય આગળ તમારૂં અલ્પ સૈન્ય શું કરશે ?"

"વિજયશ્રી સંપાદન કરશે, અન્ય શું ! જણાય છે કે, ઇંગ્રેજોના શૌર્યની અદ્યાપિ તમે યોગ્ય કલ્પના કરી શક્યા નથી. જે જે આંગ્લવીરે સમરભૂમિના મધ્ય સ્થાનમાં પરલોક ગમન કર્યું છે, જે જે આંગ્લવીર સમરભૂમિપર યુદ્ધ કરે છે અને જે જે વીર સમરભૂમિપર ઝળકશે તે તે સર્વની સમરાંગણપર આનંદથી આરૂઢ થવાની ઇચ્છા હતી, છે અને થશે. અમે રાજસત્તાના જૂલમથી લડતા નથી. અમે માત્ર રાજસત્તાના પ્રેમ માટે મરણને વધાવી લઇએ છીએ; તેથી બળાત્કારે ખેંચાઇ આવેલા જર્મનોને અમે પહોંચી શકીશું. અમારૂં અલ્પ સૈન્ય જર્મનીના પ્રચંડબળને તોડી નાખશે.

એ સિવાય અમારા રાજભક્ત ભારતવાસી નરવીરો, આફ્રિકાના પહેલવાનો અને કેનેડાના બલવાન બન્ધુઓ તમારી સામે થવા તત્પર થયેલા છે. ઇંગ્લિશ સામ્રાજ્ય કેવું બલવાન છે, કેવું ઐક્ય ધરાવનારૂં છે અને કેટલું સદ્ધર્મપૂજક છે તે થોડા સમયમાં તમારા લક્ષમાં આવશે."

"આવી સ્થિતિ હોવા છતાં યુદ્ધનો તિરસ્કાર કરવાનો દાવો કરવો—અભિમાન રાખવું તે શું યોગ્ય છે?"

"અમારા અભિમાનની સત્યતા કૃતિમાં દર્શાવી આપીશું! જર્મનીની યુદ્ધપ્રિયતા જર્મનીના યુદ્ધ અસુરો અને જર્મનીનાં યુદ્ધને સહાય આપનારાં સૂત્રોનો અંત થતા સુધી ઇંગ્લાંડ પોતાનું શસ્ત્ર પાછું ફેરવશે નહિ. જ્યારે યુદ્ધનો કુટિલ અંધકાર નાશ પામશે, શાંતિનો શીતલ ચંદ્ર ભૂમંડલપર પ્રકાશવા લાગશે. બેલજીયમ જેવાં રાષ્ટ્રોને સ્વતંત્રતા મળશે અને ભવિષ્યમાં યુદ્ધરૂપી વિષ જન્મ પામશે નહિ એવી ખાત્રી થશે ત્યારે ઇંગ્લાંડ પોતાના આયુદ્ધ નીચે મુકશે અને ત્યાંસુધી ઇંગ્લાંડ પોતાની શૂરવીરતાની હદ બતાવી આપશે."

"એમ કરવાથી કદાચિત ધારો કે વિજય પ્રાપ્ત થયો તો, ઇંગ્લાંડનો કયો હેતુ સિદ્ધ થશે?"

"સ્વાર્થ સાધવા જેવો અધમ ઉદ્દેશ ઇંગ્લાંડના મનમાં છેજ નહિ. બેલજીયમ જેવાં દુર્બળ રાષ્ટ્રોનું હિત સચવાય અને શાંતિનો પુનરૂદ્ધાર થાય તેમાંજ ઇંગ્લાંડ પોતાને કૃતકૃત્ય સમજે છે."

"ત્યારે જર્મની માટે કયો માર્ગ નિયત કર્યો છે?"

"જર્મનીના શરીરમાં રહેલી યુદ્ધપ્રિયતા નષ્ટ થાય ત્યાં સુધી ઇંગ્લાંડ જર્મનીને શાંત રહેવા દેશે નહિ—"

"ત્યારે એમજ કહો કે, જર્મનીને ઇંગ્લિશ સામ્રાજ્યમાં મેળવી દેવામાં આવશે."

"નહિ, છટ! સાચા અંગ્રેજના મનમાં એવી કલ્પના પણ ઉપસ્થિત નહિ થાય. યુદ્ધની સમાપ્તિ થયા પછી, શાંતિ પ્રિય જર્મન જર્મનીમાં સુખથી કાલક્રમણ કરશે. તેમની યુદ્ધ કરવાની લાલસા તૂટશે અને તેઓ પુનઃ યુદ્ધ

કરવા તૈયાર ન થાય તેટલા શાંત થશે અને યુદ્ધ પિશાચોનું બળ નષ્ટ થઇ સદ્ધર્મતત્વની સ્થાપના થશે તો બસ છે.”

વિલીયમના આ શબ્દો સાંભળી જર્મન મહદ્ પુરૂષ કિંચિત્કાળ સ્તબ્ધ બેસી રહ્યો. વિલીયમને એક પ્રશ્ન પુછવો કે નહિ તેની ઉથલપાથલ તેના હૃદય-પ્રદેશમાં થઈ હતી. પોતાના પ્રશ્નનો ઉત્તર કેવો મળશે તેની થોડી ઘણી કલ્પના તે કરી શક્યો હતો; તેથી પ્રશ્ન પુછી હૃદયભેદક ઉત્તર મેળવવો કે પ્રશ્ન કરવોજ નહિ એ વિષે વિચાર વમળમાં સપડાયો હતો. છેવટે તેણે કહ્યું.

“જર્મનીના બાદશાહ કયસર વિષે તમારા વિચાર કેવા છે? તેના સંબંધી ઇંગ્લાંડની પ્રજા શું ધારે છે?”

“કયસર સર્વગુણસંપન્ન નહિ હોય પણ એટલું તો ખરૂં છે કે તે સદ્-ગુણી હતો. તેણે પોતાની દૃઢતા, મનોબળ અને સામર્થ્યનો ઉપયોગ અધર્મનો પ્રચાર કરવામાં ન કર્યો હોત અને ખરા સદ્ધર્મતત્વનો છેડો તેણે પકડયો હોત તો તે યુરોપ ખંડનો પૂણ્યશ્લોક નૃપતિ ગણાયો હોત; પરંતુ તેના શરીરમાં યુદ્ધ પિશાચનો પ્રવેશ થવાથી તેના સદ્ગુણ, તેની પાત્રતા અને તેની યોગ્યતા ધુળમાં મળી ગઈ છે! તે અહંકારી બન્યો છે. યુદ્ધ એ ન્યાય છે, આવશ્યક છે અને તેના જેવું રાષ્ટ્રજીવનને યોગ્ય ઔષધ અન્ય નથી, એવા અત્યંત ઘાતકી તત્ત્વનો જન્મ તેનાથી થયો અને કેટલાક યુદ્ધાસુરોના ઉત્સાહથી તેનો પ્રચાર થવા લાગ્યો. થોડાજ સમયમાં યુદ્ધના વિષમય વચનનો એટલો ખળભળાટ થયો કેઃ ‘યુદ્ધ ન કરવું તે અનીતિ છે, યુદ્ધ નહિ થાય તો રાષ્ટ્ર પ્રગતિને પ્રાપ્ત થશે નહિ અને શાંતિના પ્રચાર માટે પ્રયત્ન કરવા તે ગાંડપણ છે. માટે શાંતિનો પક્ષ સ્વીકારનારાઓને આ દુનિઆમાંથી નષ્ટ કરવા જોઇએ; એવા અત્યાચારી વિચારો જર્મનીમાં ખૂલ્લી રીતે ઘૂમવા લાગ્યા. હવે કયસરને અનીતિનો આદ્યગુરૂ પણ કહી શકાય. તે પોતાને યુદ્ધ-દેવ માને છે. સર્વ યુદ્ધપ્રિય જર્મનો સાચા પરમેશ્વર તરફ અને તેણે સ્થાપેલા અટલ નિયમો તરફ દુર્લક્ષ્ય કરવા લાગ્યા છે. અરે, પગલે પગલે તેનું અપમાન કરવા લાગ્યા છે અને કયસરના યુદ્ધાસુરના ઉપાસક બની સર્વ યુરોપમાં નૃત્ય કરવા લાગ્યા છે. કયસરના મનમાં સર્વ જગતપર સત્તા ચલા-

વવાની મહત્વાકાંક્ષા ઉત્પન્ન થઈ છે. તે મહત્વાકાંક્ષા પૂર્ણ કરવા માટે તેણે યુદ્ધયજ્ઞ આરંભ્યો છે. આ યુદ્ધમાં લાખો મનુષ્યોનો સંહાર થયો છે અને થશે. આ ભયંકર રક્તપાત કયસરની મહત્વાકાંક્ષાને આભારી છે; પણ કયસરે ધ્યાનમાં રાખવું જોઇએ કે, તેનો આ લોકનો આશય પૂર્ણ થશે નહિ અને તે આજે જે પાપનો સંગ્રહ કરે છે તે તેને ઘોર નરકમાં લઇ જશે. આજ સુધી જગતમાં જે જે પાતકો થયાં છે તેમાં કયસરના જેવું મહાન પાતકનો નહિજ થયું હોય અને તે ભવિષ્યમાં ક્રૂર રાક્ષસી ગણાશે!"

વિલીયમનો જુસ્સાથી ભરેલો શબ્દનાદ તે જર્મન મહાપુરૂષના કર્ણમાં ઘૂમતો હતો. તેના તેજસ્વી મુખપર થોડા વખત માટે ભયની નિશાની સ્પષ્ટ દૃગ્ગોચર થઈ તે પરથી વિલીયમના શબ્દોની તેના મનપર કંઇક અસર થઇ હોય એમ લાગતું હતું, પણ તે નિમિષ માત્રજ. બીજીજ પળે તેણે કર્કશ ઘંટાનાદ કર્યો. તુરતજ થોડા વખતપર વિલીયમ પાસે ઉભેલા અધિકારીઓ પુનઃ ત્યાં આવ્યા અને વિલીયમને લઈ જવા લાગ્યા.

પડદો ધીમે ધીમે આગળ ખસવા લાગ્યો. વિલીયમે પાછા ફરી જોયું તો તે જર્મન મહાપુરૂષ પૂર્વવત કાગળપત્રો જોવામાં નિમગ્ન થયેલો જણાયો. વિલીયમ પ્રસન્નવદને પોતાની સાથેના અધિકારીઓ સાથે જવા લાગ્યો. કેટલેક દૂર ગયા પછી એક અધિકારીને તેણે પુછ્યું:

"મ્હારી સાથે વાત કરનાર મનુષ્ય કોણ હતો?"

"ખૂદ કયસરેજ ત્હારી સાથે વાત કરી હતી."

"હું એમજ માનતો હતો. મેં મ્હારા હૃદયના ખરા વિચાર પ્રકટ કર્યા તે માટે મ્હને કેટલો આનંદ થાય છે! હવે જીવન પર્યંત કેદમાં રહીશ તોપણ મ્હારા મનને ખેદ થશે નહિ."

પ્રકરણ ૨૦ મું.

તું મ્હને ભૂલી જાય એ જ ઠીક છે.

દવાખાનાં અને તેની ચોતરફનો પ્રદેશ આર્તસ્વર, દુઃખના નિશ્વાસો અને કરૂણામય ચીસોથી ભરાયલો રહે છે. અનુભવ કહે છે કે, ગમે તેવો આનંદી પ્રાણી ત્યાં જાય પણ ત્યાંની પરિસ્થિતિ જોતાંજ તે પોતાનો હમેશનો સ્વભાવ વિસરી જઇ ઘડી વાર માટે પણ દુષિત વાતાવરણમાં સપડાય છે, પરંતુ આ અનુભવ સમરાંગણપર જખ્મી થયેલા વીરોની શુશ્રૂષા માટે સ્થપાયલાં દવાખાનામાં ભાગ્યેજ થાય છે. ત્યાં જેમના અવયવો છિન્નભિન્ન થયેલા છે, જેમનાં હાડનો ચૂરો થઇ ગયો છે, જેમનામાં બોલવાની કે ચાલવાની શક્તિ રહી નથી, એવા કેટલાક વીર એક બીજા પાસે પડેલા હોય છે. તે વિસ્તીર્ણ અને હવાવાળાં દવાખાનાં, ત્યાં યોગ્ય સ્થળે રહેતાં બીછાનાં, ત્યાંની અવર્ણનીય સ્વચ્છતા, ત્યાં રહેતા ઉદાર અને નિઃસ્વાર્થી ડાકટરો, પ્રેમાળ અને તત્પર સેવિકાઓ અને સર્વ દુઃખ આનંદથી સહન કરનારા દર્દીઓ જોતાં ભિન્ન ભિન્ન પ્રકારના ઉચ્ચ વિકારોથી મન ભરાઇ આવે છે. દવાખાનાં સ્થાપન કરનારાઓની, નિઃસ્વાર્થ બુદ્ધિથી કામ કરતા ડૉકટરોની, એકચિત્તથી શુશ્રૂષા કરતી સેવિકાઓની અને અંતે તેનો લાભ લેનારા ભાગ્યશાળી વીરોની ઉદારતાની હૃદયપર અપૂર્વ અસર થાય છે અને થોડેજ દૂર ચાલતા ઘનઘોર સંગ્રામ સામે તુલના કરતાં સુધારો અને કુધારો કેટલો નજીકમાં રહે છે તે વિષે આશ્ચર્ય થયા સિવાય રહેતું નથી!

આજે આપણે એવાજ એક દવાખાનામાં જવાનું છે. જે આંગ્લ તરૂણો યુદ્ધમાં ઘાયલ થાય તેમાંના કેટલાકની શુશ્રૂષા થઇ શકે તે ઉદ્દેશથી એક

ઉદારચિત ફ્રેંચ સરદારે પોતાનો બંગલો ખૂલ્લો કરી આપ્યો હતો. ત્યાં ફ્રેંચ અને ઇંગ્રેજ ડાક્ટરો કેટલીક સેવિકાસહ ખરા અંતઃકરણથી સેવાવ્રત સ્વીકારી રહ્યા હતા. ત્યાંની સ્વચ્છતા અને વ્યવસ્થા અવર્ણનીય હતી. કેટલાક રોગી ભયંકર જખ્મી થઈ મરણ શૈયામાં પડયા હતા અને કેટલાક ઠીક સ્થિતિમાં હતા; પરંતુ એક પણ મનુષ્યના ચહેરા પર નિરાશાની છાયા કે મ્લાનતા જણાતી નહતી. તદપી આ વખતે એક મનુષ્ય બહાર ખૂલ્લી હવામાં આરામ-ચૅર પર પડયો હતો, તે કંઇક ખિન્ન જણાતો હતો. એનો ઘા રૂઝાઇ ગયો હતો અને તે એક બે દિવસમાં પોતાના કાર્ય પર જઈ શકશે એવી આશા રાખવામાં આવતી હતી. ખરી રીતે તેણે સમરાંગણ પર પુનઃ જવા જેવી સ્થિતિ પ્રાપ્ત થવાથી આનંદ માનવો જોઇતો હતો; છતાં તે ખિન્ન થયેલો જણાતો હતો તેનું કારણ શું હશે ? એ મનુષ્ય આપણા પરિચયનોજ છે. તેની અશક્તતાને લીધે આપણે તેને એકદમ [illegible]ળખી શકતા નથી, પરંતુ એ કૅપ્ટન લૅનોક્સ હતો. [illegible] આપણી કથાના નાયકે મૃત્યુના મુખમાંથી ખેંચી કાઢેલો આંગ્લ[illegible]

[illegible]ાર હતો ! તેની મુખમુદ્રા આટલી ખિન્ન કેમ જણાય છે ?

ભગવાન રશ્મિકાન્ત પૂર્વ દિશામાં હમણાંજ દૃષ્ટિએ પડવા લાગ્યા હતા. પોતાનાં કિરણોથી તેઓ જીવસૃષ્ટિ પર સ્વર્ગીય અમૃતની [illegible] તે અમૃતનાં મૌક્તિક [illegible] ટાષ્ટ કરી રહ્યા હતા. [illegible]ના વનસ્પતિ પરથી ચળકતાં હોય તેવો ભાસ થતો હતો. સર્વ જીવસૃષ્ટિ સચેતન અને તેજયુક્ત જણાવા લાગી હતી. આવા સમયે કૅપ્ટન લેનૉક્સ ડૉક્ટરની સલાહ પ્રમાણે ખુલ્લી હવામાં આરામ ખૂરસી પર પડયો હતો. મંજુલવાયુ, સુરૂચિર સૂર્ય પ્રકાશ અને મધુર ઉષઃકાલના યોગથી પણ લેનૉક્સના વદન પરની ખિન્નતા ઓછી થઈ નહિ. તે મનમાં બડબડવા લાગ્યોઃ " હું બચ્યો તે ઠીક થયું નહિ. તેજ વૃક્ષ નીચે મૃત્યુ પામ્યો હોત તો સારૂં થાત. હવે પ્રત્યેક મનુષ્ય કહેશે કેઃ ' ત્હને વિલીયમે પુનર્જન્મ આપ્યો અને મ્હારે તે નીચું મુખ કરી સહન કરવું પડશે. એ પ્રસંગ જો લિલી જાણશે તો ? તો મ્હારૂં જીવન વ્યર્થજ થશે ! [illegible]ના પ્રેમ નષ્ટ થશે ! મ્હારાં ચક્ષુ સમક્ષ વિલીયમ લિલીનું પાણી ગ્રહણ કરશે અને તે અનિષ્ટ પ્રસંગ જોવા મ્હારે જીવવું પડશે ! ખરેખર, હું તેજ વૃક્ષ નીચે મરણ પામ્યો

હોત તો વિલીયમને અપૂર્વ શૌર્ય પ્રકટ કરવાનો પ્રસંગ મળ્યો ન હોત! લિલી મ્હારે માટે અશ્રુ સારતી બેઠી હોત અને વિલીયમને ધિક્કાર્યો હોત! તેમજ લિલીની ચોતરફ ફરતા મ્હારા પિશાચને પણ સંતોષ થયો હોત!"

લેનૉક્સનું વદન તદ્દન ઉદાસ બની ગયું. માંદગીની સ્થિતિમાં તેને જે વ્યથા થઈ નહતી તેટલી—અરે! તેથી પણ વિશેષ માનસિક વ્યથા તે આ વખતે સહન કરતો હતો. પુનઃ તે વિચાર કરતાં બોલ્યો: "આજે લિલી કોર્નવોલના મૂનલાઇટ પેલેસમાં હોત તો કેવું સારૂં થાત? વિલીયમનું પરાક્રમી કૃત્ય તેના જાણવામાં તો આવત નહિ, પણ લિલી નર્સ થઇ! સેવિકા બની આ દેશમાં આવી! ઘાયલ થયેલા બન્ધુઓની શુશ્રુષા કરવા માટે સમરાંગણ સમીપ આ દવાખાનામાં કામ કરવા લાગી! મ્હારો બચાવ કેવી રીતે થયો તે તેણે જાણ્યું હશે. નહિ જાણ્યું હોય તો પણ થોડાજ વખતમાં તેને ખબર મળશે. પછી?" તે પછીના [illegible] ભવિષ્યની દુઃખદ કલ્પના લેનૉક્સથી થઈ શકી નહિ. વિલીયમનું અલૌકિક કૃત્ય અને તેથી થયેલા [illegible] બચાવ એ વાત સર્વ વિશ્રુત થઈ હતી તેથી તેના સમાચાર લિલીને સ્વાભાવિક રીતે [illegible] [illegible] જાણશે એ વિચારથી લેનૉક્સને ભય લાગવા માંડ્યો.

"પણ નહિ." લેનૉક્સે પોતાને અનુકૂળ એવી દિશા સ્વતઃના વિચારને આપી. "[illegible] [illegible] બચાવની અમંગળ વાત લિલી જાણી શકશે નહિ. તેની [illegible] આગેં તેના કાનપર આ સાથે લગ્ન થતા સુધી આ વિષે ચૂપ રહા [illegible] હકીકત જાય નહિ તેવી વ્યવસ્થા કરીશ તો બસ થશે. લગ્ન પછી ભલેને હજાર વખત એ વાત તેના જાણવામાં આવે!"

લેનૉક્સ ક્ષણમાત્ર આ અનુકૂળ વિચારનું સ્વાસ્થ્ય અનુભવતો હતો. પણ તેમાં તેને વિશેષ માધુર્ય જણાયું નહિ. લિલી સાથે ક્યારે લગ્ન થશે? અનિશ્ચિત દીર્ઘકાળ સુધી તે વાત લિલીથી ગુપ્ત કેવી રીતે રાખી શકાય તેનો ને વિચાર કરવા લાગ્યો, એટલામાં લિલીએ આવી પૂછ્યું:—

"કેમ? કેપ્ટન! શો વિચાર કરો છો? સમરાંગણપર જવાના હવે ફક્ત બે દિવસ છે તોપણ ધૈર્ય રાખી શકતાં નથી કે?"

કેપ્ટનને લાગ્યું કે: થોડી વાર સુધી લિલી ન આવી હોત તો ઠીક થાત.

શાંતપણે કંઇ વિચાર કરવાનો પણ અવકાશ મળત. પણ હવે શો ઉપાય? લિલી તેના સન્મુખ ઉભી હતી. તેથી મુખ ઉપર ઉપસેલી ખિન્નતાને કૃત્રીમ હાસ્ય નીચે દબાવવાનો યત્ન કરતાં તે બોલ્યો:

"લિલી! વીરાત્માઓની આતુરતાની ત્હને કલ્પના થઇ શકે નહિ. બે દિવસનો સમય મ્હને બે વર્ષ જેટલો લાગે છે. અનેક વખત મ્હેં ડાકટરને કહ્યું કે: મ્હને સમરક્ષેત્ર પર આજેજ જવા દો, પણ પ્રત્યેક વખતે બે દિવસ વાતજ કરશો નહિ." એવો ઉત્તર મળ્યો. તેથી નિરૂપાય બની અહીં રહેવું પડે છે. ઠીક! લિલી! કાલ સવારથી તું ક્યાં ગઇ હતી? એટલા વખતમાં તું મ્હને એક પણ વખત મળી નહિ?"

"કાલે સવારે ઘાયલ થયેલા પચાશ યુવકો અહીં આવ્યા છે. તેમની સુશ્રૂષા કરવામાં હું અત્યાર સુધી ગુંથાઇ રહી હતી. હમણાં સહજ વખત મળ્યો ત્યારે અહીં આવી છું. ખરેખર, યુદ્ધ એ ક્રુરતાની પરમાવધિ છે. હાં, ઠીક યાદ આવ્યું. તમને ક્યારની પુછવાનો વિચાર કરતી હતી. તમે ઘાયલ થઇ પડયા હતા ત્યારે—"

લેનૉક્સનું મન કંપી ઉઠયું.

"તમે ઘાયલ થઇ પડયા હતા ત્યારે કાળના વિકાળ જડબામાંથી તમને કોણે બચાવ્યા?"

લેનૉક્સનું હૃદય ચિંતાથી દગ્ધ થયું. શો ઉત્તર આપવો તે સૂઝ્યું નહિ. તે વિચારમૂઢ દૃષ્ટિથી લિલી તરફ જોવા લાગ્યો.

"હું તમારી માંદગીમાં સેવા કરતી હતી—"

લેનૉક્સ મનમાંજ ગણગણ્યો: "સેવાનું સુખ ન આપતાં મનલાઇટ પેલેસમાં હોત તો નિરાંત થાત!"

"તમે ઘાયલ કેમ થયા, તેમાંથી તમે કેવી રીતે છૂટા થયા વગેરે હકીકત તમે મ્હને કહેશો એમ હું માનતી હતી, પણ તે સંબંધમાં તમને મૌન ધારણ કરવું યોગ્ય લાગ્યું."

"મુક્ત કેવી રીતે થવાનું? તેમાં શું કહેવા જેવું છે? મુક્ત કેમ થયો તે જાણવા કરતાં મુક્ત થયો જાણી ત્હને વિશેષ આનંદ નથી થતો કે?"

"તે માટે મ્હને તો શું પણ ઈંગ્લાંડના પ્રત્યેક સ્ત્રી પુરૂષને આનંદ થશે, પણ કહેવાય છે કે તમને મહાન પરાક્રમથી બચાવવામાં આવ્યા છે."

"તેં કેવી રીતે જાણ્યું ?" લેનૉક્સે ગભરાઈ કહ્યું.

"એ દિવસ પર હું સહજ લંડનનું એક જુનું દૈનિક પત્ર વાંચતી હતી ત્યારે એ વિષે મ્હેં તેમાં વાંચ્યું હતું."

"શું વર્તમાનપત્રકારો અને તેમના ખબરપત્રીઓ આવાંજ કામ કરે છે ? તેમને બીજા કોઈ મહત્વના બનાવો લખતાં નહિ આવડ્યા હોય ? તેમને આવી ક્ષુલ્લક હકીકત પ્રકટ કરવાનું શું કારણ હતું ?"

જે પ્રશ્નને દૂર રાખવાની ઇચ્છા હતી તે પોતાની મેળે ઉપસ્થિત થયો. કૅપ્ટન તે પ્રશ્ન સાંભળી અકળાયો. છેવટે તે મન દૃઢ કરી બોલ્યોઃ—

"હું તે વખતે બેશુદ્ધ હતો. મ્હને કોણે બચાવ્યો તે હું જાણી શક્યો નથી." કૅપ્ટન લેનૉક્સ પોતાને કોણે બચાવ્યો હતો તે જાણતો હતો. પ્રિકફર્ડે તેને સર્વ વાત કહી હતી. તેથી પોતે સત્યનું ખૂન કરી અસત્યાવલંબી બને છે એમ લાગવાથી તેના મુખ પરનું તેજ ઉડી ગયું. સત્ય કહેવાનું પણ સામર્થ્ય નથી જાણી તે ગુંચાયો. તેને લાગ્યું કેઃ બાયલો પુરૂષ પણ આવો પ્રસંગ આવતાં અસત્ય વદતો નહિ હોય."

"તે વખતે તમે જાણી શક્યા નહિ હો, પણ પાછળથી કોઇએ પણ તમને કહ્યું તો હશેજ."

"નહિ. હું તે વખતે બેશુદ્ધ હતો." ફરી તેજ શબ્દો કૅપ્ટનના મુખમાંથી નીકળી ગયા.

"તમે ક્યારે બેશુદ્ધ હતા ?"

"ક્યારે ? પિકફર્ડે મ્હને જ્યારે સર્વ હકીકત કહી ત્યારે."

આ સાંભળી લિલી હસી. પણ તેના હાસ્યમાં આશ્ચર્ય કરતાં તિરસ્કારની છટા વિશેષ જણાતી હતી. તે બોલીઃ

"મ્હેં વાંચેલા દૈનિકમાં સર્વ હકીકત આવી ગઈ છે."

"શું !" ઉંઘમાંથી ચમકી જાગ્રત થયા પ્રમાણે લેનૉક્સે કહ્યું: "તેમાં શું લખ્યું છે ?"

"તેમાં તમારા શૌર્યની યથાયોગ્ય સ્તુતિ કરી છે અને તમને જલ્દી સારી જગ્યો મળશે એમ પણ લખ્યું છે. તે સિવાયઃ—"

બિચારા લેનૉક્સના મનમાં સારી જગ્યાનો વિચારજ નહતો. તે તો એજ વિચાર કરતો હતો કેઃ "હવે લિલીથી દૂર થવું પડશે."

"તમોને કોણે બચાવ્યા એ પણ તેમાં પ્રસિદ્ધ થયું છે."

"શું? વિલીયમ લિટને મ્હને બચાવ્યો એમ તે દૈનિક પત્રમાં જણાવ્યું છે?" લેનૉક્સ ગભરાઇને જે બોલવાની ઇચ્છા નહતી તે બોલી ગયો. હવે માત્ર પશ્ચાતાપ કરવાની સત્તા તેનામાં રહી હતી.

"વિલીયમ લિટન એવા શબ્દો હોત તો હું કેટલી આનંદિત બની હોત! દુર્દૈવે તેમાં લેફ્ટનંટ લિટન નામ જણાવેલું છે. એ વિલીયમ લિટનજ હશે કે?"

"તદ્દન અસંભવિત!" જેટલું બન્યું તેટલું ધૈર્ય એકત્ર કરી હમણાં પોતે શું બોલ્યો છે તેનો વિચાર કર્યા વગર લેનૉક્સ બોલ્યોઃ "વિલીયમ લિટન જેવો કાયર મનુષ્ય સમરાંગણ પર ક્યાંથી આવી શકે? લેફ્ટનંટ જેવો અધિકાર માર્ગમાં પડ્યો નથી કે બે ચાર અઠવાડિઆમાં ધૈર્યહીન વિલીયમને તે મળી શકે? લિલી! તેં વિલીયમને ભીરૂતાનું ચિહ્ન આપ્યું હતું તેનું ત્હને સ્મરણ થાય છે કે?"

"સર્વ મ્હને યાદ છે. વિલીયમે જેમ ભીરૂતાનું ચિહ્ન—પીંછું—ગ્રહણ કર્યું હતું તેમ પુષ્કળ મ્હોટા અહંભાવિ મનુષ્યોને પણ અનેક વખત તેણે નીચું જોવડાવ્યું હતું. હું સારી રીતે જાણું છું કેઃ લશ્કરી શિક્ષણ મેળવવામાં અને વીરોચિત રમતો રમવામાં તેઓ હુંશીયાર ગણાયા છે. કૅપ્ટન! તમારા જેવાએ એમ ન કહેવું જોઇએ કે વિલીયમ યુદ્ધથી ડરી જઈ રણક્ષેત્રમાં આવ્યો નથી. તમે તેના શૌર્ય, ધૈર્ય અને ચાલાકીથી પરિચિત છો. ખરેખર, જો વિલીયમ રણક્ષેત્ર પર હશે તો તેણે લેફ્ટનંટ તો શું પણ એટલાજ સમયમાં કર્નલની પદવી મળે તેવું શૌર્ય દર્શાવ્યું હશે. અગ્નિની વૃષ્ટિમાંથી અને મૃત્યુની ખાઇમાંથી તમને ખેંચી કાઢનારનું ધૈર્ય અને શૌર્ય જેવું તેવું હશે કે?"

"લિલી ! જે વિલીયમનો તેં ત્યાગ કર્યો છે–"

"મ્હેં વિલીયમનો ત્યાગ કર્યો નથી."

"જે વિલીયમને ત્હેં હૃદયમાંથી હાંકી મુક્યો છે–"

"વિલીયમ હજુ મ્હારા હૃદયમાં છે ?"

"જે વિલીયમને તું કાયર અને ડરકણ માનતી હતી–"

"તે મ્હારી ભૂલ હતી."

"તે વિલીયમનો તું મ્હારા સમક્ષ પક્ષ કરે છે ?"

"હું તેનો પક્ષ ખેંચતી નથી. તમે સત્ય છુપાવી મ્હને ફસાવવાનો પ્રયત્ન કરો છો."

"ફસાવવાનો પ્રયત્ન ?"

"હા, ઇરાદાપૂર્વક ફસાવવાનો પ્રયત્ન ! તમને કોણે બચાવ્યા છે તે તમે જાણો છો તદપિ મ્હારાથી છુપાવો છો ! અસત્ય બોલવા તમે તૈયાર થાવ છો ! અસત્ય વદી મ્હને ફસાવી તમે સ્વાર્થ સાધવાના હતા ?"

"પ્રેમ ! કેવળ પ્રેમ માટે, લિલીની પ્રાપ્તિ કરી લેવા માટે હું અસત્ય બોલ્યો છું. લિલી ! ક્ષમા કર."

"તે વિષે હવે પછી વિચાર કરીશ." લિલી ગંભીર સ્વરૂપે બોલી: "પ્રથમ મ્હારે સત્ય સમજવું જોઇએ."

લિલીના ક્રોધયુક્ત વદન તરફ જોતાં લેનૉક્સ બોલ્યો: "લિલી ! ગુસ્સે થઇશ નહિ. હું સર્વ કહેવા તૈયાર છું."

"કહો, તમને કોણે મુક્ત કર્યા ?"

"લૅફ્ટનંટ લિટને."

"એટલે ?"

"વિલીયમ લિટને."

"એ વાત ખરી છે ને ?"

"તદ્દન સત્ય."

"વિલીયમ સૈન્યમાં દાખલ થઇ લૅફ્ટનંટ થયો છે ને ?"

"હા."

"તમે તે વાત કેવી રીતે જાણી ?"

"મ્હારો પિકફર્ડ નામનો સ્નેહિ છે. તેણે મ્હને હમણાંજ કહ્યું હતું તે પરથી."

"તે વખતે તમે બેશુદ્ધ નહોતાને ?"

"બેશુદ્ધ નહતો."

તેના તરફ તિરસ્કાર દૃષ્ટિથી જોઈ લિલી ત્યાંથી જવા લાગી, ત્યારે તેણે કહ્યું: "લિલી ! મ્હને ક્ષમા કરશે કે ?"

"તમે મ્હને ભૂલી જાઓ એજ ઠીક છે." એટલું કહી કૅપ્ટન તરફ પુનઃ દૃષ્ટિ ન કરતાં લિલી ત્યાંથી ચાલી ગઈ.

તેજ દિવસે લિલીએ તે દવાખાનું ત્યજી દીધું. વિલીયમનું વ્યર્થ અપમાન થયું એ વાત તેના હૃદયમાં ખૂંચવા લાગી. તેને લાગ્યું કે વિલીયમની ક્ષમા મેળવ્યા સિવાય ચિત્ત સ્થિર થશે નહિ. વિલીયમની શોધ માટે તે અસહાય બાળા સમરાંગણ પર જવા સજ્જ થઇ ! પણ તે વખતે વિલીયમ ક્યાં હતો ?

તે તો જર્મન છાવણીમાં કેદી બની રહ્યો હતો.

પ્રકરણ ૨૧ મું.

લિલીનો જર્મન પોષાક.

મધ્યરાત્રિનો સમય થઇ ગયો હતો. આખો દિવસ ચાલેલા ઘનઘોર યુદ્ધથી સમરાંગણનો વિસ્તીર્ણ પ્રદેશ પ્રેતથી ભરાઇ ગયો હતો. કેટલાક મૃત્યુ મુખમાં પડવાની સ્થિતિમાં આવી પડેલા વિરાત્માઓના અંતકાલિન દુઃખોદ્‌ગાર સિવાય અન્ય કોઇ પણ બાબતથી રાત્રિની શાંતિનો ભંગ થતો નહતો. ઉપવનને મનોહર સ્વરૂપ આપનાર, પર્વતના શીખરને રમણીય બનાવનાર, નદીના રેતાળ પ્રદેશને, સમુદ્રની જળમય સપાટીને

અને અરણ્યની વૃક્ષયુક્ત શોભાને મોહક કરનાર રજનીનાથ આકાશપટ પર હસતો હતો, પણ અન્ય સ્થાનેથી આલ્હાદકારક જણાતું એજ હાસ્ય સમરક્ષેત્ર પર અત્યંત ભીતિપ્રદ લાગતું હતું ! જ્યાં ત્યાં રક્તના પ્રવાહ ચાલતા હતા. હાડકાંના ઢગલા થયા હતા અને માંસનો કાદવ થઇ રહ્યો હતો ! સ્થળે સ્થળે શબ દગ્ગોચર થયા કરે છે. અંતકાળની ક્રૂર મુખમુદ્રા, વેર લેવાની તીવ્ર ઇચ્છા કિંવા વેરનો બદલો મળ્યાથી મુખપર ચમકતું આસુરી હાસ્ય અદ્યાપિ શબના વદન પર જણાય છે. વચ્ચે વચ્ચે અંતકાળની નિરાશાપૂર્ણ ચીસો શ્રવણેંદ્રિય પર અથડાય છે. આ સર્વ ભયપ્રદ દેખાવ બતાવવાનું કાર્ય આલ્હાદકારી ચંદ્રે સ્વીકારી લીધું છે ! ચંદ્ર ! આવા પ્રદેશ પર પ્રકાશ પાડવાનું કાર્ય ત્હારૂં નથી ! એ કાર્ય સૂર્યનુંજ છે ! શીતલ ચંદ્ર ! ત્હારૂં કામ તો એજ છે કે, દિવસના શ્રમથી પીડિત થયેલા પ્રાણીને સ્વર્ગીય અમૃતની વૃષ્ટિ કરી પ્રફુલ્લિત બનાવવો, ઉપવનમાં મળતાં પ્રણયીને સુખી કરવાં, ક્રીડાનૌકામાં વિહાર કરનારા આત્માને આનંદિત બનાવવા, મહાલયોની ગચ્ચી પર બેસી નગર સૌંદર્ય જોનારાને અથવા સૃષ્ટિ સૌંદર્યનું નિરીક્ષણ કરવા વનમાં ભટકનારાને પ્રમુદિત કરવા અને વિશેષ સાહસ કરવું હોય તો અનીતિમાન લોકોને ભયમાં મુકવા, કિંવા ચોરી કરનારા ચતુરોને તેમના કાર્યથી પરાઙ્મુખ કરવા વગેરે પ્રકારનાં જગતને આનંદ આપનારાં કાર્ય કરવાં. તું ત્હારાં આ કૃત્યોને ત્યજી કેમ દે છે ? ત્હેં પ્રકાશ પાડયો ન હોત તો આ ભયંકર દેખાવ અંધકારમાં લુપ્ત થઈ ગયો હોત ! પણ ત્હને શા માટે દોષ આપવો ? આ સર્વ કાર્ય સહસ્ત્ર રશ્મીએજ ઉત્પન્ન કર્યું છે ! તેનાજ તેજથી તું પ્રકાશે છે ! તેનાજ વિકટ હાસ્યનો પ્રતિધ્વનિ ત્હારા મધુર સ્મિતમાં થાય છે. ઠીક છે, તું ક્ષણવાર ત્હારો પ્રકાશ બંધ કરે તો નહિ ચાલે ? પેલાં વાદળાં નીચે જઇ વિશ્રાંતિ લે ! દયા કર. આ કોમલ હૃદયની બાલિકા પર દયા કર ! એ બિચારીને ભયંકર દૃશ્ય દેખાડીશ નહિ.

સમરાંગણ પર મધ્યરાત્રીના સમયે પિશાચો ભલે સંચાર કરે, વૈતાળ ખુશીથી ભોજન સમારંભ કરે, ભૂત આનંદથી રઝળે, ચૂડેલો ગમે તો ચૂડા ખખડાવે પણ ત્યાં એક યુવતીને આવવાની શી આવશ્યકતા ? લિલી ! ત્હારા

જેવું મહિલા સમાજનું કોમળ પુષ્પ પોતાના ઉપવનમાંજ રહેવા યોગ્ય છે ! ત્હારા માટે મૂનલાઇટ પૅલેસજ શાંતિનું સ્થળ છે ! ત્યાંથી વિચલિત થાય તો તું કરમાયા સિવાય કેમ રહે ? પરંતુ ત્હારૂં તેજ અને ધૈર્ય અવર્ણનીય છે. ત્હેં મૂનલાઇટ પૅલેસના સુખ વિલાસને તિલાંજલી આપી હોસ્પીટલનું પરિશ્રમપૂર્ણ કાર્ય સ્વીકાર્યું છે, પણ ત્હારો આનંદી સ્વભાવ, ત્હારૂં પ્રેમી વર્તન અને ત્હારૂં પવિત્ર આચરણ લેશ માત્ર પણ ચલિત થયું નથી. અહા ! તું હવે નિઃશંક રીતે રણક્ષેત્રમાં વિચરે છે ! ત્હારાં તેજસ્વી નેત્રો, પ્રથમની માફક તેજસ્વી પણ—અરે, તેથી પણ વિશેષ તેજથી ચમકે છે. તેમાં ભીતિનો અંશ જણાતો નથી. ત્હારી પ્રસન્ન મુખમુદ્રા પ્રથમના જેટલીજ પ્રસન્નતાથી હસે છે. અહા ! ભીતિ કે ભયને સ્થાનજ નથી. લિલી ! તું સમરદેવી તો નથી ?

ફરતાં ફરતાં લિલીનું સસ્મિત વદન કિંચિત ગંભીર બન્યું. વિસ્તીર્ણ નેત્ર આકુંચિત થયાં અને ચરણ કમળની ગતિ મંદ થઈ. જે સાહસ કરવાનો વિચાર કર્યો છે તે પૂર્ણ કરવામાં કેટલી અને કેવા પ્રકારની હરકતો ઉપસ્થિત થશે એ વિષે વિચાર કરવા લાગી. તેને જણાયું કેઃ સરળ માર્ગે જવાથી, સરળ માર્ગે ચાલવાથી અને સર્વત્ર સરળતાનો ઉપયોગ કરવાથી મહત્વનું કાર્ય સાધ્ય થઈ શકશે નહિ. અત્યાર સુધી પ્રતાપી વિલીયમ અને તેને મુક્ત કરવાના વિચાર સિવાય તેના ચિત્તમાં અન્ય કોઈ વિષય રહ્યો ન હતો. વિલીયમને જર્મનોએ કેદ કર્યો છે એ ખબર સર્વત્ર પ્રસરી રહી હતી તેથી લિલીને એ સમાચાર પ્રાપ્ત થતાં વિલંબ થયો ન હતો. જે વિલીયમની શોધ કરવામાં હોસ્પીટલનો ત્યાગ કર્યો છે અને અહીં સુધી આવી છું તે વિલીયમ દૃષ્ટિએ પડયો નહિ—અરે ! કદાચિત જન્મપર્યંત પણ તેનું દર્શન નહિ થાય એ વિચાર આવતાંજ તે અત્યંત દુઃખી થઈ ! વિલીયમ સમરક્ષેત્ર પર આવ્યો, એટલુંજ નહિ પણ તેણે અદ્વિતીય સાહસ અને પરાક્રમ પ્રકટ કરી સર્વને ચકિત બનાવ્યાની હકીકત લિલીના જાણવામાં આવી હતી ત્યારથી વિલીયમ વિષે તેના મનમાં કુંઠિત થયેલો પ્રેમ પુનઃ મનઃચક્ષુ સમક્ષ જણાવા લાગ્યો. ત્હેને લાગ્યું કેઃ વિલીયમ મ્હારો પ્રાણ છે ! વિલીયમ મ્હારો આત્મા છે ! વિલીયમ મ્હારૂં જીવન છે ! ત્હેના સિવાય

મ્હારી જીંદગી વ્યર્થ છે. તુરતજ તેણે પોતાના મનનો દુઃખવેગ અટકાવ્યો અને જર્મન છાવણીમાં જઇ પોતાના પ્રાણાત્માનું, પોતાના પ્રાણેશ્વરનું દર્શન કરવાનો નિશ્ચય કર્યો. તેણે જર્મન છાવણીના માર્ગે તરફ પ્રયાણ કરવા માંડ્યું.

વિલીયમ પરનો પ્રેમ અને તેની મુક્તતા એ સિવાય લિલીને કંઇજ જણાતું નહતું. સમરાંગણ પરની ભયંકર પરિસ્થિતિ, રાત્રીની ભયાનક શાંતિ અને કઠિન હૃદયને પણ નમ્ર બનાવનાર દેખાવ પણ લિલીના દૃઢ નિશ્ચયમાં વ્યત્યય ઉપસ્થિત કરી શક્યાં નહિ! જર્મન છાવણીમાં પ્રવેશ કેવી રીતે થશે, પ્રવેશ થશે તો વિલીયમનું દર્શન કેમ થઈ શકશે, દર્શન થશે તો તેને મુક્ત કેવી રીતે કરી શકીશ વગેરે વિચાર તેના પ્રસન્ન મુખ કમળને ગંભીર સ્વરૂપ આપવા લાગ્યા. તે વિચાર કરવા માટે લિલી ક્ષણવાર એક સ્થળે ઉભી રહી, ત્હેણે અનેક વખત વર્તમાનપત્રોમાં વાંચ્યું હતું કેઃ જર્મન જાસુસો ઇંગ્રેજોના જેવો વેષ ધારણ કરી ઇંગ્રેજોની છાવણીમાં ફરે છે. આ ઉપરથી તેને તુરતજ ઉપાય સૂઝ્યો અને તે મનમાં બોલી કેઃ જો હું જર્મન સૈનિકનો વેષ ધારણ કરૂં તો? તેમ કરવાથી જરૂર હું સહેલાઇથી જર્મન છાવણીમાં જઇ શકીશ. એક વખત પ્રવેશ કરીશ તો વિલીયમને મળવામાં વિશેષ મુશ્કેલી રહેશે નહિ. બસ, તુરતજ તેને મુક્ત કરીશ! આવા પ્રકારે મનોરાજ્યની સંકલના ગૂંથતાં લિલીએ વિલીયમના છૂટકા સુધીનીજ નહિ પણ લગ્ન સુધીની એક વિચારમાળા તૈયાર કરી. તેનું મુખ પૂર્વવત્ પ્રસન્ન જણાવા લાગ્યું, હવે તે જર્મન પોષાક મેળવવાની ચિંતામાં પડી.

થોડીવાર વિચાર કરી તે મનમાં હસી બોલીઃ "અરે ! અહીં જર્મન પોષાકની ન્યૂનતા ક્યાં છે? કેટલાક જર્મન સૈનિકોનાં શબ તો પડેલાં છે. તેમાંથી મ્હને બંધ બેસે તેવો પોષાક અવશ્ય મળી રહેશે."

દસ મીનીટમાં લિલી અદૃશ્ય થઇ. હવે એક જર્મનવીર દૃષ્ટિએ પડ્યો. બાજુ પર પડેલા સ્ત્રીપોષાક પ્રતિ એક વાર સપ્રેમ દૃષ્ટિ કરી તે જર્મનવીર પુનઃ માર્ગક્રમણ કરવા લાગ્યો.

થોડીજ વાર પર જ્યાં કિંચિતમાત્ર અવાજ થતો ન હતો ત્યાં હવે બૂટનો ધ્વનિ શાંતિનો ભંગ કરવા લાગ્યો અને હથીયારનો ખણખણાટ થવા

લાગ્યો. કમરે લટકાવેલાં ચળકતાં શસ્ત્રો સાથે રમત કરતી લિલી જર્મન છાવણી તરફ જવા લાગી. હવે તેના મનમાં એજ વિચાર ચાલતો હતો કે: મ્હારા પ્રિયકરનું હું રક્ષણ કરીશ.

તે વેષધારી જર્મન એકદમ અટક્યો. તે આગળ એક પગલું પણ ભરી શક્યો નહિ. સામેથી એક સશસ્ત્ર જર્મનવીર તેને પોતાના પ્રતિ આવતો જણાયો. તેનું શરીર ભયથી કંપવા લાગ્યું. તેના મનમાં તુરતજ વિચાર થયો કે: એક જર્મન દૃષ્ટિએ પડતાં આટલો ભય પામું છું તો હજારો જર્મનોના નિવાસસ્થાનમાં હું પ્રવેશ કેવી રીતે કરી શકીશ? ગમે તેમ કરી પ્રાપ્ત પ્રસંગ દૂર કરવો પછી સર્વ થઈ રહેશે. એવો વિચાર કરી સહજ દિશા બદલી તેણે ચાલવા માંડ્યું. તે જોઈ સામેથી આવતા જર્મનવીરે જર્મનભાષામાં કહ્યું:

"કોણ છે? જર્મન સૈનિક! ઉભો રહે! ક્યાં જવા ઇચ્છે છે? મ્હને મળ્યા સિવાય તું જઈ શકીશ નહિ."

લિલીએ સભયમુદ્રાથી પોતાની તરફ દોડી આવતા જર્મન સૈનિક તરફ જોયું અને જમીન તરફ દૃષ્ટિ કરી ઉભી રહી. દોડી આવતો મનુષ્ય પોતાને જર્મન સમજવા છતાં કેમ ધસ્યો આવે છે તેની તે કલ્પના કરી શકી નહિ.

...લીનો પ્રતિસ્પર્ધી લિલી પાસે આવી પહોંચ્યો. તે ક્રોધયુક્ત ...બોલ્યો: "કાયર પુરુષ! ભીરુની માફક મસ્તિષ્ક

હવે ... ...એ ત્હારો કયસર ત્હારા જેવા સૈનિકો

સ્વરથી જર્મનભાષામા ... ...ની માફક ઉભો કેમ રહ્યો છે?

નીચું કરી કેમ ઉભો રહ્યો છે. ... ...ારી સામે ઉભો છે,

માટે મગરૂર થતો હતો! ત્યારે તું એક સ્ત્રી...

તૈયાર થા! વિચાર કરીશ નહિ! ત્હારો પ્રતિસ્પર્ધી ...

ત્હારૂં બળ પ્રદર્શિત કર."

લિલીને જર્મનભાષા આવડતી નહતી. તે આ ભાષણનો કંઇ પણ અર્થ સમજી શકી નહિ. તોપણ તેને અવાજ પરિચિત હોય તેમ લાગ્યું.

"હજુ સુધી તું ત્હારી દૃષ્ટિ ઉંચી કરતો નથી તે પરથી લાગે છે કે જર્મન શૌર્યને તું કલંકિત બનાવવા ધારે છે. ચાલ! મ્હારી તલવાર જર્મન

રક્તનું પાન કરવા આતુર થયેલી છે. આજે ત્રણ દિવસથી તેને જર્મન રક્ત મળ્યું નથી."

આ ભાષણનો આશય પણ લિલી સમજી શકી નહિ. તે નીચું મુખ રાખી પોતાની માતૃભાષામાં બોલી: " મ્હારી સાથે યુદ્ધ કરવાની તમારી ઇચ્છા છે ? "

" અલબત." ઇંગ્રેજી ભાષામાં ઉત્તર મળ્યો.

" પણ હું મ્હારા જર્મનબન્ધુ સાથે યુદ્ધ કરતો નથી."

" મ્હારા પોષાક પરથી હું જર્મન છું એવી કલ્પના તું કરતો હોય એમ લાગે છે, અને વેષના કારણથી તું યુદ્ધ કરવા તત્પર ન થતો હોય તો હું એને દૂર કરૂં છું." એમ કહી તે વીર પોતાનો પોષાક ઉતારવા લાગ્યો.

સન્મુખ ઉભા રહેલા જર્મનના અવાજથી આશ્ચર્ય પામી લિલી હવે મસ્તિષ્ક ઉંચું કરી જોવા લાગી. તો તેની દૃષ્ટિએ કોણ પડ્યું ?

વિલીયમ ! સેંટજોનનો વિલીયમ ! પ્રાણપ્રીય વિલીયમ ! તેજ તેની સામે ઉભેલો જણાયો ! તે એટલી આશ્ચર્યમૂઢ બની ગઇ કે તેના મુખમાંથી તે વખતે કંઈ ઉચ્ચારજ નીકળ્યો નહિ.

જર્મન પોષાક ત્યજી દીધા પછી તે યુવક બોલ્યો:

" જો ! બરાબર જો ! હવે હું જર્મન રહ્યો નથી. ત્હારો દુશ્મન-શુદ્ધ ઇંગ્રેજ બન્યો છું."

" નહિ, તું તો મ્હારો પ્રાણપ્રીય-મ્હારો જીવિ[illegible]
છે !" એમ કહી તેણે વિલીયમના બે હસ્[illegible]
તેને સપ્રેમ ચુંબન કરી [illegible] [illegible]વર-વિલીયમે [illegible]ન્વા
સુખની સીમા રહી [illegible] [illegible] પોતાના હસ્તમાં પકડી લીધા.
ત્રણ રૂપ છે [illegible] [illegible]વલીયમે કહ્યું: " પ્રાણેશ્વરી ! આજે મ્હારા
નીર[illegible] [illegible]વા એમ દેખાય છે. જર્મનોનું કારાગૃહ મૃત્યુના આમં-
[illegible] તો પણ રક્ષકને ફસાવી તેનોજ પોષાક પહેરી હું સુખરૂપ
[illegible]ગા આવ્યો છું. મ્હને કદાચ સ્વપ્ન આવ્યું હોત કે આવી મધ્યરાત્રીના સમયે તું મળશે તો તેવું સ્વપ્ન આવ્યું હતું એવું પણ હું માનત નહિ, પરંતુ તું મ્હને પ્રત્યક્ષ મળી છે, અરે ! મ્હને પ્રાણપ્રીય કહેવા તત્પર થઈ છે ! લિલી ! આવા વેષમાં તું ક્યાં જવા નીકળી હતી ? "

" તું ખરૂં માનશે ? હું ત્હને જર્મન કેદખાનામાંથી મુક્ત કરવા નીકળી હતી."

" વાહ ! વેશ પણ ઠીક લીધો છે ? મ્હને કારાગૃહમાંથી છોડાવવામાં ત્હને શો લાભ હતો ? તું મ્હારે માટે સંકટમાં કેમ પડતી હતી ?"

" વિલીયમ !" લિલી પ્રણયકોપથી બોલી: " એમ કેમ પુછે છે ?"

" મ્હેં સાંભળ્યું હતું કે: લિલીએ વિલીયમના પ્રેમને ધિક્કારી કાઢ્યો હતો અને લેનૉક્સ સાથે લગ્ન કરવાની હતી તેથી !"

" અસત્ય, તદ્દન અસત્ય. વિલીયમ ! તું મ્હારા શબ્દપર વિશ્વાસ રાખે છે કે ?"

" લિલી, ત્હારા શબ્દો સત્યની પ્રતિમૂર્તિ છે. તે પર કેમ વિશ્વાસ ન હોય ?"

" ત્યારે સાંભળ !" લિલી મંજુલ સ્વરે બોલી: " યુદ્ધનો આરંભ થતા પહેલાં આપણે પેલી ટેકરી પર જઇ પરસ્પર વચનથી બંધાયાં હતાં તેનું વિસ્મરણ કદી થાય તેમ નથી. ત્યારથી મ્હારા હૃદયમાં ત્હારે માટે દૃઢ પ્રેમ બંધાયો હતો. તું યુદ્ધમાં ઉતરવાને નાખુશ હતો તેથી મ્હેં ત્હને ગમે તેમ કહ્યું, ત્હારૂં અપમાન કર્યું અને ત્હારા પર વાક્પ્રહાર કર્યો, પરંતુ તે વખતે પણ મ્હારો ત્હારા પરનો પ્રેમભાવ ઘટ્યો નહતો. ત્યાર પછી બે દિવસ ઉપર તું સમરાંગણમાં ઘૂમતો હતો અને તેં કેપ્ટન લેનૉક્સનું સંરક્ષણ કરી અદ્વિતીય શૌર્ય પ્રકટ કર્યાનું મ્હેં જાણ્યું. હું તુરતજ ત્હને શોધવા નીકળી. લેનૉક્સ પર કદી પણ મ્હારા હૃદયમાં પ્રેમ ઉત્પન્ન થયો નથી, તો હું તેની પત્ની કેવી રીતે બની શકું ? વિલીયમ ! આ ત્હારી લિલી, એક વખત ત્હને પ્રિય થયેલી લિલી, પોતાના અપરાધની ક્ષમા યાચતી ત્હારા આગળ ઉભી રહી છે. તેને ક્ષમા કરી–" લિલીનું હૃદય ગદ્‌ગદિત થઇ ગયું. ચંદ્રપ્રકાશે તેના કપોળપરનાં પ્રસ્વેદ બિંદુનું વિલીયમને દર્શન કરાવ્યું, તે પરથી તેનો આશય સમજી જઇ વિલીયમે કહ્યું:—

" મ્હારી પ્રાણ ! મ્હારા મધુરા હૃદય ! લિલી ! શું ખરેખર, તું મ્હને ભાગ્યશાળી બનાવીશ ? અદ્યાપિ સુધી મ્હારા ભાવિ જીવનમાં દેખાતાં કંટક

સુવાસિક ગુલાબનાં છે એમ સિદ્ધ કરી આપશે ? મ્હારૂં ભવિષ્ય સુખમય બનાવશે ? કહે, લિલી કહે ? તું મ્હારીજ છે ને ? ”

લિલીએ વિલીયમ તરફ એક અત્યંત પ્રેમાળ દૃષ્ટિ કરી. તે કંઈજ બોલી નહિ. વિલીયમને પ્રેમભરી દૃષ્ટિ જોઇ સંતોષ થયો.

તેને સપ્રેમ આલિંગન આપી તેના ગુલાબી ગાલ ઉપર ચુંબન કરી વિલીયમ બોલ્યો: “ ખરેખર, પુનઃ આજે મ્હને સુખની સીમાનું ભાન રહ્યું નથી. ”

કેટલીક વારે વિલીયમે પુનઃ પોતાનો જર્મન પોષાક પહેરી લીધો. તે ધીમે ધીમે લિલીનો હસ્ત પકડી ઇંગ્લીશ છાવણી તરફ જવા લાગ્યો. આ વખતે તેને ગર્વ થયો કે જગતમાં મ્હારા જેવું કોઈ સુખી નથી.

વિલીયમ અને લિલી થોડે દૂર ગયાં તેટલામાં પચાશ ઈંગ્રેજ સૈનિકોએ તેમને ઘેરી લીધાં. તુરતજ વિલીયમના જાણવામાં આવ્યું કે જર્મન પોષાકના કારણે આ પ્રસંગ આવ્યો છે. પરંતુ આ વખતે અંધકાર હતો અને કદાચિત વિશેષ ચર્ચા કરવામાં પ્રાણ જશે માની વિલીયમે પોતાનાં અને લિલીનાં હથીયાર નીચે નાખી દઇ પોતે શરણ થયો છે એમ દર્શાવ્યું. તુરતજ તેમને કેદ કરી જર્મન જાસુસ તરીકે કર્નલ સૅપ્સવર્થ તરફ મોકલી દેવામાં આવ્યાં.

બીજા દિવસે કર્નલ સૅપ્સવર્થના તંબુની ચોતરફ અસંખ્ય મનુષ્ય એકત્ર થયાં. છાવણીની ચોતરફ ફરતા બે જર્મનોને શી શિક્ષા થાય છે તે જાણવા માટે સર્વ સૈનિકો ત્યાં જવા લાગ્યા. થોડાજ વખતમાં કર્નલ સાહેબ અને સેનાપતિ આવી પહોંચ્યા. તુરતજ વિલીયમ અને લિલીને હાજર કરવાની આજ્ઞા થઇ.

સર્વ માનતા હતા કે શિક્ષાના ભયથી ધ્રુજતા જર્મન જાસુસો હવે ત્યાં આવશે. પણ એક જણ પ્રત્યેકને સહાસ્ય વદને નમન કરતો આવે છે અને તેની પાછળ કિંચિત્ કોમળ જણાતો બીજો મનુષ્ય એકત્ર થયેલા ટોળા તરફ આશ્ચર્યચકિત મુખમુદ્રાથી જોતો આવે છે તે જોઇ સર્વ સૈનિકો આશ્ચર્યથી સ્તભિંત થયા !

કર્નલ સૅપ્સવર્થ પાસે આવતાંજ વિલીયમે માનપૂર્વક નમન કર્યું, પરંતુ તે તરફ દુર્લક્ષ્ય કરી કર્નલે કહ્યું:

"કેમ? તમારૂં શું કહેવું છે? જાસુસ માની ગુન્હેગાર ઠરાવી તમને શિક્ષા કેમ કરવી નહિ? તમારે જે કહેવું હોય તે ખુશીથી કહો."

"સાહેબ–" વિલીયમ વિશેષ બોલતો હતો પણ વચ્ચેજ કર્નલે કહ્યું: "વ્યર્થ સમયનો વ્યય ન કર, બે શબ્દોમાં જે કહેવું હોય તે કહે."

"મ્હારા તરફ એક વખત આપ જોશો તો આપ મ્હને સહેલાઇથી ઓળખી શકશો."

"ઓળખાણ પડી ગઇ છે. તમારા વેષ પરથીજ જણાય છે કે તમે જર્મન છો. તમે અમારી છાવણીની ચોતરફ ફરતા હતા તે સાબિતજ થયેલું છે."

"નહિ, હું કોણ છું તે હજી આપ જાણી શક્યા નથી." વિલીયમ બે પગલાં આગળ જઇ બોલ્યો.

"તું અત્યંત નીચ ધંધો કરનાર જર્મન જાસુસ છે."

"નહિ! આંગ્લજનનીનો હું સાચો પુત્ર છું. હું આપનો સેવાંકિત લેફ્ટેનન્ટ વિલીયમ છું!"

"કોણ! વિલીયમ?" વિલીયમ તરફ આશ્ચર્યથી જોઇ કર્નલે કહ્યુ: અને ત્હારી સાથે કોણ છે?"

"લિલી." લિલીનો હસ્ત પકડી વિલીયમે કહ્યું.

"એ સ્ત્રી છે કેમ? ઇંગ્લીશ સ્ત્રી છે?"

"હા, એ ઍડમિરલ નેલ્સનની પુત્રી લિલી છે."

"લિલી!" કર્નલ સૅપ્સવર્થે કહ્યું: "તું હવે મોટી દેખાય છે. આશરે આઠ વર્ષ પર મ્હેં ત્હને જોઇ હતી. તે વખતે તું નવ વર્ષની હતી. ત્હેં આ જર્મન વેષ કેમ પહેર્યો છે?"

વિલીયમે ટુંકામાં સર્વ હકીકત કહી, અને કયસર સાથે શી વાતચિત થઇ તથા પોતે કેવી રીતે છૂટયો તે પણ કહી તે બોલ્યો: "પ્રભુની ઇચ્છા જ એવી હતી કે ભવિષ્યકાળમાં પણ મ્હારા હસ્તે માતૃભૂમિની સેવા થવી જોઇએ, એ કારણથીજ મ્હને એ યુક્તિ સૂઝી; કેવળ દેશભક્તિ માટેજ આ જર્મનવેષ ધારણ કરવો પડયો છે."

વિલીયમનો અદ્દભૂતપૂર્ણ ઇતિહાસ સાંભળી ત્યાં ઉભા રહેલા સર્વે યુવકો પ્રેમથી વિલીયમની સ્તુતિ કરવા લાગ્યા; ત્યારે કર્નલ સેપ્સવર્થે કહ્યું:—

" વ્હાલા યુવકો ! તમારી સમક્ષ ઉભેલો વિલીયમ એક અદ્દભૂત પુરૂપ છે. તેની રાષ્ટ્રસેવા, તેનું પરાક્રમ અને તેની કર્તવ્યતત્પરતા અલૌકિક છે. એની કર્તવ્યપરાયણતાના પ્રતાપે એને એકદમ કર્નલની પદવી મળી છે. એ જે દિવસે શત્રુના હસ્તમાં સપડાયો હતો તેજ દિવસે એને કર્નલની જગ્યાએ નીમવાનો હુકમ મ્હારા હાથમાં આવ્યો હતો, પણ નિરૂપાયે આજસુધી તે જાહેર કરી શકાયું નહતું."

" કર્નલ વિલીયમ લિટનનો વિજય થાવ. " ચોતરફથી હજારો મુખે ગંભીર ધ્વનિ થયો.

આ સમયે લિલીનો આનંદ અવર્ણનીય હતો. તેણે વિલીયમને પ્રેમથી કહ્યું: " શું પ્રભુ હમેશ આપણને આવા આનંદમાં રાખશે ? "

" પ્રભુ દયાળુ છે ! ત્હારા પિતાએ આપણા લગ્નને પૂર્ણ સંમતિ આપી છે. જો આ પત્ર ત્હારા પિતાનો છે. " અત્યાર સુધી પત્ર વાંચવામાં નિમગ્ન થયેલા વિલીયમે હર્ષ પામી કહ્યું.

લિલીએ તે પત્ર વાંચ્યો. પત્ર વિલીયમની માતાએ લખ્યો હતો અને તે નીચે નેલ્સને બે લીટી લખી હતી. છેવટે વિલીયમ સમરાંગણ પર ગયો છે, એટલુંજ નહિ પણ ત્યાં તેણે પોતાનું નામ અમર કરેલું જાણી નેલ્સન સાહેબ પોતાની કન્યા વિલીયમને આપવા તૈયાર થયા હતા.

પત્ર વાંચી લિલીએ કહ્યું: " વિલીયમ ! તું કર્નલ થયો છે એવું મ્હારા પિતા જાણશે ત્યારે તેમને શું લાગશે ? "

" તે માનશે કે હું જલદી મેજર થઈશ." વિલીયમે હસીને કહ્યું.

* * * *

તે દિવસે વિલીયમ અને લિલી કર્નલ સેપ્સવર્થના તંબૂમાં ભોજન સમારંભમાં હાઝર હતાં. કૅપ્ટન પ્રિંગલ, પિકફર્ડ અને વિલીયમના અન્ય સ્નેહીઓ પણ આવ્યા હતા. સૂર્યાસ્ત થતાંજ કર્નલ વિલીયમ લિટન પોતાની જગ્યો પર હાઝર થવા બેલજીયમ જવા નીકળવાનો હતો.

ભોજન સમારંભ પૂર્ણ થયા પછી તે લિલી પાસે આવ્યો. આ વખતે લિલી જર્મન સૈનિકના પોષાકમાં નહતી. તે પોતાના જન્મસિદ્ધ અને નિસર્ગ-સુંદર જનાની વેષમાં હતી. આ વખતે તેનું સૌંદર્ય અપ્રતિમ જણાતું હતું. તે જોઈ વિલીયમે હર્ષ પામી કહ્યું:

" લિલી ! હવે હું જઇશ. તું પણ થોડા વખતમાં દવાખાના તરફ જશે. યુદ્ધનો અંત આવતા સુધી, આરંભેલું રાષ્ટ્રકાર્ય પૂર્ણ થતાંસુધી અને યુદ્ધપર વિજય મેળવતા સુધી આપણે આપણું પાર્થિવ સુખ ભૂલી જવું જોઈએ. તું ત્હારૂં શુશ્રૂષા કરવાનું કાર્ય યથાસ્થિત કરજે. હું પણ મ્હારૂં રાષ્ટ્રકાર્ય ઉત્તમ રીતે ચલાવીશ, પછી આપણે બક્ષીસની આશા રાખીશું ! લિલી ! મ્હને મ્હારા કર્તવ્યના બદલામાં એક અતિ રમણીય ભેટ મળવાની છે. "

" અને હું પણ મ્હારા કાર્યથી અત્યંત મૂલ્યવાન ભેટ મેળવવાની છું." લિલીએ પ્રેમપૂર્વક કહ્યું.

" ત્હને મળનાર ભેટ મ્હારી ભેટ આગળ ઝાંખી પડશે. " એમ કહી વિલીયમે લિલીને સપ્રેમ આલિંગન આપી, બે ચાર પાંચ ચુંબનો કર્યાં.

લિલી પણ ગણગણી કે " મ્હને મળનાર ભેટ ત્હારી ભેટ કરતાં પણ અમૂલ્ય છે. "

પ્રકરણ ૨૨ મું.

ઈ. સ. ૧૯૧૭ નું ભવિષ્ય.

ઈ. સ. ૧૯૧૭ની વસંત ઋતુ સર્વાંગે સુન્દર બની રહેશે! એક, બે અને ત્રણ વર્ષ યુદ્ધના ઝપાટામાં ક્યારે પૂર્ણ થઈ ગયાં તેની કલ્પના પણ કોઈને થશે નહિ. યુદ્ધનો અંત ત્રણ વર્ષે આવશે એવા મુત્સદીઓના મતો, ભવિષ્યવાદીઓના વર્તારા અને બહુજન સમાજનું અનુમાન હોવાથી દૂર જણાતા શાંતિયુગ તરફ સર્વ શાંતિભક્તોનું લક્ષ્ય ચોંટી રહ્યું છે. આપણે તે દૂર રહેલા પ્રદેશનું સહજ અનુમાન કરી શકીશું. રાજ્યકાર્યકુશળ પુરૂષો પણ નિરાભિમાનપણાથી કહે છે કે: તેથી વિશેષ દૂર દૃષ્ટિ પહોંચી શકે તેમ નથી, પણ ચાર પાંચ વાંકાં ચુકાં કોષ્ટકો પાડી જ્યોતિષીઓ પોતાના વર્તારામાં અમુક આવે છે, તમુક આવે છે એમ કહે છે. તે સિવાયના અન્ય સર્વ મનુષ્યો દૂર રહેલા કાળથી અજ્ઞ છે; પરંતુ કવિ અને નવલકથાકારની રીત તદ્દન જુદી છે. કવિની કાવ્ય દૃષ્ટિમાં, કિંવા નવલકથાકારની કલ્પના શક્તિમાં જેમ ભૂત અને વર્તમાનનું પૂર્ણ જ્ઞાન હોય છે તેમ ભવિષ્યકાલનો દૂર રહેલો પ્રદેશ પણ તેઓ જોઈ શકે છે. આજે સુધારાના શીખરે પહોંચેલાં રાષ્ટ્ર આગામી કાલમાં જંગલી સ્થિતિ અનુભવશે અને આજે જંગલી જણાતાં રાષ્ટ્ર કેટલાક કાળ પછી સુધરેલાં ગણાશે, આજે સંપત્તીના મદમાં ફૂલેલા પુરૂષો કાલે ઘેરઘેર ભિક્ષા માગશે, કિંવા પૈની ભિક્ષા માગનાર થોડાજ વખતમાં શ્રીમંત થશે, નરનો નારાયણ ક્યારે થશે, વગેરે પ્રકારની વાતો કવિ અને નવલકથાકાર સારી રીતે સમજે છે. સારાંશ: કવિ અને નવલકથાના લેખકને અગમ્ય એવું કંઈ નથી. હવે જોવાનું એજ છે કે: બે વર્ષ પછીની વસંતઋતુ નવલકથાકારની કલ્પનાના દુર્બિનમાંથી કેવી જણાય છે.

યુદ્ધઅગ્નિ પૂર્ણ રીતે હોલવાયો છે. જર્મનીનો યુદ્ધવિષયક ગર્વ નષ્ટ થયો છે. યુદ્ધપ્રિય મનુષ્યો નષ્ટ થયા છે. જર્મનીમાં શાંતિ પ્રિય મનુષ્યો સુખે નિવાસ કરે છે. ઇગ્લાંડે પોતાનું વિરોચિત કૃત્ય પૂર્ણ કર્યું છે. જર્મન યુદ્ધ સામેના યુદ્ધમાં તે વિજયી થયું છે. ફ્રાન્સનાં કેટલાંક શહેરોનો નાશ થયો છે, પણ તેને કેટલાંક વર્ષ પર ગુમાવેલો અને જર્મનીમાં સામેલ થએલો પ્રદેશ પાછો મળ્યો છે. બેલજીયમને નુકશાનીનો બદલો જર્મનીએ આપ્યો છે અને તેના જેવાં નાનાં રાષ્ટ્રોની સ્વતંત્રતા ચિરકાળ ટકી રહે તેવી વ્યવસ્થા ઇગ્લાંડે કરી છે. ફ્રાન્સના પ્રધાન મંડળે ખુલ્લી રીતે કબૂલ કર્યું છે કે: ફ્રાન્સની કીર્તિ ઈંગ્લાંડના વીર પ્રતાપે જ ટકી શકી છે. **સર્વ જગતને ઈશ્વરદત્ત શાંતિનો હક્ક મેળવી આપ્યા બદલ સર્વત્ર ઇંગ્રેજોની પ્રશંસા થાય છે.** પોતાના ઉદાત્ત કાર્યમાં સામ્રાજ્યના સર્વ દેશોએ ફલપ્રાપ્તીની આશા ન રાખતાં મદદ કરી છે તે માટે ઇંગ્લિશ સામ્રાજ્ય પોતાના ખંડિયા રાજ્યરૂપી ઘટકાવયવોનું બનતી રીતે હિત કરે છે. હિન્દુસ્થાનનો અલૌકિક સામ્રાજ્યપ્રેમ જોઈ ઇંગ્લાંડના કેટલાક ઉદારમતવાદીઓએ હિન્દુસ્થાનનું કલ્યાણ કરવા માટે કમર કસી છે, એટલુંજ નહિ પણ હિન્દુસ્થાન આજ સુધી જે હક્કોની માગણી કરતું હતું તે પૈકી કેટલાક હક્ક મળી ચુક્યાં છે, અને **"સ્વરાજ્ય"**નો હક્ક મળવાની તૈયારી છે. હિંદુસ્તાનની પ્રજાને લશ્કરી તાલિમ આપવાનો નિશ્ચય થયો છે. વધારાનો લશ્કરી ખર્ચ કાઢી નાખવાનો પ્રશ્ન પાર્લામેંટમાં મુકાયો છે અને તે કર્નલ વિલીયમ લિટનના પરિશ્રમથી જલદી વિજયી થશે એવી આશા જણાય છે. હિંદુસ્તાનનો મૃતપ્રાય હુન્નર ઉદ્યોગ રાજ્યાશ્રયથી પુનઃ ઉદય પામવા લાગ્યો છે. પ્રત્યેક માલપર જ્યાંત્યાં **"હિંદમાં બનેલો"** એવા શબ્દો નજરે પડે છે. હિંદની પ્રજા ધનધાન્યથી સુખી થઇ, **"ઇંગ્રેજોનો ચિરકાલ વિજય થાઓ."** એવા શબ્દો બોલી રહી છે. ઇંગ્રેજોએ ભારતવર્ષની કદર કરી છે અને તેને ઇંગ્લેંડના જેવું સુખી બનાવવાના પ્રયત્નો આદર્યા છે. હિંદની પ્રજા પણ ઇંગ્રેજોને પોતાના બંધુ સમાન ગણી તેમના શિતળ છત્ર નીચે હમેશાં રહેવા માટે પ્રભુપ્રાર્થના કરી રહી છે. વિલીયમ લિટન પોતાનું કાર્ય યથાસ્થિત રીતે ધૈર્યથી અને પરાક્રમથી પૂર્ણ

કરી યુદ્ધ સામે આક્રમણ કરી, જનસમાજના અદ્વિતીય માનને પાત્ર થયો છે તેથી પાર્લામેંટમાં તે સહેલાઇથી પ્રવેશ કરી શક્યો છે. "યુદ્ધ એ આસુરી કૃત્ય છે. યુદ્ધ મહાન નરક છે. યુદ્ધ જંગલીપણાનું ચિહ્ન છે અને યુદ્ધ અન્યાયની મૂર્તિ છે!" વગેરે પ્રકારનાં વીરરસપૂર્ણ વાક્યો કર્નલ વિલીયમના મુખમાંથી બહાર પડે છે અને પાર્લામેંટના અન્ય મેમ્બરો તેને તાલીઓથી વધાવી લે છે, પરંતુ તે ગડગડાટ પૂર્ણ થતા સુધી વિલીયમને લિલીનું સ્મરણ થયા સિવાય રહેતું નથી.

આવા પ્રકારના આનંદપૂર્ણ વસંતમાં વિલીયમને એકજ વાતની ખામી જણાતી હતી. તેવીજ રીતે લિલીને પણ તેવી ખામી દેખાતી હતી તેથી તે બન્નેએ પોતાના કર્તવ્ય બદલનો બક્ષીસ સમારંભ હમણાંજ પૂર્ણ કર્યો છે.

આ વસંતની અત્યંત મહત્વની વાત કરીએ તો વિલીયમ લીટન અને લિલીના લગ્નની છે! લગ્ન સમારંભમાં કેવું ઐશ્વર્ય રહેવાનું છે, કેવા ગૃહસ્થોનું આવાગમન થવાનું છે, ભોજન સમારંભ કેવી રીતે થનાર છે વગેરે બાબત વિલીયમની માતા અને લિલીના પિતા નેલસને સ્વહસ્તમાં રાખી નવલકથાના લેખકનો હક્ક લઇ લીધો છે! તેમજ તે વૃદ્ધાત્માઓએ સ્વસંતોષથી એ કાર્ય સ્વીકાર્યું છે તેથી તેમાં હરકત કરવાની લેખકની ઇચ્છા નથી. તથાપિ આપણો કથાનાયક અમારા કહ્યા પ્રમાણે ચાલનાર હોવાથી તે અવશ્ય કેપ્ટન લેનોક્સને સહકુટુંબ પધારવા નિમંત્રણ કર્યા સિવાય નહિ રહે!

સંપૂર્ણ.

૨—બર્લિનનો ઘેરો.

ડૉક્ટર "બી"ની સાથે પૅરિસની સહેલ કરતી વખતે ઈ. સ. ૧૮૭૦ ના પૅરિસના ઘેરા વખતે તોપોના ભયંકર આઘાતોથી તૂટી ગયેલી દીવાલો બતાવતાં બતાવતાં હું તેમને ઘેરાની વાર્તા અતિ ઉત્સુકતાથી પુછી રહ્યો હતો. વિજયતોરણની આજુબાજુ જે મ્હોટી મ્હોટી અટ્ટાલિકાઓનું દર્શન થાય છે, તે અટ્ટાલિકાઓ આગળ ઉભા રહી એક રમ્યભૂવન તરફ અંગુલિ નિર્દેશ કરી ડૉક્ટર કહેવા લાગ્યાઃ—

"જુઓ! તે તરફ જુઓ! પેલા છજાની પાછળ ચાર બંધ બારીઓ તમે જોઇ શકો છો ને? અગટ મહીનામાં તે ભયંકર વિપ્લવ સમયે એક દિવસ એ મકાનમાં એક વીર સૈનિકની મૂર્ચ્છાની ચિકિત્સા કરવા માટે મ્હને બોલાવવામાં આવ્યો હતો. તે એ મકાનનો સ્વામી હતો અને તેનું નામ કર્નલ જૂવ હતું. તે નૅપોલીયનનો સમકાલિન એક સૈનિક હતો. તેનું હૃદય જાતીય મર્યાદા અને સ્વદેશપ્રેમથી પૂર્ણ જ્વલન્ત હતું. યુદ્ધના આરંભમાંજ તેણે એ છજાની જોડેવાળા મકાનને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હતું. શા માટે? એટલાજ માટે કે, જ્યારે અમારી વિજયી સેના યુદ્ધનો અંત લાવી સગૌરવ સ્વભૂમિમાં પ્રવેશ કરે ત્યારે તેની અભ્યર્થના અને સ્વાગતનું અપૂર્વ માન પ્રથમ તે પોતે આપી શકે!

મનુષ્ય ધારે છે કંઈ અને ઇશ્વિર કરે છે કંઈ! ગરીબ બિચારો જૂવ! એક દિવસ તે ભોજન પૂર્ણ કરી ટેબલ પરથી ઉઠયો અને તેજ વખતે વીઝેમ્બર્ગના યુદ્ધમાં અમારા સૈન્યના પરાજયના દુઃખપૂર્ણ સમાચાર તેણે સાંભળ્યા. તેનું દેશાભિમાન સ્વદેશની હીનતા જોવાને તત્પર નહતું. તેણે તો નૅપોલીયનની વીરહાકનો અનુભવ મેળવ્યો હતો. એ શું જાણે કે ફ્રેંચોનું ભાગ્ય વિજયદેવીથી વિમૂખ થયેલું છે. તેણે કદી પણ માન્યું નહતું કે, આ યુદ્ધમાં

ફ્રેંચ સૈન્યનો પરાજય થશે, પણ હતભાગ્ય દુર્દૈવે પરાજયના સમાચાર આપ્યા તેથી વિરોચિત રક્ત ગરમ બની ગયું અને તે મૂર્છા પામી ધરણી પર ઢળી પડયો !

મ્હેં ત્યાં જઇને જોયું તો વૃદ્ધ કર્નલ જમીન પર ચત્તાપાટ પડી રહ્યો છે. રક્ત ચઢી જવાથી મુખ લાલઘૂમ બની રહ્યું છે અને તેની પાસેજ તેની યુવાન પૌત્રી ઘૂંટણીએ પડી રૂદન કરી રહી છે, એ તરૂણીના કલ્પાન્તે–દુઃખે–મ્હારા હૃદયને વિદીર્ણ કરી નાખ્યું. તેનો પિતા એક સૈનિક હતો અને તેનો દાદો–વડવો પણ સૈનિક તેમજ ફ્રેંચ સેનાપતિનો સહાયક હતો. સર્વ શક્તિ એકત્ર કરી મ્હેં તેને સાંત્વન અને ધૈર્ય આપ્યું, કિન્તુ છેવટે રોગીને જોયો તો મ્હને કંઇ વિશ્વાસ કે આશા રહ્યાં નહિ. ત્રણ દિવસ એવીજ અચેતન અવસ્થામાં વહી ગયા ! તેટલામાંજ મૅરીસ્કૉફેન–યુદ્ધની ખબર આવી. તમે જાણો છો કે એ ખબર કેવા પ્રકારની આવી હતી ? સંધ્યા સમય સુધી અમને દૃઢ વિશ્વાસ હતો કેઃ "અમારા સૈન્યની મહાન જીત થઇ છે, વિશ હઝાર જર્મનો માર્યા ગયા છે...જર્મન યુવરાજ કેદ પકડાયો છે!..." કોણ જાણે ક્યારે અને કેવી રીતે આ જાતીય–આનન્દનો પ્રતિધ્વનિ બેહોશ કર્નલના કર્ણમાં જઇ પહોંચ્યો. આ વાતથી પક્ષઘાત–ગ્રસ્ત રોગીના સર્વ અંગમાં વિદ્યુત પ્રવાહ ફરી વળ્યો. તેના શરીરમાં ચૈતન્યનો સંચાર થયો. સાંજે આવી મ્હેં જોયું તો એ રોગી પહેલાંનો રોગી રહ્યો નહતો. તેનાં નેત્રોનાં પોપચાં નરમ બન્યાં છે, જીભની જડતા થોડી ઘણી દૂર થઈ છે. મ્હને જોઇ વૃદ્ધ કર્નલે હાસ્ય કરવાની ચેષ્ટા કરતાં બે વાર બોલવાનો પ્રયત્ન કરી તૂટક સ્વરે કહ્યું: "જ...ય !...જ...ય !"

મ્હેં કહ્યું: "હા, કર્નલ સાહેબ! મહાન્ જીત થઈ છે !"

જ્યારે હું જવા લાગ્યો ત્યારે એક તરૂણ બાળા ફીક્કા મુખે મ્હને બહાર પહોંચાડવા આવી દરવાજા પાસે ઉભી થઇ ડસ્કાં ભરતાં રડી ઉઠી ! મ્હેં તેનો હસ્ત પકડી કહ્યું: "આ અસત્ય પ્રલાપથી તે બચી ગયો છે !" બિચારી યુવાન્ બાળા મ્હારી વાતનો ઉત્તર આપી શકી નહિ. તે વખતે સર્વ રસ્તાઓ પર મૅરીસ્કોફેન–યુદ્ધના સત્ય સમાચારોનાં દીવાલપત્રો લગાડી દેવામાં

આવ્યાં હતાં. તેમાં લખ્યું હતું કેઃ "આપણો સેનાપતિ શત્રુની સામેથી ન્હાસી ગયો છે અને આપણું સર્વ લશ્કર નષ્ટ થઇ ગયું છે!..." એ વાંચી અમે બન્ને એક બીજાની સામે કાતર દૃષ્ટિએ જોઇ રહ્યાં. કહેવા દો કેઃ અમારી બન્નેની દૃષ્ટિથી ભયનો જન્મ થયો. તરૂણી પોતાના પિતાનો વિચાર કરી રહી હતી અને હું મ્હારા રોગી વિષે વિચારગ્રસ્ત હતો. સંભવનીય છે કેઃ કદાચ આ નવો આઘાત રોગી સહન ન કરી શકે! આ સમયે શું કરવું જોઇએ?...જે આનન્દથી રોગીને પુનર્જીવન મળ્યું છે તે આનન્દની મિથ્યા માયા ના ભૂલવા માટે તેને ઘેરી રાખવો પડશે!...પણ એ અસત્ય જાળ રચે કોણ? "ઠીક, એ જૂઠી જાળ ગૂંથી હું ભૂલાવામાં રાખીશ." એટલું કહી તે બાળાએ ઝટપટ પોતાનાં અશ્રુ લૂછી નાખ્યાં. ત્યારપછી તે પોતાના રોગી પિતાના ઓરડામાં ચાલી ગઈ. આ કઠિન કાર્યમાં તેને આરંભમાં વિશેષ કષ્ટ સહન કરવું પડયું નહિ, કારણ કે વૃદ્ધ કર્નલનું મસ્તિષ્ક હજી સુધી નિર્બળ હતું. તે બાળકની પેઠે અસહાય પડી રહેતો હતો. તેને જે બતાવવામાં કે કહેવામાં આવતું તે તે બચ્ચાની માફક માની લેવામાં હા ના કરતો નહતો. જેમ જેમ રોગીની દશા સુધરવા લાગી તેમ તેમ તેની ચિન્તા અને ધારણા શક્તિ પણ ચૈતન્યયુક્ત બનવા લાગી. હવે તેને સૈન્યની ગતિ–વિધિની દૈનિક ખબરો પણ સંભળાવવી પડતી. આ કાર્ય માટે તે બાળાએ એક જર્મનીના લાંબા પહોળા નકશા ઉપર ન્હાનાં ન્હાનાં નિશાન કર્યાં. તેને કાલ્પનિક ફ્રેંચ સૈન્ય દ્વારા જર્મન યુદ્ધનો દૈનિક ઇતિહાસ કહેવાતો જોઇ મ્હારા મનમાં મ્હોટો ક્લેશ થતો હતો. રોગીને બતાવવામાં આવતું હતું કેઃ અમારૂં સૈન્ય શત્રુનાં શહેરો પર શહેરો લેતું રહ્યું છે. યુદ્ધ પર યુદ્ધ કરી વિજય મેળવી રહ્યું છે અને હુમલા પર હુમલા કર્યે જાય છે. આમ કરવા છતાં પણ તેનું ચિત્ત પ્રસન્ન થતું નહતું! તેના મનને એમ થતું કેઃ તડાતડ વિજયની અસ્ખલિત ધારા કેમ વહેતી નથી! વૃદ્ધનો આત્મા એ સિવાય આનંદિત બને તેમ નહતું!...હમેશ હું ત્યાં જઈ ફ્રેંચ સૈન્યની નવીન નવીન વીરરસપૂર્ણ યશના સમાચાર સંભળાવતો. તે આગલે દિવસે વિજયનું જેવું અનુમાન કરતો તેવું બીજે દિવસે સાંભળવા ઇચ્છતો, અને ઇચ્છિત સમાચાર મળતાં વૃદ્ધ કર્નલને માટે પોતાનો જાતીય ગર્વ ગુપ્ત રાખવાનું કઠિન થતું.

"ડૉક્ટર! આપણે મૅટ્ઝમાં પ્રવેશ કર્યો છે." એ શબ્દો ઉચ્ચારતાં ઉચ્ચારતાં મુખ પર એક વેદનાયુક્ત હાસ્યની રેખા પ્રકાશિત કરતી તે બાળા મ્હારા તરફ આવી. આ વખતે મ્હેં જોયું તો રોગીનો આનંદ ક્ષીણ સ્વરમાં ફેરવાઇ ગયો. તેણે કહ્યું: "એનું નામ તે ધસારો! એનુંજ નામ તે આગળ વધ્યા! અને એનુંજ નામ તે યુદ્ધ! જુઓ, હવે આઠજ દિવસમાં બરલિનને આપણે ઘેરી લઇશું!"

વાસ્તવિક રીતે તે વખતે જર્મન સૈન્ય ફ્રાંસની રાજધાની પૅરિસથી આઠ દિવસના માર્ગ જેટલે દૂર પડાવ નાખી રહ્યું હતું. પ્રત્યેક પળે પૅરિસ પર આક્રમણ થવાની શંકા થતી હતી. હવે અમે વૃદ્ધ કર્નલને પૅરિસથી દૂર લઇ જવો ઠીક છે કે નહિ, તે વિષે વિચાર કરવા લાગ્યાં, કિન્તુ ધાર્યું કે ઘરની બહાર નીકળતાની સાથેજ દેશનું ભયંકર દૃશ્ય જોઇ વૃદ્ધને યથાર્થ સ્થિતિ સમજવામાં વિલંબ થશે નહિ. તે આ વખતે પણ નિર્બળ છે. સાચી વાતો સાંભળશે તો એને બચાવવાનું કાર્ય મુસ્કેલપૂર્ણ બનશે. છેવટે તે જે સ્થિતિમાં છે તેજ સ્થિતિમાં રાખવાનો નિશ્ચય થયો.

પૅરિસના ઘેરાના પ્રથમ દિવસે હું કર્નલ જૂવને જોવા તેને ઘેર ગયો. મ્હારા મનમાં વારંવાર એમજ થતું કે મ્હેં એને પૅરિસના પીંજરામાં બંધ કરી રાખ્યો છે. મ્હેં જઇને જોયું તો તે ભલો મનુષ્ય પોતાના સ્થાને બેઠો છે અને આનંદ તથા ગર્વથી ફૂલાઇ રહ્યો છે. મ્હને જોતાની સાથેજ તે બોલી ઉઠયો: "કેમ ડૉક્ટર? ઘેરો તો શરૂ થઈ ગયો!"

મ્હેં આશ્ચર્યથી પૂછ્યું: "કર્નલ સાહેબ! એ સમાચાર તમે કેવી રીતે મેળવી શક્યા?"

તેની પુત્રી મ્હારા તરફ જોઈ બોલી: "ડૉક્ટર સાહેબ?......ઘણા શુભ સમાચાર છે!...બર્લિનનો ઘેરો શરૂ થઇ ગયો છે!......" આ શબ્દો તેણે એવા તો આશ્ચર્યમય અને શાન્તભાવથી ઉચ્ચાર્યા હતા કે, બિચારો વૃદ્ધ કર્નલ તેના પર અવિશ્વાસ રાખી શકેજ નહિ. કીલ્લા પરની તોપોના ગગનભેદક ધ્વનિ તેના કર્ણે અથડાતા નહતા! અભાગી પૅરિસ પર જે ભયંકર વાદળું છવાઇ રહ્યું હતું તેને તે જોઇ શકતો નહતો! તે તો કેવળ પોતાના

બિછાનામાં પડ્યો પડ્યો વિજયતોરણનું ભભકદાર કૃત્રિમ રમકડું–દશ્ય–જોઈ રહ્યો હતો. જે વખતે વૃદ્ધ એકજ પ્રકારની વાતો સાંભળતાં સાંભળતાં ઉન્માદ-ગ્રસ્ત થતો તે વખતે વચ્ચે વચ્ચે, તમારા પુત્રનો રણક્ષેત્રમાંથી પત્ર આવ્યો છે એમ કહી કૃત્રિમ પત્ર વાંચી સંભળાવવામાં આવતો. સત્ય વાત એ હતી કે તે વખતે તેનો પુત્ર એક જર્મન કીલ્લાના કેદખાનામાં હતો. પુત્રી એટલી પણ ખબર મેળવી શકતી નહતી કે, તેનો પિતા જીવે છે કે મૃત્યુ પામ્યો છે! પરંતુ તેને હમેશ નવીન આનંદ સમાચારોની સૃષ્ટિ બનાવી પ્રસન્ન મુખથી વૃદ્ધ કર્નલ (દાદા)ને સંભળાવવી પડતી! તે બાળાની આ સ્થિતિ જોઈ મ્હારૂં હૃદય ભરાઇ આવતું હતું. કદી કદી તે આ સર્વ મિથ્યા રમત રમી શકતી નહતી તેથી નવીન જીતની ખબરો પણ અટકી પડતી હતી, પરંતુ વૃદ્ધ તે દિવસોમાં વ્યાકુલ બની રાત્રે શાંત નિદ્રા પણ મેળવી શકતો નહતો. છેવટે જર્મનીથી પત્ર આવી પહોંચતો અને તે બાળા પ્રબળ અશ્રુ-ધારાને બલપૂર્વક અટકાવી હસતાં હસતાં દાદાને વાંચી સંભળાવતી. વૃદ્ધ તે પત્રને ઘણો ગંભીર બની સાંભળતો, સૈન્ય સંચાલનની સમાલોચના કરતો અને ભવિષ્યમાં શું થશે તેનું અનુમાન પણ કહી બતાવતો, અને જે વાત સ્પષ્ટ સમજાતી નહતી તે વાત અતિ વિસ્તારપૂર્વક અમને સમજાવી દેતો. કિન્તુ તે પોતાના પુત્રના કૃત્રિમ પત્રોના ઉત્તરમાં જે લખવાનું કહેતો હતો તે અતિ ચમત્કારિક હતું! તે લખાવતો કે "......કદી પણ ભૂલશો નહિ કે તમે ફ્રેંચ છો. તે હતભાગીઓની સાથે અતિ સદય ઉદાર વ્યવહારનું અવલંબન કરજો. ધ્યાનમાં રાખજો કેઃ તે લોકોની વિજિત ગ્લાનિ અત્યા-ચારના રૂપમાં પરિણત ન થઇ જાય." આ પ્રમાણે તે પોતાના પુત્રને વિજિત દેશ અને પરાજિત શત્રુ પ્રતિ સદય ઉદાર વ્યવહાર રાખવાનો ઉપ-દેશ કરતો હતો. તે કોઈ પણ રૂપમાં દુષ્ટતા કે કડકાઈ ઉપસ્થિત થવા દેવા ઇચ્છતો નહતો. વિશેષમાં તે લખાવતો કેઃ "કેવળ યુદ્ધનો કર લઈ તેમને છોડી દેવા. એ સિવાય અન્ય કંઈ કરવું નહિ......કોઇ પણ દેશને ગળી જવાથી શો લાભ છે?......જર્મનીમાં પ્રવેશ કરી ફ્રાન્સ શું તેને ફ્રાન્સ બનાવી દેવામાં કદી સફળ થશે?......" આવી સર્વ વાતો તે એવા સરલ

ભાવથી ગૌરવ સાથે કહેતો કે સ્વદેશ તરફનો તેનો આવો અટલ વિશ્વાસ જોઈ તેની સર્વે વાતો અવિચલિત થઈ સાંભળવી દુઃસાધ્ય જણાતી.

આ બાજુ દિન પ્રતિદિન ઘેરાનું કાર્ય વધતું જતું હતું, પરંતુ હાય! અફસોસ!! એ ઘેરો બરલિનનો નહતો!......તે સમયે ભયંકર શીતળતા, ગોળાઓની વૃષ્ટિ, મહામારી અને દુર્ભિક્ષ વગેરે ફ્રાન્સની છાતીને દબાવી બેઠાં હતાં. તો પણ અમારો સતત યત્ન, યંત્ર અને શુશ્રૂષાથી વૃદ્ધનો માનસિક–શાંતિમય આનન્દ ક્ષણમાત્ર માટે સુદ્ધાં ઓછો થઇ શક્યો નહતો. છેવટના દિવસ સુધી મ્હેં તેને માછલી, રોટલી અને તાજુ માંસ ખાતો જોયો હતો. એ સર્વે માત્ર તેના પોતાને માટેજ હતું. સર્વના પ્રારબ્ધમાં એવું ભોજન ક્યાં હતું? મિથ્યા જાતીય જય સંવાદથી ગર્વિષ્ટ બની અજ્ઞાની વૃદ્ધ ખુશી થઇ જ્યારે ભોજન કરવા બેસતો ત્યારે કેવું કરૂણાપૂર્ણ દૃશ્ય ઉત્પન્ન થતું હતું તેનું વર્ણન હું કરી શકું તેમ નથી. વૃદ્ધ કર્નલ આનંદ અને અભિમાનથી ફૂલાઇ ગળામાં રૂમાલ બાંધતો, બિછાના પર બેસતો, ઉઠતો, બાજુ ઉપરજ તેની પૌત્રી અલ્પઅહાર અને ચિન્તાથી કૃશ તથા વિવર્ણ થયેલા હસ્તથી વૃદ્ધનો હસ્ત પકડી ભોજન બતાવવા જતી અને બહાર જે સમયે ભીષણ દુકાળથી લોકો વ્યાકુલ થઇ રહ્યા હતા તે સમયે ઘરમાં મિષ્ટાન્ન ભોજન કરી અગ્નિની ઉષ્ણતામાં તે ખુશ રહેતો હતો. સેંકડો વાર કહી ચૂક્યા છતાં તે આવી દારૂણ શીતળતાના સમયે પણ કેવી રીતે બરફની વચમાં થઈ મોસ્કોથી નાશી છૂટયો હતો અને ખોરાકની તંગી પડવાથી કેવી રીતે કેવળ બિસ્કીટ અને ઘોડાના માંસ પર જીવન ટકાવ્યું હતું તે કહેવા તત્પર થતો હતો. કથા પૂર્ણ થતાં વૃદ્ધ કર્નલ પૌત્રીને કહેતો કેઃ "શું તું સમજી શકીશ કે તે કષ્ટ કેવું હતું? કેવળ ઘોડાનું માંસ ખાઇને પણ રહેવું જોઇએ!" તે બિચારો ક્યાં જાણતો હતો કે તેની પૌત્રીને એ કષ્ટનો સારો અનુભવ છે. અરે! આજે બે માસથી તેના ભાગ્યમાં એ માંસ સિવાય અન્ય કંઈ ભોજનજ નહતું.

રોગી જેમ સ્વસ્થ અને સબળ થવા લાગ્યો તેમ અમારૂં કાર્ય પણ તેટલુંજ કઠિન થતું ચાલ્યું. અદ્યાપિ સુધી તો તેની ઇન્દ્રીયોની જડતા અને

ક્ષીણતા અમારા કાર્યમાં સહાયક થઇ રહી હતી; પરંતુ હવે તો તે તીવ્ર થતી જતી હતી.

પૅરિસના કીલ્લાની સર્વ તોપોની ભીષણ ગર્જના એક વખત વૃદ્ધના કર્ણમાં પહોંચી અને તુરતજ શીકારી કુતરાની માફક તેના કાન પણ ઉભા થઇ ગયા ! હવે અમારે રૂપાંતર કરી નવી નવી ખબરો સંભળાવવી પડી. "બર્લિન શહેરની સીમા પર આપણી જીત થઇ છે, તેથી તેના સ્વાગતમાં તોપોની સલામી અપાય છે." એક વખતે તે પોતાના બિછાનામાંથી ઉઠી બારી પાસે જઇને બેઠો. ત્યાં જતાં તેને જણાયું કેઃ શહેરના રક્ષણ માટે નગરવાસી સૈન્ય કવાયત કરી રહ્યું છે. જનસમૂહની ભીડ જોઈ વૃદ્ધ બોલી ઉઠ્યોઃ "આ બધું શું છે?" એ શબ્દો સાંભળી મ્હેં તેના તરફ જોયું તો તુરતજ વૃદ્ધ કર્નલ દાંત પીસી ગર્જના કરી ઉઠયો: "કમ અક્કલ ! અનાડી ક્યાંથી આવ્યા છે ! શું આવી રીતે કવાયત થાય છે?" સુભાગ્યે તે દિવસે સત્ય સંતાઇ રહ્યું અને દિવસ પૂર્ણ થયો. આ પછી અમે તેને માટે પૂર્ણ સાવધાનતાથી ચાલવા લાગ્યા.

એક દિવસ સંધ્યા સમયે હું તેને ઘેર પહોંચ્યો કે તુરત તે તરૂણ બાળા મ્હારા તરફ દોડી આવી અને મ્હને કહેવા લાગીઃ "શું થશે ? કાલે તો શત્રુ શહેરમાં પ્રવેશ કરશે!" વૃદ્ધના ઓરડાનું બારણું ખુલ્લું હતું. તેના મુખ પર કંઈ એવા પ્રકારના અસાધારણ ભાવ પ્રકટ થતા હતા કે મ્હને લાગ્યું કેઃ તે અમારી વાત સમજી ગયો હશે. પરંતુ સત્ય એ હતું કે અમે જર્મનોના આગમનનો વિચાર કર્યો હતો ત્યારે તે ફ્રેંચોનો વિચાર કરતો હતો. તેને લાગ્યું કેઃ જે વિજય યાત્રાની તે અત્યાર સુધી રાહ જોયા કરતો હતો તે વિજય મહોત્સવ હવે ઉપસ્થિત થયો છે. વિજયી ફ્રેંચ સૈન્ય પુષ્પના બગિચાઓને માર્ગે પૅરિસમાં પ્રવેશ કરશે, વિજયવાદ્ય વાગશે, ફ્રેંચ બાલક વિજયી સેનાપતિની સાથે સાથે ચાલશે અને વૃદ્ધ રોગી પોતાના ઘરના છજામાં બેસી પૂર્વની માફક ગૌરવ અને આડમ્બરથી છિન્ન વિજયીપતાકા અને જવાલાગ્રહી દારૂના ડાઘથી કાળી ગરૂડ અંકિત વિજિત જર્મન પતાકાને ટોપી ઉતારી અભ્યર્થના કરશે !

હાય, વૃદ્ધ કર્નલ જૂવ! તેણે નિશ્ચયથી માન્યું હતું કે અમે તેને આ વિજય મહોત્સવ જોવા દઈશું નહિ. કારણ? આ મહાન્ દૃશ્ય જોઈ કદાચ તેનું મન ઉન્માદગ્રસ્ત થઇ જાય! આ વિચારથી તેણે એ સંબંધી કોઇ સાથે કંઈ પણ વાતચિત કરી નહિ. બીજે દિવસે પ્રાતઃકાલે જે સમયે જર્મન સૈન્ય ધીમે ધીમે પૅરિસની છાતી પર ધસતું આવતું હતું તે વખતે છજાની પાસેનો દરવાજો ધીમે ધીમે ઉઘડી ગયો અને વૃદ્ધ કર્નલ બાવા આદમના જમાનાનો પુરાણો પોષાક પહેરી શીર પર લશ્કરી ટોપ મુકી કમરમાં લટકતા મ્યાનમાં લાંબી પહોળી તલવાર નાખી સૈનિકનો સંપૂર્ણ વેષ ધારણ કરી છજામાં આવી સગૌરવ ટટાર થઇ ઉભો રહ્યો. તેને જોઇ મેં વિચાર કર્યો કે ખરેખર, કંઇક માનસિક વીરતા, કંઈક હૃદયના ઉત્તેજન અને ઉત્સાહથીજ સર્વ દુઃખનો ભાર હોવા છતાં તે પોતાના પગ પર ઉભો રહી શક્યો છે! કર્નલ છજાનો થાંભલો પકડી ઉભો રહી સ્તબ્ધ બની જોવા લાગ્યો કે: કેવી દારૂણ સ્તબ્ધતા પ્રસરી રહી છે! સર્વ ઘરોનાં બારી બારણાં બંધ છે. સર્વ પૅરિસ શહેર એક પ્રચંડ સ્મશાન તૂલ્ય શબરૂપ બની ગયું છે. આજે એક વખતની પૅરિસ–સુંદરીએ વૈધવ્યરૂપ ધારણ કર્યું છે! સર્વત્ર અનુચિત શાંતિનું વિકાળ સ્વરૂપ દૃષ્ટિએ પડે છે. હા, સર્વત્ર ધજાનો ફડફડાટ થઇ રહ્યો છે, પરંતુ આશ્ચર્ય જેવું એ છે કે, સર્વમાં સફેદ કપડા પર લાલ પટ્ટીઓને સ્થાન મળેલું છે. એક પણ મનુષ્ય વિજયી સૈન્યની અભ્યર્થના કરવા માટે આગળ આવતો નથી!

પળમાત્ર માટે તેના મનને લાગ્યું કે: આ સ્વપ્ન સૃષ્ટિ તો નથી! નહિ, નહિ, સ્વપ્ન નથી. વિજયતોરણ નીચે શેનો ગડબડાટ થઇ રહ્યો છે? પ્રાતઃકાલીન્ સૂર્યના પ્રકાશની સાથેજ જણાયું કે; એક ધૂમ્ર–વર્ણ સૈન્ય પ્રવાહ ક્રમશઃ આગળ વધતો આવે છે!...ત્યાર પછી ધીમે ધીમે સૈનિકોની ટોપીઓના કલશ ઝબકવા લાગ્યા! શરણાઈ–તુરીનો શબ્દ સ્પષ્ટ સંભળાવા લાગ્યો અને પૅરિસની છાતી પર સૈનિકોના પાદધ્વનિ અને તલવારોના ઝણકારે જર્મન સેનાપતિની વિજય યાત્રાની ઘોષણા કરી દીધી! તે ગંભીર ભીષણ શાંતિનું હૃદય ચીરી એક વિકટ આર્તનાદ નીકળી આવ્યોઃ "હથિયાર પકડો

ખડ્ગ ઉઠાવો ! શત્રુ આવી પહોંચ્યો ! જર્મનો આવી પહોંચ્યા ! ”

અગ્રગામી વિલ્હેન ફોજના ચાર સૈનિકોએ મસ્તક ઉંચું કરી જોયું તો ઉઘાડા છજાની ઉપર એક દીર્ઘકાય વૃદ્ધ સૈનિક હાથ હલાવતાં હલાવતાં કંપિત ગતિને પ્રાપ્ત થઈ મૂર્ચ્છા પામી ગયો !

આ સમયે માત્ર કર્નલ જૂવને બચાવી શકાયો નહિ !

૩–ફ્રેંચ જાસૂસ.

ઈ. સ. ૧૮૭૦ ના સુપ્રસિદ્ધ ફ્રેંકો–જર્મન યુદ્ધનો અંત આવવાની તૈયારી હતી. ફ્રેંચ સૈન્ય યોગ્ય રીતે પાછું હઠી રહ્યું હતું. એવી કોની સત્તા હતી કે જે વિજયી જર્મનોની ગતિનો અવરોધ કરી શકે ? જોતજોતામાં જર્મન સૈન્ય પૅરિસમાં આવી પહોંચ્યું. ઇતિહાસ પ્રેમીઓ જાણતાજ હશે કે, એ યુદ્ધનું શું પરિણામ આવ્યું ? દુર્ભાગી તૃતીય નેપોલીયનને પરાજય પામી ઇંગ્લાંડમાં આશ્રય મેળવવો પડયો હતો. ગમે તેમ હો, એવી વાતો બતાવવાનું કામ ઇતિહાસનું છે. હું માત્ર મ્હારીજ કથા કહીશ. હું એક ફ્રેંચ અભિનેતા–નટ–છું, અને એક અભિનેતા તરીકે મ્હેં કંઈ થોડી કીર્તિ પ્રાપ્ત કરી નથી. વાચકો માનશે કે હું આત્મશ્લાઘા કરૂં છું, તેથી માત્ર એકજ વાત કહેવી આવશ્યક ગણાશે. કેટલાએ સમ્રાટોએ મ્હારા ગુણ પર મુગ્ધ થઇ મ્હારી સાથે હસ્તધૂનન (શૅકહૅન્ડ Shake-hand) કર્યું છે. સ્વયં સમ્રાટ પહેલા નેપોલીયન, એ વિષયમાં મ્હારી પાસેથી શિક્ષણ મેળવતા હતા. એ ઉપરથી બુદ્ધિશાળી વાચક મ્હારા સંબંધી થોડું ઘણું અનુમાન કરી શકશે.

આ યુદ્ધ સમયે પણ હું પૅરિસ શહેરમાં મ્હારો અભિનય દર્શાવી રહેતો હતો. ફ્રેંચ નાગરિકો આવા પ્રકારની વિપત્તિ પ્રતિ જોઈ આનંદ પરમાનંદને ત્યજી દેતા નહતા. તેમના હૃદયમાં નહોતો ભય કે નહોતી શંકા ! એ લોકો ધીર અને સ્થિરભાવથી મૃત્યુના મુખમાં પ્રવેશ કર્યે જતા હતા. બીજી પ્રજાએ

આવી અવસ્થામાં વિચારમગ્ન રહે છે તેનું કારણ શું હશે તે તેજ જાણે, પણ એટલું તો ખરૂં છે કે ફ્રેંચોની આ પ્રકારની પ્રકૃતિ એક રીતે વિલક્ષણ છે. શહેર પર અહર્નિશ તોપના ગોળાઓની વૃષ્ટિ થયા કરતી હતી; પરંતુ ફ્રેંચ નાગરિક, આ અગ્નિવર્ષામાં પણ હાસ્યવિનોદ કરવામાં પ્રવૃત્ત હતા. એક સંભાવિત મનુષ્ય મૂલ્યવાન પોષાક પહેરી હવા ખાવા માટે આમતેમ ફરતો હતો, તેટલામાં એક બાળક અણચિંતવી બુમ પાડી ઉઠયો: "ગોળો! ગોળો!" તે મનુષ્ય ગોળાનું નામ સાંભળતાંની સાથે ગડીમ કરતો કાદવ કીચ્ચડમાં પડી ગયો! ખરૂં જોતાં તો ત્યાં નહોતો કંઇ ગોળો કે નહતી ગોળી! બાળકે કેવળ મશ્કરીમાંજ કહ્યું હતું. વસ્તુતઃ આવા વિપત્તિના સમયે પણ એવી રીતે ગમ્મત રમતમાં જીવન પ્રવાહ વહેતો હતો. પરંતુ હવે મ્હને અભિનય સારો લાગતો નહતો. કેવળ રંગભૂમિ પર વીરનાયકના ચારિત્ર્યનો અભિનય કરવામાં હું સંતુષ્ટ રહી શકતો નહતો. મ્હને વિચાર થઇ આવ્યો કે, હવે જગતમાં એવાજ પ્રકારનો એકાદ સત્ય અભિનય ભજવું. તુરતજ હું યુદ્ધમાં સામેલ થવાની તૈયારી કરવા લાગ્યો. આ સમયે બહારથી પૅરિસમાં એક વિચિત્ર રીતે સમાચારો આવતા હતા. ટાઇમ્સ પત્રના પહેલા પૃષ્ઠ પર જે ખબરો પ્રકટ થતી હતી, તેનો એક અતિ ન્હાનો ફોટો લેવામાં આવતો હતો, અને તે કબૂતર કે હવાઇ સાધન દ્વારા મોકલવામાં આવતો. એક દિવસે એવા સમાચાર આવ્યા કે: પૅરિસ નજીકના એક ગામના યુવકો યુદ્ધમાં આત્મોત્સર્ગ કરવા તૈયાર છે, તેમજ શત્રુ પર પાછળથી છાપો મારવાને તત્પર થઇ બેસી રહ્યા છે. તે લોકોએ સેનાપતિની આજ્ઞા અને એક માણસની માગણી કરી છે. હું તુરતજ તેમની પાસે જવા તૈયાર થઇ ગયો. અને સેનાપતિ પાસેથી કાગળનો એક ટૂકડો લઇ રસ્તે પડયો. મ્હારે શત્રુની ફોજ વચ્ચે થઇને જવાનું હતું; કારણ કે જે ગામના યુવકો છાપો મારવા તત્પર હતા તે ગામ શત્રુની ફોજની પેલી તરફ હતું. મ્હેં નિશ્ચય કર્યો કેઃ આ વખતે હું મ્હારી સંપૂર્ણ અભિનય શક્તિનો પ્રયોગ કરીશ. ઝટપટ વેષનું પરિવર્તન કરી હું એક ખેડુત બની ગયો. નાટકમાં હું સેંકડો વખત ખેડુતનું રૂપ ધારણ કરી ચુક્યો હતો. કોની હિંમત હતી કે મ્હને કોઇ ઓળખી શકે? એક માણસે

મ્હને સીન નદીની પેલે પાર પહોંચાડી દીધો. આ કિનારે શત્રુનું સૈન્ય પડ્યું હતું. હું થોડે દૂર ગયો કે તુરતજ કર્કશ સ્વરે પ્રશ્ન થયો: "કોણ જાય છે?" મ્હેં તે સાંભળી ઉત્તરમાં જણાવ્યું: "ફ્રેંચ?" ઉત્તરની સાથેજ જર્મન સૈનિકોની એક ટુકડીએ મ્હને કેદ કર્યો. સૈનિકોને મ્હારી તરફ વધતા આવતા જોઇ મ્હેં સેનાપતિ પાસેથી જે પત્ર મેળવ્યો હતો તે મસળી નાખી ગળામાં ઉતારી દીધો. એક સૈનિક મ્હને પ્રશ્ન પૂછવા આવ્યો. તેણે પૂછ્યું: "તમે આવા ભયંકર સમયે વસ્તી છોડી બ્હાર કેમ નીકળ્યા છો?" મ્હેં કૃત્રિમ ગભરાટ ઉપજાવતાં કહ્યું: "હુજૂર! હું એક ખેડુત છું. મ્હારી સાથે લડાઈ કરવાનું કાંઈ કારણ? હુજૂર! પાસેના ગામમાં મ્હારાં બાલબચ્ચાં રહે છે. હું તેમને મળવા જાઉં છું." સેનાપતિએ કહ્યું: "નહિ, તમે છુપા જાસુસ છો." મ્હેં કહ્યું: "હુજૂર! ખુદાવિંદ! આપે શું કહ્યું? છુ–પો–જા–સુ–સ! ના, ના, હું તે નથી. હું તો ખેતી કરનારો ખેડુત છું." સેનાપતિએ ગુસ્સે થઇ કહ્યું: "નહિ, તમે જાસુસ છો!" મ્હેં આંખો ફાડી કહ્યું: "જી, નહિ, મ્હારે ત્યાં જાસુસનાં ઝાડ નથી. હું માળી નથી. મ્હને માળીનો ધંધો પસંદ નથી. માત્ર ખેતી કરૂં છું." સેનાપતિએ મ્હને ડરાવવા માટે સૈનિકો તરફ જોઈ કહ્યું: "જાઓ, એને લઇ જઈ ગોળીથી ઠાર કરો!" મ્હેં મનમાં કહ્યું કે, આ વખતે નાટકના નાયકની માફક એક મોટું વક્તૃત્વપૂર્ણ ભાષણ કર્યા પછી મરીશ, કિન્તુ આત્મસંયમ કરી બોલ્યો: "હુજૂર! હું તો મ્હારાં બાલબચ્ચાંને મળવા જતો હતો ત્યાં તો મ્હારો પ્રાણજ જવાનો વખત આવ્યો." સેનાપતિએ કહ્યું: "ઠીક, જાવ, હમણાં તો એને કારાગૃહમાં પુરી દો."

મ્હને સૈનિકોના કારાગૃહમાં કેદ કરવામાં આવ્યો. મ્હારી સાથે આવી રીતે આવેલા બીજા કેટલાએ ફ્રેંચ કેદી હતા. પ્રથમ તો મ્હને ઘણો શોક એ માટે થયો કે ખેડુતનું રૂપ ધારણ કરવા છતાં પણ હું લક્ષ્ય સ્થાને પહોંચી શક્યો નહિ, કિન્તુ સદ્ભાગ્યની વાત એ હતી કે જર્મનોએ મ્હને એક ફ્રેન્ચ છુપો જાસુસ માન્યો નહતો. જેમ તેમ કેદખાનામાં બેઠાં બેઠાં મ્હેં એક નાટકના અંકનો પ્રવેશ રચી કાઢ્યો. આવા પ્રકારના કેટલાંએ નાટકો મ્હેં મુખપાઠ કરી લીધાં હતાં. મ્હેં નિશ્ચય કર્યો કે જર્મન સમ્રાટ્ યુદ્ધ સ્થળમાં

સેના સાથે છે, તો ગમે તેમ કરી તેને કેદ પકડું કે મારી નાખું. જો સમ્રાટને કેદી બનાવી શકીશ અગર મારી શકીશ તો સર્વત્ર શાંતિ પ્રસરી જશે, કારણ કે હમણાંનું યુદ્ધ જગાડનાર તેજ લોભી છે. જર્મન સમ્રાટની છાવણી કેદખાનાથી થોડેજ દૂર હતી. તેના શરીર રક્ષકોની સંખ્યા પણ થોડી હતી; તેથી મ્હને લાગ્યું કે, તેને કેદ કરી સંધિ કરાવવામાં વિશેષ કષ્ટ પડશે નહિ. મ્હારી સાથે બલિષ્ટ ફ્રેંચ સૈનિકો પણ હતા. મ્હેં તે લોકોને મ્હારા વિચાર કહી સંભળાવ્યા. તે સર્વ સૈનિકોએ મ્હારા વિચારને આધીન થવાનું સ્વીકાર્યું. દિવસ નક્કી કરવામાં આવ્યો. તે દિવસે નિશ્ચિત સમયે મ્હારો હુકમ થતાની સાથે સર્વ સૈનિકો કાર્યમાં પ્રવૃત્ત થશે.

નિશ્ચિત થયેલો દિવસ આવી પહોંચ્યો. શુભ મુહુર્ત સિંહ ઘટિકાનો કાળ વ્યતિત થવા લાગ્યો. મ્હારૂં હૃદય કંપી ઉઠ્યું. શરીરની નસો અને નાડીઓમાં ઉષ્ણ રક્ત દોડવા લાગ્યું! થોડી સેકંડ વહેતાંજ એક વિરાટ, અલૌકિક અભિનય થઈ જશે. નાટકનો પ્રધાન અભિનેતા–પાત્ર–હું ફ્રાન્સને વિપત્તિમાંથી મુક્ત કરીશ! અંતિમ પળ પણ આવી પહોંચી! હું આજ્ઞા કરવા તૈયાર થઇ ગયો, પણ શબ્દ કંઠ સુધી આવી અટકી ગયો! શું જોયું! સામેથી સફેદ વાવટો પકડી સંધિના સમાચાર લઈ ફ્રેંચ દૂત આવતો જણાયો! હાય! મ્હારૂં નાટક રંગભૂમિ પર ઉતર્યું નહિ! મ્હારા અલૌકિક અભિનયનું આ રીતે અપમાન થયું! તે દિવસથી અભિનેતાના કાર્યને મ્હેં તિલાંજલી આપી છે અને યવનિકાનું (પડદાનું) પતન થયું છે!

૪–साची देशभक्ति.

(૧)

ઈ. સ. ૧૯૦૫ ના પ્રસિદ્ધ રૂશોજાપાન યુદ્ધનો અગ્નિ પ્રજ્વલિત થવાનો હતો. તે સમયની ઠંડીની ભયંકરતાની કલ્પના ન કરવાથી વાચકોનાં રૂવાં ઉભાં થયા સિવાય રહે તેમ નથી. ફેબ્રુઆરી માસ

ચાલતો હતો. વસંતનાં અપૂર્વ માધુર્યયુક્ત પુષ્પો પરિમલ પ્રિય જાપાની જાતિનાં આંગણામાં વિકસિત પુષ્પોદ્વારા પ્રસરી રહ્યો છે. એ પુષ્પોનું સૌંદર્ય સર્વ જાપાની પ્રજાને અભિનંદનીય જીવન પ્રદાન કરી રહ્યું છે.

શીતળતાની અધિકતાથી સ્થળે સ્થળે લોકો સગડીઓ સળગાવી અનેક પ્રકારની વાતો કરતા બેઠા છે. ચા વાળાની દુકાનો પર પગ મુકવાનું સ્થાન રહ્યું નથી. રિકશા-ગાડીવાળાઓ ભાડુત નહિ મળવાથી પોતપોતાના અડ્ડાઓમાં તંબાકુ પી રહ્યા છે. એવે વખતે થોડે દૂર ઘંટનાદ સંભળાયો અને સામેથી એક મનુષ્ય "યુદ્ધ-યુદ્ધ" નો પોકાર કરતો દોડી આવ્યો. સર્વનાં હૃદય કંપી ઉઠયાં! પોકાર સાંભળી ચોતરફ મનુષ્ય સમૂહ ઉભરાવા લાગ્યો.

"યુદ્ધ!" બસ હવે શું? જાપાનીઓનાં હૃદય ખળભળી ઉઠયાં. આબાલવૃદ્ધ સર્વ મનુષ્યોમાં રણમદ ઉછળ્યો. સર્વની નસોમાં વિશુદ્ધ રક્ત નૃત્ય કરવા લાગ્યું. જાપાનીઓને આજે દેશસેવાનો અનુપમ પ્રસંગ પ્રાપ્ત થયો! યુદ્ધમાં ભોગ આપવાની જાપાની માત્રની ઇચ્છા થઇ. શત્રુની સન્મુખ જવાનું પ્રત્યેક વ્યક્તિએ કર્તવ્ય માન્યું. કેટલાએ એવા યુવકો હતા કે જેમને પોતાની વિધવા માતાના એકના એક પુત્ર હોવાથી યુદ્ધ-સચિવની ઑફીસમાંથી ખિન્ન હૃદયે પાછું ફરવું પડયું હતું. અપંગ અને રોગી મનુષ્યો યુદ્ધમાં જવાને અશક્ત થવાથી પોતાના ભાગ્યને દોષ આપવા લાગ્યા. ટોકિચી પણ યુદ્ધમાં સામેલ થવા માટે આતુર થઇ રહ્યો હતો! આ વખતે તેનાં બાળકોના રક્ષણનો ભાર કોણ સ્વીકારે? જો કોઈ તેમના ખોરાકાદિનો પ્રબંધ કરે તો તે સૈનિક બની શકે તેમ હતું! તે બિચારો આખો દિવસ રિકશા પર બન્ને બાળકોને રાખી ભટકયો, પણ કોઇએ તેનાં બાળકોનો ભાર સ્વીકાર્યો નહિ. સર્વને પોતાનાં બચ્ચાંની ફીકર પડી હતી. બીજે દિવસે પણ તે સર્વ શહેરમાં ફરી વળ્યો. આજે તે હમેશને માટે પોતાનાં બાળકો મફત આપી દેવા તૈયાર થયો છે! પણ લેવા કોણ તૈયાર હોય? આજે પણ કોઇએ તેને આશ્વાસન આપ્યું નહિ.

(૨)

ગત માસમાં દરિદ્ર ટોકિચીની સ્ત્રી સંસારમાં ૬ અને ૭ વર્ષનાં બે બાળકોને પતિના હસ્તમાં મુકી સ્વર્ગ તરફ પ્રયાણ કરી ગઈ હતી. માતાના

મૃત્યુ સમયે બાળકો સમજ્યાં કે માતા સૂતી સૂતી કંઈ ગઈ છે; પણ પિતાને ખાલી રિકશા સાથે પાછો આવેલો જોયો ત્યારે તે ચમકી ગયાં! ટોકિચીની સ્ત્રીનું મૃત્યુ થયું ત્યારે ઘડિઆળમાં રાત્રીના અગીઆર ટકોરા થયા હતા. પ્રચંડ વાયુ અને ભયંકર બરફને લીધે રાત્રે કોઇ પણ મનુષ્ય મૃતદેહને અંતિમ સંસ્કાર કરવામાં સહાય કરવા આવ્યો નહિ. તેમજ રાત્રે શબને ઘરમાં રાખી મુકવું એ કોઇ પણ રીતે યોગ્ય નહતું. ટોકિચી બન્ને નાનાં બાળકોને થોડું અફીણ ખવડાવી પત્નીનું મૃત શરીર રિકશા પર નાખી એકલોજ સ્મશાનભૂમિ તરફ ગયો!

પ્રાતઃકાળે ટોકિચી બન્ને બાળકોને તેજ રિકશા પર બેસાડી ફરવા નીકળ્યો. આજે તેના મુખ પર હાસ્ય છટા દગ્ગોચર થતી નહતી. તે ભૂમિ પ્રતિ દૃષ્ટિ સ્થિર કરી ચાલ્યો જતો હતો. સશંકિત બાળકોએ પણ બોલવાનું સાહસ કર્યું નહિ. છેવટે ઘેર આવતાં આવતાં બન્ને બાળકો નિદ્રાધીન થઇ ગયાં. નિદ્રા જતી રહેતાં તેમણે જોયું કે માતાની પથારી સૂની પડી છે! "મા, ક્યાં ગઇ?" કહી ન્હાનું બાળક રડી ઉઠયું અને તે સાથેજ મ્હોટું પણ રડવા લાગ્યું! આ કરૂણાજનક દશ્ય જોઈ ધીર ટોકિચીની આંખમાંથી અશ્રુનાં ચાર બિંદુ બાળકોના મસ્તક પર પડયાં. આ ઘટના બન્યા પછી તુરતજ ઉપરોક્ત યુદ્ધ ઘોષણા થતી સંભળાઇ.

(3)

"આવતી કાલે સૈન્ય રણક્ષેત્ર તરફ પ્રયાણ કરશે. જ્યાં સુધી બાળકોનું ઠેકાણું ન પાડું ત્યાં સુધી સૈનિક બનવાનું અસંભવનીય છે. શું આ બાળકોને માટે દેશ સેવાથી હું દૂર રહીશ? જગત્ શું કહેશે?" લજ્જા અને અપમાનની કલ્પનાએ ટોકિચીને અસ્થિર બનાવી દીધો! ધીમે ધીમે ખાટલા પરથી ઉઠી તે ઉભો થયો. નિર્દોષ બાળકો ખાટલા પર સૂઇ રહ્યાં હતાં. દિપક બુઝાઇ જવાની તૈયારીમાં હતો. તેણે ધીમે રહી પોતાનો એક મ્હોટો છરો કાઢ્યો અને મનમાંજ બોલ્યો: "અહા! આ તેજ છરો છે કે જે બાળપણથી મ્હારી સાથે રહ્યો છે. એનીજ સહાયતાથી મ્હેં કેટલાએ દુષ્ટ ચોરોના પ્રાણ લીધા છે! અરે! તેજ છરો આજે નિર્દોષ બાળકોના રક્તથી રંગાશે!" ટોકિ-

ચીએ છરા પર તીક્ષ્ણ દૃષ્ટિથી જોયું તો કેટલીક જગ્યાએથી છરો ખંડિત થયેલો જણાયો. ઘસવાથી ઠીક થશે એમ માની તેણે ધીમે ધીમે એક પથ્થર શોધી કાઢ્યો. છરો પત્થર પર ફરવા લાગ્યો. જડ છરો ચૈતન્યયુક્ત પ્રાણીની માફક કરરર શબ્દ કરવા લાગ્યો. છરો ઘસતાં ઘસતાં ટોકિચી પુનઃ બાળકો પ્રતિ નજર કરી બોલ્યો: " અહા! બન્ને બાળકો કેવી શાંત નિદ્રામાં પડયાં છે! "

મંદિરના ઘટિકા યન્ત્રમાં બાર ટકોરા થયા! અરે! કેવો ભીષણ શબ્દ થાય છે! મ્હોટા બાળકે પાસુ ફેરવ્યું. ઓછાડમાંથી તેનો હસ્ત બહાર નીકળી આવ્યો. ટોકિચી તેના મસ્તક આગળ બેસી ગયો! દિપક પણ આ ભયંકર કૃત્યથી ગભરાતો હોય તેમ ચૂપ થઇ ગયો. સર્વત્ર અંધકાર પ્રસરી રહ્યો. તેણે વિચાર કર્યો કે: " પ્રથમ ન્હાના બાળક પર પ્રહાર કરૂં! ના, ના, કદાચ તેની નિદ્રા ઉડી જશે તો! અરે, કંઇક ચીસ પાડી ઉઠશે અને બન્નેની આંખો ખુલી જશે તો! "

" અરે! આ તો નાનું ગળું છે! છરો ત્રાંસો ગયો છે! પણ સ્થાન તો ઠીક છે! " કયાં શસ્ત્રપ્રયોગ કરવાથી ઓછી વ્યથા થાય છે તે જાપાનીઓ સારી પેઠે સમજે છે.

" એના પછી મ્હોટાને......! ત્વરિત ગતિથી—આ સમયે પણ હસ્તમાં બળ છે! આ તો હજુ પણ સુખે સુઇ રહ્યો છે! આ સમય, એ તેનું અંતિમ ચિહ્ન છે. જે દિવસે એનું નામકરણ થયું હતું તે દિવસે મંદિરના મહન્તે એના હસ્તમાં રક્ષા-કવચ બાંધ્યું હતું અને હજુ પણ તે બાંધેલું છે. ગુરૂદેવે કહ્યું હતું કે: " કવચના બળથી એનું હૃદય સર્વ ગુણોથી ભૂષિત થશે! હા, એ તો તે દિવસની વાત છે! પરંતુ આજે......હાય! અફસોસ! "

ટોકિચીનો હસ્ત કંપી ઉઠયો! કપોલ પ્રદેશ પ્રસ્વેદ બિંદુથી પૂર્ણ બની ગયો અને છરાની મુઠ પર સ્વેદ બિંદુ પડવા લાગ્યાં. છરો હસ્તમાંથી સરી પડવા તૈયાર થયો છે! શું આ કાર્ય પૂર્ણ નહિ થઈ શકે? ટોકિચીને પુનઃ રણક્ષેત્રનું સ્મરણ થયું.

* * * *

સર્વેનો અંત આવી ગયો! વીર જાપાનીએ માતૃભૂમિની પવિત્ર વેદી પર પોતાના હૃદયનો ભોગ આપ્યો! ટોકિચીએ બન્ને બાલકનાં દેહને વસ્ત્રમાં

લપેટી રિકશામાં મુકી દીધાં અને ઘરમાંથી બહાર નીકળી પડ્યો. આજે સવારે પણ તે આ માર્ગે રિકશા ઠેલતો નીકળ્યો હતો, કિન્તુ તે સમયે તેનાં નેત્ર અશ્રુપૂર્ણ હતાં; પણ હમણાં તે સૂકાઇ ગયાં છે. સવારમાં પોતાનું કંઇ પણ છે એમ કહેવાનું તેને સાધન હતું પણ અત્યારે તો તેની પાસે પોતાનું કહેવાને કંઇ નહતું! જો કંઈ પણ હોય તો તે માત્ર **જન્મભૂમિ! માતૃભૂમિ! સ્વદેશ! પ્રિય ભૂમિમાતા!** એજ હતું.

રાત્રી પૂર્ણ થઇ હતી. પર્વતની પાછળ ચંદ્ર ઉદય પામી રહ્યો હતો. તેના પ્રકાશની સહાયથી બન્ને બાળકો માટે અનન્ત શાન્તિમય સ્થાન શોધી કાઢ્યું અને બન્ને બાળકોને તેમની મૃતક માતાની પાસે સુવાડી દઇ ઉપર માટી ફેરવી દીધી. માટીની ઉપર નજીકના વૃક્ષો પરથી થોડી પુષ્પ કલીઓને તોડી વિખેરી નાખી. તે વખતે તેણે વિચાર કર્યો કેઃ "હું પણ એની સાથે સુખ પ્રાપ્ત કરવા રહ્યો હોત તો કેવું સારૂં થાત! નહિ, કદી પણ તેમ બની શકે નહિ. વિદેશના રણક્ષેત્રે પોતાનું હૃદય મ્હારે માટે ખુલ્લું કરી રાખ્યું છે. હું તે સાન્તિનો લાભ મેળવીશ. મ્હારે માટે આ સ્થાન નથી! આ સ્થાન તો કેવળ શબને માટેજ છે." ટોકિચીએ ઘુંટણીએ પડી પ્રભુના નામ પર ચાર અશ્રુબિંદુ સાર્યાં!

(૪)

સૂર્યોદય થતાની સાથે ટોકિચી શહેરના મંદિરમાં આવી ઉભો! દેવદર્શનાર્થે આવતા પાપીઓ મંદિરની સામેના હોજના જળમાં હાથ ધોયા કરે છે! ટોકિચીએ પણ સારી રીતે હાથ ધોયા! હાથ ધોઇ પુજારીની સામે આવી ઉભો રહ્યો. તેણે કહ્યુંઃ "પ્રભુ! અત્રે મ્હારૂં આજનું આગમન અંતિમ છે. હવે હું મ્હારા દેશને માટે નિશ્ચિન્ત થઇ મરીશ. હવે મ્હારૂં કંઈ પણ રહ્યું નથી. મંદિરના દરવાજા પર મ્હારી રિકશા છે તે આપને અર્પણ કરૂં છું. ઘાયલ થયેલાઓની શુશ્રૂષા કરવા માટે જે સંસ્થા ખુલે તેમાં તેનું દાન કરી દેશો." આટલું કહી તે પોતાનું લાલ બન્નુસ આચાર્ય સમીપ મુકી ત્યાંથી ચાલ્યો ગયો.

આજે માર્ચની પહેલી તારીખ છે. સર્વ શહેર સૂર્યોદય થતા પૂર્વે કાર્યમાં ગુંથાયું છે. દશ હજાર પતાકાઓ પર આરોહણ કરી સૂર્ય કિરણો ઝળકી

ઉઠયાં છે. રસ્તામાં મનુષ્યોની ગર્દી થઈ રહી છે. સૈનિકોનો પોકાર થવા લાગ્યો છે! સ્વદેશમાં હવે પછી તેમના નામનો ઉચ્ચાર થવાનો નહતો.

"ટોકિચી મત્સુખીમા" નામ પોકરાયું.

"હાઝર." ટોકિચીએ જવાબ દીધો.

દશ મિનિટમાંજ ઉત્સાહ, આનંદ અને ગર્વથી શોર્યોચિત દશ્ય આપતી સેના શહેર બહાર ગઇ, પરંતુ એ સર્વમાં વિશેષ આનંદ, અધિક સાહસ અને અધિક ગર્વનું દર્શન થતું હોય તો તે માત્ર ટોકિચીમાંજ હતું!

શું તે ખૂનીમાં? હા, વાંચકોની નજરમાં તે ખૂની ઠરી શકે છે, પરંતુ ટોકિચી જાપાનીઓની દૃષ્ટિમાં એક મહા પુરૂષ છે. સ્વદેશ પ્રેમની વેદી પર શું તેણે પોતાના હાડમાંસનું બલિદાન આપ્યું નથી? શું તેણે સ્વદેશને માટે સર્વસ્વ ત્યજી દીધું નથી? તેણે આ જન્મમાં તો પોતાને માટે કંઈ પણ રાખ્યું નથી! તેણે દેશને માટે પોતાના તન, મન, ધન અને સર્વ કંઇનો ઉત્સર્ગ કર્યો છે! ધન્ય છે તેની દેશભક્તિને! ધન્ય છે તેના દેશપ્રેમને!

*   *   *   *

પર્વત પર એક મંદિરનો પુજારી સર્વ સૈનિકોને કવચનું દાન કરી રહ્યો છે. એ કવચ ધારણ કરવાથી હૃદયમાં નિઃસ્વાર્થ સ્વદેશ પ્રેમનો જુસ્સો સતત વહન થાય છે. તે પોતાના હાથે કવચ તૈયાર કરે છે. કવચમાં બીજું કંઇ હોતું નથી. તેમાં માત્ર એક લાલ રંગના રેશમી ટુકડાની અંદર સફેદ દોરાથી સીવેલો લાલ બન્નુસનો એક ટુકડોજ માત્ર હોય છે!

*   *   *   *

સાચા સ્વદેશપ્રેમી મનુષ્યની પ્રત્યેક વસ્તુમાં સ્વદેશપ્રેમની જ્યોતિ પ્રકાશિત થઈ રહે છે. ટોકિચીએ મંદિરના પૂજારીને જે લાલ બન્નુસ અર્પણ કર્યું હતું તેના પ્રત્યેક તંતુમાંથી **"સ્વદેશપ્રેમ" "સ્વદેશપ્રેમ"** એવો શબ્દ નીકળતો હતો તેથીજ પૂજારીએ તેમાંથી "કવચ" બનાવી જાપાની દેશભક્તોને વહેંચવા માંડયાં હતાં. જાપાનીસોનો જય થવાનું કારણ—એજ **સ્વદેશપ્રેમી** કવચ!

૯–शठं प्रति शाठ्यम्.

ઈ. સ. ૧૮૭૦ ના વિખ્યાત ફ્રેંકો–જર્મન યુદ્ધનો અંત આવી ચુક્યો હતો. અખિલ ફ્રાન્સમાં જર્મનો ફરી વળ્યા હતા. કહો કે પરાજિત ફ્રાન્સ જર્મનો આગળ મસ્તક અવનત કરી રહ્યું હતું. આ વખતે ફ્રાન્સ દેશ અને વિશેષ કરીને તેની રાજધાની પૅરિસ ભયંકર દુર્ભિક્ષથી ગ્રસ્ત થઇ ભયથી ત્રાસી ગયું હતું. આવા સમયે પણ પૅરિસથી ફ્રાન્સની સરહદ સુધી ટ્રેનો નિયમિત જતી આવતી હતી. ટ્રેનની બારીઓમાંથી પ્રવાસીઓ જોઇ શકતા હતા કે દેશની ખેતી નષ્ટ થઇ ગઇ છે. ન્હાનાં ન્હાનાં લીલાં વૃક્ષો ફોજના ઘસારાથી ચીમળાઈ પીળાં પડી ગયાં છે. કેટલાંએ ગામ અગ્નિથી ભસ્મીભૂત બની ગયાં છે. કેટલાંએ ભાંગ્યાં તૂટયાં મકાનોની સામે માતાઓ પોતાનાં બ્હીકથી ધ્રૂજતાં બાળકોને માટે ઉદાસ બની ઉભી રહી છે અને તેમના મુખ પર મલિનતાની ઘોર છાયા દૃષ્ટિએ પડે છે. પ્રત્યેક મકાનના દ્વાર પર એક એક જર્મન સીપાહી ઉભો છે. સૈનિકોના મસ્તક પર સ્થિર થયેલી કાળી ટોપીની વચ્ચે ઉભો રહેલો તામ્રકલશ ઝબકે છે. કોઇ કોઇ સિપાહી ફ્રેંચ બાળકને ગોદમાં લઇ ચૂમી રહ્યો છે. શહેરની પાસે ટ્રેન પહોંચતાંજ પ્રવાસી જોતા કે, લશ્કર કવાયત કરી રહ્યું છે અને આ હુલ્લડમાં પણ “ક્વિક માર્ચ”નો કર્કશ ધ્વનિ સ્પષ્ટ સંભળાય છે!

આ ટ્રેનમાં મૉ. પેનકેરી નામનો એક ફ્રેંચ વ્યાપારી સ્વીટ્ઝરલંડના પ્રવાસે નીકળ્યો હતો. પૅરિસના ઘેરા વખતે તે જાતીય સેનાનો એક સૈનિક હતો અને ઘેરા પહેલાં કેટલાક કલાક પરજ તેણે પોતાના પરિવારને સ્વિટ્ઝરલેંડ ન્હસાડી મુક્યો હતો. આ વખતે તે પોતાના પરિવારને મળવા સ્વિટ્ઝરલેંડ જતો હતો. અનાહાર, ઉદ્વેગ અને કઠિન પરિશ્રમથી પેનકેરીની સાદાઇ અને સહનશીલતામાં વિશેષ પરિવર્તન થયું નહતું. જો કે કિલ્લા પર તે શત્રુ

સામે દાંત કકડાવતો હતો, અને રાત્રીઓ સુધી જાગ્રત રહી શહેરમાં પહેરો ભરતો હતો તોપણ તે જર્મનોના ચહેરા સારી રીતે જોઇ શક્યો નહતો. યુદ્ધનો અન્ત આવતાંજ વર્તમાન પ્રવાસ માટે તે જ્યારે ટ્રેન પર ચઢ્યો ત્યારેજ જર્મનોને તે સંપૂર્ણ રીતે જોઇ શક્યો.

ફ્રાન્સની છાતી પર જર્મનોએ અડ્ડો લગાવેલો જોઇ તેનું રક્ત ઉકળવા લાગ્યું. તે મનમાંજ સ્વદેશ પ્રેમની એક વિકટ જ્વાળા અનુભવવા લાગ્યો, પરંતુ જે શક્તિએ સર્વ ફ્રાન્સનું મસ્તક ઝુકાવ્યું હતું તેજ શક્તિએ સ્વદેશ ભક્તના હૃદયની જ્વાલાને પણ દબાવી દીધી.

જે ડબ્બામાં પેનકેરી બેઠો હતો તે ડબ્બામાં બે અંગ્રેજ યુવકો પણ શાન્તિ પ્રસર્યાનું સાંભળતાંજ ફ્રાન્સની સહેલ કરવા આવ્યા હતા. તેઓ ફ્રાન્સની દુર્દશાનું દર્શન કરતા કરતા પ્રવાસ કરી રહ્યા હતા. બન્ને અંગ્રેજો સ્વસ્થ અને સબળ હતા અને તેઓ વચમાં વચમાં કંઈ કંઇ સ્થાનો જોઇ બુમો પાડી ઉઠતા હતા.

એક ગોળાના પ્રહારથી તૂટી ગયેલા ન્હાના સ્ટેશન પર ટ્રેન આવીને ઉભી રહી. ગાડી ઉભી રહેતાની સાથેજ એક જર્મન અધિકારી ટ્રેનની પગથી પર પોતાની લાંબી તલવારનું મીયાન અફાળતો જાણે આડમ્બર અને ગર્વના મદથી છલકાતો હોય તેમ છાતી કાઢી ચઢી આવ્યો. તેની લાંબી પહોળી બાંય અને ભવ્ય પોષાકની ચમકઝમક તેની પદવીનું અનુમાન કરાવતી હતી. તેની ભૂરી દાઢી અગ્નિની જ્વાળા માફક હાલી રહી હતી. બન્ને અંગ્રેજો કુતૂહલપૂર્વક હાસ્ય કરતા તેને જોવા લાગ્યા. પરંતુ પેનકેરી તો તેને જોતાની સાથેજ સંકુચિત થઈ બેઠો અને મુખ ફેરવી ખીસામાંથી સમાચાર પત્ર કાઢી વાંચવા લાગ્યો.

ટ્રેન સ્ટેશન છોડી આગળ ચાલવા લાગી. બન્ને અંગ્રેજો ક્યાં ભયંકર યુદ્ધ થયું છે અને ક્યાં નથી થયું વગેરે વિષયો પર પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા. એક અંગ્રેજને એક ગામ તરફ આંગળી કરતો જોઇ પેલા જર્મન અધિકારીએ પોતાના બન્ને પગ પહોળા કરી આળસ ખાઈ ભાંગી તૂટી ફ્રેંચ ભાષામાં કહ્યું: "એ ગામમાં મ્હેં એક ડઝન ફ્રેંચોને માર્યા હતા અને ચારને શહેરમાં કેદ કર્યા હતા !"

બન્ને અંગ્રેજો તેની વાત સાંભળી ઉત્સુકતાપૂર્વક પુછવા લાગ્યા: "મહાશય ! એ ગામનું નામ શું છે ?"

"ફ્રાર્સબર્ગ ? અમે ફ્રેંચ હીચકારાઓને સારી પેઠે કૂટી નાખ્યા છે !" એટલું કહી તે અભિમાનથી પેનકેરી તરફ જોઈ ટોળ કરી હસવા લાગ્યો.

જે ગામમાં થઇને ટ્રેન પસાર થતી હતી તે ગામ તરફ પ્રવાસીઓ જુવે છે તો ફ્રેંચ મનુષ્યની છાતીઓ જર્મનોના ભાલાથી વિંધાઇ ગયેલી જણાય છે ! ગામની ચોતરફ સર્વ પ્રદેશમાં જર્મન સૈન્ય દષ્ટિએ પડે છે. કોઇ મેદાનમાં ઘૂમી રહ્યા છે. કોઈ ચાની દુકાન પર ગપ્પાં મારી રહ્યા છે તો કોઇ વિવિધ રમત રમવામાં ગુલતાન બન્યા છે. જ્યાં જુઓ ત્યાં જર્મન ! એ સર્વ દેખાવ અંગ્રેજોને બતાવતાં બતાવતાં જર્મન અધિકારી કહેવા લાગ્યો કે: "જો મ્હને સર્વ સત્તા હોત અને મ્હારૂં ચાલતું હોત તો પૅરિસમાં પ્રવેશ કરતાની સાથેજ તેમનો નાશ કરી નાખત ! એક પણ માણસને ત્યાં જીવંત જોતા સુધી હું ચૂપ રહી શકત નહિ ! આ જગતમાંથી ફ્રાન્સનું નામ એક વખત તો અવશ્ય નષ્ટ કરી દેત !"

"ઉત્તર નહિ આપીએ તો અસભ્ય ગણાઇશું." એવો વિચાર કરી બન્ને અંગ્રેજોએ કહ્યું: "ઠીક છે, તેમ પણ બને ખરૂં !"

જર્મન અધિકારી પુનઃ કહેવા લાગ્યો: "બીજાં વિશ વર્ષમાં આપ જોઇ શકશો કે, સર્વ યૂરોપ અમારે આધીન થઇ ગયો છે. જર્મન શક્તિ સામે કોણ ઉભું રહી શકે તેમ છે !"

તેની આ વાતથી બન્ને અંગ્રેજોના હૃદય પર શી અસર થઇ તે અમે જાણતા નથી પરંતુ એટલું ખરૂં છે કે ત્યાર પછી તેઓ ચૂપ થઈ ગયા હતા. બન્ને અંગ્રેજોને ચૂપ થયેલા જોઇ તે મ્હોટેથી હસી હસીને અતિ દમ્ભપૂર્વક ખરી ખોટી વાતોનો લવારો કરવા લાગ્યો. પ્રત્યેક વાતમાં તે ફ્રાન્સને આ જગતમાંથી નષ્ટભ્રષ્ટ કરી ઉખાડી ફેંકી દેવાના વિચાર બાંધી પરાજિત દેશની ભૂમિ પર બેસી તેનું અપમાન કરવા લાગ્યો ! વિના યુદ્ધે તે આસ્ટ્રીયામાં પ્રવેશ કરવા લાગ્યો અને પોતાની ગોલંદાજ ફોજ તેમજ તેમની તોપો ચલાવવાની કુશલતા, યુદ્ધ નિપુણતા અને શક્તિના મનોમય ગર્વની બડાઇ

હાંકવામાં તેણે કોઇ પણ રીતે પાછી પ્હાની કરી નહિ. તેણે કહ્યું કે: "એક વખત ખૂદ બિસ્માર્કે યુદ્ધમાં જર્મન તોપથી ગોળાઓ ફેંકી એક એવા શહેરને ઉડાવી દીધું હતું કે જેની મજબુતી માટે તેને લોહની ઉપમા મળેલી હતી." આટલું કહી તે પોતાના બુટ પેનકેરીની બેંચ પર મુકી પગ હલાવવા લાગ્યો. પેનકેરીએ પાછા ફરી જોયું અને તે સાથેજ તેનું મુખ લાલચોળ થઇ ગયું. અંગ્રેજો જર્મન ઓફીસરનો આવો વ્યવહાર જોવા છતાં કંઇ બોલી શક્યા નહિ. તેનું કારણ એ છે કે, તે લોકોનો સંબંધ પૃથ્વીથી એક પ્રકારે ભિન્ન છે, તેથી તેઓ કોઇની સાથે સારી રીતે ભળી શકતા નથી!

જર્મન અધિકારીએ ધુમ્રનલિકા–ચૂંગી–કાઢી પેલા ફ્રેંચ તરફ જોઇ કહ્યું: "એઇ! ત્હારી પાસે તંબાકુ છે?"

પેનકેરીએ કહ્યું; "નથી!" જર્મને કહ્યું: "ટ્રેન ઉભી રહે કે તુરત થોડી તંબાકુ ખરીદ કરી લાવી આપજે, સમજ્યો?" ત્યાર પછી તેણે હસતાં હસતાં કહ્યું: "હું ત્હને મીઠાઇ ખાવા માટે કંઇક ઇનામ આપીશ."

સીટીની સાથે ટ્રેનની ચાલ ધીમી પડવા લાગી. એક અર્ધદગ્ધ સ્ટેશનના પ્લેટફૉર્મ પર ટ્રેન ઉભી રહેતાંજ તે જર્મને એક હાથથી ગાડીનું બારણું ઉઘાડી બીજા હાથે પેનકેરીને ખેંચતાં કહ્યું: "ચાલ, ચાલ, આજ્ઞાને માન આપ! ઉઠ, જલદી ઉઠ!..." એન્જીને સીટી કરી ટ્રેન ઉપડવાની સૂચના આપી દીધી. પેનકેરી તુરતજ પ્લેટફૉર્મ પર ઉતરી સ્ટેશન માસ્તરના અટકાવવા છતાં નજીકના એક ડબ્બામાં ચઢી ગયો. તે કમ્પાર્ટમેન્ટ–ખાના–માં તે એકલો હતો. તેનું હૃદય ધબકવા લાગ્યું. તે કોટનાં બટન કાઢી હસ્ત પર માથું ટેકવી હાંફવા લાગ્યો. એટલામાં બીજું સ્ટેશન આવી પહોંચ્યું અને ટ્રેન ઉભી રહી. કમભાગ્યે પેલો જર્મન ઓફીસર પુનઃ અહીં આવ્યો. તેની સાથે તમાસો જોનારા બે અંગ્રેજો પણ ચઢી આવ્યા. જર્મન અધિકારીએ પેનકેરીની સામે બેસી કહ્યું: "મ્હને લાગે છે તું મ્હારી આજ્ઞાને આધીન નહિ થાય!" પેનકેરીએ કહ્યું: "નહિ, કદી નહિ!" એટલામાં ટ્રેન પણ ઉપડી. જર્મન અધિકારીએ કહ્યું: "ત્યારે હું ત્હારી મૂછો ઉખાડી ધુમ્રપાન તૈયાર કરીશ." એટલું કહી તેણે પોતાનો હાથ લંબાવી પેનકેરીની મૂછ પકડવા ઇચ્છા કરી.

બન્ને અંગ્રેજો અવાક્ થઇ તમાસો જોવા લાગ્યા. જર્મન ઓફીસરના હસ્તે મૂછને સ્પર્શ કર્યો તે સાથેજ પેલા ફ્રેંચે તેનો હાથ તરછોડી નાખી તેને સજ્જડ પકડી બેંચ પર પટક્યો ! ક્રોધથી તેની નસો ફૂલી ઉઠી અને ચહેરો લાલચોળ બની ગયો ! હવે તે જર્મન ઓફીસરને નીચે દબાવી મૂષ્ટીપ્રહારથી તેના મુખનો મલીદો બનાવવા લાગ્યો. જર્મન ઓફીસરે પડયાં પડયાં કમરમાંથી તલવાર ખેંચવા પ્રયત્ન કર્યો, કિન્તુ પેનકેરીએ પોતાના એક પગથી તેનો હાથ દબાવી મુષ્ટીની વૃષ્ટિ કરવા લાગ્યો. છેવટે જર્મન અધિકારીની નાસિકામાંથી રક્ત વહેવા લાગ્યું. તે શત્રુથી છૂટો થઇ શક્યો નહિ. બન્ને અંગ્રેજો દૂરથી તમાસો જોઈ રહ્યા !

હવે પેનકેરી પણ થાકી ગયો તેથી ધીમે રહી તેને છોડી દઇ તે પોતાને સ્થાનકે જઇ બેઠો. જર્મન પણ સામે ન થતાં ભય, લજ્જા અને મારની વેદનાથી અધમૂઓ બની ગયો હતો. થોડી વાર પછી તેણે કહ્યું કે: "હવે જો તું પીસ્તોલ લઇ મ્હારી સાથે યુદ્ધ નહિ કરે તો હું ત્હારૂં ખૂન કરીશ !"

"જેવી તમારી ઇચ્છા. હું કોઇ પણ રીતે પીઠ બતાવીશ નહિ."

જર્મને કહ્યું: "જો, સામે સ્ટ્રાસબર્ગ શહેર જણાય છે. હું ત્યાંથી બે અધિકારીઓને પંચ તરીકે બોલાવી લઇશ અને ત્યાં સર્વ નિર્ણય આવી જશે." પેનકેરીએ હાંફતાં હાંફતાં બન્ને અંગ્રેજો પ્રતિ જોઈ કહ્યું; "આપ કૃપા કરી મ્હારા પંચ થશો ?"

બન્ને અંગ્રેજો સાથેજ બોલી ઉઠયા: "હા, હા! અવશ્ય! જરૂર !" ટ્રેન સ્ટેશન પર આવી પહોંચી.

થોડાજ વખતમાં જર્મન અધિકારી પોતાના બે સોબતીઓસહ બે પીસ્તોલ લઇ આવી પહોંચ્યો. પેનકેરી પણ બન્ને અંગ્રેજોની સાથે સ્ટેશનની બહાર નીકળી પડયો. બન્ને અંગ્રેજોએ વારંવાર ઘડિઆળ તરફ જોતાં જોતાં દ્વંદ્વ–યુદ્ધની સર્વ સરતો તૈયાર કરી દીધી. પંચોએ બન્ને પ્રતિસ્પર્ધીઓને એકબીજાથી વિશ કદમ દૂર ઉભા રાખી પૂછ્યું: "તૈયાર છો ને ?"

પેનકેરીએ "હા, તૈયાર છું !" કહી એક વખત ચોતરફ જોઇ લીધું. તેણે જોયું તો તેના પંચો બનેલા બન્ને અંગ્રેજો તાપથી બચવા છત્રી ઉઘાડી ઉભા રહેલા જણાયા.

શબ્દ સંભળાયોઃ "પીસ્તોલ છોડો!" **પેનકેરીએ** પીસ્તોલનો ઘોડો દબાવ્યો, અને આશ્ચર્યથી જોતાં જણાયું કેઃ સામે ઉભેલો જર્મન કાંપતો કાંપતો બન્ને હસ્ત ઉંચા કરી ગબડી પડયો.

એક અંગ્રેજ કુતૂહલથી બોલી ઉઠયોઃ "શાબાસ!"

બીજો અંગ્રેજ કે જે એક હસ્તમાં ઘડિઆળ લઇ ઉભો હતો તેણે પેનકેરીનો હસ્ત પકડયો અને લાંબા પગલે સ્ટેશન તરફ ચાલવા લાગ્યો. પહેલો પણ તેની સાથે થયો. ત્રણે ટ્રેનમાં બેઠા અને ગાડીમાં બન્ને અંગ્રેજોએ પેનકેરી સાથે દિલ ખોલી હસ્ત મેળવ્યો—અરે! તેને શાબાસી આપી કહ્યુંઃ **शठं प्रत्ये शाठयं कुर्यात्।** ઉદ્ધત અને સ્વાર્થી જર્મનો સાથે આપણે જેટલી નરમાશ રાખીએ છીએ તેટલા તેઓ આપણને દમે છે! માટે એ તો એજ! તમે બહુ સારૂં કર્યું!

૬—शोणित तर्पण.

(૧)

ઇ. સ. ૧૮૧૪ માં સ્પેનની અંદર આગ વધતી જતી હતી. સાતમા ફર્ડીનાંડ, નેપોલિઅન બોનાપાર્ટથી મુક્ત થઈ રાજગાદી પર બેસતાંજ "ઇન્કિવઝીશન"ની સ્થાપના થઈ, અને સ્વતંત્રતાના ઉપાસકો પર અત્યાચાર થવા લાગ્યા. ફ્લોરિડા પ્રદેશ અમેરિકાના હસ્તમાં મૂકવામાં આવ્યો. પ્રજા આ નીતિથી ક્ષોભ પામી ઉઠી. ફર્ડીનાંડને ગાદી છોડી પલાયન કરવું પડયું! એક લાખ ફ્રેંચ વીરો સ્પેનના મસ્તિષ્ક પર આવી પહોંચ્યા, અને સ્પેન ફ્રાન્સના હસ્તમાં પડયું!

* * * *

મેડ્રિક દુર્ગના ટાવરમાં રાત્રીની સ્તબ્ધતાનો ભંગ કરનારા બે ટકોરા થયા. આવા સમયે સ્વચ્છ આકાશની નીચે દુર્ગ પર ઉભો રહી ફ્રેંચ સેનાપતિ

વિક્ટરમાર્શા પોતાના આત્મા પ્રતિ બોલવા લાગ્યો "અરે, સૈનિક જીવન કેવું કઠોર છે? રાતને રાત ન સમજે કે દિવસને દિવસ ન માને! અહાહા, સામેની ટેકરીઓ અને અનંત સમુદ્ર, ચંદ્રલોક સાથે કેવું મિલન કરી રહ્યાં છે! પરંતુ અફસોસ! આવા આનંદપૂર્ણ સમયે મ્હારા હૃદયમાં વિષાદ—ચિન્તાની કાલિમા અંધકાર પ્રસારી રહી છે. મેડ્રિડનગરી કેવા સુશોભિત અલંકાર ધારણ કરી રહી છે! તેની અટ્ટાલિકાઓ આ લોકમાં કેવો શણગાર સજી રહી છે! કિલ્લાની બારીઓમાંથી દિપકો કેવા ડોકીયાં કરી પોતાનું અસ્તિત્વ બતાવી રહ્યા છે! સમયનો સણસણાટ, નર્તકિઓનો શાંત સ્વર અને સૈનિકોના હાસ્યનો સમ્મિલિત સ્વર સમુદ્રના તરંગોમાં મળી જઇ કોણ જાણે કયા અનંત પ્રદેશ તરફ વહ્યો જાય છે!"

આ દુર્ગ માર્કિવઝ નામક એક પ્રતિષ્ઠિત સ્પેનિયર્ડની સંપત્તિરૂપ છે. તે પોતાનો નિવાસ તેમાંજ રાખે છે, પરંતુ કેટલાક દિવસોથી તેના પર ફ્રેંચોની સત્તા ચાલે છે. માર્કિવઝની મ્હોટી કન્યા ક્લોરા એક સૌંદર્યની દેવી છે. ક્લોરાને ત્રણ ભાઇ અને એક બહેન છે. ઉક્ત ફ્રેંચ સૈનિક માનતો હતો કે: માર્કિવઝ પોતાની પ્રિય પુત્રીના લગ્ન કાર્યમાં પોતાની થોડી ઘણી સંપત્તિ અર્પણ કરશે, પણ સ્પેનનો કુળવાન મનુષ્ય કદી પણ પોતાની પુત્રીનો હસ્ત ફ્રેંચ વ્યાપારીના કરમાં મુકશે નહિ. વાસ્તવિક રીતે કહીએ તો તે વખતે સ્પેનનિવાસીઓ ફ્રેંચો પ્રતિ તિરસ્કારની નજરથી જોતા હતા. દુર્ગના સ્વામી માર્કિવઝ પણ એ શંકાથી રાજ્યસિંહાસનથી વિમુખ થયેલા સાતમા ફર્ડિનાંડને રાજ્યછત્ર પહેરાવવા સ્વદેશી વીરોને ઉત્તેજન આપી રહ્યો છે, ફ્રાન્સના શાસનકર્તા જનરલ "જી"એ વિક્ટરમાર્શાને મેડ્રિડનગરના રક્ષણનું કાર્ય સોંપી ત્યાં રાખ્યો છે. મેડ્રિડવાસીઓ માર્કિવઝના વાક્યને દેવવાક્ય માની તેનું પાલન કરવામાં પાછા પડે તેમ નહતા. માર્શલ "ને" તરફથી હમણાં આવેલા સમાચાર પરથી જણાતું હતું કે: માર્કિવઝે ઈંગ્લાંડની સાથે મૈત્રી બાંધી છે—ષડયંત્ર રચ્યું છે, તે પોતાના કાર્ય માટે ઈંગ્લાંડના મંત્રી મંડળ સાથે પત્રવ્યવહાર કરી રહ્યો છે અને અંગ્રેજોનાં વહાણો આવીને તુરતમાં મેડ્રિડ પર તોપોના ગોળાની વૃષ્ટિ કરતા ફ્રેંચોનો નાશ કરી દેશે. ફ્રેંચોની શ્રદ્ધા હતી કે: માર્કિવઝ

અને મેડ્રિડના કિલ્લા પર સત્તા સ્થિર કરવાથી દેશમાં શાંતિ સચવાઇ રહેશે. વિક્ટરમાર્શો વિચાર કરવા લાગ્યો: "દેશમાં આ સમયે શાંતિનું અટલ રાજ્ય છે, માર્કિવઝ આપણી સાથે સ્નેહ ભરેલો વ્યવહાર રાખે છે, ત્યારે તેને શત્રુ કેમ કહી શકાય? આજે સેન્ટ જેમ્સનો તહેવાર છે. સર્વ શહેરમાં તહેવારનો ઉત્સવ થવાનો હતો, પરંતુ મ્હારી આજ્ઞાથી તે બંધ થઈ ગયો છે. મ્હેં એવી પણ આજ્ઞા કરી હતી કે: કિલ્લા સિવાય રાતના નવ વાગ્યા પછી શહેરમાં કોઈ પણ સ્થાને દિપક રાખવો નહિ! પણ આ શું? શું પ્રજાએ મ્હારા આદેશનો અનાદર કર્યો છે? નગરની બારીઓમાં આ સમયે પણ પ્રકાશ સ્પષ્ટ રીતે જણાય છે!" વિક્ટરનું મુખ ગંભીર બની ગયું. તે પોતાના આદેશના અનાદરનાં કારણો શોધવામાં મગ્ન થઇ ગયો.

નગરના પ્રધાન દ્વાર પર જે પહેરાવાળો નિયુકત થયેલો હતો, તેની સાથે વાત કરવા વિક્ટરમાર્શો આગળ ચાલવા લાગ્યો. તેણે ધાર્યું કે: દરવાજામાં રહી જવાથી ઘણો વિલંબ થશે. તુરતજ સામેની ટેકરી પર થઇ જવા માટે તે માર્ગક્રમણ કરવા લાગ્યો. તે ઉપરથી કુદકો મારવાની તૈયારીમાં હતો તેટલામાં પાછળ કોઇ આવતું હોય તેવો પદ ધ્વનિ સંભળાયો. તેણે પાછા વળી જોયું પણ કોઇ દેખાયું નહિ. સમુદ્રના તરંગોની પરંપરાથી તેનાં નેત્રો પર ઝાંખ ફરી વળી. તે સામે જણાતા દેખાવ પરથી મૂર્તિની માફક સ્થિર થઈ ગયો. તેને લાગ્યું કે શું હું સ્વપ્ન જોઉં છું? ચક્ષુમાં કોઈ રોગનો જન્મ તો નથી થયો ને? તેને સમુદ્રમાં ઘણે છેટે ચંદ્રપ્રકાશમાં કેટલાક વહાણોના શિરોભાગ દૃષ્ટિએ પડયા. વિક્ટરનાં રૂંવાં ઉભાં થઇ ગયાં! તેણે માન્યું કે: સમુદ્રના તરંગો પર ચંદ્રપ્રકાશ પડવાથી એવું જણાતું હોય તો તે અસંભવિત નથી. તે પુનઃ આગળ વધવા કુદકો મારવા લાગ્યો. આ વખતે પાછળથી કોઇએ કહ્યું: "કોણ? વિક્ટરમાર્શો?" વિક્ટરે પાછા ફરી જોયું તો જેની સાથે દુર્ગમાં જવાની વાત થઇ હતી તેજ માણસ આવતો જણાયો.

"શું, વિક્ટર પોતે છે?"

તેણે કહ્યું: "હા, શું થયું?"

"છુપી રીતે અંદરના ભાગમાં ઘણા મનુષ્યો એકત્ર થયા છે, તે કહેવા માટે હું આવ્યો છું."

વિકટર: "તમે કેવી રીતે જાણી શક્યા ?"

સૈનિકે કહ્યું: "એક માણસને હાથમાં ફાનસ લઇ મ્હેં આ તરફ આવતો જોયો, તે પરથી લાગ્યું કે; જ્યારે આ માણસ રાત્રે હાથમાં બત્તી લઇ બહાર નીકળ્યો છે ત્યારે અવશ્ય દાળમાં કંઇ કાળું હોવું જોઇએ! હું છુપાઇને તેની પાછળ જવા લાગ્યો. અહીં આવી જોયું તો આ વૃક્ષની પાછળ થોડી લાકડીઓ એકત્ર કરવામાં આવેલી જણાઈ......"

આજ વખતે શહેરમાં એકદમ ભયંકર ચિત્કાર થઇ ઉઠયો. બન્ને જણ ચકિત થઇ તે તરફ જોવા લાગ્યા. સેનાપતિએ જોયું કે સામે આગ થઇ છે અને પાસે ઉભેલો સૈનિક ગોળીથી ઘાયલ થઇ પડયો છે.

દશ હાથ પર આવેલા એક અગ્નિ કુંડમાંથી જ્વાળાઓ ભભકવા લાગી. ચાર મીનિટ પર જે હૉલમાં નાચ થઇ રહ્યો હતો તેજ હૉલમાં ઘાયલોના આર્તનાદ અને ચીસો વાયુને વ્યથિત કરવા લાગ્યા. જોતજોતામાં સમુદ્ર–ગર્ભમાં તોપોનો ગડગડાટ થતો સંભળાયો. સેનાપતિ પ્રસ્વેદથી ભીંજાઇ ગયો! આ વખતે તેની પાસે તલવાર પણ નહતી. હવે મળેલા સમાચારની સત્યતામાં કંઇ શંકા રહી નહિ. તેણે જાણ્યું કે: સર્વે સૈનિકો માર્યા ગયા છે અને અંગ્રેજ સૈન્ય પણ ફ્રેંચો પર તૂટી પડવાની તૈયારીમાં છે. હવે જો હું એકલો બચીશ તો મ્હારે કેવું લાંછન અને અપમાન સહન કરવું પડશે? તેની દૃષ્ટિ સન્મૂખ કૉર્ટ માર્શલનું દૃશ્ય તરવા લાગ્યું. તેણે નીચા નમી કિલ્લાના ઉંડાણ તરફ જોયું અને જેવો તે કુદકો મારી આગળ જવાનું કરતો હતો તેટલામાં માર્ક્વિઝની પુત્રી ક્લોરાએ આવી તેનો હસ્ત પકડી લીધો.

ક્લોરાએ કહ્યું: "તમે સત્વર અહીંથી ચાલ્યા જાવ! મ્હારો ભાઇ આપનો વધ કરવા આ તરફ આવે છે. આ ટેકરીની નીચે એક ઘોડો બાંધેલો છે! જાવ! એકદમ જાવ!!" એટલું કહી તેણે સેનાપતિને પ્રાણ બચાવવાનો માર્ગ દર્શાવ્યો. યુવાન વિક્ટર યુવતી સામે મુગ્ધ દૃષ્ટિથી જોવા લાગ્યો. બીજીજ ક્ષણે આત્મરક્ષાનું સ્મરણ થતાં તે ક્લોરાએ બતાવેલા માર્ગે ચાલી નીકળ્યો. વિક્ટર ઝપાટાબંધ નીચે ઉતરવા લાગ્યો. આ વખતે તે જે માર્ગનું ક્રમણ કરી રહ્યો હતો તે માર્ગ પર જંગલી પશુઓ સિવાય અન્ય કોઇ ભાગ્યેજ

જઈ શકે તેમ હતું, કિન્તુ પ્રાણ રક્ષાના ઉચ્ચતમ સ્વાર્થના કારણે અશક્ત મનુષ્ય પણ સશક્ત બને છે. જતાં જતાં તેણે ક્લોરાને કિલ્લા પર ઉપસ્થિત થઈ ભાઈઓના નામનો પોકાર કરતી સાંભળી! તેના કર્ણપટ પાસેથી ગોળીઓ જવા લાગી પણ તે સદ્‌ભાગ્યે સપાટ જમીન પર સહીસલામત પહોંચી ગયો. તુરતજ ક્લોરાએ બતાવેલા ઘોડા પર તે બેસી ગયો અને અલ્પ સમયમાં પ્રધાન સેનાપતિ "જી"ના કેમ્પમાં જઈ પહોંચ્યો. તે સમયે સેનાપતિ પોતાના સોબતીઓ સાથે જળપાન કરી રહ્યો હતો. વિકટરે ત્યાં જતાં જ ગભરાયલા સ્વરે "મ્હારૂં જીવન કે મૃત્યુ જે કહો તે આપના હસ્તમાં છે" એટલું કહી તે પાસે પડેલી ખુરસી પર બેસી ગયો. સેનાપતિએ સર્વ વાત સાંભળી લઈ કહ્યું: "તમારી પરિસ્થિતિ સાંભળી હું તમને ગુન્હેગાર ઠરાવી શકતો નથી. ઉલટું તમારા વિચિત્ર સંજોગોથી મ્હને દુઃખ થાય છે. સ્પેનના અપરાધોમાં તમે ઉત્તર દાતા નથી. જો કોર્ટ માર્શલ તમારા વિરૂદ્ધ કંઈ આજ્ઞા નહિ કરે તો હું પોતે તમને ક્ષમા કરૂં છું."

અભાગી વિકટરનું ચિત્ત આથી શાંત થયું નહિ. તે બોલી ઉઠયો: "વડા પ્રધાન જ્યારે આ વાત સાંભળશે ત્યારે શું કહેશે?" સેનાપતિએ કહ્યું: "તે તમને બન્દુકથી ઉરાડી મુકવા ઇચ્છિશે. ખેર! તે સમયે જોઈ લેવાશે!" છેવટે "જી"એ કહ્યું: "આ વખત વિચાર કરવાનો નથી. હવે તો સ્પેનની પ્રજાને કયા પ્રકારે શિક્ષા કરી શકાય તે વિચાર કરી ઉપાય યોજવાનો નિશ્ચય કરવાની આવશ્યકતા છે. જેઓએ આવી જંગલી વર્તણુક ચલાવી પોતાના શત્રુઓનો નાશ કર્યો છે તેઓને એવી શિક્ષા કરવી કે જેથી પુનઃ તેઓ કદી પણ મસ્તક ઉંચું કરી શકે નહિ!"

(૨)

એક કલાકમાં ઘોડેસ્વારોની એક ટુકડી અને એક તોપખાનું સ્પેનને શિક્ષા કરવા તૈયાર કરવામાં આવ્યું. સેનાપતિ વિકટરે ઘોડેસ્વાર થઈ અગ્રસ્થાન લીધું! સ્વબન્ધુઓની સ્પેને કરેલી દુર્દશા સાંભળી ફ્રેંચ સેના સ્પેનને નષ્ટ કરવા ઉન્મત બની ગઈ. સેનાપતિની આજ્ઞા થઈ. લશ્કર ઝડપથી આગળ વધવા લાગ્યું. માર્ગમાં આવતાં પ્રત્યેક ગામ ફ્રેંચોની વિરૂદ્ધ કમરકસી તૈયાર

થઈ રહ્યાં હતાં પરંતુ ફ્રેંચ સેના દરેક ગામ પર સત્તા સ્થાપન કરતી, સ્પેન-વાસીઓના રક્તથી સ્પેનની ભૂમિને તૃપ્ત કરતી કરતી આગળ વધતી ગઈ.

મૅડ્રિડમાં પહોંચતાંજ પ્રધાન સેનાપતિ "જી"ને ખબર પડી કે: "અદ્યાપિ પર્યંત અંગ્રેજ વહાણો મેડ્રિડના બંદરમાં આવી પહોંચ્યાં નથી. વળી તેને એમ પણ જણાયું કે: જે વહાણો આવ્યાં છે તે તો માત્ર તોપો લઇ જનારાં મ્હોટાં વહાણો છે કે જે આપણાં લશ્કરી વહાણો કરતાં પહેલાં અહીં આવી પહોંચ્યાં છે. તેથી સ્પેન પ્રજાને અંગ્રેજો તરફથી વિશેષ સહાયતા મળી શકી નહિ, અને સહાયતા મેળવતા પહેલાંજ તેઓ ફ્રાન્સના સૈન્યથી ઘેરાઈ ગયા. આ કારણથી મૅડ્રિડના નાગરિકો એવા નરમ બની ગયા કે, તુરતજ તેમણે ફ્રેંચ સૈનિકોના હસ્તમાં આત્મ સમર્પણ કરી દીધું. સ્પેન નિવાસી જાણતા હતા કે, જનરલ "જી" એક મહાન ભયંકર નિષ્ઠુર મનુષ્ય છે. જનરલ "જી"ને કહેવડાવવામાં આવ્યું કે: શહેરને અગ્નિથી ભસ્મીભૂત ન બનાવવામાં આવે અને કત્લે-આમનો હુકમ ન અપાય તે માટે બળવો ઉઠાવનારા સર્વ મનુષ્યો આત્મ-સમર્પણ કરવા તૈયાર છે. તેની સાથે તેમણે થોડું ઘણું ધન પણ આપવાનું કહ્યું. જવાબમાં જનરલ જીએ કહેવડાવ્યું કે ૨૪ કલાકમાં દંડની રકમ ભરી દેવી પડશે. તુરત જ શહેરના શેરીફની જામીનગીરી આ-પવામાં આવી.

સ્વસૈન્યને શાંત રાખવા માટે જનરલ "જી"એ સર્વ પ્રબન્ધ કરી દીધો અને નગરવાસીઓ પર કોઈ પણ પ્રકારે અત્યાચાર ન કરવો એવો ઢંઢેરો પણ બહાર પાડયો. સૈનિકો ભોજનાદિથી મુક્ત થયા પછી જનરલ "જી"એ કિલ્લામાં પ્રવેશ કર્યો. દુર્ગપતિ માર્કિવઝના કુટુંબ પરિવારાદિ સર્વ મનુષ્યોને નૃત્યભુવનમાં કેદ કરવામાં આવ્યા અને તેમના પર લશ્કરી પહેરો બેસાડ-વામાં આવ્યો.

(૩)

જનરલ "જી"એ નૃત્યભુવનની સાથેના હૉલમાં પોતાનાં સોબતીઓ-સહ પ્રવેશ કર્યો. ત્યાં સ્પેનના બંદરો પર અંગ્રેજ સૈન્ય ઉતરી ન શકે તે માટે વિચાર કરવા માટે સભા મળી. સમુદ્ર કિનારા પર તોપો ગોઠવી દેવામાં

આવી અને શત્રુની હિલચાલ જોવા માટે કેટલાક જાસૂસ નિયત કરવામાં આવ્યા. આ સર્વ પ્રબન્ધ થયા પછી જનરલ કેદીઓના ભાગ્યનો નિર્ણય કરવામાં પ્રવૃત્ત થયો.

મેડ્રિડના નાગરિકોએ જે બસો દુર્ભાગી મનુષ્યોને તેમના હસ્તમાં સોંપી દીધા હતા; તે સર્વને કિલ્લાની દિવાલપર ઉભા રાખી ગોળીથી વીંધી નાખવાનો નિશ્ચય થયો અને માર્કિવઝ વંશની પ્રતિષ્ઠા અને અલ્પ સંખ્યાનો ખ્યાલ કરી તેમને ફાંસી દેવી ઉચિત માની ! શહેરમાંથી જલ્લાદને બોલાવવાની આજ્ઞા થઇ ! આ વખતે વિકટરમાર્શા જીવંત રહેલા કેદીઓની મુલાકાત લેવા નૃત્યભૂવનમાં ગયો અને થોડાજ વખતમાં પાછા આવી જનરલ "જી"ને કંપિત સ્વરે કહ્યું: "હું ઘણી ઉતાવળથી પાછો આવ્યો છું. મ્હારી એક પ્રાર્થના સાંભળશો ?"

જનરલે મજાક કરતાં કહ્યું: "તમારી ?" વિકટરે કહ્યું: "જી, હા !" એક કષ્ટપૂર્ણ વાત કહેવા ઇચ્છું છું. તે એ કે ફાંસીનો માંચડો તૈયાર થતો હોવાની વાત માર્કિવઝ જાણી ગયો છે. તેણે આપને એ પ્રાર્થના કરી છે કે: "પ્રતિષ્ઠિત વ્યક્તિઓને ફાંસી નહિ આપતાં તેમનો શિરચ્છેદ કરી નાખવો ! તે આપની આ ઉદારતાથી ઘણો કૃતજ્ઞ થશે !"

સેનાપતિએ કહ્યું: "અચ્છા, પ્રાર્થના મંજૂર !"

તેણે એ પણ કહ્યું છે કે "ધર્માનુસાર અંતિમ પ્રાર્થનાદિ કરવા માટે તેમને આજ્ઞા આપવી અને તે સમયે સર્વના હસ્તનાં બંધન દૂર કરવાં ! તેણે શપથ લઇને કહ્યું છે કે: કદી પણ નાસી જવાનો યત્ન કરવામાં નહિ આવે." જનરલે કહ્યું: "એ માગણી પણ સ્વીકારવામાં આવે છે, પરંતુ તે માટે જવાબદાર તમોને ગણવામાં આવશે."

વિશેષમાં વૃદ્ધ માર્કિવઝ કહે છે કે: "જો મ્હારા ન્હાના પુત્રને છોડી દેશો તો તે પોતાની સર્વ સંપત્તિ આપને અર્પણ કરશે."

જનરલે કહ્યું: "ઠીક ! પણ વડા પ્રધાને તેની સર્વ મીલકત જપ્ત કરવાની આજ્ઞા કરી દીધી છે." ક્ષણમાત્ર વિચાર કરી સેનાપતિએ કહ્યું: "તે જે ઇચ્છે છે તે કરતાં પણ વિશેષ કંઈ આપવા હું ઉત્સુક થયો છું.

તેની આ પ્રાર્થનાનો અર્થ હું સમજી ગયો છું. સારી વાત છે. તેનો વંશ લુપ્ત નહિ થાય. તેનો જે છોકરો જલ્લાદનું કામ કરવા તૈયાર થશે તેને અમે જીવતદાન આપી શકીશું અને તે માર્કિવઝની સર્વ સંપત્તિનો સ્વામી બનશે !......ખેર ! એ લોકોના સંબંધમાં હવે હું વિશેષ કંઈ સાંભળવા ઇચ્છતો નથી."

(૪)

ભોજન તૈયાર થઇ ગયું હતું. ફ્રેંચ સેનાનાયક ભોજન માટે ટેબલપર બેસી ગયો હતો પણ વિકટરમાર્શા અહીં કંઇ જણાતો ન હતો. તે પુનઃ નૃત્યભૂવનમાં જતો રહ્યો હતો. માર્કિવઝ કુટુંબના છેલ્લા શીતળ નિશ્વાસો સાંભળી તેનું હૃદય ભરાઈ આવ્યું. આગલી રાત્રે તેણે આ જ ભૂવનમાં જેમને આનંદપૂર્વક નૃત્ય કરતાં જોયાં હતાં; તેમનાંજ મસ્તક થોડી વાર પછી જલ્લાદની તલવારથી ભૂમિપર પડવાનાં હતાં ! વિકટર અંદર ગયો અને ચોતરફ જોયું. એક તરફ માર્કિવઝ એક સુવર્ણાસન પર બેઠો છે, બાજુમાં તેની પત્ની, ત્રણ પુત્ર અને બે પુત્રીઓ સહિત જમીનપર બેઠી છે, અને સેવકો બેડીઓથી બંધન પામી પાછળ ઉભા છે. અહીં એકંદર પંદર કેદી હતા અને તે સર્વને પ્રાણદંડની શિક્ષા થઇ હતી; તો પણ તેમાંના એક પણ મનુષ્યના મુખપર આંતરિક ભાવનું ચિહ્ન દૃષ્ટિએ પડતું નહતું. તો પણ કેટલાકના કપોલ પ્રદેશપર કંઇક દુઃખી રેખાઓનું દર્શન થતું હતું. તે રેખાઓ સર્વ શ્રમની નિષ્ફળતાની-અરે ! દુઃખના પ્રદર્શન રૂપ હતી. વિકટરને જોતાની સાથે તે સર્વ તેના તરફ જોવા લાગ્યા. વિકટરની આજ્ઞાથી કેદીઓના હાથપગનાં બંધન દૂર થયાં. ક્લોરાના હાથની રસી વિકટરે પોતાના હાથે છોડી નાખી. યુવતીના ઓષ્ઠપર એક મ્લાન હાસ્યરેખા જણાઇ ! ક્લોરાએ કહ્યું : "તે વિષે આપ કંઇ નિશ્ચય કરી શક્યા છો ?"

ક્લોરાના વડીલ બન્ધુની ઉમ્મર લગભગ ત્રીશ વર્ષ જેટલી હતી. તેની મુખમુદ્રા પરથી જાતી અહંકાર અને સ્વમાન ટપકી રહ્યું હતું. સ્પેન પ્રજાના ચારિત્રમાં એક વિશેષ વાત એ છે કે, તે જેવા શૂરવીર હોય છે તેવાજ હૃદયથી કોમલ હોય છે. ક્લોરાનો બન્ધુ જાુનિટો આ જન્મસિદ્ધ હક્કથી મુક્ત

નહતો. બીજા બન્ધુનું નામ ફિલિપ હતું અને તેનું વય આશરે વિશ વર્ષનું હતું. ત્રીજાનું નામ મેન્યુઅલ હતું અને તેની ઉમ્મર આઠ વર્ષની હતી. વિક્ટરે સર્વે તરફ જોયું અને નેત્ર મીંચી દીધાં. જનરલની આજ્ઞાનું પાલન કરી શકે તેવો કોણ છે તેનો નિશ્ચય કરી શક્યો નહિ. છેવટે તેણે સર્વે વાત ક્લોરાને કહી. સ્પેનીશ બાળાનું હૃદય કંપી ઉઠયું પરંતુ આત્મ સંયમ કરી તે ઘૂંટણીએ પડી કહેવા લાગી: "પિતા, જૂનિટોને આજ્ઞા કરો. આપ જે આજ્ઞા કરશો, તેનું તે અવસ્ય પાલન કરશે અને ત્યારેજ આપણને શાન્તિ મળશે."

માર્કિવઝની પત્નીનું હૃદય આશાથી પ્રફુલ્લિત બની રહ્યું, પરંતુ જેવી તેણે સ્વામી સાથે ક્લોરાએ કરેલી વાત સાંભળી તેવીજ તે મૂર્ચ્છિત થઈ ગઈ. હવે જૂનિટો પણ સર્વ સમજી ગયો. તે પીંજરામાં પડેલા સિંહની માફક કૂદી પડ્યો. વિક્ટરે માર્કિવઝ પાસે પોતાના કહેવા પ્રમાણે ચાલવાનું વચન મેળવી સર્વ પહેરેગીરોને દૂર કર્યા. માર્કિવઝના સેવકોને જલ્લાદના હસ્તમાં સોંપી દીધા. હવે માત્ર વિક્ટરજ પહેરેગીર તરીકે રહ્યા હતો. વૃદ્ધ માર્કિવઝે ઉભા થઈ કહ્યું: "જૂનિટો?" ઉત્તરમાં જૂનિટોએ પોતાનું શરીર એવા ભાવથી ઝુકાવ્યું કે જે પરથી સ્પષ્ટ થતું હતું કે, તે પિતાના વિચારને સંમત નહતો. માર્કિવઝ અશ્રુ લુંછતો બેસી ગયો અને પત્ની તરફ જોવા લાગ્યો. હાય! તે દંપત્તિની આ વખતની કરૂણાજનક સ્થિતિ અસહ્ય હતી. ક્લોરા બન્ધુને વળગી પડી કહેવા લાગી: "વ્હાલા બન્ધુ! ભાઈ જૂનિટો! તેં મ્હારા શબ્દોની કદી પણ ઉપેક્ષા કરી નથી. શું તું જાણે છે કે ત્હારા હાથથી અમારૂં મૃત્યુ કેવું સુખરૂપ થશે? શું તું મ્હારી ગરદન દુષ્ટ જલ્લાદના હસ્તે કપાતી જોઈ શકીશ? શું તું આ ભીષણ વિપત્તિમાંથી અમારૂં રક્ષણ નહિ કરે? શું ભાઈના જીવતાં બ્હેનને અન્ય પુરૂષ સ્પર્શ કરે તે એક ભાઈ જોઈ શકશે? શું અમે કુતરાની પેઠે....." વિશેષ બોલવા જતાંજ ક્લોરાની દૃષ્ટિ વિક્ટર પર પડી. ક્લોરા પોતાના બન્ધુના હૃદયમાં ફ્રેંચો પ્રતિ તિરસ્કારને ઉશ્કેરતી હતી પરંતુ કોણ જાણે તે એકાએક કેમ ચાલી ગઈ? જૂનિટોના ન્હાના ભાઈએ કહ્યું: "ભાઈ, હૃદયને વજ્ર સમાન બનાવી દે! જો તેમ નહિ થાય તો અમારી શી દશા થશે?"

ફ્લોરા ઉભી થઇ ગઈ. જૂનિટોની સામેથી સર્વે ખસી ગયા અને વૃદ્ધ પિતાએ પુત્રનો હસ્ત પકડી કહ્યું: " જૂનિટો ! વંશનું રક્ષણ કર ! " વૃદ્ધનો કંઠ ગળગળો થઇ ગયો. થોડીવાર પછી સ્થિર થઈ તેણે પુનઃ કહ્યું: " બેટા જૂનિટો ! તું શું સ્પેનિયર્ડોનું ખરૂં સાહસ ત્યજી બેઠો છે ? શું ત્હારી ઇચ્છા છે કે ત્હારા ચરણમાં મસ્તક મુકી પ્રાર્થના કરૂં ? જીવનના સુખદુઃખનો વિચાર કરવાનો ત્હને અધિકાર છે અને અન્યને નથી ? " વૃદ્ધે પત્ની તરફ જોઈ કહ્યું: "શું આ મ્હારો પુત્ર છે ? "

માતાએ કરૂણ સ્વરે કહ્યું: "જૂનિટો આપણી આજ્ઞા જરૂર સ્વીકારશે?"

ન્હાની પુત્રી માતાના ખોળામાં બેઠી હતી, તેને રોતી જોઇ મેન્યુઅલ તેનો તિરસ્કાર કરવા લાગ્યો, એટલામાં કિલ્લાનો પાદરી ત્યાં આવી પહોંચ્યો. સર્વે તેની ચોતરફ ફરી વળ્યાં અને તેને જૂનિટો સન્મુખ લાવી ઉભો રાખ્યો. વિક્ટર આ દૃશ્ય જોઈ શક્યો નહિ. તે ફ્લોરાની મૌન રજા લઇ આંસુ લૂંછતો તેમને બચાવવાનો પ્રયત્ન કરવા જનરલ "જી"ની છાવણીમાં ચાલ્યો ગયો. આ વખતે "જી" મદ્યની નીશામાં સર્વેની સાથે ગપ્પાં ગાઈ રહ્યો હતો. એક કલાક પછી જનરલની આજ્ઞાનુસાર મેડ્રિડના નાગરિકો માર્કિવઝ કુટુંબનું અંતિમ દર્શન–મૃત્યુદંડ જોવા એકત્ર થયા. માર્કિવઝના સેવકોને જ્યાં આગળ ફાંસીએ ચઢાવવામાં આવ્યા હતા ત્યાં આગળ થઇ મનુષ્યોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં હતાં. ફાંસી પર લટકનારા વીરાત્માઓના ચરણ નાગરિકોના મસ્તકને સ્પર્શ કરી રહ્યાં હતાં. સામે એક ટુકડી શાન્તિની રક્ષા કરવા માટે ભરેલી નળિકાઓ પર સંગીનો ચઢાવી ચોતરફ દૃષ્ટિ ફેંકી રહી હતી. ફાંસીના સ્તંભોથી લગભગ દશ ગજ દૂર આવેલા માંચડા પર માર્કિવઝ કુટુંબને નષ્ટ કરવા એક યંત્ર અને તે પર તેજદાર ખડ્ગ મુકેલું છે. ખડ્ગની પાસે કદાચ જૂનિટો જલ્લાદનું કાર્ય ન કરી શકે તો નિયત કાર્યમાં વિલંબ ન થાય, એ આશયથી એક અન્ય જલ્લાદને ઉભો રાખવામાં આવ્યો છે.

ચોતરફ ભયંકર શાંતિનું સામ્રાજ્ય સ્થપાયું છે. મનુષ્ય માત્ર પોતપોતાના સ્થાન પર અવનત મસ્તકે તરેહ તરેહની કલ્પના કરવામાં નિમગ્ન થયા છે. એટલામાં સામેથી મનુષ્યોનો પગરવ સંભળાયો. સર્વેએ શિર ઉંચું કરી

વિસ્મયથી જોયું કે માર્ક્વિઝ, તેમની સ્ત્રી, કન્યા અને પુત્ર પાદરીની સાથે ચાલ્યાં આવે છે. સર્વનાં મુખ પ્રશાન્ત અને ભયરહિત છે; કેવલ એક યુવકનો ચહેરો ઉદાસ અને રક્તહિન જણાય છે. તેને ધર્મયાજકને ધર્મવાર્તા કહી ધૈર્ય આપતો જોઈ જલ્લાદ અને પ્રેક્ષકો સમજ્યા કે જૂનિટો એક દિવસને માટે જલ્લાદ થવા ખુશી છે. વૃદ્ધ માર્ક્વિઝ, તેની પત્ની, ક્લોરા અને તેના બન્ધુ, જલ્લાદ ઉભો હતો ત્યાંથી કંઇક અંતર પર ઘૂંટણીએ પડયાં. પાદરી જૂનિટોને નક્કી કરેલે સ્થળે લઈ ગયો. જલ્લાદ જૂનિટોને ઉપદેશ આપવા માટે એકાંતમાં લઇ જવામાં આવ્યો. પાદરીએ કેદીઓને એવી રીતે બેસાડયા કે જેથી તેઓ એક બીજાનું મૃત્યુ જોઈ શકે નહિ; પરંતુ સર્વે નિડરતાથી ઉભાં થયાં. સર્વેથી પ્રથમ ક્લોરા બન્ધુની પાસે દોડી જઇ બોલી: “જૂનિટો! મ્હારામાં ધૈર્યની ખામી છે. દયા કરીને પ્રથમ મ્હને......!”

એટલામાં કોઇ દોડતો આવતો જણાયો. વિકટર આવી ઉભો રહ્યો! આ વખતે ક્લોરા પાટડી પર પોતાનું મસ્તક મુકી ખડ્ગનો પ્રહાર થવાની રાહ જોતી હતી. ભયંકર દૃશ્ય જોઈ વિકટર મૂર્ચ્છાથી સંભાળી ક્લોરાની પાસે પહોંચ્યો અને ગદ્‌ગદ્ કંઠે કહ્યું: “જો તું મ્હારી સાથે લગ્ન ગ્રંથીથા જોડાવાનું વચન આપે તો જનરલ ત્હને પ્રાણદાન આપવા તૈયાર છે.”

સ્પેનબાળાએ સગર્વ મસ્તિષ્ક ઉંચું કરી તિરસ્કાર પૂર્ણ દૃષ્ટિથી સૈનિક તરફ એક વાર નજર કરી પ્રચંડ સ્વરે બોલી: “જૂનિટો! હવે કેટલી વાર...!”

વિકટરના ચરણમાં ક્લોરાનું મસ્તક પડી ગયું! માર્ક્વિઝ પત્નીનું હૃદય ધ્રુજી ઉઠયું, પરંતુ તેના મુખ પર ધભરાટનું લેશ માત્ર ચિહ્ન પ્રકટ થયું નહિ!

ન્હાના મેન્યુઅલે કહ્યું: “મ્હોટાભાઇ! બરાબર છે ને? મ્હેં મસ્તક બરાબર ગોઠવ્યું છે ને?”

ન્હાની બહેનને આવતાની સાથેજ જૂનિટોએ કહ્યું: “છટ્, તું રૂદન કેમ કરે છે?”

બાલિકાએ કહ્યું: “હા, ભાઇ! ત્હારૂં સ્મરણ થતાંજ અશ્રુધારા ચાલી નીકળે છે. અમારા પછી ત્હારૂ જીવન કયા ભયંકર કષ્ટથી કપાઇ જશે?”

તેના પછી વૃદ્ધ માર્ક્વિઝ પુત્રની પાસે આવી ઉભો રહ્યો. એક વાર

તેણે પુત્ર અને પુત્રીઓના રક્તથી ભીંજાયલી વધભૂમિ તરફ જોયું અને પછી પ્રેક્ષકો તરફ જોઇ કહ્યું : "પ્રિય સ્પેન નિવાસીઓ ! હું મ્હારા પ્યારા પુત્ર અને આપ સર્વને હૃદયપૂર્વક આશિર્વાદ આપું છું કે, જે દેશને માટે અમને અમારો ભોગ આપવો પડયો છે તે દેશની રાષ્ટ્રીયતા સર્વનું કલ્યાણ કરે. બેટા જૂનિટો ! ડરીશ નહિ, ખડ્ગ ઉઠાવ ! તું કોઈ પણ રીતે પાપ કરતો નથી !"

માતાને વધસ્થલપર પાદરીના હસ્તાધારે આવતી જોઇ જૂનિટો બૂમ પાડી ઉઠયો : "શું મ્હેં દૂધ પીધું હતું ! હૃદયના અમૃતનું પાન કરાવી મ્હને જે માતાએ આટલો મ્હોટો કર્યો છે. તેને......" એ સ્વર એટલો તો કરૂણ અને હૃદયદ્રાવક લાગતો હતો કે પ્રેક્ષકો પણ ચૂપ રહી શક્યા નહિ. તે ભીષણ ચીસથી જનરલ જીની છાવણીના અધિકારીઓનો આનંદ ધ્વનિ અટકી ગયો. માતાએ જૂનિટોનું ધૈર્ય ખૂટી ગયેલું જોઈ કિલ્લાની દીવાલ પરથી પડતું નાખ્યું ! પહાડી પત્થરોની તીક્ષ્ણતાએ તેના દેહના સેંકડો કટકા કરી નાખ્યા ! જૂનિટો મૂર્છિત થઈ પડયો અને પ્રેક્ષકો એક સ્વરે વીર માર્કિવઝનો જય પોકારી ઉઠયા.

આ બાજુ એક અધિકારીએ મદ્યપાન કરતાં કરતાં જનરલને કહ્યું : "જનરલ ! આ કેદીઓના સંબંધમાં વિકટરમાર્શા મ્હને કહેતો હતો કે: હું કહી શકું છું કે આપની આજ્ઞા કદી પણ......"

જનરલે વાતને વચ્ચેથી તોડી નાખી કહ્યું : "એક મહીનાની અંદર પાંચસો ફ્રેંચ કુટુંબોએ શોકચિહ્ન ધારણ કર્યાં છે તે શું તમે ભૂલી જાઓ છો ? શું એ ભૂલી ગયા કે આપણે હમણાં સ્પેનની ભૂમિપર છીએ ? શું સર્વ એમ સમજો છો કે તમે તમારા દેહ અહીંથી કુશળતા સાથે સ્વદેશમાં લઈ જઈ શકશો ?

* * * * *

ઘટનાની ગંભીરતા અને જનરલના વાક્યોની ભીષણતાએ સર્વને સ્તબ્ધતાના સાગરમાં ધકેલી મૂક્યા !

૭–आदर्श कृतज्ञता.

ઈ. સ. ૧૪૨૮ માં ફ્રાન્સનો કેટલોએ પ્રદેશ છલબલ અને ઉત્તરાધિકારના સૂત્રથી ઇંગ્લાંડને આધીન હતો. વિદેશી શાસનની કઠોરતાના ફળરૂપે કેટલાએ ન્હાના મ્હોટા બળવા ઉઠી ચુક્યા હતા. પાંચમા હેન્રીનું મૃત્યુ થતાં બાળક છઠ્ઠો હેન્રી ગાદીપર આવ્યો કે તુરતજ સર્વ ફ્રાન્સ શિર ઉંચકી ઇંગ્લાંડની વિરૂદ્ધ તૈયાર થઈ ગયો. તે વખતના ફ્રાન્સના રાજા સપ્તમ ચાર્લ્સને મળી દેવી જોન અંગ્રેજોની સામે થઇ અને તેમના હસ્તમાંથી દિનપ્રતિદિન સ્વદેશની પુનઃ પ્રાપ્તી કરવા લાગી.

* * * * *

ઑર્લિયન્સને અંગ્રેજોના હસ્તમાંથી મુક્ત કરી જોનની સેના યોગ્ય રીતે આગળ વધી રહી હતી. આવા સમયે એક દિવસે જૉન આગળના પડાવ માટે કુચ કરવાની તૈયારી કરવામાં લીન થઇ હતી. "સામે હાથપગથી બંધન થયેલો કયો માણસ પડયો છે?" જૉને બહાર આવી આંગળી કરી પોતાના એક કર્મચારીને પ્રશ્ન કર્યો.

"એક કેદી?"

"તેનો કંઈ અપરાધ?"

"વિના આજ્ઞાએ લશ્કરી કાનૂનની દરકાર ન કરતાં તે સૈન્યમાંથી ઘેર ચાલ્યો ગયો હતો."

"હવે તેને શી શિક્ષા કરવા ઇચ્છા રાખો છો?"

"દેહાંત દંડ!"

"હું તેના વિષે સર્વ વાત સાંભળવા ઇચ્છું છું. એમાં કંઇ પણ શંકા નથી કે તે એક નિપુણ યોદ્ધો છે."

"તેણે મ્હારી પાસે કેટલાક દિવસને માટે રજા માગી હતી, પરંતુ તે વખતે હું તેની ઇચ્છા સ્વીકારી શક્યો નહિ, તેથી તે વિના આજ્ઞાએ ઘેર ચાલ્યો ગયો. એટલા વખતમાં અમે યુદ્ધ માટે આગળ ચાલ્યા આવ્યા અને એ કાલે સંધ્યાકાળે સૈન્યમાં આવી દાખલ થયો."

"શું તે સ્વેચ્છાપૂર્વક પાછો આવ્યો છે ?"

"હા."

"જાઓ ! તેને સત્વર મ્હારા સમક્ષ હાઝર કરો."

તુરતજ તે કર્મચારી કેદી પાસે ગયો અને તેનાં પગનાં બંધન છોડી નાખી જોનની સમક્ષ ઉપસ્થિત કર્યો. જોન મનમાંજ બોલી: "આહા ! કેવો સુદૃઢ ચહેરો છે ! ખરેખર, એ એક સાચો સૈનિક થવાને યોગ્ય છે ! કેવો મજબુત યુવક છે? ગુચ્છાયુક્ત સુવર્ણમય કેસે તેના શિરને કેવું છુપાવી રાખ્યું છે? અહાહા, હથિયારમાં તેની કમરમાં માત્ર એક કટાર ઝૂલી રહી છે ! તેનો શોકમિશ્ર ચહેરો તેના જીવનની નિરાશાને સ્પષ્ટ પ્રકટ કરી રહ્યો છે, કહો કે, તેના જીવનનું સર્વ સુખ, શાન્તિ, આશા અને શ્રદ્ધા અનંતકાળને માટે નષ્ટ થઇ ગયાં છે. જોને ગંભીર સ્વરે તેને કહ્યું: "તમારા હસ્ત ઉંચા કરો !" અત્યાર સુધી તે પોતાનું મસ્તક નીચું કરી શાંત થઇ ઉભો હતો તેમાં અચાનક આવી રીતે સ્નેહપૂર્ણ મધુર કોમળ સ્વર સાંભળી પ્રફુલ્લિત હૃદયથી તેણે પોતાના બન્ને હસ્ત સહજ ઉંચા કર્યા. દેવી જોન મ્યાનમાંથી તલવાર કાઢી તેનું હસ્ત બંધન તોડવા જતી હતી એટલામાં પાસે ઉભેલો કર્મચારી કંઇક વ્યગ્રભાવથી બોલી ઉઠયો:—

"અરે ! શ્રીમતી ?"

"તમે શું કંઈ કહ્યું ?"

"એ એક કેદી છે."

જોને ગંભીરતાથી ઉત્તર આપ્યો: "હા, હું એ વાત સારી રીતે જાણું છું. તે માટે હું જોખમદાર છું." એટલું કહી તેણે કેદીના હસ્તનું બંધન કાપી નાખ્યું. જોને ચમકી કહ્યું: "અરે, કેવી ભીષણતા ! રક્ત—રક્ત ! નિષ્ઠુરતાની હદ ! હું આ ભીષણતા હવે જોવા ઇચ્છતી નથી." કંઇક વિચાર

ફરી જોન પુનઃ બોલીઃ "ઠીક છે, તેના હાથના ઘા પર બાંધવા મ્હને એકાદ કપડાનો પાટો આપો!"

તે કર્મચારીએ કહ્યું: "એ કામ આપની પ્રતિષ્ઠાને પાત્ર નથી. તે માટે હું બીજો માણસ નિયત કરૂં છું."

"બીજા માણસને? મ્હારા વિના આ કાર્ય સારી રીતે પૂર્ણ કરે તેવો મનુષ્ય શોધવામાં તમને ઘણું કષ્ટ થશે. જેણે આ બંધન બાંધ્યું હતું તેના કરતાં હું હજારગણી રીતે સફાઇથી બાંધી શકીશ. જો તેના હાથ મ્હેં બાંધ્યા હોત તો દોરડાથી એની ચામડી આવી નિર્દયતાથી કપાઈ ન હોત!"

જ્યાં સુધી જોન તેના હાથપર પાટો બાંધવાનું કાર્ય કરી રહી ત્યાં સુધી તે પત્થરના પૂતળાની માફક ઉભો રહ્યો હતો અને કદી કદી જોનનું દર્શન કરી લેતો હતો! જોન પોતાના હસ્તે આ કાર્ય થવાથી મનમાં ને મનમાં ખુશી થઇ તેણે તે સૈનિક તરફ જોઇ કહ્યું: "સાચે સાચું કહો! તમે શું કર્યું હતું?"

શાંત રીતે નમ્ર સ્વરે તેણે કહ્યું: "સાંભળો! આજથી બે વર્ષ પર મ્હારી પૂજ્ય માતા અમને ત્યજી સ્વર્ગ પ્રતિ પ્રયાણ કરી ગઈ હતી. એ બે વર્ષમાં અત્યન્ત પ્રેમી ત્રણ સંતાનો એક પછી એક તેનું અનુકરણ કરી ગયાં. એ બન્ને વર્ષ મ્હારે માટે ભયંકર મન્વંતર તુલ્ય હતાં. પ્રભુની ઇચ્છા કદી પણ અપૂર્ણ રહેતી નથી. મ્હારી દૃષ્ટિ સમક્ષ તે સર્વ હમેશને માટે મ્હને ત્યજી ગયાં. મ્હેં મ્હારા આજ હાથવડે તેમને કબરસ્થ કરી પિતાનું અંતિમ કર્તવ્ય પૂર્ણ કર્યું. હાય! કેવળ એક હું દુર્ભાગી પ્રાણી આ જગતમાં જીવંત રહ્યો. હવે જગતમાં મ્હારૂં પોતાનું કહેવા માટે એક પત્ની રહી. છેવટે નિર્દય કાળ તેના પર આક્રમણ કરવા ધસી આવ્યો. હું તે ભાગ્યહીન પ્રાણીનું દર્શન કરવા વ્યાકુલ થઇ ગયો. સેનાપતિ પાસે કેટલાક દિવસની રજા માગી પરંતુ તેમણે નિર્દયતાથી મ્હારા જેવા હતભાગી પ્રાણીની પ્રાર્થના ઉડાવી દીધી! પણ હું તેનાં અંત સમયે તેને મળ્યા સિવાય કેમ રહી શકું? હાય! તે મ્હારાપર કેવો દૃઢ પ્રેમ રાખતી હતી? હું ઘર તરફ નીકળી પડયો. તેના મૃત્યુનું દર્શન કરીશ એટલું બોલીનેજ હું નીકળ્યો હતો અને થયું પણ તેમજ!

હું તેને પણ સમાધિસ્થ કરી પાછો આવ્યો તો લશ્કર કૂચ કરી ગયેલું જણાયું તેથી હું તનતોડ કષ્ટ સહન કરતો ગઇ રાત્રે અહીં આવી પહોચ્યો......"

જોન મનમાંજ વિચાર કરતાં કરતાં ધીમે રહી બોલી: "એની સર્વ વાત સત્ય જણાય છે, અને જ્યારે સાચી છે તો ક્ષમા પણ કરી શકાય તેમ છે. પણ કદાચ અસત્ય હોય......સાચી પણ હોય!" જોને એકાએક તેના તરફ ફરી દઢ સ્વરે કહ્યું: "મ્હારા તરફ જુઓ! હું તમારી આંખ જોવા માગું છું!"

ચાર નેત્રોનું મિલન થતાંજ જોને પોતાના કર્મચારીને કહ્યું: મ્હેં એને મુક્ત કર્યો છે. હવે તમે તમારા કામપર જઈ શકો તેમ છો." ત્યાર પછી તેણે તે સૈનિક તરફ જોઈ કહ્યું: "સેનાપતિની આજ્ઞા વિના સૈન્યદલનો પરિત્યાગ કરી ફરી પાછા આવવાથી કઠોર લશ્કરી કાનૂન પ્રમાણે તમારૂં મૃત્યુ અનિવાર્ય છે, તે તમે જાણતા હતા?"

"સારી રીતે?"

"ત્યારે પાછા કેમ આવ્યા?"

"કેવળ મૃત્યુ માટેજ! હવે મ્હારા જીવનની આવશ્યકતા રહી નથી, મ્હારી પાછળ કોઈ નથી; હવે હું મ્હારૂં સર્વસ્વ પૂર્ણ કરી ચુકયો છું, મ્હારૂં જીવન તુચ્છ છે." એટલું કહી દુઃખી ભાવથી તેણે મસ્તક નમાવી દીધું.

જોને કહ્યું: "છટ્, તમારી માતૃભૂમિ ફ્રાન્સ તો છે ને? તમારી પ્યારી જન્મભૂમિ આ સમયે શું શત્રુના હસ્તમાંથી મુક્ત છે? આયુષ્યવાન્ થાઓ! જ્યાં સુધી જીવતા રહેશો ત્યાં સુધી ફ્રાન્સની સેવા કરી શકશો."

"હું આપની સેવા કરીશ."

"તમે ફ્રાન્સને માટે યુદ્ધ કરશો."

"હું આપને માટે યુદ્ધ કરીશ."

"તમે ફ્રાન્સના સિપાઈ બનશો."

"હું આપનો સિપાઇ બનીશ."

"તમે તમારા ફ્રાન્સ પર તનમન અર્પી દેશો."

"હું મ્હારૂં જીવન આપને આપીશ. મ્હારૂં હૃદય કેવળ આપના ચર-

ણમાં સમર્પીશ. મ્હારી શક્તિ અને શૌર્યનો આપના કલ્યાણમાં પ્રયોગ કરી જોઈશ. મ્હારા જીવનની કોઇ પણ રીતે મ્હને જરૂર જણાતી નહતી, પરંતુ હવે જાણી શક્યો છું કે મ્હારૂં જીવન નિષ્પ્રયોજક નથી. આપજ મ્હારી માતૃભૂમિ છો, આપજ મ્હારો ફ્રાન્સ છો અને આપજ મ્હારૂં સર્વસ્વ છો. હવે હું અન્ય કોઇને ઇચ્છિતો નથી."

જોન હસી પડી. એક સિપાહીની પોતાના પ્રતિ આવી પ્રગાઢ ભક્તિ જોઇ તેણે વિસ્મિત અને પુલકિત થઈ કહ્યું: "ઠીક, તમારી ઇચ્છા પૂર્ણ થશે."

"પણ, તમારૂં નામ શું?"

તેણે ગંભીરતાથી કહ્યું: "લોકો મ્હને વામન કહી બોલાવે છે પરંતુ મ્હને લાગે છે કે એ મશ્કરી સિવાય અન્ય કંઇ નથી."

જૉન હવે હાસ્ય અટકાવી શકી નહિ. તેણે થોડી વાર ચૂપ રહી કહ્યું: "શું તમે મ્હારા અંગરક્ષક થવા ઇચ્છો છો?"

"શું હું તે માટે ભાગ્યશાળી થઈ શકીશ?"

"અવશ્ય. આજથી તમને મ્હારા દેહરક્ષકની જગ્યો આપવામાં આવે છે. એ પદવીને યોગ્ય એવો પોશાક અને હથિયાર હમણાંજ તમને મળશે."

ત્યાર પછી જોને સામે ઉભા રહેલા ઘોડાઓ તરફ આંગળી કરી કહ્યું: "પસંદ પડે તે ઘોડો જોઈ લો અને આજે સાંજે યુદ્ધ યાત્રા સમયે મ્હારી સાથે નીકળજો."

૮—विक्टोरीया पदक.

ઈ. સ. ૧૯૧૪ ના જુલાઈ મહીનામાં આસ્ટ્રિયા-હંગરીના યુવરાજ આર્ચ ડ્યુક ફ્રાન્સીસ ફર્ડિનાંડનું અને તેની પત્નીનું સેરાજીવામાં ખૂન થતાંજ યૂરોપમાં અર્ધા શતકથી દબાઇ રહેલો સમરાગ્નિ ભભકી ઉઠયો. યુરોપની શક્તિઓનું મનોમાલિન્ય, સ્લાવ પ્રજાની એક સામ્રાજ્ય સ્થાપન કરવાની અભિલાષા, રૂશિઆનો પૂર્વ પ્રદેશમાં વ્યાપાર વધારવાનો

ઉદ્દેશ, જર્મનીની સમુદ્ર તટ પર બંદરોની આવશ્યકતા, જર્મનીની એક સર્વ શ્રેષ્ઠ સામ્રાજ્ય સ્થાપવાની ઇચ્છા, ગ્રેટબ્રિટનની સર્વ જગતના સમુદ્ર પર સત્તા સાચવી રાખવાની પ્રબળ આશા અને એ વિષયમાં જર્મનીની હરીફાઈ વગેરે વાતો એવી હતી કે જેથી આજથી પચાશ વર્ષ પહેલાં પણ આ યુદ્ધનો સંભવ મનાયો હતો. તેની આગ સમગ્ર યુરોપમાં પ્રજળી રહી હતી, તેમાં આસ્ટ્રિયાના રાજકુમારના ખૂને ઘી હોમ્યું. આસ્ટ્રિયા-હંગરીના સમ્રાટ્ ફ્રાન્સિસ જોસફે સર્વીયાના રાજા પીટર પર કેટલીક અનુચિત શરતોથી દબાણ કર્યું, પણ રૂશિઆના વિશ્વાસ પર સર્વિયાએ આસ્ટ્રિયાની શરતો સ્વીકારી નહિ. પછી શું જોઇતું હતું? લોભી જર્મન સમ્રાટ્ કયસર સર્વ જગત ઉપર રાજ્યાધિકાર ભોગવવા તૃષાતુર થઇ રહ્યો હતો. વિલીયમને તો યુદ્ધ કરવાનું બહાનું મળી ગયું. તેણે જગતને જાહેર કર્યું કે "જો રૂશિઆ સર્વીયાનો પક્ષ લેશે તો અમોને હથિયાર ઉંચકવાની જરૂર પડશે અને અમે તેને શિક્ષા કરીશું તેમજ એ વિષયમાં તેને જે ઉત્સાહ આપશે તેમના તરફ પણ અમે ઉદાસીન રહી શકીશું નહિ." તો પણ રૂશિઆ સર્વીયાની વ્હારે ચડયું અને સંધિ પ્રમાણે ફ્રાન્સ પણ રૂશિઆને સહાય કરવા તૈયાર થયું. ઇંગ્લાંડે આરંભમાં સુલેહ અને શાન્તિ માટે પ્રયત્ન કર્યો; પરંતુ જ્યારે તેનું કોઇએ સાંભળ્યું નહિ અને ખાસ કરીને જર્મની કોઇ પણ રીતે શાન્ત થવા તૈયાર ન થયું ત્યારે ઇંગ્લાંડને ઇચ્છા વિરૂદ્ધ જર્મની વધી આવે એ ભયથી રણવાદ્ય વગાડવું પડયું. સર્વ દેશો ન્યાય અને ધર્મના નામથી અસ્ત્રશસ્ત્ર ધારણ કરવા લાગ્યા. કયસરે ત્રણ દિવસમાં પૅરિસ મેળવી ત્યાં રંગરાગ ઉડાવવાનો નિશ્ચય કર્યો! રૂશિઆએ પોતાના સૈનિક બળ પર એક અઠવાડીઆમાં જર્મનીમાં ઘૂસી જવાનો વિચાર બાંધ્યો! ફ્રાન્સ પોતાની સેનાને બેલજીયમમાં લઇ આવ્યું અને ઇંગ્લાંડ પોતાની સત્તા નીચે રહેલા દેશોના બળ પર ફ્રાન્સનું રક્ષણ કરવા આગળ વધ્યું. પરંતુ નાના બેલજીયમે સર્વ જર્મન પ્રલોભનોને ઠોકર મારી કયસરના પારિસમાં જઈ મોજમજાહ ઉડાવવાના વિચારો પર પાણી રેડયું! જર્મન લશ્કર પ્રથમ બેલજીયમને છિન્નભિન્ન કરવા તૂટી પડયું; પણ બેલજીયનોએ વીરતાપૂર્વક ટક્કર ઝીલી. અંતે બેલજીયમના રાજા આલબર્ટના હાથમાંથી શહેર પર શહેર જવા લાગ્યાં. બેલજીયમની રાજધાની

અસેડી ફ્રાન્સમાં લાવવામાં આવી અને બેલજીયમની મુઠ્ઠીભર સેના જે વીરતાથી યુદ્ધમાં ઘૂમી રહી હતી તે વીરતાનું પરિણામ એ આવ્યું કે અણુચિંતવ્યા હલ્લાથી ફ્રાન્સનું રક્ષણ થયું અને ઈંગ્લાંડ તથા ફ્રાન્સ બેલજીયમને સહાય કરવા આગળ વધી આવ્યાં. પ્રાથમિક અવસ્થામાં જો કે મિત્રરાજ્યોને વિશેષ સહન કરવું પડયું પણ પાછળથી જર્મનોને પાછા હઠાવવામાં આવ્યા. આ કાર્યમાં ઈંગ્લાંડના તાજમાં ઝળકતા હીરા હિન્દુસ્થાનના વીર સૈનિકોએ રણક્ષેત્રમાં પહોંચી જઈ વધતી જતી જર્મન શક્તિને અટકાવી મહત્ કાર્યમાં ઉપયોગી ભાગ લીધો.

* * * *

(૧)

ભારતીય સેનાને યુરોપીય રણક્ષેત્રમાં આવે એક મહીનો થઇ ગયો છે. તેમણે રણક્ષેત્રમાં આવતાંની સાથેજ જોયું કે જર્મન સૈન્ય મહાન દૃઢતાથી મોર્ચો બાંધી પડયું છે. તેમની મોર્ચાબન્દી જેમ અજય છે તેમ તેમના સૈનિક પણ બડા દગાબાજ છે. ભારતીઓ ખાઇઓની અંદરથી ખુલ્લા મેદાનમાં લઢવા નીકળતા અને વારંવાર આગળ વધી જતા; તેથી શત્રુના ગોળાઓથી તેમનો નાશ થતો જોઇ છેવટે સેનાપતિને આજ્ઞા કરવાની જરૂર પડી કે કોઈ પણ હિન્દી સૈનિકે આજ્ઞા સિવાય મેદાનમાં નીકળવું નહિ. આ સમયે શત્રુઓએ નજીકની ખાઇઓમાંથી લઢતા અંગ્રેજ સૈન્યની એક ટુકડીને હલ્લો કરી કેદ કરી લીધી. શત્રુઓ દ્વારા સ્વસૈન્યનો નાશ થતો જોઈ સેનાપતિ પોતે અગ્નિવૃષ્ટિની દરકાર ન રાખતાં ઘોડાપર સ્વાર થઇ એક માટીના ઢગલા પર ચઢી ગયો. આજના યુદ્ધે સર્વ અંગ્રેજ સૈન્યને પરિશ્રમથી શ્રમિત બનાવી દીધું. સેનાપતિ અગ્રસ્થાને રહી શત્રુની પહેલીહાર પર હુમલો કરવા ઉત્તેજન આપવા લાગ્યો. સેનાપતિને કામ કરતો જોઇ કેટલાક પદવીધર અધિકારીઓ પણ ચંચલતા છોડી ધૈર્ય પૂર્ણ રહેવાનો પ્રયત્ન કરવા લાગ્યા; પરંતુ લશ્કર આગળ વધવા ઉત્સાહિત થયું નહિ. બેંડ વગાડનારા યુવકો પણ હતાશ થઇ સેનાપતિ તરફ જોવા લાગ્યા; એટલામાં એક સણસણાટ કરતી ગોળી આવી એક બેંડ વગાડનારાનું મસ્તિષ્ક ભેદાયું અને તે યુવક પૃથ્વી પર પડયો.

સેનાપતિએ શોક પ્રદર્શિત કરતાં પોતાના અંગરક્ષક તરફ જોઈ કહ્યું: "રાત્રે સ્મરણ કરાવજો. એ યુવકના પિતાને હું જાતે પત્ર લખીશ."

આ વખતે હિન્દી સૈન્યનો કર્નલ વીકસ બીજી તરફથી ઘોડાપર આવતો જણાયો. તે સેનાપતિને હતાશ થતો જોઈ રીકાબમાં પગ રાખી ઘોડાની પીઠ પર આવી ગયો. તેનો હુરરેનો પોકાર સર્વે સૈનિકોમાં ઉત્સાહનો સંચાર કરતો હતો. કર્નલ પર સૈન્ય દેવથી પણ વિશેષ શ્રદ્ધા રાખતું હતું; પરંતુ તેની વાતોથી પણ આ સમયે કંઈ બન્યું નહિ. કારણ ? સામે મૃત્યુ નિશ્ચિત હતું !

આ વખતે વીરસિંહ નામક એક હિંદી યુવક બોલી ઉઠયો: "યુવાનો ! ઉભા ઉભા શા વિચાર કરો છો? શું શત્રુ પર હલ્લો આવો અસંભવિત છે? સેનાપતિ અરે, કહો કે સર્વ જગત્ તમારા તરફ જોઈ રહ્યું છે! શું હિન્દના નામને કલંકિત કરશો? સરકારને તમારી વીરતા બતાવવાનો—અરે ! હિન્દની નિમકહલાલીનો—રાજભક્તિનો—ખ્યાલ કરાવવાનો આ સિવાય કયો પ્રસંગ મેળવશો ? ચલો! ડરો નહિ! આગળ વધો ! ભારતભૂમિને ભાગ્યશાળી બનાવો અને શત્રુનો ઉચ્છેદ કરી નામ અમર કરો !" આટલું કહી તે યુવકે સર્વના મુખ પ્રતિ જોયું અને ખભા પર બન્દુક રાખી એકલો આગળ વધવા લાગ્યો ! તેની ચોતરફ આગ વરસી રહી છે, પરંતુ તે તેના તરફ જોતો પણ નથી. તુરતજ સૈન્યમાં જયઘોષ થયો અને ઉત્સાહથી મત્ત થઇ વીરસિંહની પાછળ સર્વ સૈનિકો ચાલવા લાગ્યા. ઉંચા સ્થાન પર ઉભો રહેલો સેનાપતિ આ દશ્ય જોઇ રહ્યો હતો ! આ પ્રકાર જોઈ કર્નલનું મુખ પણ આનંદ અને ગર્વથી ચમકી ઉઠયું.

સેનાપતિએ કર્નલ વીકસને પૂછ્યું: "એ યુવક કોણ છે કે જે એકલો આગળ ચાલ્યો જાય છે?"

કર્નલે અભિમાનપૂર્વક કહ્યું: "મ્હારા સૈન્યનો એક હિન્દી સૈનિક છે. જે કામ હું કરી શક્યો નહિ તે તેણે કરી આપ્યું છે."

સેનાપતિએ કહ્યું: "અરે, જુઓ ! જુઓ ! તે કેવો ધૈર્યતાથી આગળ વધ્યો જાય છે. કેવો વીર પુરૂષ? કેવી હિમ્મત? સર્વ તેના તરફ જોઇ રહ્યા છે. વાહ! હવે તો બધાએ તેની પાછળ ચાલવા લાગ્યા છે! શાબાસ !

શાબાસ !" સેનાપતિ સૈનિક વીરસિંહની ગતિને ધ્યાનપૂર્વક જોવા લાગ્યોઃ "વાહ! તેણે તો શત્રુની ખાઇઓની પ્રથમ પંક્તિમાં પ્રવેશ કરી દીધો છે."

"આજે આપણા લશ્કરનોજ જય થયો છે." સેનાપતિએ એક અંગરક્ષક તરફ જોઇ કહ્યું : "જે યુવક હથેલીમાં પ્રાણ લઈ આગળ ગયો હતો તેને મ્હારી પાસે હાઝર કરો."

અંગરક્ષકે થોડી વારમાં વીરસિંહને સેનાપતિ સમક્ષ ઉભો કર્યો. સેનાપતિએ યુવકની વિજયોર્મિની ઝળકતી મુખચર્યા તરફ જોઇ કહ્યું: "વીર યુવક! આજના વિજયનું માન ત્હને પ્રાપ્ત થયું છે, એટલુંજ નહિ પણ સમસ્ત હિંદુસ્થાનને મળ્યું છે. વારૂ પણ તું એકલો શત્રુપર આક્રમણ કરવાનું સાહસ કેમ કરી શક્યો? શું ત્હારી પાસે કોઇ રક્ષા-કવચ છે......"

કર્નલે વચમાંજ ગમતી સ્વરે કહ્યું : "કેમ નહિ? રૂશિઅનોની પાસે જે પ્રકારનું રક્ષણ ચિત્ર રહે છે તેમ આ યુવકની પાસે પણ તેવું કોઇ રક્ષણ કવચ હોઇ શકે ખરૂં."

યુવક પ્રથમની માફકજ શાન્તિથી દૃઢતાપૂર્વક બોલ્યો : "જી, હા, મ્હારી પાસે રક્ષાયંત્ર છે, પણ તે રૂશિઅનોના ચિત્રની માફક શક્તિહીન નથી."

સેનાપતિએ હસીને કહ્યું: "ત્યારે તો તું યુદ્ધમાં અજીતજ છે, કેમ નહિ?"

યુવકે ખીસામાંથી એક વાટવો કાઢ્યો અને તેમાંથી દોરાથી બાંધેલો એક કાગળ કાઢી સેનાપતિ તરફ જોઇ કહ્યું : "જ્યારથી મ્હેં મ્હારો દેશ છોડ્યો છે, ત્યારથી મ્હેં આ પત્રને એક ક્ષણ પણ દૂર રાખ્યો નથી. હું બાલ્યાવસ્થાથી જેના પર પ્રેમ રાખતો આવ્યો છું તેનો આ એક અંતિમ પત્ર છે. વડીલ અને સગાં સંબંધીઓએ તે એક હલકા કુળની કન્યા હોવાના કારણે મ્હને તેનાથી વંચિત રાખ્યો છે. દેશમાં હતો ત્યારે દશ પંદર દિવસે તેનો પત્ર મળે જતો હતો, તેથી વિશેષ ઉદ્વેગ થતો ન હતો; પરંતુ આજે એક માસથી તેની કંઈ પણ ખબર મળી નથી. અરે પ્રભુ! તેની કેવી દશા થશે?"

સેનાપતિએ પત્ર સ્વહસ્તમાં લઇ જોયો. તે એક નાના બદામી કાગ-

ઊપર લખાયો છે, લેખન શૈલી ઘણી સાધારણ છે, આખા પત્રમાં એક પણ વાક્ય તૂટેલું નથી અને છેવટે હિન્દી તારીખ નાખેલી છે. સેનાપતિએ તે પત્ર વીરસિંહના હાથપર નાખી કહ્યું :

"ત્યારે તું તેને કેમ પત્ર લખતો નથી ? તું પત્ર લખ ! હું તે અમારી ટપાલ સાથે હિન્દુસ્થાન મોકલી દઇશ અને આજે તેં જે વીરતા દર્શાવી છે તે માટે પ્રધાન સેનાપતિને ત્હને વિકટોરીયા ક્રોસ આપવાની ભલામણ પણ કરીશ."

યુવક નમન કરી ચાલ્યો ગયો.

(૨)

ઉક્ત ઘટનાને આજે એક અઠવાડીયું થઈ ગયું છે. આજે તહેવારનો દિવસ હતો. અંગ્રેજ જનરલે તહેવારના દિવસે બન્ને સૈન્ય ઇશ્વરાધના કરી આનંદમાં વ્યતીત કરે તે માટે યુદ્ધ બંધ રાખવા કહેવડાવ્યું પરંતુ નિષ્ઠુર જર્મનોએ તે માટે સ્પષ્ટ ના સંભળાવી દીધી ! અંગ્રેજ સૈન્યમાં હમેશની માફક આજે પણ કાર્ય ચાલી રહ્યું છે ! વીરસિંહના ઘા રૂઝાઇ ગયા છે. તે હોસ્પીટલમાં એક સ્ટુલપર બેસી પોતાની પ્રાણેશ્વરી પ્રિયતમાને પત્ર લખવામાં મશગૂલ બની રહ્યો છે. તેણે પત્રમાં લખ્યું હતું કે : " મ્હારી પ્રિય ચમ્પા ! સેનાપતિની કૃપાથી આજે હું ત્હને પત્ર લખવા ભાગ્યશાળી થયો છું. તેમણે મ્હારાપર દયા કરી પોતાની ટપાલ સાથે આ પત્ર ત્હારા તરફ મોકલવાનું કહ્યું છે. હું ખુશીમાં છું. આશા છે કે તું પણ ખુશી હોઇશ. દેશ છોડયો છે ત્યારથી ત્હારૂં સ્મરણ મ્હને રાતદિવસ બેચેન બનાવી રહ્યું છે. વિદેશમાં આવ્યા પછી મ્હારાં નેત્ર ખુલી ગયાં છે; અને તું પણ જાણીને પ્રસન્ન થશે કે, હવે વડીલ અને જ્ઞાતિ રૂપ કંટકો ત્હને મળવામાં વિઘ્નરૂપ થઇ શકશે નહિ. અહીં જાત બાતનું કોઇ નામ પણ લેતું નથી. સર્વેનું રક્ત એક બીજા સાથે વહે છે. એજ સમતાની નવી લહેર અને ઉમંગથી હું ત્હને પ્રાપ્ત કરી શકીશ, એ વિચારોએ મ્હને આનંદ સાગરમાં ડુબાવી રાખ્યો છે. હું જ્યારે યુદ્ધ કરવા બહાર પડું છું ત્યારે મ્હારો હસ્ત મ્હારી તલવાર પર એટલા માટેજ પડે છે કેઃ જાણે બીજાના રક્તમાં મ્હારૂં

રક્ત મેળવી દઉં. હું કેટલીએ વખત **વિકટોરીયા ક્રાસ** સંબંધી ત્હારી સાથે વાતો કરતો હતો ત્યારે તે સાંભળી તું મ્હને તે મેળવવા પણ કહેતી હતી. સેનાપતિએ થોડા દિવસ પરજ મ્હને કહ્યું છે કે તમને વિકટોરીયા ક્રાસ આપવા માટે અમે ભલામણ કરીશું. "મ્હારા એક અધિકારી દ્વારા હું જાણી શક્યો છું કે તે મ્હને થોડા વખતમાં મળી જશે. આ સન્માનનો અધિકાર મ્હને કેવી રીતે પ્રાપ્ત થયો તે હું કહી શકતો નથી. છેવટે એક વાત એ કહેવાની છે કે ત્હારો અંતિમ પત્ર જે મ્હને હિન્દુસ્થાનમાં મળ્યો હતો તે તેં શપથ આપી કોઇની પાસે પ્રકટ ન કરવા લખ્યું હતું પરંતુ સેનાપતિએ મ્હને પુછ્યું કે શું ત્હારી પાસે એવો કોઇ મંત્ર છે કે જેને લીધે તું શત્રુથી ડરતો નથી ? ત્યારે મ્હેં ત્હારો પત્ર બતાવી દીધો હતો. પ્રભુ ઇચ્છા હશે તો હું જલદી ત્હને આવી મળીશ..........."

એટલામાં એક અંગ્રેજ ડોકટરે ઘોડા પરથી ઉતરી વીરસિંહને કહ્યું : "ઘોડો પકડ, હું અંદર જાઉં છું." વીરસિંહે માથું ઉંચું કરી તેને ઉત્તર આપતાં કહ્યું : "ઘોડાની લગામ પકડવા કોઇ ઘોડાવાળાને કહો, હું હમણાં એક જરૂરી કામમાં છું."

બસ ! ડોકટરનો મિજાજ ખસી ગયો. તેણે કહ્યું : "જો તું મ્હારો હુકમ નહિ માને તો સેનાપતિને કહી ત્હને શિક્ષા કરાવીશ. ઉઠ, ચાલ, ચેંચું ન કરતાં ઘોડાને ટેલાવ–ફેરવ !"

વીરસિંહ પણ પોતાને સંભાળી શક્યો નહિ. તેણે કહ્યું: "જાઓ ! ગમે તેમ કરો ! હું સેનાપતિની આજ્ઞા સિવાય અન્ય કોઇનો હુકમ માની શકતો નથી." વાત વધી ગઇ. ડોકટર ભારતવર્ષમાં રહી ચુક્યો હતો. એક હિન્દુસ્થાનીનું આવું સાહસ તે સહન કરી શક્યો નહિ. તેણે નક્કી માની લીધું હતું કે: હિંદુસ્તાની ગમે તે હોય પણ તેણે સાહેબ લોકોનું દરેક કામ કરવુંજ જોઇએ. બીજા ઉદાર સાહેબ લોકોની વર્તણુક જોવા છતાં તેણે પોતાના વિચાર ફેરવ્યા નહોતા ! તે ઉત્તેજિત થઇ બોલ્યો: "હિન્દી સુવર ! તું મ્હારો હુકમ નહિ માને ? બુટની ઠોકરથી......" ડોકટરના મુખમાંથી વાક્ય પૂર્ણ થતા પહેલાંજ વીરસિંહનું મુખ લાલચોળ બની ગયું. આ અપમાને

તેને અસ્થિર બનાવી દીધો. પાસે રહેલી કિરચ લઇ તે ડોકટર પર તૂટી પડયો. ડોકટરના રક્તથી પૃથ્વી લાલ બની ગઇ! અપમાનથી ઉપસ્થિત થયેલા ક્રોધે તેને વિચાર પણ ન કરવા દીધો કે આ કૃત્યનું શું પરિણામ આવશે! ડોકટરની ચીસ સાંભળી કેટલાએ સૈનિકો ત્યાં એકત્ર થઇ ગયા. વીરસિંહ કિરચ ફેંકી દઇ અને છાતીપર હાથ મુકી પકડાઇ જવા માટે સર્વ તરફ શાંતદૃષ્ટિથી જોવા લાગ્યો. પ્રેક્ષકો સમજ્યા કે તે પાગલ—ગાંડો—બની ગયો છે. વીરસિંહને કેદ કરવામાં આવ્યો અને તેજ વખતે કોર્ટ માર્શલમાં તેની તપાસ થવા લાગી.

"કેમ? તેં ઇરાદાપૂર્વક ડોકટરનું ખૂન કર્યું છે?"

"હા!"

"કારણ?"

"તેણે મ્હને ઘોડો ફેરવવાનું કહ્યું તે વખતે (ખીસામાંથી કાઢી) હું આ જરૂરી પત્ર લખતો હતો. મ્હેં નમ્રતાપૂર્વક તેની આજ્ઞા ન સ્વીકારી. તેણે કહ્યું કેઃ જો તું મ્હારો હુકમ નહિ માને તો સેનાપતિને કહી શિક્ષા કરાવીશ. ત્યારે મ્હેં પણ કહ્યું કે: હું સેનાપતિની આજ્ઞા સિવાય અન્યનો હુકમ માનવા બંધાયલો નથી. તે આ ઉત્તર સાંભળી "હિન્દુસ્થાની સૂવર" કહી મ્હને લાત મારવા આગળ વધ્યો; તેથી હું એ અપમાન સહન કરી શકયો નહિ. ગાળ સાંભળતાંજ મ્હારૂં રક્ત ઉકળી આવ્યું તેથી ક્રોધમાં મ્હેં તેનો વધ કરી નાખ્યો!"

સર્વેએ આશ્ચર્યથી આંખો કાઢી તેના તરફ જોઇ કહ્યું: "શું વિના કારણ ડોકટરે ગાળ દીધી હતી!"

"જી હા."

સેનાપતિની આજ્ઞા પરથી ખૂન કરતા પહેલાં જે પત્ર વીરસિંહે લખ્યો હતો તે વાંચ્યો. સેનાપતિ વીરસિંહના મુખથી એવા શબ્દો કઢાવવા ઇચ્છતો હતો કે જેથી તે બચી જાય. તેણે પ્રશ્ન કર્યોઃ—

"શું ડોકટરના બુટની ઠોકર ત્હારા વદનમાં લાગી પણ હતી?"

"જી, નહિ. તેણે કેવળ હિન્દીમાં સૂવર કહી ગાળ દીધી હતી."

"શું તું એ વાત જાણતો હતો કે આ કૃત્યથી ત્હને પ્રાણ દંડની શિક્ષા થશે ?"

"હા, હું સારી રીતે જાણતો હતો." વીરસિંહનો સ્વર કંપી ઉઠયો; પરંતુ તેના વ્યવહારમાં કંઇ અનુચિત ચિહ્ન પ્રકટ થયું નહિ. સેનાપતિને જણાયું કે જે ગંભીરતાથી તે દિવસે શત્રુઓ પર વિજય મેળવી તે મ્હારી સામે આવી ઉભો હતો તેવી રીતે આજે પણ તે ઉભેલો છે. તેની સરળતા અને સત્યતા જોઈ સર્વેને દયા આવવા લાગી; પણ કોર્ટ માર્શલનો કાયદો અતિ સખ્ત હતો. થોડાજ વખતમાં છાવણીમાં જ્યાં ત્યાં કહેવાવા લાગ્યું કે: પ્રાતઃકાળમાં વીરસિંહને ગોળીથી વીંધી નાખવામાં આવશે. વીરસિંહે શિક્ષા સાંભળી પણ તેના મુખપર લેશ માત્ર પણ પરિવર્તન થયું નહિ. તેણે તો પ્રભુના નામ સ્મરણમાં જાગ્રત રહી રાત્રિ પૂર્ણ કરી.

(૩)

સ્હવાર થતાંજ વીરસિંહને મેદાનમાં ઉભો રાખવામાં આવ્યો. સૈનિકોનાં ટોળેટોળાં તેના મૃત્યુનું દૃશ્ય જોવા એકત્ર થવા લાગ્યાં. સૂર્યની લાલી પ્રકટ થતાંજ સેનાપતિ મેદાનમાં આવી પહોંચ્યો. તે ગદગદ કંઠે યોગ્ય આજ્ઞાઓ કરતો વીરસિંહ પાસે આવી બોલ્યો : "વીરસિંહ ! હું દિલગીર છું કે કોર્ટ માર્શલના કઠોર કાનુનને લીધે ત્હારૂં રક્ષણ કરી શકતો નથી. પરમ-કૃપાળુ પ્રભુની ઇચ્છા હતી તેમ બન્યું ! શું તું કંઈ કહેવા ઇચ્છે છે ?" આ વખતે વીરસિંહના હાથ પીઠ પાછળ બાંધી રાખેલા હતા !

વીરસિંહે કહ્યું : "હા, હું એક વાર આપની સાથે હસ્તાંદોલન–શેક-હેન્ડ–કરવા ઇચ્છું છું."

સેનાપતિની આજ્ઞાનુસાર તેનું બંધન દૂર કરવામાં આવ્યું. ભયંકર ગંભીરતાથી એક બીજાએ કરમર્દન કર્યું. વીરસિંહ માટે આ છેવટનું હસ્તધૂનન હતું. વીરસિંહે પોતાના વાટવામાંથી ચમ્પાનો પત્ર કાઢી સેનાપતિના હસ્તમાં મુક્યો. સેનાપતિ તેના તરફ જોઇ રહ્યો. તેણે કહ્યું : "આ પત્ર મ્હારી ચંપા તરફ મોકલી આપવાની વ્યવસ્થા કરશો." વીરસિંહે હાસ્ય કરી પુનઃ કહ્યું :

"હું આપનો એક અનુરોધ ઇચ્છું છું અને તે એ છે કે, કૃપા કરી આમાં મ્હારી ચંપાના નામનો બીજો એક પત્ર લખી મુકાવશો કે: "તમારા જે રક્ષા કવચે શત્રુના ગોળા અને ગોળીઓથી કેટલીએ વાર મ્હારૂં રક્ષણ કર્યું હતું તેજ રક્ષા કવચ એક ડૉક્ટરની ગાળથી મ્હારૂં રક્ષણ કરી શક્યું નથી!"

સેનાપતિનાં નેત્ર અશ્રૂજળથી ભરાઇ આવ્યાં. તેણે કહ્યું: "અન્ય કંઇ?–"

વીરસિંહ મસ્તિષ્ક ધૂણાવી બોલ્યો: "હવે હું શાંતિથી કૉર્ટ માર્શલની આજ્ઞાનું પાલન કરવા તૈયાર છું." તેણે આકાશમાં પ્રકટ થતા સૂર્યબિંબ તરફ જોઈ પુનઃ દૃઢ સ્વરથી કહ્યું: "ગોળી છોડો."

આજ્ઞાની સાથેજ બંદુકનો અવાજ થયો. પ્રકૃત વીર વીરસિંહનું મૃત શરીર જમીનપર તૂટી પડયું. પ્રેક્ષકોનાં નેત્ર અશ્રૂપૂર્ણ બની ગયાં. સેનાપતિએ વીરસિંહના સન્માનાર્થે તેના મૃતદેહ પાસે થઇને ઉપસ્થિત સૈન્યને માર્ગક્રમણ કરવાની આજ્ઞા કરી.

એક સૈનિકે કહ્યું: "શું તેમ કરવાની આવશ્યકતા છે?"

સેનાપતિએ કહ્યું: "જરૂર એમ કરવુંજ પડશે, એટલુંજ નહિ પણ સામે ડૉક્ટરની સમાધિ જણાય છે માટે તેના સન્માન સારૂ પણ તેની પાસે રહી સૈન્યને જવું પડશે. સર્વને તેથી યાદ રહેશે કે વરિષ્ઠ કાર્ય કર્તાઓની સાથે અનુચિત વ્યવહારનું ફળ સારૂં મળતું નથી!

* * * * *

છાવણીમાં આવી સેનાપતિએ જોયું તો લૉર્ડ કિચનર તરફની ટપાલ આવી હતી. તેમાંથી એક સીલબંધ લખોટો ખોલી જોયું તો તેમાં સમ્રાટ તરફથી **બહાદુર વીરસિંહને વિકટોરીઆ પદક** આપવાની મંજૂરી આવેલી જણાઇ, પણ હવે તે પદક શા કામનો?

૯–સ્વદેશપ્રેમી ફ્રેન્ચ બાળા.

(૧)

ભગવાન સૂર્યનારાયણ અસ્તાચળે પહોંચ્યા હતા. સંધ્યા દેવી આનંદપૂર્વક તેમનું સ્વાગત કરવા રંગબેરંગી આભૂષણોથી પરિધાન થઇ ઉલ્હાસિત વદને મંદગતીથી આવતી હોય તેવો ભાસ થતો હતો. પક્ષીઓ સ્વસ્થાને દોડી જતાં હતાં, તોપણ યુદ્ધના ધડાકા કડાકા સંભળાયા કરતા હતા. આ સમયે એ ભયંકર ધ્વનિથી ધ્રૂજતી એક ફ્રેંચ બાળા મ્યુઝના એક રમણીય કિનારાપર કંઇ વિચાર કરતી બેસી રહી હતી. તે ભલી બાળા અદ્યાપિ કેમ બેસી રહી હશે તેની કલ્પના શું આપણે કરી શકીશું? તે શા વિચાર કરતી હતી? વાચક, સાંભળ. તે શું કહે છે?

"હે પ્રભુ! શું તું યુદ્ધના ઉપાસકોનો ગુલામ છે? ના, ના, તેમ થવું સંભવિતજ નથી. ત્યારે દુષ્ટ જર્મનોના હસ્તે પ્રભુને પ્રિય એવી શાંતિનું પુજારી બેલજ્યમ આવી સ્થિતિમાં કેમ આવ્યું? જો ત્હારે ત્યાં ન્યાય હોય તો રંક પ્રજાને રંજાડવા આ જગતમાં કોણ શક્તિમાન છે? કોણ કહે છે કે: ઇશ્વિર સત્યનો બેલી છે? અરે, ઓ સત્યની મ્હોટી મ્હોટી વાતો કરનારાઓ! આ વખતે તમે જગતના કયા ખૂણામાં સંતાઇ રહ્યા છો! બહાર આવો! તમારા સત્યાભિમાની સિદ્ધાન્તોને સાચા કરી બતાવો. જે જર્મનીને આજે સર્વ જગત્ ધિક્કારી રહ્યું છે, જે જર્મની તરફ જગત્ તિરસ્કારની તીક્ષ્ણ દૃષ્ટિ ફેંકી રહ્યું છે, જે જર્મનીનું ઝેર જગતની પ્રત્યેક નસ અને નાડીમાં ઓતપ્રોત થતું જાય છે, જે જર્મનીએ પ્રભુનાં બાળકોને કચડી નાખ્યાં છે અને જે જર્મની રાક્ષસી મહત્વાકાંક્ષાને આધીન થઇ રહ્યું છે તે જર્મની શું ન્યાય માટે યુદ્ધાગ્નિને પ્રજ્વલિત કરે જાય છે? સત્યનું સમર્થન કરનારાઓ, કહો, બોલો! ગરીબ બીચારૂં બેલજ્યમ, સત્યપક્ષને સ્વીકારી

જર્મન રાક્ષસોની અસત્યતાનો ભોગ થઇ પડયું છે કે નહિ? કહો, પ્રભુ ક્યાં છે? ફ્રાન્સનો બચાવ થયો હોય તો તેનું સર્વ માન માત્ર બેલજીઅમના વીર-રત્ન આલબર્ટ અને તેના સૈનિકોનેજ ઘટે છે. સત્યે સત્યનો ભોગ લીધો છે! શાંત ફ્રેંચ પ્રજાને વિજય અપાવવા માટેજ બેલજીયમે પરાજય મેળવ્યો છે! હવે હું તમારા સત્ય પક્ષને સ્વીકારી શકીશ નહિ. જગત્માં અસત્યનું અવ-લંબન કરીશ અને જર્મન સમ્રાટની બુદ્ધિને શુદ્ધિપર લાવીશ!"

તે ફ્રેંચ બાળા આવા વિચારથી નાસ્તિક થતી જતી હતી તેટલામાં તેના કર્ણ આગળથી સણસણાટ કરતી એક ગોળી ચાલી ગઈ. બાળા ચમકી! તેનું કોમળ હૃદય ભયથી શિથિલ થઇ ગયું! તેણે એક વાર નજીકના ડુંગરા તરફ જોયું તો કોઇ બે સૈનિક આવતા જણાયા. તેણે તુર્તજ ત્યાંથી નાશવા માંડયું. પેલા સૈનિકો પણ તેની પાછળ પડયા. બાળાએ જાણ્યું કે: "હવે મ્હારૂં આયુષ્ય પૂર્ણ થયું છે. ખરેખર! ઇશ્વર અન્યાયી છે. બસ, હવે શા માટે ડરવું? ભય કોનો? એ પણ મનુષ્ય છે અને હું પણ મનુષ્ય છું. તેનામાં જે આત્મા છે તે આત્મા મ્હારામાં છે. બરાબર, ખરૂં છે! હિન્દી શાસ્ત્રના અભ્યાસી હેરીંગ્ટનનું વચન સત્ય છે. પરમાત્મા આ જગત્માં બીજો કોઈ છેજ નહિ. મનુષ્ય માત્ર પરમાત્મા છે—બ્રહ્મ છે—ઇશ છે! હા, પણ જો એમજ હોય તો પરમાત્મા પરમાત્મા સામે યુદ્ધ કરે ખરો? બધું મિથ્યા છે!" એક ક્ષણમાત્રમાં આટલા વિચારો આવી ગયા અને પેલા સૈનિકોમાંના એકે ફ્રેંચ બાળાનો હસ્ત પકડી કહ્યું: "વીરબાળા! તુ ક્યાં જાય છે? કહે, કહે! મ્યૂઝના કિનારાપર તું શું બકી રહી હતી? શું જર્મનો રાક્ષસ છે? હવે તું જાણી શકીશ કે, જર્મનો રાક્ષસ નહિ પણ સાક્ષર છે, સેતાન નહિ પણ દેવ છે, કાયર નહિ પણ વીર છે અને દુષ્ટ નહિ પણ દયાળુ છે. સૌંદર્ય દેવી! તું અમારી સાથે આવશે તો ત્હારા ભાગ્યનો ઉદય થશે."

"બસ કરો! તમારા હસ્તે મ્હારા ભાગ્યનો ઉદય હું કરાવીશ નહિ." ફ્રેંચ બાળા વીરોચિત સ્વરે બોલી: "શું એક ફ્રેંચ બાળા પાપી જર્મનોની સત્તાને માન આપશે? શુદ્ધ ફ્રેંચ રક્ત ભલેને ખોજીલું બની ગયું હશે પણ તે શત્રુના વૈભવથી કદી પણ વશ નહિ થાય!"

પેલા બે સૈનિકોમાંથી એકે કહ્યું: "અદ્યાપિ સુધી હું કોઈ પણ સ્ત્રીને જોઇ ચલિત થયો નથી; પણ માત્ર જ્યારથી મ્હેં ત્હને જોઇ છે ત્યારથી મ્હારૂં હૃદય ધબકવા લાગ્યું છે. શું તું જર્મન કર્નલ વર્મનના શબ્દને તુચ્છ માનશે? કહે તો હું ત્હારા માટે મ્હારો પ્રાણ અર્પું પણ ત્હને છોડી શકીશ નહિ. તું જર્મનોને કેમ ધિક્કારે છે? ફ્રેંચ પ્રદેશપર જર્મનો કદી પણ ચઢી આવત નહિ; પરંતુ જ્યારે રૂશિઆએ ભયંકર યુદ્ધનો આરંભ કર્યો ત્યારે જર્મની શું પોતાના બચાવ માટે યુદ્ધમાં ન ઉતરે? જવા દે હમણાં એ વાત! જો તું મ્હારી સાથે આવશે તો હું ત્હને અમારી સત્યપૂર્ણ સ્થિતિની કલ્પના કરાવીશ. મ્હને એ પણ કહેવા દે કે, તું કદાચ એમ માનશે કે: અહીંથી તું નાશી જઇ શકીશ, તો તે ખોટું છે. હમણાંજ જર્મન સૈન્ય અહીં આવી પહોંચ્યું છે અને નદી ઓળંગી જઈ બચાવ પક્ષ લઇ બેઠું છે. તું કદી પણ તે ભેદી જઇ શકીશ નહિ. ફ્રેંચ સૈનિકોની નાશી જતી બે ટ્રેનો જો પેલા પૂલ પરથી તૂટી પડી છે. મ્હને આશ્ચર્ય એ થાય છે કે આવું પરિવર્તન થવા છતાં તું અહીં કેવી રીતે શાંત બેસી રહી? જો, જો, પેલી ટેકરી પર ક્રુપની સત્તર ઇંચી તોપ માટે સીમેન્ટની બેઠક તૈયાર થાય છે."

"એક ફ્રેંચ બાળા જર્મન સૈન્ય ભેદી ચાલી જાય એ તે શું રમતની વાત નથી? તમે એક સૈનિક છો તેથી હું માનું છું કે જોન આર્કને ભૂલી ગયા નહિજ હો!" હૃદય ભયથી કંપતું હતું પરંતુ મુખથી બળ દર્શાવવાનો પ્રયત્ન કરતાં તે બાળાએ કહ્યું: "તમારી પ્રચંડ તોપ મ્હારા એક શબ્દ આગળ નકામી છે. ગમે તેવી ભયંકરતા કદી પણ મ્હને અટકાવી શકશે નહિ."

"બાળા! મ્હેં ત્હને જે કહ્યું છે તે ભય પમાડવા નહિ પણ સત્ય સ્થિતિની કલ્પના કરાવવા માટેજ! જો ત્હારે ફ્રાન્સમાં જવું હશે તો પ્રયત્નની પરાકાષ્ઠા કરીને પણ હું ત્હને ત્હારી માતૃભૂમિમાં મુકી દઇશ, પરંતુ ખરેખર, ત્હારૂં દર્શન બંધ થતાની સાથેજ મ્હારો ઉત્સાહ નષ્ટ થશે, મ્હારૂં જીવન વ્યર્થ થશે." ત્હારી ઇચ્છા હું પૂર્ણ કરીશ. કહે, તું ક્યાં જવા ધારે છે? ભલે, તું સ્વચ્છન્દે વિચર! લે આ પટો ત્હારી પાસે રાખ! ત્હને કોઇ

પણ જર્મન સૈનિક અટકાવે તો આ પટો તેને બતાવજે! જા, જા, સુખી થા? હા, પણ તું ત્હારૂં નામ મ્હને જાણવા દેશે."

ફ્રેંચ બાળાએ ધાર્યું કે: ગમે તેવા પ્રયત્ને પણ હું ફ્રાન્સ જઇ શકીશ નહિ. તે મનમાંજ બોલી: "ફ્રાન્સમાં જઇને શું કરીશ? જેને માટે હું બેલજીયમનો મહાન દુર્ભિક્ષ સહન કરી રહી છું તેને તો હજી હું મેળવી શકી નથી! જો ઇચ્છિત કાર્ય પૂર્ણ ન થાય તો આ જીવન ટકાવી શું કરવાનું? મ્હારા આત્મારૂપ પ્રિય હેરિંગ્ટન સિવાય હું કદી પણ ફ્રાન્સમાં પગ મુકીશ નહિ, અને ત્યાં સુધી આ જર્મન સાથે રહીશ તો પણ શું? તેથી તો હું મ્હારો બચાવ કરીશ અને મ્હારા પ્રિયાત્માને મેળવી શકીશ." એ પ્રમાણે વિચાર કરી તેણે કહ્યું. "મ્હારૂં નામ મીસ ફ્લોરીડા છે. હું ત્હમારી સાથે રહીશ પણ ત્હમારે લક્ષમાં રાખવું જોઇએ કે: યુદ્ધનો અંત આવતા સુધી મ્હેં બ્રહ્મચર્યવ્રત સ્વીકારેલું છે તેથી હું કદી પણ લગ્ન કરીશ નહિ તેમજ તે સંબંધી વાત પણ કરીશ નહિ. હું કેવળ ત્હમારી શુદ્ધ ભક્તિ અને સરળ વક્તૃત્વતાને લીધેજ હમણાં ત્હમારા પવિત્ર જીવનનો અનુભવ મેળવવા ઇચ્છા રાખું છું."

(૨)

કર્નલ વર્મન! શા વિચારમાં પડ્યો છે? તે ગમગીન કેમ દેખાય છે? આજના જેવી અશાંતિ પૂર્વે તેણે કદી ભોગવી નથી, એમ તેના સૈનિકો માંહોમાંહ્ય કહી રહ્યા છે. ફ્લોરિડા તંબૂના ખૂણામાં એક કૉચપર પડી રહી છે! તે પણ કર્નલને કષ્ટ પામતો જોઇ ચિંતામગ્ન થઇ હોય તેમ લાગે છે. તેટલામાં કર્નલે પોતાના કપાળમાં ટપલો માર્યો! હવે ફ્લોરિડા શાંત રહી શકી નહિ. તે ત્યાંથી ઉઠી કર્નલની ખૂરસી સામે આવી ઉભી રહી, એકદમ બોલી: "શું? કર્નલ વર્મન આજે માથુ કુટવા તૈયાર થઇ રહ્યા છે? એવું તે કયું દુઃખ છે કે ત્હમે આજે ચાર કલાકથી બીલકુલ બોલ્યા નથી? જો તમારૂં દુઃખ દુર કરવામાં હું કંઇ કરી શકું તેમ હોય તો કહો! ત્હમે પણ જોશો કે એક ફ્રેંચ બાળા શત્રુને સંકટ સમયે સહાય થવા સદૈવ તત્પર રહે છે. પણ સંભાળજો? ફ્રેંચ સૈન્યને હાનિ થાય તેવું કૃત્ય હું કદી પણ કરી શકીશ નહિ."

"ફ્લોરીડા! ત્હારા શબ્દો મ્હારા જીવનને અમૃતરૂપ છે. હું તેના આધારે હજી જીવન ટકાવી શકીશ. ખરૂં કહું તો આ ક્ષણે જો તું આવી ન હોત તો મ્હારો પ્રાણ આ દેહ ત્યજી ગયો હોત! મ્હેં ત્હારાથી કંઈ પણ ગુપ્ત રાખ્યું નથી. અમારી સર્વે યુદ્ધકળાથી તું જ્ઞાત થઇ છે; તો પણ આજે અમે જે ભૂલ કરી છે તે તું જાણતી નહિ હોય. જો કયસરની આજ્ઞાનું અમે ઉલ્લંઘન કર્યું હોત તો આટલે કેલ્લે લઇ લીધું હોત અને પેરિસના સિંહદ્વારમાં પ્રવેશ કરી રહ્યા હોત! કયસર એવો ક્રુર છે કે તેના આગળ મ્હારા જેવા અનેક બુદ્ધિશાળી વીરોનું પણ ચાલતું નથી. તેનું પ્રધાનમંડળ એવું છે કે જેણે કદી પણ કયસરને ઘાતકી થતો અટકાવ્યો નથી. એ કુટીલ કયસરે સેનાપતિ બીમનબર્ગને ફાંસીને લાકડે લટકાવવાનો હુકમ કર્યો છે! શા માટે? કેવળ કેલ્લે માટે! હા, કેલ્લે ન લેવાયું તેમાં બીમન શું કરી શકે? જો બીમનને તેના વિચારમાં સ્વતંત્ર રાખ્યો હોત તો ઠીક હતું, પરંતુ તેણે પોતેજ ઓસ્ટેંડ કબજે આવે તો પણ ત્યાંથી આગળ નહિ વધવાની આજ્ઞા કરેલી છે! જો તેણે માણસો અને દારૂગોળો પુરો પાડયો હોત તો અમારે ઑસ્ટેંડ તરફ જતાં જતાં શામાટે પાછું ફરવું પડત? પાશેરામાં પહેલી પુણી હજી થઇ નથી તેટલામાં ગમે તેવા તુરતના પકડેલા મનુષ્યોનો હોમ કરવાનો વખત આવે ત્યાં વિજયની આશા ક્યાંથી હોઇ શકે? અને તે સાથે એ પણ વિચાર કરવો જોઇએ કે બર્નહાર્ડી જેવો એક મિથ્યાભિમાની માણસ અંગ્રેજોને કાયર ગણે તેટલા પરથી એમજ માની લેવું કે અંગ્રેજ પ્રજામાં વીરત્વ નથી? આજના જેવું અંગ્રેજોનું અદ્દભુત પરાક્રમ મ્હેં કદી પણ જોયું નથી. તેમનું ન્હાનું સૈન્ય અમારા અસંખ્ય મનુષ્યોને મૃત્યુ આધિન કરવામાં વિજયી નીવડયું છે. હમણાં હું એજ વિચારમાં હતો કે બીમન જો ફાંસીએ ચઢે તો મ્હારે એક અવિચારી રાજાના છત્ર નીચે શા માટે રહેવું? પણ ત્હારા અમૃતમય શબ્દોએ મ્હારા હૃદયમાં નવીન જીવન રેડ્યું છે. હવે, કયસર આવવાની તૈયારીમાં છે. તે પોતાની કાતિલ ઇચ્છા જાતે પૂર્ણ થયેલી જોવા ઇચ્છે છે! બીમનને ફાંસીએ ચઢાવી સૈનિકોને શરત્વ અર્પવા માગે છે! જો, જો, તે આવી પહોંચ્યો! તું સાથેની

ઓરડીમાં જા, તે અહીં આવતો હોય તેમ લાગે છે."

ફ્લોરીડા ત્યાંથી ચાલી ગઇ અને થોડીજ વારમાં કયસર આવી પહોંચ્યો. કર્નલ વર્મન નીચો વળી સલામ કરી સમ્રાટનું ભીષણ મુખ જોતો એક બાજુએ ઉભો રહ્યો. ક્ષણ માત્ર સર્વત્ર સ્તબ્ધતા પથરાઇ રહી! જાણે કે અખિલ બ્રહ્માંડનો નાશ ન થઇ ગયો હોય! વર્મન એક શબ્દ પણ ઉચ્ચારી શક્યો નહિ. તેના મનમાં એમજ થઇ રહ્યું હતું કે: આ યુદ્ધ-પિશાચ કોણ જાણે કેવી ભયંકર આજ્ઞા કરશે? યુદ્ધાગ્નિમાં એક દેશની ખાતર, માતૃભૂમિને પરવશ થતી અટકાવવાને સહાય કરવા માટે—અરે! જર્મનીને પરાજયથી કલંકિત થતું અટકાવવા માટે નિરૂપાયે તેની આજ્ઞાને વશ વર્તવું પડે છે! પ્રભુ, આ યુદ્ધનો જલદી અંત લાવ!"

છેવટે કયસર બોલ્યો: "વર્મન! તમે યુદ્ધમાં જય મેળવવા હવે કયો માર્ગ લેશો! બેલજીયમે આપણા કાર્યમાં અતિ વિક્ષેપ કર્યો છે. તમે જાણો છો કે, મ્હારે ખોટા આંકડા બહાર પાડવા પડે છે! જો ખરા આંકડા બહાર પાડવામાં આવે તો આપણા સોશિયાલીસ્ટોનો સમૂહ એવો મ્હોટો છે કે: અત્યારે બર્લિનમાં બળવો ઉઠયા સિવાય રહે નહિ."

"જી, હું આપની આજ્ઞા સિવાય અન્ય કંઈ સમજતો નથી. જે માર્ગ બતાવશો તે માર્ગે વહી જવું એજ મ્હારૂં કર્તવ્ય છે. જનરલ બીમને પેરીસથી વિશ મૈલ જેટલે દૂર ગુપ્ત સુરંગોથી ભૂમિ ભરી કાઢી છે. હમણાં અમે ધીમે આગળ વધીશું અને જ્યાં સર્વે ફ્રેંચ લશ્કર સુરંગોવાળા સ્થાને પહોંચશે કે તે ઉરાડી દઈ તેમને નષ્ટ કરી નાખીશું. એવી પણ ખબર મળી છે કે: રીમ્સના દેવળમાં ફ્રેંચોએ અગણિત દારૂ ગોળો ભરી રાખ્યો છે! પ્રસંગ આવે તે મેળવી લઇશું, નહિ તો તેને ઉરાડી મુકી શત્રુને હતાશ બનાવીશું."

"પણ, નામૂરનો કીલ્લો તોડવા માટે શું કર્યું છે?"

"તે માટે સર્વે વ્યવસ્થા થઇ ચુકી છે. ક્રુપની સત્તર ઇંચી તોપો આવી પહોંચી છે. શત્રુની ખાત્રી થઇ ચુકી છે કે લીજના કીલ્લા જેવીજ નામુરના કીલ્લાની સ્થિતિ થશે. તે જલદી પણ મક્કમ પગલે પાછો હઠતો જાય છે

અને યદા કદાચિત નહિ હઠે તો કીલ્લાને નષ્ટ કરવામાં આપણને વિશેષ હરકત નહિ પડે."

"હું કેવળ મુખની વાતો સાંભળવા ઇચ્છતો નથી. તમે જે કહ્યું છે તે કરી બતાવો એટલે બસ છે. પ્રભુએ મ્હને આ યુદ્ધ માટે આજ્ઞા કરી છે એટલે યશ અવસ્ય મળશેજ; કિન્તુ તમારા જેવા સૈનિકોએ ઉત્સાહી બનવાની આવસ્યકતા છે. સાંભળો ! પૅરિસમાં આપણા જાસૂસોએ ઘણી ખરી તૈયારી કરી રાખી છે. તમે ત્યાં પહોંચશો કે તુરત અનેક પ્રકારની સહાય મળશે. તમારી તોપો માટે ત્યાં કાંકરીટની બેઠકો તૈયાર છે, પણ સંભાળજો ! બીમન જેવી મૂર્ખાઈ કરશો તો આ કયસર જેવો દયાળુ છે તેવોજ ક્રૂર છે, એવો અનુભવ થવામાં વિલંબ થશે નહિ. તમે જાણતાજ હશો કે આજે બીમનને ફાંસી દેવાની છે !"

*　　　*　　　*

ફ્લોરીડા પડદા પાછળ રહી આ સર્વ હકીકત સાંભળી રહી હતી. તેના અંતઃકરણપર વજ્રાઘાત થયો. તેણે જાણ્યું કે: ફ્રેંચ સૈનિકોનો કચ્ચરઘાણ નીકળી જશે. કપટી જર્મનોની કપટજાળ વિચિત્ર પ્રકારની છે. ક્યાં પૅરિસમાં તૈયારી અને ક્યાં જમીનની સૂરંગો ! શું ફ્રેંચ કર્મચારીઓ નિદ્રામાંજ પડયા હશે ? બસ, હવે હું એ કર્મચારીઓની નિદ્રા દૂર કરીશ ! જર્મનો પણ જાણશે કે: એક ફ્રેંચ બાળાએ જાસૂસી કરી હતી. આ વખતે ફ્લોરીડાનાં નેત્ર એટલાં રાતાંચોળ થઈ ગયાં હતાં કે: જો કયસર તેની સમક્ષ ઉભો હોત તો તે પણ ક્ષણ માટે ભયથી ધ્રુજી ઉઠયો હોત. જો ટુંકામાં કહીએ તો આપણને ચંડીચામુંડા અથવા મહાકાળીનું સ્વરૂપ દગ્ગોચર થાય છે તેવી સ્થિતિમાં તે હતી. ક્ષણ વાર પછી તેણે શાંત થઈ બહાર આવી કર્નલ વર્મનને કહ્યું: "કયસર ખરેખર યમ સમાન છે ! બિચારા બીમન જેવા રાજ્યનિષ્ટ સરદારને તે ફાંસીએ લ્હડાવવાની હઠે ચઢયો હોય એમ લાગે છે. તેના શબ્દોથી મ્હારૂં મસ્તિષ્ક ભ્રમિત બની ગયું છે. જો તમને હરકત ન હોય તો હું સહજ તે નદીના કીનારા પર જઇ બેસું. હમણાં તોપબાજી બંધ પડેલી છે એટલે સહજ શાંતિ પણ મળી શકશે." કર્નલે તેને તેમ કરવા સંમતિ આપતાં તે ત્યાંથી ચાલી

નજીકમાં મ્યૂઝના કીનારા પર એક સુંદર ઘટાદાર વૃક્ષ હતું તેની નીચે જઇ બેઠી. હવે તે વિચાર કરવા લાગી કે: જર્મનીની કપટજાળની ખબર કોઈ પણ રીતે ફ્રેંચ સેનાપતિને આપવી જોઇએ. જો તેમ નહિ થાય તો ફ્રેન્ચો નિરાશ થઇ હતાશ બનશે અને પછી રૂશિઆ કે બ્રિટિશની ગમે તેવી સહાય હશે પણ તે ધૈર્ય ધારી શકશે નહિ. તેની વિચારમાળા એકદમ અટકી પડી અને દુરબીનથી જોતાં એક મૈલ પર જર્મનોએ જે વ્યુહ રચના કરી જય મેળવવા તૈયારી કરેલી હતી તે દૃષ્ટિએ પડી. તે તુરતજ દિગ્મૂઢ બની ગઈ અને એ દૃશ્ય જોઈ શકી નહિ. મસ્તિષ્કને શાંત કરવા તેણે જળ તરફ દૃષ્ટિ કરી. જળ ત્વરિત ગતીથી વહી રહ્યું હતું; એ સ્થાને પાણી થોડું હતું પણ સ્વચ્છ હોવાથી મનને આનંદ આપે તેવું હતું. તે ક્ષણ માત્ર ખળખળ શબ્દ કરતા પ્રવાહની લહરી જોવામાં નિમગ્ન બની પણ તેટલામાંજ પીઠ પાછળ કોઇનાં પગલાંનો ભાસ થવાથી જોયું તો કર્નલ વર્મન જણાયો.

(૩)

થોડાજ વખતમાં વર્મન ત્યાં આગળ આવી પહોંચ્યો. તેની પ્રકૃતિમાં થયેલું શોચનીય પરિવર્તન ફ્લોરીડાના લક્ષમાં આવ્યા સિવાય રહ્યું નહિ. વર્મન ફ્લોરીડા પાસે આવીને બેઠો. પાંચ મીનિટ સુધી ઉભયમાંથી કોઇએ પણ શબ્દોચ્ચાર કર્યો નહિ. છેવટે ફ્લોરીડા બોલી: "હું નહોતી ધારતી કે આજે તમે આ તરફ આવશો."

"એકાંત સ્થાનનો લાભ મેળવવાની ઇચ્છાથી હું આ તરફ ચાલ્યો આવ્યો છું" વર્મને કહ્યું: "મ્હારા આવવાથી તમારી શાંતિમાં ખલેલ તો નથી આવ્યું ને? જો તેમ બન્યું હોય તો ક્ષમા કરશો."

"એમાં ક્ષમા માગવા જેવું શું છે? હું જાણું છું કે આજનો દિવસજ એવો ગયો છે કે તમને આવા સ્થળે વિશ્રામ લેવાની જરૂર જેવું હતું. ગમે તેમ હો પણ તમને આવેલા જોઇને હું આનંદિત બની ગઈ છું. મ્હારો સર્વ પરિતાપ એકદમ નષ્ટ થઈ ગયો છે."

અમૃતમય પવન લહરીઓથી—કે પછી કોઇ અન્ય કારણથી—ફ્લોરીડાનું મુખમંડલ ઉજ્વલિત થઈ રહ્યું હતું; અને તેની શુભ્ર દંત કલિકાઓ

તેના મુખ તેજમાં વૃદ્ધિ કરી રહી હતી. એ દેખાવથી વર્મન મોહિત બની ગયો અને તેની હૃદયવૃત્તિ ઉત્તેજીત થઇ.

"યુદ્ધાગ્નિએ આ સ્થળની દિવ્યતાને ઝાંખી બનાવવાને પ્રયત્ન કર્યો છે છતાં આ સ્થળ કેટલું સુંદર લાગે છે !" ફ્લોરીડાએ જર્મન તરફ કટાક્ષ ફેંકી કહ્યું.

"કુદરત તે કુદરતજ ! સૃષ્ટિ•સૌંદર્યથી મનુષ્ય માત્રને જે આનંદ મળે છે તે અવર્ણનીયજ છે." વર્મને કહ્યું: "જો પ્રભુએ એટલી ખુબી ન રાખી હોત તો પ્રાણીમાત્ર આ જગતનાં દુઃખોથી માથુ પટકી પ્રાણ કાઢી નાખત. હા, પણ તમે થોડે સુધી ફરવા આવશો?"

"ચાલો ! હું પણ એજ વિચાર કરતી હતીઃ" ફ્લોરીડાએ કહ્યું: "અહાહા ! કેવો આહ્લાદ અનુભવાય છે."

બન્ને થોડે દૂર ગયા પછી વર્મને કહ્યું: "ફ્લોરીડા ! જો આ જળ-ચરપ્રાણી—મત્સ્ય—કેટલાં સુખી છે ? જો તે કેવાં સ્વેચ્છાનુસાર વિચરે છે. તેમને આપણી માફક છે કંઇ ફીકર કે ચિંતા ?"

ફ્લોરિડાએ કહ્યું: "વર્મન ! જગતમાં પ્રાણી માત્રની પાછળ સુખ દુઃખની પરંપરા લાગેલી છે. તેનો વિચાર કરવામાં વિશેષ લાભ નથી. એ મત્સ્યને પણ આપણી માફક વ્યવહાર લાગી રહ્યો છે. તમારૂં જર્મની જેમ કહે છે કેઃ જગતમાં બળવાન રાષ્ટ્રનેજ સર્વત્ર સત્તા સ્થાપવાનો હક્ક છે તેમ એ પ્રાણીમાં પણ છે."

"ઠીક, પણ કેટલા વાગ્યા ? દારૂગોળો આવી પહોંચ્યો હશે અને હમણાં યુદ્ધનો આરંભ થશે !" વર્મને કહ્યું: "હવે આપણે પાછા ફરવું જોઇએ. અરેરે વાતોમાં ને વાતોમાં આપણે કેટલે દૂર આવી પહોંચ્યા ! જો આવ્યા તેજ માર્ગે પાછા જઇશું તો ઘણો વખત લાગશે. જો નદી ઉતરી જઈએ તો અહીંથી કેમ્પ નજીક પડે તેમ છે, પણ ત્વરાથી ઉતરી શકાશે ?"

"અરે, અહીં કંઈ વિશેષ પાણી નથી." ફ્લોરિડાએ કહ્યું. "બહુ તો ઘૂંટણ કે જંઘા સુધી હશે. ચાલો, મ્હારી ફીકર કરશો નહિ."

"પણ પ્રવાહ જોસવાળો છે. મ્હારો હાથ પકડશો તો હરકત નહિ આવે !"

"નહિ, નહિ, હું છૂટી ચાલીશ? એમ કંઈ પડીને તણાઇ જઇશ નહિ. એવા ઘણા જળ પ્રવાહ મ્હેં ઓળંગ્યા છે."

"એવો આગ્રહ કરવાની જરૂર નથી. મ્હારા કેટલાએ સૈનિકો આવા પ્રવાહમાં ખેંચાઇ ગયા છે તો ત્હારૂં શું ગજું?"

"વર્મન સાહેબ, એ તો ફ્રેંચોએ છોડી નાખેલા બંધારાનું પરિણામ હતું. હમણાં તેવું નથી."

એટલું કહી તુરતજ ફ્લોરીડા જળ પ્રવાહમાં ઉતરી. વર્મન પણ પાછળ ચાલવા લાગ્યો. થોડુંક આગળ વધતાં વર્મને કહ્યું: "પ્રવાહનું બળ વધારે આવતું જાય છે માટે મ્હારો હાથ પકડ!"

ફ્લોરીડાએ હસતાં હસતાં કહ્યું: "એટલી હું નિર્બળ નથી." પણ એ શબ્દ પૂર્ણ થતાંજ તેનો પગ ખસી ગયો અને તે લાંબી થઇ પડી. તે સાથેજ વર્મન ગભરાઇ ગયો અને તેને પણ શંકા થઇ કે પોતે પડી જશે કે કેમ? સુદૈવે ત્યાં વિશેષ પાણી નહતું તેથી વર્મને એકદમ તેને પકડી તણાઇ જતી અટકાવી અને ઉભી કરવા પ્રયત્ન કર્યો પણ તેનાથી ઉભા થઇ શકાયું નહિ. ઠંડીથી તેનું શરીર થરથર કંપતું હતું અને તેનો મુક્ત કેશ-કલાપ પાણીપર વિહરતો હતો! અહાહા! તે દેખાવ કેવો હૃદયંગમ હતો! તે તરફ દૃષ્ટિ સ્થિર થતાં વર્મનનાં ગાત્ર શિથિલ થઇ ગયાં. થોડી વારે ફ્લોરીડા સ્થિર થઇ અને જાણે પગ મચકાયો હોય તેમ લંગડાતી ચાલવા લાગી. તે જોઇ વર્મને કહ્યું: "મ્હારા ખભા ઉપર હાથ રાખ. હું ત્હને સંભાળીને ઉતારી જઇશ. ચાલ, જલદી કર?" તુરતજ ફ્લોરીડાએ પોતાના કરકમળ રૂપી પુષ્પહારથી વર્મનનું ગળું અલંકૃત કર્યું. તે વખતે: "પ્રભુ! મ્હારી ઇચ્છા પાર પાડશે?" એવો વિચાર વર્મનના મનમાં આવ્યા સિવાય રહ્યો હશે કે નહિ તે તેજ જાણે! પણ એટલું તો સત્ય હતું કે તેના શરીર પરનાં રોમાંચ ઉભાં થયાં હતાં. ફ્લોરીડાએ પણ તે જોયાં કિન્તુ તેણે પોતાનો હસ્ત પાછો ખેંચી લીધો નહિ.

ફ્લોરીડા અહીં ગમે તેવા હેતુથી આવી હોય, પણ સૌંદર્યમાં તે યૂરોપી સ્ત્રીઓમાં ઉર્વશી જેવી હતી એમાં કંઇ શંકા નથી, અને તેમાં પણ તે

હમણાં યૌવન પૂર્ણ અવસ્થામાં હોવાથી તેના મોહકપણામાં અતિશય વધારો થયો હતો. એને પરિણામે વર્મને પણ તેને પડી નહિ જવા દેવાના મિષથી સજ્જડ બાથ ભીડવા કહ્યું અને ફ્લોરીડાએ પણ તેનો આધાર લીધો !

બન્ને જણ કિનારે આવી પહોંચ્યાં અને ઉતાવળે પગલે કૅમ્પમાં આવ્યાં. તંબૂમાં પગ પડતાંની સાથેજ એક સૈનિકે આવી કહ્યું: "જનરલ બીમનની જગ્યાએ કલક નિમાયો છે અને તેણે હમણાંજ પાયદળ લસ્કરને હૂમલો લઈ જવાની આજ્ઞા કરી છે. તમને પણ તૈયાર રહેવા સૂચવ્યું છે."

એટલું કહી સૈનિક ત્યાંથી ચાલ્યો ગયો. વર્મને ટેબલ પર હાથ પછાડયા અને બોલ્યો: "શું બીમને કરેલી યોજનાનો યશ કલક લઇ જશે ? બીમને આજ વખતે પાયદળનો હલ્લો લઈ જવાનો વિચાર રાખ્યો હતો. જો આ માર્ગે વિજય મળશે તો કલકને હું સ્પષ્ટ રીતે કહીશ કે, એનું માન તો બીમનનેજ ઘટે છે !" વર્મને ખીસામાંથી એક કાગળ કાઢી ટેબલનું ખાતું ઉઘાડી નકસા કાઢતાં કહ્યું: "જો, આ લાઇન ક્યાં જાય છે ? ડાબી બાજુની પાંખ ડંકર્ક કે ઑસ્ટેન્ડ સુધી રહે અને જમણી બાજુની લાઇન આગળ ધસારો કરે તો અવશ્ય પૅરીસ સહેલાઇથી સ્વાધીન થઇ શકે. સાબાશ બીમન ! તેં પણ ખૂબ કરી છે. રીમ્સની ચોતરફનો પ્રદેશ સુરંગોથી ભરી કાઢવાની તેંજ સલાહ આપી હતી અને ૨૫ મી તારીખે હૂમલાનું કામ શરૂ કરી ૨૭ મીએ ફ્રેંચ સૈન્યને સુરંગોથી ઉડાડી દેવાની યોજના ફળિભૂત થવાની ત્હારી આશા ખોટી કેવી રીતે ઠરી શકે ? ફ્લોરીડા ! જો આ નકસો જો ! બીમનની બુદ્ધિની બલિહારીનું દર્શન કર ? નકસામાં કયે સ્થળે શું કરવું તે માટેનાં સંજ્ઞાચિહ્‌ન ચિતરેલાં છે. એ સંજ્ઞાઓનો અર્થ આ કાગળ સ્પષ્ટ કહે છે. આમ કરવાનું કારણ માત્ર એ છે કે: એકાએક નકસો દુસ્મનને હાથ જાય તો પણ તે કંઇ સમજી શકે નહિ."

"એનો મ્હને શો ઉપયોગ ? જ્યાં સુધી એની સત્ય સ્થિતિ મ્હને સમજાય નહિ ત્યાં સુધી મ્હારે શા માટે તે તરફ દષ્ટિ કરવી જોઇએ ?" ફ્લોરીડાએ કટાક્ષ કરતાં કહ્યું: "પરમાત્માની કૃપા થાય અને યુદ્ધનો અંત આવે તો કેવું સારૂં ! અરે ! પ્રભુ તમને આ ઘોરતમ યુદ્ધમાં વિજય અર્પો !

આજેજ સલાહ થાય અને તમને સુખવૈભવમાં મગ્ન થયેલા જોઉં એજ ઇચ્છા છે. યુદ્ધ વિષયક વિચારો મ્હેં ત્યજી દીધા છે. પ્રભુ તમને સંપૂર્ણ સહાય કરે તે માટે હું અહર્નિશ પ્રાર્થના કરીશ."

વર્મેન ફ્લોરીડાનાં ચળકતાં ચક્ષુ અને ગૌરવર્ણમાં લાલીથી ભરાઇ આવેલા બન્ને ઓઠ તરફ જોઇ મોહાંધ બની ગયો. તેને એટલું પણ સ્મરણ રહ્યું નહિ કેઃ આ એક ફ્રેંચ બાળા છે. તેનું હૃદય પ્રેમથી કહો કે વિષયમત્તથી ખળભળી ઉઠયું. તુરતજ તેણે ફ્લોરીડાના હસ્ત પર ચુંબન કરતાં કહ્યું: "ફ્લોરીડા! ત્હારા મધુર કંઠરવથી હું આનંદ સાગરમાં જાણે કે પીયાનાનો ઝીણો ધ્વનિ સાંભળતો તરી રહ્યો ન હોઉં, એમજ લાગે છે. શું તું ખરેખર મ્હારા વિજય માટે પ્રભુની પ્રાર્થના કરે છે? ધન્ય છે ત્હારા પ્રેમને? વિશ્વંભર અવશ્ય ત્હારી પ્રાર્થનાનો સ્વીકાર કરશે અને આપણે શાંત જગતમાં અધરામૃતનો આસ્વાદ લેતાં પ્રેમી યુગ્મોને ઇર્ષાળુ બનાવીશું!"

"પણ........" ફ્લોરીડા કંઇ બોલવા જતી હતી તેને અટકાવી વર્મેને કહ્યું: "સામેથી આપણો ગુપ્તચર આવે છે, તેની સાથે કંઇ વાત કરવાની છે માટે તું જરા પડદાની આડે બેસ! કદાચ તે તને જોઈ સ્પષ્ટ રીતે વાત કરી શકશે નહિ."

ફ્લોરીડા ત્યાંથી ખસી ગઈ અને એક જર્મન ગુપ્તચરે તંબુમાં આવી એ પત્ર વર્મેનના હસ્તમાં મુકી "એક કલાક પછી એરોપ્લેન પાછું જવાનું છે, માટે જો કંઈ લખવું હોય તો લખી રાખશો" એટલું કહી ચાલ્યો ગયો.

ફ્લોરીડા તુરત બહાર આવી વર્મેન સાથે બેઠી. વર્મેને કવર ફોડી પત્ર કાઢી ફ્લોરીડા જાણે કેઃ પોતાની પત્નીજ હોય તેમ "વ્હાલી! આ પત્ર વાંચી સંભળાવ?" કરી તેને પત્ર આપ્યો.

ફ્લોરીડાએ તે પત્રના મુખ્યભાગ તરફ દૃષ્ટિ કરી તે સાથેજ દિઙ્મૂઢ બની ગઇ, કિન્તુ ક્ષણ વારમાં પોતાના હૃદયનો સર્વભાવ સુશીઘ્રતે દાબી રાખી પત્ર વાંચવા માંડયો. ફ્લોરીડા જોકે જર્મન ભાષા જાણતી હતી તો પણ જાણે પોતે ઘણુંજ થોડું જાણે છે એવો ડોળ કરી પત્ર વાંચવા લાગીઃ—

"પ્રિય વર્મન.

"તું નક્કી માનજે કે જર્મનીને હવે જગતમાં કોઇ અટકાવી શકે "તેમ નથી. હમણાં મહાન રાષ્ટ્ર પૈકી ત્રણ રાષ્ટ્ર આપણી સાથે યુદ્ધમાં ઉભાં "રહ્યાં છે. પણ હું ખાત્રીપૂર્વક કહીશ કે જ્યાં સુધી જર્મન જાસુસો અને "શહેનશાહ કયસર આ પૃથ્વીમાં રહેશે ત્યાં સુધીમાં જો એકી વખતે જગ- "તનાં નાનાં મ્હોટાં સર્વ રાષ્ટ્ર જર્મન પ્રજા સામે યુદ્ધમાં ઉતરે તોપણ જર્મની- "નો જયજ છે. કયસરની બુદ્ધિ અતિ ચમત્કારિક છે. તેણે મને ફાંસીએ "ચડાવ્યાનું જાહેર કર્યું છે. અરે ! સેંકડો સૈનિકોની વચ્ચે મ્હારા દેહને "ફાંસીએ લટકાવી દીધો છે પણ તે સર્વ અસત્ય છે, એમ તું આ પત્ર પરથી "સમજી શક્યો હોઇશ ! હું જે વખતે આપણી ભૂમિ ત્યજી નીકળ્યો તે વખ- "તેજ કયસર ત્હારા તંબુમાં આવ્યો હતો અને તુરતજ મ્હને લાગ્યું કે: "કયસરની વાતનો સર્વ મર્મ તું નહિ જાણે તો મ્હારા પ્રતિના અપૂર્વ સ્નેહના "પરિણામે કદાચ તું દેશપ્રતિને તિલાંજલી આપી દઇશ. એ કલ્પનાથીજ હું "આ પત્ર લખવાના સાહસમાં ઉતર્યો છું. ત્હારા સિવાય હું જીવતો છું એવું "કોઇ પણ જાણી શકે નહિ તે ધ્યાનમાં રાખજે !"

"મ્હેં જે નકસો બનાવેલો છે તે પ્રમાણે સર્વ કાર્ય થવાનું છે અને "એક પલકવારમાં ફ્રેંચ સૈન્યનો નાશ થવાનો છે. હું ત્યાંથી નીકળ્યો તેવો "ફ્રેંચ સૈન્યની સાતમી રેજીમેંટમાં જનરલના સ્થાને દાખલ થઇ ગયો છું. "આવતી કાલે સંધ્યા સમયે મ્હારા સૈન્યને પાછા હડવાનો હુકમ આપીશ અને "યોગ્ય વખતે નિયત સ્થળે લાવી મુકીશ, જેથી આખી લાઇનને પાછા "હઠયા સિવાય ચાલશે નહિ. તેમ થયા પછી બીજા નકસાઓ કયસર "પાસે છે તે તમને મળશે અને તે પ્રમાણે કાર્ય થશે એટલે ફ્રાન્સ આધીન "થઇ જશે; પછી બ્રિટિશોનું અભિમાન તોડવાને કંઈ હરકત આવશે નહિ. વિજય ! વિજય ! વિજય !"

ફ્લોરીડાએ આવી જાસુસીની કલ્પના પણ કરી નહતી એમ કહેવા કરતાં ફ્લોરીડામાં તેનો ખ્યાલ કરવાની શક્તિજ ન હતી એમ કહીશું તો ખોટું નથી. તેણે પોતાના આંતરભાવને મહાન પ્રયત્નપૂર્વક દાબી રાખી વર્મન તરફ પત્ર પૂર્ણ કરી જોયું.

વર્મન બીમનને જીવતો જાણી ગાંડો બની ગયો હતો અને હવે તેને ગાંડાની હૉસ્પિટલમાં મોકલવો પડશે કે શું એવી પણ શંકા થઇ. તે આનંદના અસ્ખલિત પ્રવાહમાં તણાતો બોલ્યોઃ "ફ્લોરીડા ! કહે, હવે આપણે થોડા વખતમાં હનિમૂનનો આહ્લાદ મેળવી શકીશું કે ? જોયું ! જર્મનો કેવા છે ! કયસર વિષે કુત્સિત વિચારો કરવામાં ખરેખર હું ભૂલ્યો છું. આજે દશ વર્ષથી બીમન ફ્રાન્સમાં લશ્કરી ખાતામાં રહ્યો હતો તે હું ભૂલીજ ગયો હતો. તેણે પોતાની બુદ્ધિ અને યુદ્ધ–કુશળતાથી યુદ્ધનો આરંભ થતા સાથેજ જનરલની પદવી મેળવી હતી, અને જર્મનોએ લીજનો કીલ્લો તોડી પાડયો ત્યારે ફ્રેન્ચોને પરાજય આપવા શું કરવું તે વિષે મસલત ચલાવવા તે ત્યાંથી જાસૂસ બની અહીં આવી ગયો હતો. અહીંયાં તે પોતાના ખરા નામ બીમનથી ઓળખાતો હતો. તેના સિવાય ફ્રેંચ જાસૂસો બીજા હશે પણ તે બિચારા જાણે કે જર્મનોને સખત ફટકો લગાવવા માટેજ આપણો જનરલ આ વેષે અહીં જનરલ બન્યો છે. હવે કહે જોઇએ, કોનો વિજય થશે ?"

જર્મનોની યુદ્ધમાં આવશ્યક ચાતુર્ય–શક્તિ તો સ્પષ્ટ રીતે કહે છે કે : "વિજયની માળા અન્યને અલંકૃત બનાવે તેમ નથી." ફ્લોરીડાએ વિશેષ જાણવાની ઇચ્છાથી કહ્યું : "પણ, મ્હને આશ્ચર્ય એ થાય છે કે બીમન ફ્રેંચ હદમાંથી ત્હમને કેવી રીતે પત્ર લખી શક્યો ! કોઇ ફ્રેંચ ઍરોપ્લેન દ્વારા હું નથી ધારતી કે ત્હમારી સાથે આવા પ્રકારે સંદેશા ચલાવી શકે ? કારણ કે તેનો પત્ર કદાચ તે સંદેશાવાહક જુએ કે કોઈ અન્ય ફ્રેંચ જાસૂસને આપે અને તે વાંચે તો ત્હમારૂં સર્વ કાર્ય ખુલ્લુ થઇ જાય !"

"હમણાંજ જે માણસ પત્ર આપી ગયો તેના શબ્દો તેં સાંભળ્યા હશેજ. અમારૂં ઍરોપ્લેન એવું અજબ પ્રકારનું છે કે તેનું વર્ણન જો પૂર્ણ રીતે કરવામાં આવે તો તને લાગશે કે જર્મન વૈજ્ઞાનિકો નવી સૃષ્ટિ ઉત્પન્ન કરવા ઇચ્છે તો તેમના માટે તે નવાઈ જેવું નથી. જે ઍરોપ્લેન આ કાર્ય કરે છે તે ઍરોપ્લેન ફ્રેંચ હદની લગભગ થતાં જાણે કે ફ્રેંચ ઍરોપ્લેન હોય તેવા નંબર, રૂપ અને રંગનું બની જાય છે. તેમાંના માણસો પણ પોતાનો પોષાક બદલી નાખે છે અને જર્મન લશ્કરની હદ આગળ આવતાં જર્મનીનાં

રંગનિશાન ધારણ કરી લે છે. તેની બનાવટજ એવી છે કે તેનો અમૂક ભાગ ફેરવતાં એકદમ રૂપાંતર થઇ જાય છે. જેથી જર્મન સૈનિકો પણ જાણી શકતા નથી કે આ જર્મન-જાસુસી ઍરોપ્લેન છે તેમ ફ્રેંચો પણ જાણી શકતા નથી. પ્રત્યેક પક્ષ પોતાનું માની લે છે, એટલે તે સુરક્ષિતજ રહે છે. એ ઍરોપ્લેન પર માત્ર ચારજ માણુસ છે. તે અને હું તેમ બીમન અને કયસર એટલાજ તેની સત્ય સ્થિતિ જાણીએ છીએ."

"સત્ય છે, કયસર પ્રભુના અંશરૂપ છે" ફ્લોરીડાએ જર્મન શક્તિનાં વખાણ કરતાં કહ્યું: "જો તેમ ન હોય તો તે આવું અપ્રતિમ બળ અને કળ કેવી રીતે મેળવી શકે! હવે તમોને કલકનો હુકમ હું ધારૂં છું કે સવારેજ મળશે, કારણ કે કાલે સાંજે તમારૂં કાર્ય થવાનું છે, પણ જુઓ, પેલું કોઇ આવે છે! હું હમણાં ત્યાં બેસું છું."

"ના, ના, ત્યાં જવાની જરૂર નથી. હુંજ બહાર જઇ તેની સાથે વાત કરૂં છું. ઍરોપ્લેન જવાનું હશે તેથી તે આવ્યો છે." એટલું કહી વર્મન બહાર નીકળી ગયો.

(૫)

"હેરીંગ્ટન!" ફ્રેંચ જનરલને કર્ણે કંઇક પરીચિત પણ કઠોર સ્વર સંભળાયો. તુરતજ તેણે દ્વાર તરફ જોયું તો એક સૈનિક નજરે પડયો. તેણે કહ્યું: "આ સમયે આવવાનું શું કારણ છે? એવી શી અગત્ય છે કે અણચિંતવ્યો વિના રજાએ તેં પ્રવેશ કર્યો છે."

"કૃપા કરી મ્હારા શબ્દો સાંભળશો! ગુસ્સે થશો નહિ! ઘણી ભયંકર વાત કહેવાનો મ્હારા પર પ્રસંગ આવ્યો છે." તે સૈનિકે શોકપૂર્ણ અવાજે કહ્યું: "ફ્રેંચ સૈન્ય એકદમ પાછું હઠવા લાગ્યું છે અને તે અહીંથી આશરે એકજ માઇલ દૂર હશે. વડા સેનાપતિ જોફ્રેએ આજ્ઞા કરી છે કે કૅમ્પ ઉઠાવી એકદમ પૅરિસમાં લાવો. થોડાજ સમયમાં પૅરિસને ઘેરો પડવાનો સંભવ છે. રાજધાની બૉર્ડો લઇ જવામાં આવી છે. સૈન્ય અહીં આવી અટકવાનું છે અને ત્યાં સુધીમાં સર્વ છાવણી ઉઠાવી દેવાની છે. આ સમાચાર આપને સેનાપતિ તરફથી ગુપ્ત રીતે મળવા જોઇતા હતા પરંતુ તેવો સમય નહિ રહેવાથી પ્રકટ રીતે ફરમાન કાઢયું છે."

" નહિ, કદી નહિ, ફ્રેંચ સૈન્ય પાછું હઠેજ કેમ ? અને તે પણ આટલો બધો પ્રદેશ ખુશીથી કેમ છોડી શકે ! હજી કંઈ તેવો સમય આવ્યો નથી. જોફ્રેએ ભયંકર ભૂલ કરી છે. " હૅરીંગ્ટને આવેશપૂર્વક કહ્યું : " હું હવે સૈન્યને પાછું હઠવા દઇશ નહિ, કિન્તુ તેને આગળ વધારીશ અને જર્મનોને ઉભી પૂછડીએ નસાડીશ. "

"હૅરીંગ્ટન ! હૅરીંગ્ટન ! બસ કરો ! જોફ્રેની આજ્ઞા છે કે જો તમે તમારી મેળે પૅરિસમાં નહિ જાવ તો તમને તમારી જગ્યા પરથી એકદમ દૂર કરવામાં આવશે. તે સૈનિકે ગુસ્સે થઈ કહ્યું : " કોઇ પણ પ્રકારની શૂર કે વીરત્વની મગરૂરી ન રાખતાં વડા સેનાપતિની આજ્ઞાને આધીન થશો તેમાંજ લાભ છે. "

" જોફ્રેને ૧૮૭૦ ના ઘેરાનું સ્મરણ છે કે નહિ ? જર્મનો જો એક વખત વિજય મેળવી પૅરિસની ચોતરફ ફરી વળશે તો પૅરિસની પ્રજાને પુનઃ ઘોડા જેવા પવિત્ર પ્રાણી અને ઉંદરનો ભક્ષ કરવાનો સમય આવશે " હૅરિંગ્ટન ભય દર્શાવતાં બોલ્યો : " ગમે તેમ થશે પણ આ હૅરીંગ્ટન છે ત્યાં સુધી તેવો વખત નહિ આવે. જોફ્રેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ હોય તેમ જણાય છે. હું હમણાંજ ટેલીફોનથી લશ્કરને એકદમ વિશેષ આગળ ન વધાય તો ભલે પણ દશ માઇલ વધવાની આજ્ઞા કરૂં છું. "

હૅરીંગ્ટન એકદમ ઉઠી ટેલીફોન પાસે ગયો અને જેવો આજ્ઞા કરવા જાય છે તેવોજ અણચિંતવ્યો પેલા સૈનિકે તેનો હસ્ત પકડી કહ્યું : "નીચ, પાપી અને વિશ્વાસઘાતી પ્રાણી ! ખબરદાર ! એક શબ્દ પણ ઉચ્ચારશે તો ત્હારો પ્રાણ જશે ! તું કોણ છે તે મ્હારી જાણ બહાર નથી. તેં ફ્રેંચોને ફસાવ્યા છે ! પણ લક્ષમાં રાખજે કે હું તેનો તને યોગ્ય બદલો આપ્યા સિવાય રહીશ નહિ. "

" ચૂપ, બદમાશ ! આ હેરીંગ્ટનને તું ત્હારી જાળમાં ફસાવવા માગે છે કેમ ? " હેરીંગ્ટને દમ ભરાવ્યો: " તું કોઇ જર્મન જાસૂસ હોય તેમ લાગે છે ! પણ સંભાળ ! એક શબ્દનો ઉચ્ચાર થતાં ત્હારા પ્રાણ નીકળી જશે. હવે તું મ્હારો કેદી છે. તને જોફ્રે પાસે મોકલી દેવામાં આવશે. "

"ચોર ઉલ્ટો કોટવાળને દંડે છે કેમ? જર્મન જાસુસ કોણ છે તેની ત્હને ક્ષણવારમાં ખાત્રી થશે. અરે! સાંભળ! શેનો ધડાકો થયો! પેલી સુરંગોનો! જા, અને ત્હારી દૃષ્ટિએ બરાબર રીતે જોઇ લે કે ત્હારા જર્મનોની શી દશા થઇ છે. ફ્રેંચોની જગ્યાએ જર્મનોનો ભોગ અપાયો છે. ખોદે તે પડે!"

"તેમ કદી બનેજ નહિ!" હેરીંગ્ટને પોતાનું પોકળ ખૂલ્લું થયેલું જાણી સૈનિકનું ખૂન કરવા પીસ્તોલનો ઘોડો ચઢાવતાં કહ્યું: "તે આજે ફ્રેંચ સૈન્યનો કચરઘાણ નીકળવોજ જોઇએ, પણ ચૂપ! હવે ત્હારી સાથે વાત કરવાની જરૂર નથી."

"એક ક્ષણવારને માટે ત્હારી પીસ્તોલ પાછી ખેંચ! હેરીંગ્ટન! હું કોણ છું તે તું હજી જાણતો નથી." સૈનિકે પોતાનો પરીચય આપવાની ઇચ્છાથી કહ્યું: "જો, બરાબર દૃષ્ટિ સ્થિર કરીને જો! તને પ્રાણતુલ્ય લાગતી આ ફ્લોરિડા હોય કે નહિ?"

હેરીંગ્ટને તીક્ષ્ણ દૃષ્ટિએ જોઈ ફ્લોરીડા હોવા વિષે ખાત્રી કરી કહ્યું: "ફ્લોરીડા! શું તેંજ આ ઘાતકી કૃત્ય કર્યું છે? અરે! ત્હારા ભવિષ્યના પ્રિય પતીની ઇચ્છાને તેં જડમૂળથી ઉખેડી નાખી છે? શું ત્હારા પ્રેમીને તું આવોજ બદલો આપે છે?"

"હેરીંગ્ટન! હવે ત્હને મ્હારી સાથે વાત કરવાનો હક્ક રહ્યો નથી. તેં ત્હને પોતાને ફ્રેંચ તરીકે ઓળખાવ્યો તેનુંજ એ પરીણામ હતું. એ પ્રેમ ફ્રેંચ કે જર્મન પર નહિ પણ હેરીંગ્ટનપર હતો તે હું કબૂલ કરૂં છું; પણ તેં મ્હારા દેશને, મ્હારી જન્મભૂમિને—અરે! જે ભૂમિ માટે ફ્રેંચોએ સેંકડો વર્ષ સુધી મહાન યુદ્ધોમાં બલિદાન આપ્યું છે તે ભૂમિને તું પરતંત્ર બનાવવા ઇચ્છે તે આ એક બાળા કેમ સહન કરી શકે? અરે! પણ તું જેના પર પ્રેમ રાખતો હતો તેનાથી આ સર્વ તેં કેમ ગુપ્ત રાખ્યું! તું ફ્રેંચ જનરલ છે એ પણ હું જાણતી નહતી એ કેવું આશ્ચર્યજનક છે! આવતા મહિનામાં તેં લગ્નનું અભિવચન આપ્યું હતું તે શું ફ્રાન્સની ભૂમિને વૈધવ્ય દશામાં રાખી મ્હારી સાથે સુખ વૈભવ ભોગવવાને કે? તેં જાસૂસીની હદનું દર્શન કરાવ્યું છે, પણ તું જોઇ શક્યો હોઇશ કે પ્રભુ સત્યનો બેલી છે.

જાસૂસી કેમ થાય તેનું મ્હને લેશ માત્ર ભાન નહતું પણ પ્રભુએ મ્હને તેનું અદશ્ય રીતે ભાન કરાવ્યું છે. ત્હારી જાસૂસીએ આજ સાત લાખ જર્મનોને પ્રાણહીન બનાવ્યા છે ! હજી પણ ત્હારી કપટજાળ કેટલી છે તે હું જાણું છું. ત્હારા બનાવેલા નકસા મ્હારી પાસે આવી ગયા છે. ઉભો રહે ! હું તને તે સર્વ બતાવું છું."

"બસ, પૂર્ણ થયું ! હેરીંગ્ટન, તું ફસાઇ ગયો છે ! ફ્લોરીડા, હવે હું એક પણ અક્ષર બોલવા ઇચ્છિતો નથી પણ જર્મનોના ભવિષ્યના રક્ષણ માટે તું મ્હને શુદ્ધ અંતઃકરણથી પ્રિય હોવા છતાં દેશને માટે ત્હારો પ્રાણ લીધા સિવાય રહી શકું તેમ નથી !" એટલું કહી હેરીંગ્ટને તેના તરફ ગોળી છોડી પણ ચતુર ફ્લોરીડા એકદમ નીચે બેસી ગઇ તેથી ગોળી ઉપર રહી ચાલી ગઈ અને તે સાથેજ તેણે બેઠાં બેઠાં હેરીંગ્ટનના માથા તરફ ગોળી ફેંકી, હેરીંગ્ટનનું માથું ફોડી નાખ્યું !

(૬)

એ અવાજ થતાંની સાથેજ બહાર ફરતા પાંચ સાત સૈનિકો અંદર ધસી આવ્યા. હેરીંગ્ટનને પડેલો જોઈ ફ્લોરીડાને ખૂની માની તેમણે તેને પકડી લીધી. સર્વત્ર હેરીંગ્ટનના ખૂનના સમાચાર પ્રસરી ગયા. આ વખતે જનરલ જોફ્રે અહીંથી ત્રણ માઇલ જેટલે દૂર હતો; તેથી ખબર મળતાં તે પણ ત્યાં આવ્યો. હેરીંગ્ટન જેવો શૂર જનરલ જવાથી સર્વે સૈનિકો અને અમલદારો શોકમગ્ન થઇ ગયા હતા. જોફ્રે પણ તેટલોજ દીલગીર થતાં ખૂનીપર ક્રોધે ભરાયો હતો. ત્યાંજ કોર્ટ માર્શલ ભરવામાં આવી, ખૂની ફ્લોરીડાને બચાવ કરવા કહેવામાં આવ્યું. ફ્લોરીડાએ બચાવ કરતાં જણાવ્યું કેઃ—

"માતૃભૂમિના સાચા સેવકો અને વીરરત્નો !

આજે હું એક અપરાધી તરીકે તમારા સમક્ષ ઉભી છું, પણ મને કહેવા ઘો કે હું તમે માનો છો તેમ જર્મન જાસૂસ નથી પણ ફ્રાન્સની, થોડી કેળવણી લીધેલી, પ્રભુ કૃપાથી બનેલી ફ્રેંચ જાસૂસ છું. હેરીંગ્ટન માટે તમને જેટલો શોક થાય છે (પણ તે મ્હારો પ્રિયાત્મા હોવાથી મ્હને સો ગણો વિશેષ થાય છે.) પણ દેશ પ્રતિના કર્તવ્ય ધર્મનું પાલન કરવા માટે મ્હારે તેનું ખૂન કરવું પડયું છે. વિશેષમાં સેનાપતિ જોફ્રેના નામથી ખોટા

સંદેશા ચલાવી ફ્રેંચ સૈન્યને પૅરિસ પાસે લાવી મુક્યું છે તેથી તમે મ્હને વળી ભયંકર ગુન્હેગાર ગણુશો તે હું જાણું છું. પરંતુ હમણાંજ ત્હમને ત્હમારા દૂતોદ્વારા સમાચાર મળશે કેઃ સાત લાખ જર્મનોનો ઘાણ નીકળી ગયો છે. હેરીંગ્ટન મ્હારો પ્રિયાત્મા હતો અને હું તેની સાથે લગ્ન કરવાની હતી કિન્તુ તે એક જર્મન જાસૂસ હતો અને તેનું કાવત્રું જાણવામાં આવતાં મ્હારે આ કૃત્ય કરવું પડયું છે. હું તેને એક ફ્રેંચ તરીકે ઓળખતી હતી. તે જેવો યુદ્ધકળામાં કુશળ હતો તેવોજ પૌર્વાત્ય પ્રદેશની પ્રાચીન સંસ્કૃત ભાષાનો અભ્યાસી હતો. મ્હને તે દેશ તરફ ઘણું માન છે અને તેના ધર્મ સિદ્ધાન્તો પ્રતિ શ્રદ્ધા ધરાવું છું તેથી તેના પર હું ખાસ પ્રેમ રાખતી હતી.”

“પૌર્વાત્ય પ્રદેશનાં પુરાણાદિ શાસ્ત્રોના સિદ્ધાન્તમાં પુનર્જન્મનો એક સિદ્ધાન્ત છે. તમે તેને માનો કે ન માનો તેની મ્હને પરવાહ નથી, અને મ્હારૂં ઉક્ત કથન ભલે અસત્ય માની મ્હને શિક્ષા કરશો તો તેની ફીકર નથી, પરંતુ હું ત્હમારા હસ્તે મૃત્યુવશ થઉં તે કરતાં પુનર્જન્મમાં હેરીંગ્ટનને પતિ બનાવી તેની સેવિકા થઇ રહું અને કદાચ તે જો ફ્રાન્સનો વિરોધી નીવડે તો તેને તેમ કરતાં હાલની પેઠે અટકાવું એ ઇરાદાથી મ્હારે હાથેજ હું મ્હારો દેહ ત્યાગ કરીશ. હવે મ્હારે છેવટે જે કહેવાનું છે તે એ છે કેઃ જર્મનીએ યુદ્ધ માટે કરેલી વ્યૂહ રચનાના નકસા તથા તેનું સંપૂર્ણ ભાન કરાવનાર સંજ્ઞાપત્રો જે મને હાથ લાગ્યાં છે તે તમને આપું છું. તમે જો તે સર્વનો વિચાર કરશો તો અવશ્ય વિજય પ્રાપ્ત કરશો.”

એટલા શબ્દો પૂર્ણ થતાંજ નકસાઓ વચમાં નાખી દઇ પીસ્તોલથી ફ્લોરીડા, આપઘાત કરી આ ફાની દુનિઆ ત્યજી ચાલી ગઈ

* * * * *

ફ્લોરીડાનું શબ ભૂમિપર પડતાંજ જર્મનીના સાત લાખ સૈનિકો સુરંગથી નષ્ટ થયાના સમાચાર દૂતોએ આવી પ્રકટ કર્યા અને તે સાથેજ જોફ્રેએ ફ્રેંચ સૈનિકોને આગળ વધવા આજ્ઞા કરી. તુર્તજ આગળ ધસી આવતા જર્મનોને ફ્રેંચોએ પૅરીસથી ૭૦ માઇલ જેટલે દૂર હડસેલી મુક્યા.

વાચક ! કહે, ખરો જાસૂસ કોણ ? ધન્ય છે એક બાળાના સ્વદેશ પ્રેમને !

૧૦–દેશપ્રેમનો બદલો !

નીશ ચોતરફથી ઘેરાઇ ગયેલું છે. એકબાજુ બલ્ગેરીયનો પડયા છે અને બીજી બાજુ ઑસ્ટ્રો–જર્મન લશ્કર પડેલું છે. હમણાં હથીયાર અને દારૂગોળાના હૃદયભેદક અવાજ સંભળાતા નથી; કારણ કે મધ્યરાત્રિનો સમય હતો. કદી કદી "આલબેલ"ના પોકારો શાંત રાત્રીની શાંતિમાં વિઘ્ન કરતા હતા; પરંતુ તેની અસર નિર્જન અરણ્યોપર નહતી. એવા સમયે સર્વીયન લશ્કર ત્રીજી બાજુથી યઃપલાયન કરવાની તૈયારી કરી રહ્યું હતું. ગરીબ બિચારા સર્વીયાને ગ્રીસ જેવા દોસ્ત રાષ્ટ્રે યોગ્ય વખતે સહાય નહિ આપ્યાથી અને મિત્ર રાજ્યો ઘણે દૂર હોવાથી તેઓ વખતસર આવી શકે તેમ નહતું, તેથી સર્વીયન સેનાપતિએ પોતાના સૈન્યનો નિરર્થક નાશ કરાવવાનું વાજબી માન્યું નહતું. ધીમે ધીમે સર્વ સૈન્ય નીકળી ગયું. આ સમાચાર જર્મન જનરલ મેકેન્સનને મળ્યા અને તે સાથેજ સર્વીયન લશ્કર સહીસલામત નીકળી ગયાનું જાણી તે દીલગીર થયો, પણ હિંમત હાર્યો નહિ. વખતે તેણે પોતાના લશ્કરને સર્વીયનોની પૂંઠ પકડવાની આજ્ઞા કરી. સર્વીયનોએ જાણ્યું કે; હવે જો નાશી જઇશું તો દુશ્મન પૂંઠ પકડી મહાન હાની કરશે. એ વિચારથી તેમણે એક ટુકડીને ધસી આવતા જર્મનોને અટકાવવા સામે થવા કહ્યું. સર્વીયનો અને જર્મનોનો ભેટો થયો. હાથોહાથની ઝપાઝપી ચાલવા લાગી. ગાઢ અંધકારમાં કોઈ કોઇનું મુખ જોઇ શકે તેમ નહતું, પરંતુ અનુમાનથી સંગીનનો મારો ચાલવા લાગ્યો. તારાગણ પણ જાણે કે આ રક્તપાન જોવાથી શરમાઈ જતા હોય તેમ છુપાવા લાગ્યા. એકદમ સર્વત્ર વાદળ પ્રસરી ગયું. વિદ્યુતના ઝબકા થવા લાગ્યા અને જોતજોતામાં મૂશળધાર મેઘ વૃષ્ટિ થવા લાગી. કુદરતે વિજ્ઞાનવાદીઓને યુદ્ધ કરતા અટકાવ્યા પણ તે દરમીયાન

ઘણાખરા સર્વીયનો સમરક્ષેત્રમાં ચેતનહીન બની ગયા હતા. રહ્યા સહ્યા સૈનિકોએ પોતાનો માર્ગ પકડયો હતો. હવે જર્મન ઘોડેસ્વાર ટુકડી અને લશ્કર પાછું ફર્યું. વૃષ્ટિ જોસભેર થતી હતી તોપણ તેઓ ધીમે પગલે ઠંડીથી અકડાતા છાવણી તરફ જવા લાગ્યા હતા. વૃષ્ટિનું બળ પણ વધતું જતું હતું. છેવટે એ ટુકડીમાંના પાંચ સાત સ્વારો કંટાળી ઉભા રહ્યા અને એક જણે કહ્યું: "વરસાદ જોસભેર વધતો જાય છે! થાકયો હવે તો! ચાલો પેલા વૃક્ષ નીચે ઉભા રહીએ."

તે સ્વારની સૂચના અન્ય સર્વેએ માન્ય કરી હોય એમ લાગ્યું. બધા ત્યાંથી નજીકના ખેતરમાં ગયા, તેજ વખતે વિદ્યુતદેવીએ ઝબુકો કર્યો; તેના પ્રકાશમાં અચાનક દૂર ઉભેલી એક વૃદ્ધ મૂર્તિ દૃષ્ટિએ પઠી!

તે દૃષ્ટિએ પડતાંજ એક ઘોડેસ્વારે બુમ પાડી: "અરે, પેલા ઝાડ નીચે તો ભાલો લઇને કોઇ શયતાન ઉભેલો જણાય છે!"

આ શબ્દો સાંભળતાંજ સર્વે ઘોડેસ્વારો તે ઝાડ તરફ જવા લાગ્યા. આ અવકાશમાં પેલી વ્યક્તિ પણ ઝાડ નીચેથી નીકળી ખેતરના મધ્ય ભાગમાં આવી હતી. એક સ્વારે તેને આગળ નહિ વધવા જોરથી કહ્યું, પરંતુ તેનું વાક્ય પૂર્ણ થતા પહેલાંજ પાછળથી ફેંકાયલા એક ભાલાથી તે વ્યક્તિની છાતી ભેદાઇ ગઇ અને તેનો પ્રાણશૂન્ય દેહ પાણીથી તરબોળ બનેલા ખેતરમાં પડયો! તેજ ક્ષણે પેલા ઝાડ નીચે એક ચીસ પડી અને ત્યાં એક યુવકને પોતાના પર આરૂઢ કરી ઉભો રહેલો ખચ્ચર ભયથી ચમકી નાશી છૂટયો.

સ્વારોએ તેની પાસે આવી જોયું તો શું જણાયું? એક વૃદ્ધ મનુષ્ય લાંબો થઇ પડેલો હતો અને તેના હાથમાં એક સોટો હતો. ભાલો મારનાર સ્વાર એ સોટાને ભાલો સમજ્યો હતો, તે જોઇ અન્ય સ્વારો તેની મશ્કરી કરવા લાગ્યા. પણ એજ સ્વારે પેલા વૃક્ષ નીચેની ચીસ સાંભળી હતી; તેથી તે તુરતજ તે તરફ ગયો. ત્યાં જતાં વૃક્ષના થડની બાજુમાં વિદ્યુત પ્રકાશની સહાયથી એક બાળા દૃષ્ટિએ પડી. તેજ વખતે તે પોતાના સોબતીઓને ઉદ્દેશી ઉત્સાહથી બોલી ઉઠયો: "અરે! તમે બધા મ્હારી મશ્કરી કરો છો, પણ ડોસાને મારીને મ્હેં શું મેળવ્યું છે તે તો જુઓ?

પણ, હું પહેલેથી સ્પષ્ટ કહી દઉં છું કે: મ્હારા પરાક્રમમાં કોઇ ભાગીદાર નથી, તે લક્ષમાં રાખજો ?"

સર્વે ઉતાવળથી ત્યાં દોડી આવ્યા. તે બાળા તેમની દૃષ્ટિએ પડતાંજ તેઓ એકદમ બોલી ઉઠયા: "વાહ ! શી મજાહ છે ? બેડને તો એક રત્નજ મેળવ્યું છે ને ?"

બિચારી બાલિકા ભયથી ધ્રૂજી શોક કરતી હતી. જે સ્વારે બાળા ઉપર પોતાનો હક્ક માન્યો હતો તે સ્વાર ઘોડા પર આરૂઢ થયો અને તે સાથેજ તે બાળાને ઘોડા પર ખેંચી લીધી. થોડા વખત પછી વરસાદનું જોર નરમ થયું એટલે સર્વે ઘોડેસ્વારો છાવણી તરફ ગયા.

(૨)

સંધ્યા સમય થઈ ગયો હતો. સર્વીયાની રાજધાની બેલગ્રેડના વજ્રધાતોથી ભાંગ્યાતૂટયા મહેલના એક ભાગમાં બે મનુષ્યો બેઠાં હતાં. તે ભાગને લાલ રંગના પડદા લગાડી દીધેલા હતા. નીચે જમીનપર અત્યંત નરમ પણ સહજ મલીન ગાલીચા પાથરેલા હતા. તે પર સુંદર નકસીયુક્ત જર્મન સીલ્વરથી વેષ્ટિત એવું એક સુખાસન—આરામખૂરસી હતી. તેના પર સર્વોન્માદથી મત્ત બનેલો કયસર બેઠો હતો. તેની સામે એક સામાન્ય ખૂરસીપર વીર જનરલ મૅકેન્સન બેઠો હતો. તેણે લશ્કરી પોષાક હમણાં દૂર કરેલો હતો. છતની મધ્યમાં એક વિજળીનો દીવો પ્રકાશતો હતો, તેથી તેમના મુખનું ઠીક અવલોકન થઇ શકતું હતું. કયસરનું ભરાવાદાર મુખ ક્ષણમાં ઉલ્હાસિત જણાતું તો ક્ષણમાં વિચાર પ્રદેશના જાણે કે કોઈ ઉંડા પ્રદેશમાં તે ઉતરી પડયો હોય તેવો ભાસ કરાવતું. તેનાં ભવ્ય ચક્ષુ પળમાં પહોળાં થઇ જાણે કે ક્રોધથી તેનું શરીર તપ્ત બની ગયું હોય એમ સ્પષ્ટ કરતાં તો પળમાં તે નિશ્ચિંત બની મીંચાઇ જતાં. ઘડીમાં તેનો કપોળ પ્રદેશ કરચલીયોથી ભરાઈ જતો તો ઘડીમાં તેના પરની લાલી નષ્ટ થઇ જતી હતી. એટલે તેના મગજમાં અત્યારે કેવા પ્રકારના વિચારો ઉદ્‌ભવતા અને નષ્ટ થતા તે કહી શકાય તેમ ન હતું. માત્ર મૅકેન્સન તેના તરફ સ્થિર દૃષ્ટિથી જોઇ રહ્યો હતો. આપણે ધારીશું કે મૅકેન્સન તેની વિચારમાળા સમજી શકયો

હશે, કારણ કે થોડી વાર વિચાર કર્યા પછી તે કંઈ ગણગણાટ કરતો હોય એમ લાગતું હતું. જો કે આ ગણગણાટ સમીપમાં જો કોઈ ત્રીજો મનુષ્ય ઉભો હોય તો તે પણ સમજી શકે તેમ નહતું, પરંતુ દૂરથી દૃષ્ટિપાત કરનારને તેનું મુખ હાલતું જણાતું હતું. છેવટે તે સ્પષ્ટ સ્વરે બોલ્યો:

"જે વાત બની ગઇ છે તે મીથ્યા થનાર નથી. પરંતુ એટલું નિશ્ચયપૂર્વક માનશો કે સર્વીયાને શત્રુઓની સહાય મળે તે પૂર્વે હું તેને મહાત કરીશ, ગ્રીસ વચ્ચે આડે ન આવે તે માટે અવશ્ય કંઇ થવું ઘટે છે."

"તે માટે તમે લેશ માત્ર શંકા રાખશો નહિ. ગ્રીસમાં વેનીર્ગીલોસ જેવા સાત પ્રધાનો અધિકારપર આવશે તો પણ રાણી તેમનું કંઇ ચાલવા દેશે નહિ." કયસરે કહ્યું: "ગ્રીસમાં સર્વ રીતે વ્યવસ્થા થઇ ગઈ છે એટલે સર્વીયનો હવે આલબેનીયાના માર્ગ પાછા હઠશે, માટે તે તરફ પૂંઠ પકડવાની છે. સાલોનીકાનું બંદર ભલેને બ્રિટિશો હાથમાં લે ! પણ ત્યાં બલ્ગેરીયનો તેમને સર્વીયામાં આવતા અટકાવ્યા સિવાય રહેશે નહિ."

"મ્હારી તો પ્રતિજ્ઞાજ છે કે, જ્યારે સર્વીયાને સંપૂર્ણ રીતે મેળવીશ ત્યારેજ હું બર્લીનમાં પ્રવેશ કરીશ." મૅકેન્સને સ્વદેશપ્રેમની હદ બતાવતાં કહ્યું: "પણ, માત્ર પેલો છોકરો મ્હને અતિ વિચિત્ર લાગે છે. તે સર્વીયા પ્રદેશના માર્ગોનો સારો ભોમીયો હોય તેમ જણાય છે. મ્હેં તેને અનેક રીતે સમજાવ્યો પણ તે મ્હને બીલકુલ માનતો નથી. દેખાય છે ન્હાનો પણ છે અતિ ચતુર."

"કયો છોકરો ? મ્હને તમે અત્યારસુધી તેના વિષે કંઈ વાત કરેલી નથી." કયસરે પુછ્યું: "હા, સર્વીયાનો પ્રદેશ અતિ ડુંગરાળ છે તેથી જો માર્ગ ભૂલાય તો મહાન હાની થાય ખરી, પણ શું આપણા જાસૂસો તે તરફ નથી ?"

"જાસૂસો પુષ્કળ છે પણ મ્હને લાગે છે કે તે એવો કોઇ ગુપ્ત માર્ગ જાણતો હોવો જોઇએ કે જેથી થોડા વખતમાં આલબેનીયામાં જતા સર્વીયનોને પકડી પાડી શકાય !"

"તે છોકરો હું ધારૂં છું કે તમારી છાવણીમાં હશે. કાલે તેને અહીં

લાવજો, જોઉં તો ખરો કે તે કેવો છે ?"

"આજ્ઞા હોય તો હમણાંજ અહીં બોલાવું. આપની સાથે વાત કરી તે કંઇ લલચાય તો ઠીક થાય એ આશયથી હું તેને અહીં લાવેલો છું. તે નીચે સૈનિકો પાસે ઉભેલો છે. તે અચાનકજ આપણા કૅમ્પમાં આવી પડયો હતો. ગઇ રાત્રે જે વખતે ભયંકર કડાકા–ધડાકા સાથે વૃષ્ટિ થઇ હતી તે વખતે એક ખચ્ચર દોડતું મ્હારા તંબૂ આગળ આવી તંબૂમાં પેસી ગયું હતું. તેના પર એ છોકરો બેઠેલો હતો. તે વખતે તે ખચ્ચરની ગરદનને મજબૂત રીતે પકડી રહ્યો હતો. મ્હેં તેને નીચે ઉતાર્યો અને કપડાં બદલાવી બેસાડી કેટલીક વાતચિત કરી તો તે સર્વીયન હોવાનું જણાવ્યું.

"બોલાવો તેને."

થોડી વારમાં પેલા છોકરાને કયસર સન્મુખ ઉભો કરવામાં આવ્યો. કયસરે તેના સામે પ્રથમ શાંત દૃષ્ટિ કરી અને પછી વિક્રાળ સ્વરૂપ ઉપસ્થિત કર્યું પણ તેથી છોકરો બીલકુલ ચળ્યો નહિ કે ગભરાયો નહિ. તે તો અડગ રીતે ઉભોજ રહ્યો ! ક્ષણવાર પછી કયસરે કહ્યું: " સર્વીયન યુવક ! શું તું જર્મન શક્તિથી અજ્ઞાત છે ? હું નથી ધારતો કે જર્મનવીરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની તું હીંમત કરી શકે ? સર્વીયન લશ્કરને અમે હઠાવ્યું છે અને સર્વ સર્વીયા મેળવવા ધાર્યું છે; પણ તું ખાત્રી રાખજે કે સર્વીયન રાષ્ટ્ર નષ્ટ કરવાની અમારી ઇચ્છા નથી. છેવટે અમે તમને તમારૂં રાષ્ટ્ર પાછું સોંપીશું. એટલું તો ખરૂં છે કેઃ તેમાંનો એક ઇંચ જેટલો પ્રદેશ પણ અમે અન્યના હસ્તે નહિ જવા દઇએ."

સર્વીયન યુવક ચૂપ રહી શક્યો નહિ. તેણે કયસરને વિશેષ બોલતો અટકાવી કહ્યું: " જો ત્હમારી તેવીજ ઇચ્છા હતી તો આટલાં મનુષ્યોનો ભોગ શા માટે લીધો ? મ્હારા દેશનાં ગરીબ પ્રાણીઓને કષ્ટ શા માટે આપ્યું ? કહેવા દો કે આ યુદ્ધનો આરંભજ શા માટે ?"

"તું એકદમ અમારો મૂળ હેતુ ક્યાંથી સમજી શકે ? હજી તું અજ્ઞાન છે. ત્હારૂં વય કેટલું ? માત્ર પંદર વર્ષનું કે વધારે ? હું તને સઘળું સમજાવીશ." કયસરે તેને પલાળવા પ્રયત્ન કરતાં કહ્યું: "તને ખબર છે કે:

બ્રિટિશ, ફ્રાન્સ અને રશિયા જેવાં મ્હોટાં રાષ્ટ્રો ઐક્ય સાધી ન્હાનાં રાષ્ટ્રોને નિર્બળ બનાવી પોતાનો વ્યાપાર ઉદ્યોગ સર્વત્ર વધારવા માગે છે? તેમની એ નીચ ઇચ્છા પૂર્ણ નહિ થવા દેવા માટે અને જગત પર સર્વત્ર વ્યાપારનું છૂટાપણું જળવાય તે ખાતર અમારે અમારાં અસંખ્ય મનુષ્યોનો ભોગ આપવા ઉદ્યુક્ત થવું પડયું છે."

"ના, ના, એમ કહેવા કરતાં જર્મની સર્વ જગત પર પોતાની સત્તા સ્થાપવા ઇચ્છે છે એમ કહેવું એજ સત્ય છે. હું સારી રીતે જાણું છું કે જે જર્મનોનો વિચાર પ્રવાહ સંકુચિત હતો, જે જર્મનોના આચારવિચાર એક વખતે સ્વાત્મા પ્રત્યેજ સંબંધ રાખતા હતા, જે જર્મનો તત્વજ્ઞાનના ચિંતન સિવાય અન્ય કંઇ સમજતા નહતા અને જે જર્મનો અન્ય પૃથ્વી વિષે પૂર્વે વિશેષ જાણતા ન હતા તે જર્મનો હવે જાણી શક્યા છે કે પૃથ્વી અતિ વિશાળ છે અને તેના પરિણામે અન્ય પ્રદેશમાં પ્રવેશ કરી સ્વદેશની સમૃદ્ધિ વધારવાનો તેમનો વિચાર બળવાન થતો જાય છે; તેમજ રાજકીય મહત્વ વધારવાનો મોહ વળગ્યો છે! એ ભાવનાનાજ દાસ બની જર્મનોએ સર્વ જગતમાં નામ અમર કરવાનો લોભ રાખ્યો છે."

"શું તું એમ કહેવા માગે છે કે: પચાશ વર્ષ પર જર્મનો જંગલી જેવા હતા?"

"સમ્રાટ! હવે મ્હને અહીંથી દૂર કરવો જોઇએ. તમારૂં અભિમાન હું સહન કરી શકું તેમ નથી. અમે અમારાં ગૃહદ્વાર છોડી જતા હતા, અને અમે કોઈ પણ રીતે કંટકરૂપ થયા ન હતા તો પણ તમારા સ્વારોએ વિના કારણે મ્હારા વૃદ્ધ પિતાને ભાલાથી વીંધી નાખ્યો છે તેનું સ્મરણ થાય છે ત્યારે મ્હારૂં રક્ત ઉછળી આવે છે. મ્હને કહેવા દો કે: કૅન્ટ, ફીસ્ટે, ગેટી અને શેલર જેવા ગ્રંથકર્તાઓએજ નેપોલિયનના સપાટાથી નિસ્તેજ બની ગયેલા જર્મનોને નવીન બળ અને વીરશ્રી અર્પ્યાં છે; અને તેના પરિણામે જર્મનોનો વર્તમાન સ્વભાવ દૃગ્ગોચર થાય છે."

"ત્હારા પિતાનો અકારણ ઘાત થવાથી તું આમ બોલે છે. હું તે સ્વારોને શિક્ષા કરીશ. સમ્રાટ કયસર તરફ શ્રદ્ધાની દૃષ્ટિથી જો! સમ્રાટ

કયસર પ્રદેશનો લાલચુ નથી. મ્હારૂં જીવન પરોપકારમય છે.”

“બસ કરો, કૃપા કરો. વિશેષ કહેવાની આવશ્યકતા નથી. મ્હને અહીંથી દૂર થવા દો. ગમે તેમ હો ! હું મ્હારા દેશને દગો કરીશ નહિ ! ભલે ! આ દેહના ટૂકડે ટૂકડા કરી નાખો ! અરે ! પ્રત્યક્ષ યમરૂપ તમે છો તો પણ તેથી જો કોઇ વધારે ક્રૂર, ઘાતકી, વિશ્વાસઘાતી યમ હોય તો તેને આધીન કરો પણ હું કોઈ પણ રીતે તમારી ઇચ્છાને વર્તીશ નહિ.”

“મૅકેન્સન ! એ ઉચ્છૃંખલ યુવકને ડાન્યુબ દ્વારા બલ્ગેરીયા મોકલી દો.” કયસરે ગુસ્સે થઇ આજ્ઞા કરી: “ડાન્યુબના ખડક પર ઠંડી લહેર ભોગવ્યા સિવાય એનું ચિત્ત શાંત થશે નહિ.”

“અરેરે, પ્રભુ ! આ ક્રૂરાત્માઓના હસ્તમાંથી મુક્ત કર ! મ્હને આ પાપીઓને ક્યાં સોંપી ! હાય ! મ્હારો વ્હાલો બધુ ક્યાં હશે? એ વૃદ્ધ પિતા ! તમારી શી સ્થિતિ હશે ? શું જંગલી પ્રાણીઓએ તમારા દેહને ચૂંથી ખાધો હશે? પ્રભુનાં વ્હાલાં સંતાનો ! અરે ઓ ગીધો ! અરે ઓ કૂતરા કાગડાઓ ! અરે ઓ જંગલનાં હિસંક પશુઓ ! આ એક દીન બાળાની વિનંતી સ્વીકારી મ્હારા પિતાના શબને અપવિત્ર ન કરશો ! તમે આ જર્મન અત્યાચારીઓના જેવા ના થશો. તમારૂં કાર્ય એ માનવ રૂપમાં પ્રકટ થયેલા પશુ અને પક્ષીઓ કરે છે ! તમે હવે એ કાર્ય ત્યજી દો ! હાય ! પિતા ! શું તમે દિવ્ય દેહમાં વિચરી આ બાળાને રઝળતી મુકશો ! નહિ ! નહિ ! તમે શયતાન બનો કે દેવ બનો પણ આ વેરનો બદલો લો. તમે તમારી પુત્રીનાં હૃદયાચ્છાદન ચૂંથાતાં જોઇ શકશો ?”

“હવે જાણ્યું ત્હારૂં ડહાપણ. ત્હારો પ્રભુ ક્યાં છે ? ક્યાં છે ત્હારો બાપ ! અહીં તને કોઇ મદદ કરી શકે તેમ નથી.” પેલો સ્વાર બોલ્યો: “ચાલ ! ત્હારી ઇચ્છા હોય તો હું તને ક્રાઉન પ્રિન્સ પાસે મોકલી દઉં ! ત્હારા જેવી સૌંદર્ય પૂર્ણ મૂર્તિને જોઈ તે ખુશી થશે અને મ્હને સારી પદવી આપશે.”

“ભાઈ ! આ દીનબાળાને શા માટે સતાવે છે ? હું ત્હારા પગમાં પડું છું.” તે બાળાએ અશ્રુધારા વહેવડાવતાં કહ્યું: “મ્હને જવા દે ! જવા

દે ! અરે, ગમે તો મ્હારા પ્રાણુ લે, પણુ મ્હને ભ્રષ્ટ શબ્દો કહી દુઃખી ન કર ! શું ત્હને એટલી પણુ દયા નહિ આવે ?"

"દયા અને ન્યાય એ બે સાથે રહી શકેજ નહિ." પેલા સ્વારે કહ્યું: "સર્વીયન યુવકે ઑસ્ટ્રીયાના પ્રિન્સ અને પ્રિન્સેસનું ખુન કરતી વખતે ક્યાં દયા રાખી હતી ? તેના અપરાધનુંજ આજે ત્હારા જેવાંને ફળ ભોગવવું પડે છે. તે કારણથીજ આજે ત્હારી આ સ્થિતિ છે."

"એનું નામ ન્યાય ન કહેવાય ભાઇ ! મ્હારો શો અપરાધ ! મ્હારા જેવી નિર્દોષ બાળાને કષ્ટ આપવાથી તેનો બદલો ક્યાં મળે તેમ છે ?" બાલિકાએ આર્તસ્વરે કહ્યું: "જો ઇચ્છા હોય તો મ્હને કેદમાં રાખો ! પણુ પ્રભુની ખાતર, એક ધર્મની ખાતર, એક માનવજાતિની ખાતર—અરે ! દયાની ખાતર, મ્હારા પર જૂલ્મ કરવા તત્પર ન થશો !"

"સૌંદર્યદેવી ! અહાહા ! તને કેમ ત્યજી શકાય ? ત્હારાં નેત્ર કટાક્ષથી હું ઘાયલ થયો છું. ત્હારી સુંદર નમણી નાસિકાએ મ્હને વિહ્વલ બનાવ્યો છે. ત્હારા કોમળ કેશકલાપે મ્હારૂં મન હરી લીધું છે અને ત્હારી સિંહ કટીકાએ મ્હારૂં ભાન ભુલાવ્યું છે. કહે ! હું ત્હને કેમ જવા દઉં ?"

"પ્રભુ ! પ્રભુ ! અરેરે ! તેં મ્હારૂં રૂપ આવું મોહક કેમ બનાવ્યું ? મ્હેં એવા કયા અપરાધ કર્યા હતા કે તું મ્હને આવી શિક્ષા કરે છે ? હું નહોતી માનતી કે જર્મનો આવા વિષયાનન્દી હશે ! જર્મનો આવા નીચ વૃત્તિના હશે !"

"અરે ! જો તો ખરી કે વિષયાનન્દ કેવો હોય છે ?" એટલું કહી પેલા સ્વારે ભયથી કંપતી અને શોકથી હૃદય વિદારક રૂદન કરતી બાળાનો કોમળ હસ્ત પકડ્યો અને તેને ચુંબન કરવા ગયો. તેજ વખતે તે બાળાએ એક ભયંકર ચીસ પાડી અને મૂર્ચ્છા પામી ગઇ. તેના શરીરપરનું આચ્છાદન ઉંચ્ચું થઈ ગયું. પ્રભુ તેની લજ્જા જોઇ શક્યો નહિ. વાદળું ચઢી આવ્યું. તારાગણુ સંતાઈ ગયા. પરંતુ પેલો જર્મન રાક્ષસ તેને ક્યાં માને તેમ હતો. તેણે ગજવામાંથી વિદ્યુત લેમ્પ કાઢ્યો અને પ્રકાશ કરી મૂર્ચ્છિત બાળાનું મુખ જોવા લાગ્યો. મુખ પરથી પગ તરફ દૃષ્ટિ ગઈ. જંઘાનો સહજ ભાગ

ખૂલ્લો થયો હતો. કદળી જેવી જંઘા જોઈ તે રોમાંચિત થઇ ગયો. બેભાન બનેલી બાળાના ઓષ્ઠપર તે વારંવાર ચુંબન કરવા લાગ્યો. એટલામાં દૂરથી ઘોડાઓનાં પગલાં સંભળાવા લાગ્યાં. તે ચમક્યો અને તુરતજ વિજળીનો દીવો બંધ કરી બાળાને ઉંચકી બાજુપર ખસી ગયો.

(૩)

બેલગ્રેડના સ્ટેશનપર કોલાહલ થઇ રહ્યો છે. ટ્રેનોની પરંપરા ચાલી રહી છે. એક પછી એક ટ્રેનો આવે જાય છે. એક પણ મીનીટ એવી નથી જતી કે જે વખતે પ્લૅટફોર્મપર ટ્રેન આવેલી ન હોય! તોપો, હથીયારો, દારૂગોળો અને ખોરાક વગેરેના ઢગલા પર ઢગલા થતા જાય છે. ખાલી ટ્રેનો પાછી ઑસ્ટ્રીયા તરફ દોડી જાય છે. ઘંટાનાદ થયા કરે છે. સૈનિકોનાં ટોળે ટોળાં ઉતરતાં જાય છે. આ વખતે એક ટ્રેન ખાલી થઈ હતી અને તે પાછી ઑસ્ટ્રીયા તરફ જવાની તૈયારીમાં હતી, તેટલામાં એક માણસ દોડતો આવી એક ખાલી ડબ્બામાં ચઢી બેઠો. ટ્રેન ઉપડી, ચોતરફ દૃષ્ટિ કરી તો કોઇ મનુષ્ય જણાયું નહિ. માત્ર ચોથા કમ્પાર્ટમેન્ટમાં એક સ્ત્રી બેસી રહેલી હતી. થોડી વાર પછી ટ્રેન પુરજોસમાં જવા લાગી એટલે પેલો માણસ ઉઠીને તે સ્ત્રી પાસે ગયો. આ માણસનો પોષાક કોલસાથી કાળો થઈ ગયો હતો અને તેના શરીરપર પણ કોલસાના ડાઘા જણાતા હતા. ક્ષણ વાર પછી તેણે તે સ્ત્રીને કહ્યું: "જો તમારૂં નામ હું જાણી શકું તો ઠીક."

"મ્હારા નામની તમને શી આવશ્યકતા છે? મ્હારૂં નામ મીસ શાર્લોટી છે. કૃપા કરી મ્હને વિશેષ કંઈ પુછશો નહિ."

"કંઈ કારણ? હું તમને આ ટ્રેનમાં લઇ જઉં છું, તેનો બદલો આજ કે?"

"કેવી ટ્રેન? તમારી સાથે મ્હારો શો સંબંધ! ખબરદાર! જાઓ, તમે તમારા સ્થાને બેસો, નહિ તો ગાર્ડને કહેવું પડશે!"

"એ રૉફ જવા દે! હજી ત્હેં મ્હને ઓળખ્યો નથી કેમ? હું પેલો સ્વાર. કેટલાક સ્વારો આવવાથી હું ત્હને પડતી મુકી છાવણી તરફ ચાલ્યો ગયો. ત્યાં હાજરી પુરાવી મૂળ સ્થાને આવ્યો ત્યારે તેં રસ્તો માપી લીધો કેમ?"

પેલી સ્ત્રીએ ઝીણી નજરે જોયું તો સ્વાર ઓળખાયો. તેનાં ગાત્ર શિથિલ થઈ ગયાં. ચક્ષુ અશ્રૂથી ભરાઈ આવ્યાં. તો પણ દમ રાખી કહ્યું: "શું કંઇ ગાંડા તો નથી થયા? તે કોઇ બીજી હશે. ભૂલા પડ્યા લાગો છો!"

"હું સારી રીતે તને ઓળખું છું. તું ગાર્ડને કહેશે તે પહેલાં હુંજ કહીશ કે આ એક સર્વીયન બાળા છે અને તે મ્હારી કેદી છે. તું ત્યાં જણાઇ નહિ કે તુરતજ મ્હેં ત્હારી પૂંઠ પકડી. ત્હારાથી માત્ર બસો કદમ હું દૂર રહેતો હતો. જો હું ધારત તો ત્હને ત્યાંજ અટકાવી શકત, પણ મ્હારી તેવી ઇચ્છા નહતી. હું પણ આ ટ્રેનમાંજ તને બર્લીન લઈ જવાનો હતો."

"દયા કરો! હે પ્રભુ મ્હને મૂર્ચ્છિત અવસ્થામાં કેમ ન રાખી! અરે, હમેશને માટે કેમ નિદ્રાધીન કરી નહિ?" એટલું કહી તે બાળા ટ્રેનમાંથી કૂદકો મારવા બારી પાસે ગઈ, પણ પેલા સ્વારે તેને પકડી લીધી.

"ભાઇ, શા માટે મ્હને અટકાવે છે? મરવા દે! આવી રીતે કષ્ટ સહન કરવું કે ભ્રષ્ટ થવું તેના કરતાં મૃત્યુ અતિ ઉત્તમ છે."

"તું ગમે તેટલા પ્રયત્ન કરશે પણ ત્હારૂ કંઇ વળનાર નથી. હું તને ક્રાઉન પ્રિન્સ પાસે લઇ ગયા સિવાય રહેનાર નથી. ત્હારી મૂર્છિત અવસ્થામાં મેં તને અનેકાનેક ચુંબન કર્યા છે તેથી તું ભ્રષ્ટ થઈ છે. માટે તેનો વિચાર નકામો છે."

"પ્રભુ! મનુષ્યનું જીવન ક્ષણભંગુર કહે છે તે કેવી રીતે? ક્ષણમાં મ્હારો અંત કેમ આવતો નથી. આ સંસાર અસાર છે અને તેનો નાશ નિયત થ-ગેલો છેજ પણ તેની મર્યાદા કેમ બાંધે છે? પ્રભુ! આ વિશ્વ એ વ્યર્થ છે. અમો મનુષ્ય પ્રાણીના સંસારની સર્વ વસ્તુઓ ભાંગે તૂટે કે તેનો અન્ય રીતે નાશ થાય તે સ્વાભાવિક છે, કારણ અમે પોતેજ નશ્વર છીએ તો પછી અમારા હાથે બનેલી વસ્તુઓને અનશ્વરત્વ ક્યાંથી પ્રાપ્ત થાય? પણ પ્રભુ! એ નિયમ ત્હને લાગુ નથી. તું આ વિશ્વમાં નિરંતર રહેવાનો છે. આ સર્વ વિશ્વ નષ્ટ થવાનું નથી. ત્યારે તું ત્હારા હસ્તે જે પ્રતિમાઓ બનાવે તેને સતત્ત્વ કેમ આપતો નથી? જેને માટે જગત્ હાલી રહ્યું તે તો તું નષ્ટ કરે છે. ત્હારે જો એ સર્વની એવી સ્થિતિ કરવી હતી તો તેં એ શા માટે બનાવી? કદા-

ચિત ત્હારા વિશ્વબંધનનો પ્રભાવ હશે ! પણ બંધન તો તેંજ કર્યાં ને ? પણ, ભલે એ પ્રતિમાઓ નષ્ટ થાય કિન્તુ તેનું અસ્તિત્વ જગતમાં જ્યાં સુધી રહે ત્યાં સુધી સુખમાં જવું જોઈએ કે નહિ ? પણ તેવું ક્યાં છે ? નાનાવિધ ઉપાધીથી આ જીવન ગુંથાઇ ગયેલું છે. વિદ્વાનો કહે છે કેઃ જીવનમાં સર્વ સુખ-દુઃખ વિશ્વનિયમને આધિન છે. હશે, હું ક્યાં ના કહું છું ? પણ તેનું શું કારણ ? આવા દુષ્ટાત્માઓના હસ્તમાં મ્હારા જેવી બાલાઓને મુકવી એ શું ત્હારો વિશ્વ–નિયમ હશે ? જો એવો નિયમ હોય તો સત્ અસત્નો ભેદભાવ શા માટે ? ”

“ આવા બડબડાટથી શું વળવાનું છે ? શાંત થા, અને પ્રાપ્ત થતી સ્થિતિને આધિન થઇ સુખી થા. ”

(૪)

“ ભલા યુવક ! શા માટે નિરર્થક મોત માગી લે છે ? ત્હારી ખાત્રી છે કે હવે તું ત્હારા પિતા કે બ્હેનને મળી શકવાનો નથી. ” કૅપ્ટન વીલ્ડનબર્ગે કહ્યું : “ જો તું પેલો ગુપ્ત માર્ગ બતાવીશ તો કયસર ત્હારા પર ખુશી થશે અને ત્હને કોઈ સારી પદવીનો અધિકારી બનાવશે. ”

કૅપ્ટન વીલ્ડનબર્ગના આ શાબ્દો સાંભળી સર્વીયન યુવકનાં નેત્ર રક્તમય બની ગયાં પણ તે કંઈ ઉત્તર નહિ આપતાં સ્તબ્ધ રહ્યો.

કૅપ્ટન તેની સ્તબ્ધતા સહન કરી શક્યો નહિ. તેણે ઉપહાસક સ્વરે ફરી ઉક્ત શબ્દો કહ્યા ત્યારે તેણે કહ્યું : “ હું તમારી આશા પૂર્ણ કરી શકીશ નહિ. ગમે તો આ શરીરના રાઇ રાઇ જેટલા કટકા કરી નાખો. મૃત્યુ કે જે મનુષ્ય માટે નિર્માણ થયેલું છે તેના ભયથી આ સર્વીયન યુવક કદી પણ દેશદ્રોહી થશે નહિ. ”

કૅપ્ટન માનતો હતો કે : આવો એક સાધારણ બાળ યુવક કયસરના શબ્દોથી મુગ્ધ થશે, અને જો તેમ નહિ બને તો કાળની ભીતિથી અવશ્ય ઉપયોગી થશે; પણ તેની આશા વિફળ થઈ. તેણે જરી જુસ્સાથી કહ્યું : “ ત્યારે શું તું મૃત્યુને પ્રિય માને છે ? ”

“ હા, હું તમોને કંઈ પણ કહીશ નહિ. તું માતૃભૂમિને વિશ્વાસઘાત

કરીશ નહિ. કયસર જો સર્વ સામ્રાજ્યના અધિપતિનું મ્હને સ્થાન આપે તો તે પણ મ્હને તૃણવત્ છે. દેશપ્રેમ આગળ તેનું કંઇ મૂલ્યજ નથી, અને હું એ પણ જાણું છું કે કોઇ પણ ડાહ્યો રાજા દેશદ્રોહી થનારને માન આપી શકતો નથી. કયસર આજે મ્હને જે માન આપવા તૈયાર થયો છે તે માન કેવળ તેનો સ્વાર્થ સાધવા માટેજ છે. સ્વાર્થ સિદ્ધ થતાં તે મ્હને કેવો સમજશે તેની તમેજ કલ્પના કરી લેશો તો બસ થશે."

"નહિ, ત્હારી ભૂલ છે! સર્વ મનુષ્ય–સર્વ રાજાઓ–સરખા હોતા નથી. કયસર તને કદી પણ હીન સ્થિતિમાં રાખશે નહિ, અને તેમ છતાં પણ હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે: જ્યાં સુધી મ્હારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી હું ત્હને સારી સ્થિતિમાં રાખીશ."

"કૃપા કરી હવે એ સંબંધી કંઇ બોલશો નહિ. પ્રત્યક્ષ ઇશ્વર જો તમારે માટે જામીન થાય તો તેને પણ હું માનું તેમ નથી. મ્હારા દેશના કલ્યાણને માટે હું પ્રભુને પણ તુચ્છ માનીશ. જે મનુષ્ય દેશને ભૂલે છે તેને પ્રભુ ભૂલે છે! અહા! દેશ! માતૃ ભૂમિ! ત્હારે માટે આ જીવ કુરબાન છે."

કૅપ્ટને જાણ્યું કે હવે કંઇ બને તેમ નથી. તેણે તેનો ઉપહાસ કરવા માંડયો: "ત્હારા જેવા કાયર, બ્હીકણ બાયલા, માણસો સર્વીયામાં રહી સર્વીયાનું શું ભલું કરવાના હતા? ખરેખર, ત્હારા જેવા જુઠ્ઠા દેશાભિમાની યુવકોના અત્યાચારથીજ આ ઘોર યુદ્ધ આરંભાયું છે. ચાલ ત્યારે હવે ત્હારી આડંબર ભરી દેશભક્તિ દર્શાવવા આગબોટમાંથી ઉતર!"

કૅપ્ટનના આ શબ્દો સાંભળી સર્વીયન યુવક ચમક્યો. તેણે વિચાર્યું કે આગબોટ ડાન્યુબના પૃષ્ઠ ભાગપર ચાલી જાય છે અને આ મ્હને ઉતારવાનું કેમ કહે છે? હજી બલ્ગેરીયાની હદ તો આવી નથી. એટલામાં આગબોટ સ્થિર થઇ તે ઉપરથી તેણે જાણ્યું કે: જમીન નજીક હશે ખરી. તુરતજ તે કૅબીનમાંની બહાર નીકળી ડૅક પર આવી ઉભો રહ્યો તો નજીકમાં એક ખડક જણાયો. બન્ને કીનારા જંગલી વૃક્ષોથી ઘટ્ટ બનેલા હતા. કોઈ પણ મનુષ્ય પ્રાણીનો ત્યાં સંચય હોવાનું ચિહ્ન દષ્ટિગોચર થતું નહોતું. આ દૃશ્ય જોઇ તે ક્ષણવાર વિચારતંદ્રામાં પડયો પણ કૅપ્ટને તેને શુદ્ધિપર લાવી ખડક-

પર ઉતરી જવા આજ્ઞા કરી અને કહ્યું : " જા, હવે પેલા ખડકપર ત્હારા દેશનું શૂરત્વ પ્રકટ કરજે ! કયસરની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારાઓને કેવી ભયંકર શિક્ષા થાય છે તેનો અનુભવ કરજે. એ સ્થળ ત્હારા જેવા દેશભક્તિનો મિથ્યા ફાંકો રાખનારા મૂર્ખાઓ માટેજ છે. ત્હારા દેહનું જળચર પ્રાણીઓ ભક્ષણ કરી મિજબાની ઉડાવે એજ અમારી ઇચ્છા છે ! "

"કેપ્ટન! શું આવા નિર્જન સ્થળે મ્હને મુકી દેવો એજ તમારી ભારેમાં ભારે શિક્ષા છે કે ? " સર્વીયન યુવકે ગળગળા થઈ કહ્યું : " મ્હને કોઇપણ કીનારા પર ઉતારો! આવા જલમય સ્થળે રાખવાથી તમને શો લાભ થવાનો હતો ? એવી રીતે રીબાવી રીબાવીને મારવા કરતાં ભલે મ્હને ગોળીથી એકદમ ઠાર કરો ! આવી ભયંકર શીતળતા હું કેમ સહન કરી શકીશ ? અને વૃષ્ટિનો માર હું કેમ વેઠીશ ? હું તમને—જર્મનોને આવા ક્રૂર—પાપી—ઘાતકી—સમજતો નહતો ! "

" પ્રભુના દરબારમાં જઈ ત્હારી ફરીયાદ ત્યાં સંભળાવજે. આ જગત પર માત્ર એક કયસર પ્રભુ છે ! તેની સત્તામાં વિરોધ કરનારા માટે એજ શિક્ષા રાખેલી છે. તેમાં ક્રૂરતા ક્યાંથી ? જેનો જેવો અપરાધ તેવી શિક્ષા."

" ઠીક, તમારા કયસરને કહેજો કે તે સર્વીયન યુવકને અનેક રીતે સતાવવા છતાં તે આપણી ઇચ્છાને આધિન થયો નથી અને જો તમે રાજ ધર્મ જાણતા હો તો સર્વીયન સેનાપતીને એક સંદેશો પહોંચાડજો કે : " સર્વીયાના માજી પ્રધાનનો પુત્ર ચાર્લસ્ટન ડાન્યુબની મધ્યમાં એક ખડકપર સ્વદેશને માટે જર્મન સમ્રાટ કયસરની ઇચ્છાને આધિન નહિ થવાથી મૃત્યુ પામ્યો છે. ભલે, હવે તમે અહીંથી ચાલ્યા જાઓ ! તમારૂં મુખ મ્હને એક વિક્રાળ કાળ જેવું ભયંકર લાગે છે ! જાઓ ! જાઓ ! તમે દયાહીન છો."

સ્ટીમર પાછી ફરી. ખડકપર હવે માત્ર ચાર્લસ્ટન રહ્યો હતો. ચોતરફ પાણી ઉછળતું હતું. જ્યાં જુઓ ત્યાં જળ, જળ ને જળ. દૂરથી જણાતા કીનારા પણ ભયંકર દશ્ય પ્રકટ કરી રહ્યા હતા. જંગલી પશુઓની ચીસો હૃદય કંપાવતી હતી. એ સર્વ જોઇ ચાર્લસ્ટનનું અંતઃકરણ ભરાઈ આવ્યું. મસ્તકપર અનંત આકાશ અને પગ નીચેથી પાણીની છોળાનો અવાજ

સંભળાતો હતો. એવી ભયંકર સ્થિતિમાં સપડાતાં તેના અંતઃકરણમાં કેવી અનંત વિચાર લહરી ઉત્પન્ન થઇ હશે તેની કલ્પનાજ કરી લેવી જોઇએ. ભયથી તેના હાથપગ કંપવા લાગ્યા. પિતા અને બ્હેનનું સ્મરણ થઇ હૃદય દ્રવી ઉઠયું અને ચક્ષુમાંથી અશ્રુધારા વહેવા લાગી. “કયસરને કેટલો મદ છે! જગતમાંથી પરદ્વાય સત્તા નષ્ટ કરવા માટે તેના કેવા પ્રયત્ન છે?” એટલા શબ્દો ઉચ્ચારી તે પ્રભુ સ્મરણ કરવા લાગ્યો. ભરતીનો આરંભ થયો. પાણી વધવા લાગ્યું. ખડક ડુબી ગયો. ચાર્લસ્ટનના પગે પાણીનો સ્પર્શ થયો. થોડી વારમાં તેના ઘૂંટણ સુધી પાણી આવી ગયું અને જોતજોતામાં કમર સુધી વધી ગયું. ચાર્લસ્ટને ચોતરફ એક નિશ્વાસ નાખી દૃષ્ટિ કરી. આંખો ખેંચી જોવા માંડયું અને મનુષ્યના સ્વરની તથા સ્ટીમરના અવાજની આશા રાખવા લાગ્યો. પરંતુ પ્રત્યેક ક્ષણે નિરાશ થઇ માત્ર ડાન્યુબના જળનો ઘુઘવાટો વધતો જતો સંભળાતો હતો. છેવટે તેણે એક કારમી ચીસ પાડી: “બચાવો, બચાવો! કોઇ બચાવો! માત્ર બે દિવસને માટે મ્હને બચાવો! આ જીવનનો જે ઉપયોગ કરવો જોઇએ, તે હું કરી શક્યો નથી! અરે! એક વખત મ્હને મ્હારી વ્હાલી બેન શાર્લોટીને મળવા દો!”

તેના મુખમાંથી આ છેલ્લા શબ્દો નીકળ્યા તેટલામાં તો તેના ગળા સુધી પાણી આવી ગયું અને તેનો પગ ખસી ગયો!

(૫)

બેલજીયમની રાજધાની બ્રસેલ્સના દરબારભુવનની પાછળ એક સુંદર ઉદ્યાન છે. યુદ્ધાગ્નિની પ્રખર ચીણગારીઓથી હમણાં તેની વ્યવસ્થા રહી નથી, તેથી તેનું અરણ્યમાં રૂપાંતર થયું છે! પરંતુ તેના એક ખુણામાં એક ન્હાનો બાગ કાળજીપૂર્વક સંભાળી રાખવામાં આવ્યો છે; અને તે કંઇક રમણીય પણ જણાય છે. જે સ્થળનો ઉપભોગ એક વર્ષપર પ્રિન્સ આલ્બર્ટ લેતો હતો તે જગ્યાએ આજે જર્મનીના ઘાયલ સૈનિકો પડયા છે. જે દરબારભુવનમાં પ્રિન્સ આલ્બર્ટ પોતાના મંત્રીઓસહ સ્થિત થતો હતો તે આજે વૉર હૉસ્પીટલના રૂપમાં મુકાયો છે; અને તેની પાછળનો ઉપરોક્ત ન્હાનો બાગ જર્મનીના સૈનિકોને નહિ પણ ઘાયલ થયેલા અમલદારોને મદદ

કદી આનંદિત બનાવવામાં સહાયભૂત થાય છે. એ બાગમાં પુષ્પ વૃક્ષ સિવાય અન્ય કંઇ જણાતું નહતું. પુષ્પવાટીકાની ચોતરફના તાર ઉપર નાના પ્રકારની લત્તાઓ ચઢાવી હતી અને તે લતાઓએ પણ પોતાનો વિસ્તાર વધારી સૂર્ય કીરણોને અટકાવ કરવા પ્રયત્ન કર્યો હતો. કોઇ કોઇ લતા નાના પ્રકારનાં પુષ્પોથી લચી પડતી હતી તો કેટલીક કોમળ સુંદર પત્ર પલ્લવોના ભારથી જાણે કે હમણાં તૂટી પડશે એવો ભય ઉત્પન્ન કરાવતી હતી. પુષ્પવાટીકાની મધ્યમાં એક બે આરામ ખુરસીઓ પડી હતી. તેની ચોતરફ સેંકડો પુષ્પવૃક્ષો હતાં. તેનાપર અસંખ્ય સુંદર સુંદર પુષ્પો વિકસેલાં હતાં. સૂર્યોદય પૂર્વે વાયુની લહરી નજીકના સરોવરપરથી વહી આવતી હતી અને તે સર્વે ઉદ્યાનને શીતળતાથી પૂર્ણ બનાવી દેતી હતી. વાયુ લહરીથી અનેક પ્રકારનાં પુષ્પો ઝાડપરથી નીચે ખરી પડતાં અને જમીનપર સુંદર ગાલીચો તૈયાર કરતાં હતાં! હજી પણ રાત્રિનો અંધકાર કંઇ તદ્દન નષ્ટ થયો નહતો. ઉષાના પ્રકાશથી ભયભીત થઈ સાથેના મહાલયના ખુણા ખોચરામાં વૃક્ષસમૂહનો આશ્રય લઈ હજી પણ તે પોતાનું અસ્તીત્વ ટકાવી રહ્યો હતો. સૂર્યનારાયણનાં કોટયાવધિ કીરણોની વૃષ્ટિ થયા સિવાય તે પાતાળમાં જાય એ પણ શક્ય નહતું.

પુષ્પવાટીકાનું દ્વાર એકદમ ઉઘડયું. તે સાથે દરવાજાપરની લતાઓ કંપવા લાગી. દરવાજામાંથી એક બાલિકા બાગમાં આવી. તેનો કેશકલાપ વાયુની લહરી સાથે થેઇ થેઇ નાચતો હતો! અંદર આવતાંજ તેણે ચોતરફ જોયું પણ કોઈ સ્થાને માર્ગ જણાયો નહિ. તે બાગનો પ્રત્યેક ખુણો જોઇ વળી અને છેવટે નિરાશ થઈ એક વૃક્ષના થડને ટેકી ઉભી રહી. થોડીવાર આવી રીતે ઉભી રહ્યા પછી તે પાછી જે દ્વારથી આવી હતી તે દ્વાર તરફ વળી, એટલામાં કંઇ અવાજ આવ્યો તેથી તે પુનઃ પાછી ફરી.

"બાલિકા! શા માટે ચમકે છે? કેમ ગભરાય છે! જો, જો, આ કેવું સુંદર ઉદ્યાન છે? શું ત્હને આ પુષ્પ પરિમલ ઠીક નથી લાગતો? ત્હારી ઉદાસી દૂર કર અને આ પ્રેમ પિપાસાથી પિડાતા પુરૂષને શાંત કર!"

"કોણ? ક્રાઉન પ્રિન્સ? શું આ તમારા મુખના શબ્દો છે? તમોને એ શોભે છે? શું તમે એટલા બધા કઠોર છો? મ્હારાપર દયા નહિ કરો?

હું એક અનાથ અબળા છું. મ્હને ન સતાવો! પ્રભુ તમને સુખી રાખશે. બસ કરો, હવે હું હતાશ થઇ ગઇ છું."

"એવા ઉદ્‌ગાર ન કાઢ! તેં હજી આ જગતના વૈભવ જોયા નથી. જો તું મ્હારી સાથે રહેશે તો સુખી થશે. હા, ખરૂં કહું છું કે હું તને પ્રિન્સેસ બનાવી શકું તેમ નથી કિન્તુ ત્હારા પ્રેમનું યોગ્ય પારિતોષિક અવશ્ય આપીશ."

"તમારી કંમરે લટકતી તલવારથી આ ગરદનને જુદી કરો! તમારી વિક્રાળ મુખવાળી તોપે બાંધી મ્હને ઉડાવી મૂકો! તમારી રક્ત પિપાસાને શાંત કરવી હોય તો ભાલાથી મ્હને ભોકી નાખો પણ, એવા અયોગ્ય શબ્દોનો ઉચ્ચાર ન કરશો."

"કોણ છે? બેડન! એને શુદ્ધિપર લાવો. શું તમે મ્હારે માટે આવું રત્ન શોધી લાવ્યા છો? છે તો સુંદર પણ સ્વાદમાં કડવું લાગે છે!"

વાંચક! સમજી ગયા હશો કે આ બાળા તે આપણી સર્વીઅન બાળાજ હતી! તેનું ખરૂં નામ હવે તું જાણી ચુક્યો છે એટલે આપણે હવે તેના ખરા નામથી વાત કરીશું. બેડન તેને નર્સનું રૂપ આપી અહીંની વૉર હૉસ્પીટલમાં લાવ્યો હતો. ક્રાઉન પ્રિન્સ પણ વૉર હૉસ્પીટલનું અવલોકન કરવાને બહાને અહીં આવ્યો હતો. તેણે આ પહેલાં શાર્લોટીને સમજાવવા ઘણા પ્રયત્ન કર્યા હતા, પણ તેની ઇચ્છા પૂર્ણ થઈ ન હતી. આજે તેને રણક્ષેત્ર પર જવાની જરૂર હતી, કારણ કે ત્યાં પ્રિન્સ માર્યા ગયાની બૂમ પડી હતી.

* * * * *

"બ્હેન! ત્હારી અહીં આવી દશા છે ત્યારે મ્હને એ નરપીશાચોએ ડાન્યુબ નદીના પ્રવાહના મધ્ય ભાગમાં એક ખડક પર મુક્યો હતો. નદીમાં ભરતી આવતાં મ્હારા ગળા સુધી પાણી આવી ગયું અને મ્હારો પગ ખસી ગયો, તે સાથેજ ખીસામાં તરવાનો કૉલર હતો તે મ્હેં પહેરી લીધો તેથી હું તરતો રહ્યો. તે રાત્રિ તો જળ પ્રવાહમાંજ પૂર્ણ થઇ. પ્રાતઃકાળ થતાં ભરતી ઉતરવા લાગી તે સાથે હું પણ સમુદ્ર તરફ ખેંચાવા લાગ્યો. સદ્‌ભાગ્યે મ્હને કોઇ જળચર પ્રાણી મળ્યું નહિ, પણ હું ઠંડીથી અકડાઈ ગયો હતો.

બેભાન થવાની તૈયારીમાં હતો, તેટલામાં એક જર્મન સ્ટીમર આવતી હતી. તેનો કૅપ્ટન બહુ ભલો હતો. મ્હને પ્રવાહમાં ખેંચાતો જોઇ તેણે એક મછવો નદીમાં ઉતાર્યો અને મ્હને સ્ટીમર પર લાવી મુક્યો. તે ભલા કેપ્ટનને મ્હેં મ્હારી સર્વ સત્ય હકીકત કહી. તે જો કે જર્મન હતો પણ તે મ્હારા પર ગુસ્સે થયો નહિ. તેણે કહ્યું : "ત્હારો ધર્મ તેં બજાવ્યો છે. તને ધર્મથી ભ્રષ્ટ કરવાની જરૂર નથી. જો મહેનત મજૂરી કરી ઉદર નિર્વાહ કરવાની ત્હારી ઇચ્છા હોય તો હું તને તેવા ધંધે લગાડી આપીશ, પણ જર્મનીને દગો નહિ દેવાનું ત્હારે વચન આપવું જોઇએ. તેં ત્હારી માતૃભૂમિ પર જે પ્રેમ બતાવ્યો છે તે ઉપરથી હું માનું છું કે એક વખત વચન આપ્યા પછી તું તેનો ભંગ કરશે નહિ. જો ત્હારી મરજી અમને ત્યજી દેવાની હોય તો અમે તને કેદી તરીકે રાખીશું. માત્ર પુનઃ કયસર પાસે તને નહિ લઇ જઇએ!" તેના આવા માયાળુ શબ્દોની મ્હારાપર ઠીક અસર થઇ. મેં તેને તેજ વખતે વચન આપ્યું અને તેણે મ્હને અહી વૉર હૉસ્પીટલમાં કામ કરવા મોકલી દીધો. અહિં અચાનક દૈવયોગે ત્હારો મેળાપ થયો. હવે આપણે બે એકત્ર થયાં છીએ. પ્રિન્સની મગદૂર નથી કે ત્હારો વાંકો વાળ કરી શકે. જો તે જુલ્મ કરવાના વિચાર પર આવશે તો હું તને તે ભલા કૅપ્ટનને ઘેર મોકલી દઇશ. અહીં આવતા પહેલાં મ્હેં તેનું ઘર જોયેલું છે. તે જેવો ભલો છે તેવીજ તેની પત્ની માયાળુ છે. તે ત્હારા શીયળનું રક્ષણ કરશે."

"તું પેલા ઝાડની બાજુમાં લપાઇ રહે. પ્રિન્સ આવતો જણાય છે. એડન પણ સાથે છે." શાર્લોટીએ કહ્યું : "હું હવે તેને છેલ્લા શબ્દો કહી નાખીશ, તદપિ નહિ માને તો તેં આપેલી રિવૉલ્વરનો ઉપયોગ કરવામાં હરકત આવશે નહિ."

ચાર્લસ્ટન દૂર જતો રહ્યો. ક્રાઉન પ્રિન્સ અને એડન, શાર્લોટીની પાસે આવી ઉભા રહ્યા. પ્રિન્સનું મુખ હમણાં ઉદાસીન પણ ક્રોધની પ્રતિમૂર્તિરૂપ જણાતું હતું. "કેમ શાર્લોટી!" પ્રિન્સે કહ્યું : "હજી તું ઠેકાણે આવી છે કે નહિ?"

"નહિ, પ્રિન્સ નહિ." શાર્લોટીએ જુસ્સાપૂર્ણ સ્વરે કહ્યું: "હું તમારી

નીચ ઇચ્છાનો ગુલામ બનીશ નહિ. તમારા જેવા ભવિષ્યના સમ્રાટની આવી નીતિ હોવી જોઇએ નહિ. તમારી પ્રજા પ્રત્યે તમારૂં શું કર્તવ્ય છે તેનો સહજ વિચાર કરો. એક રાજા જે પોતાની પ્રજાની બ્હેન અને પુત્રીઓ તરફ એવી કુદૃષ્ટિ રાખશે તો પછી પ્રભુ તે કેવી રીતે સહન કરી શકશે ? ”

“ ચૂપ ! ક્યાં છે ત્હારો પ્રભુ ? પ્રભુ માત્ર એક કયસર અને તેનાં સંતાનો છે ! ” એટલું કહી પ્રિન્સે તે રંક બાળાનો હસ્ત પકડયો અને તે પર ચુંબન કરવા ગયો. તે સાથેજ શાર્લોટીએ તેનો હસ્ત તરછોડી નાંખ્યો. વેગળી ખસી ગઇ.

“ પ્રિન્સ ! સંભાળ ! બિલાડી જેવું જાનવર પણ જો સંકટમાં આવે છે તો તે હૂમલો કર્યા સિવાય રહેતું નથી.” શાર્લોટીએ છેવટના શબ્દો ઉચ્ચાર્યા : “ તો પછી શું મ્હારા જેવું મનુષ્ય પ્રાણી તને સુખથી જવા દેશે ? હજી પણ હું ત્હારી દયા માગું છું ! માન ! માન ! ”

શાર્લોટીના આ શબ્દો પ્રિન્સ સહન કરી શક્યો નહિ. તેણે શાર્લોટીના કેસ પકડી પીઠપર એક લાત મારી તેને જમીનપર નાખી દીધી. બેડને પણ લત્તા પ્રહાર ચલાવવા માંડયો. ચાર્લસ્ટન આ ઘાતકીપણું જોઇ શક્યો નહિ. તેણે એકદમ દોડી આવી બેડનને જમીન પર પટક્યો. પ્રિન્સે પણ જાણ્યું કે: પ્રસંગ વિચિત્ર છે. તેણે એક સાંકેતિક શબ્દ ઉચ્ચાર્યો તે સાથેજ ત્યાં પાંચ અંગરક્ષકોએ આવી ચાર્લસ્ટનને પકડી લીધો.

શાર્લોટી ઉઠી ઉભી થઇ અને કેદી બનેલા બન્ધુને જઇ વળગી પડી : “બન્ધુ, વ્હાલા બન્ધુ ! ત્હારી બહેનની નજરે તું એક કેદી જેવો ઉભો રહે તે દૃશ્ય કેવું ભયંકર છે ? હાય ! મ્હારૂં મૃત્યુ કેમ ન થયું ! વિખુટાં પડેલાં ભાઇ બ્હેન પુનઃ એકત્ર થયાં તે શું આ કાતિલ દૃશ્ય જોવા માટે ? ”

“ બેડન ! આ એનો ભાઇ હોય તેમ લાગે છે. તેનાં તીક્ષ્ણ નેત્રો મ્હારૂં હૃદય ભેદી નાખે છે ! ચાલ, ઉતાવળ કર ! ત્હારી સંગીનથી તેનાં નેત્રો ફોડી નાખ ! ”

પ્રિન્સની આજ્ઞાનો તુર્ત અમલ થયો. ચાર્લસ્ટન અંધ બન્યો. તેના નેત્રમાંથી રક્તધારા વહેવા લાગી ! હવે તેની પાસે કંઈ શસ્ત્ર રહ્યું નહોતું, તેમ દૃષ્ટિબળ નષ્ટ રહ્યું હતું. નેત્રનું દુઃખ એટલું ભયંકર હતું કે તેનું વર્ણન થઇ

શકે તેમ નથી. શાર્લોટી બંધુનાં ચક્ષુને ફોડી નાખેલાં જોઈ એક કારમી ચીસ પાડી મૂર્છિત થઇ ગઇ.

તેની ચીસે હૉસ્પીટલનાં સર્વ મનુષ્યોને ખેંચી આણ્યાં. સર્વ મનુષ્યો, પ્રિન્સ સામે જીજ્ઞાસુ વૃત્તિથી જોઇ રહ્યાં.

"આ પાપીઓ–અરે ! જર્મનીના શત્રુઓ, ગુપ્ત સંકેતથી જર્મનીની સર્વ વાતો શત્રુને પહોંચાડવાનું કાર્ય કરે છે ?" પ્રિન્સે કહ્યું : "એમની જાસુસી પકડાઇ ગઇ છે અને જર્મન સૈન્યપરનું એક સંકટ દૂર થયું છે."

આટલી વારમાં શાર્લોટીની મૂર્છા વળી ગઈ હતી. તેણે પડયાં પડયાં કહ્યું : "અરે પ્રિન્સ ! જુઠું શા માટે બોલે છે ? અસત્યથી શો લાભ થનાર છે ? હા, હું ભુલું છું ! ત્હારા જેવા નર પીશાચો સત્યનું મૂલ્ય સમજી શકે નહિ ! વિષયાંધ પ્રિન્સ ! ખરેખર, જર્મનીના જનરલો જો આવાજ હોય તો હું હિંમતપૂર્વક કહીશ કે જર્મનીનો પાપનો ઘડો ભરાઇ ગયો છે."

"બેશરમ કૂલ્ટા ! ત્હારા શબ્દો પર જર્મનવીર વિશ્વાસ રાખી શકશે નહિ. એક સર્વીયન બાળાનો જર્મન હૉસ્પીટલમાં રહેવાનો શો હેતુ હોય ? બેડન ! આ જાસુસોને ભયંકર શિક્ષા થવી જોઇએ કે : જેથી અન્ય જાસૂસો કદી પણ જર્મન ક્ષેત્રમાં પગ મુકી શકે નહિ."

"પણ, આપણે એ બન્નેને બરલીન મોકલી દઇએ તો શી હરકત છે ? ત્યાં તેમનો ન્યાય થશે."

"નહિ ! ત્યાં મોકલવાની જરૂર નથી. એ પૂતળાં અતિ વિલક્ષણ જણાય છે. પેલા યુવક પર ઉનું કડકડતું તેલ રેડો અને આ બાળાને ફાંસીએ લટકાવી દો !"

* * * * *

એક સૈનિકે આવી ચાર્લસ્ટન પર કડકડતું તેલ રેડયું અને બીજી બાજુ ફાંસી રોપી તેના પર શાર્લોટીને લટકાવી દીધી. આ વખતે સર્વત્ર સ્તબ્ધતા પ્રસરી રહી હતી. માત્ર એ સ્તબ્ધતાનો ભંગ શાર્લોટીના "જર્મનોનાં પાપી કૃત્યોનો બદલો પ્રભુ પરાજયમાં આપ્યા સિવાય નહિ રહે" એ શબ્દોએ કર્યો હતો.

૧૨ સ્વર્ગીય પ્રેમ.

(૧)

ઇ. સ. ૧૯૧૪ ની શીત ઋતુનો અન્ત આવી રહ્યો છે. સમસ્ત બેલજીયમના હૃદયપટ પર જર્મન સૈન્યે અખાડો જમાવી દીધો છે. બેલજીયમના રક્ષણને માટે કયસરે કેટલુંક નવું લશ્કર પણ મોકલ્યું છે. તેણે પણ એક ન્હાના ગામમાં આવી પોતાના તંબુની ખીલીઓ ઠોકી દીધી છે. એ ટુકડીનો કર્નલ, ગામમાં પહોંચતાંજ પોતાના કેટલાક સાથીદારોને લઈ ગામનું દર્શન કરવા નીકળ્યો છે. ગામમાં પ્રવેશ કરી તેણે જોયું કે: ગામ નિર્જન ઉજ્જડ સ્મશાન જેવું ભયાનક થઇ રહ્યું છે. ત્યાં બાળક, વૃદ્ધ અને સ્ત્રીઓની વસતી સિવાય એક પણ પુરૂષ દ્રષ્ટિયે પડયો નહિ. તેનું કારણ કર્નલે એક વૃદ્ધ ડોસીના દ્વાર આગળ જઈ પૂછ્યું. ડોસીએ ઉત્તર દીધો: "બેટા ! થોડા મહિના પૂર્વે, આ ગામના સેંકડો યુવકો મ્હને "ડોસી મા" કહીને બોલાવતા હતા પરંતુ દુર્ભાગ્યવશાત્ એક દિવસ મ્હેં સાંભળ્યું કે: અમારા રાજા ઉપર જર્મનીના બાદશાહ ચઢાઇ લાવે છે. એ સાંભળતાં જ આખા ગામનું લોહી ઉકળી આવ્યું. સર્વ મનુષ્યો પોતાની માતૃ-ભૂમિને માટે પ્રાણનું બલિદાન આપવાનો સમય જોવા લાગ્યા. જોતજોતામાં જર્મન લશ્કરો આ ગામનો નાશ કરવા માટે આવી પણ પહોંચ્યાં. રાજાના લશ્કરની સાથે સાથે શત્રુઓએ અમારા ગામનો પણ નાશ કરી દીધો. તેમણે યુદ્ધ કરવા લાયક કિંવા દ્રવ્યોપાર્જન કરવા લાયક એક પણ મનુષ્યને જીવતો રાખ્યો નહિ. કયસરના એ. કસાઇખાનામાંથી માત્ર જે મનુષ્યો ઘાયલ થઇ ઘરમાં પડ્યા હતા તેટલાજ બચવા પામ્યા ! મ્હારા જેવી અભાગિણીને પેટે પણ બે વીર પુત્રો હતા. આ દેવળમાંજ હું બે પુત્ર, પુત્રવધુઓ અને પતિ સાથે સુખમાં

દિવસો નિર્ગમન કરતી હતી. અરેરે ! ન્હાના પુત્રનું સ્મરણ થતાં છાતી ફાટી જાય છે. તેણે અદ્યાપિ પર્યંત પોતાનાં લગ્ન કર્યાં ન હતાં. તેનો પિતા કહેતો હતો કે: મ્હારી પાછળ આ છોકરો દેવળનો પૂજારી થશે. પરંતુ અરેરે ! મ્હારા ફુટેલા ભાગ્યમાં એવું સુખ લખ્યું હોય ત્યારે ને? ન્હાનો પુત્ર મેન્યુઅલ શત્રુઓને હાથે માર્યો ગયો, અને મ્હોટા પુત્ર વિક્ટરને તેનો પિતા રણક્ષેત્રમાંથી ઘાયલોની વચમાંથી શોધીને ખાંધે ઉપાડી લાવ્યો હતો. તે હજી પણ સારી પેઠે ઉઠી બેસી શકતો નથી. બિચારી પુત્ર–વધુ તો ચિન્તાથી અધમુઇ થઇ રહી છે. ઉપરાંત તેને ઘરનું સર્વ કામકાજ અને પતિની સેવા કરવી પડે છે. અહા ! બિચારીની સુવર્ણ જેવી સુંદર કાંતિ—"

એટલું કહેતાં કહેતાં વૃદ્ધાનું ગળુ રૂંધાઇ ગયું. કર્નલે આંખો ઉંચી કરી જોયું. તેમાં તેમણે જોયું કે: એક મનોહરરૂપ સુંદરી સ્હામે ઘાસ ઉપર ધોયેલી ચાદરોને સુકવવા તડકામાં આમતેમ હાલી રહી છે. તેનું રૂપ જોતાંજ કર્નલની આંખો ચકિત થઇ ગઇ. તેમના સાથીદારો વિચારવા લાગ્યા: " અહા ! કેવું સુંદર રૂપ છે ? મુખ ઉપર મલિનતાની છાયા પણ કેવી સુંદર જણાય છે ? " કર્નલનો સંકેત જોતાંજ સર્વેએ પોતાના ઘોડા આગળ ચલાવ્યા, અને દેવળની પાછળ થઇને પોતાના તંબુમાં આવી પહોંચ્યા.

(૨)

ચારે તરફ શાંતિ પથરાઇ રહી છે. ગામ નિવાસીઓ મીઠી નિદ્રામાં નિમગ્ન થઇ રહ્યા છે. અર્ધ રાત્રિનો સમય હતો. એ વખતે ગ્રામનિવાસીઓએ ચકિત ચિત્તે સાંભળ્યું કે: દેવળના પાદરી બ્લુડના ઘરમાં ધાડ પડી છે. એ સમયે બહાર નીકળી તપાસ કરવાની કોઇનામાં હિંમતજ રહી નહોતી કે શું થયું ? મધ્ય રાત્રિએ જીવ ખોવા કોણ બહાર નીકળે વારૂ ! સૌને પોતપોતાના જીવની પડી'તી ! " હવે એ નર પિશાચો કોના ઘર પર ધાડ પાડશે ?" એ પ્રશ્નથી સર્વના જીવ અસ્થિર થઇ રહ્યા હતા, પરંતુ બુમરાણ બંધ પડ્યે ઘણો વખત વીતી ગયો અને સર્વનાં ઘર સુરક્ષિત રહ્યાં ત્યારે લોકોના જીવમાં જીવ આવ્યો. આ સમયે સ્ત્રીઓને ના કહેવા છતાં બેચાર વૃદ્ધ પુરૂષો પોતાને ઘેરથી બહાર નીકળી વૃદ્ધ પાદરીને સાન્તવન

આપવા દેવળ તરફ ગયા હતા. પરંતુ જ્યારે વૃદ્ધને રૂમાલથી આંખો લૂછતો અને "દુષ્ટ જર્મનો મ્હારી પ્યારી પુત્ર-વૃદ્ધનું હરણ કરી ગયા છે." એવા શબ્દો બોલતો સાંભળ્યો ત્યારે તો કોઇનામાં કાંઇ કહેવાનું સાહસજ રહ્યું નહિ; પરંતુ થોડી વાર પછી વૃદ્ધને સાન્ત્વન આપવાની પોતાની ફરજ સમજી એક પછી એક આગંતુક ગ્રામનિવાસીઓ ભાંગલી તુટલી બાઇબલની પંક્તિઓનાં ઉદાહરણ આપી તેને ઉપદેશ દેવા લાગ્યા. વૃદ્ધ પાદરી ચુપ થઇ સાંભળ્યા કરતો હતો. પુત્ર વિકટરનામાં શક્તિ નહિ હોવા છતાં તે બહાર આવીને ગાંડાનીપેઠે આમ તેમ ફરવા લાગ્યો હતો. અશાંતિ અને ક્રોધનું તોફાન જ્યારે કંઇક ઓછું થયું ત્યારે તેણે પોતાની સ્થિતિપર વિચાર કર્યો. તે વખતે પોતાની પ્રિય પત્નીનો ઉદ્ધાર કરવા માટે તે બિલકુલ અસમર્થ હતો. તે ગુપચુપ પોતાના ઓરડામાં ચાલ્યો ગયો. ક્ષોભને લીધે તે એક પળ પણ સ્થિર રહી શક્યો નહિ. પત્નીનો વિરહ-શોક, દુશ્મનોનો અત્યાચાર, વગેરે એક પછી એક તેના હૃદયપટ ઉપર તરી આવ્યાં. તેનું શરીર થરથર કમ્પવા લાગ્યું. શરીરમાં સર્વત્ર ક્રોધાગ્નિ પ્રજ્વલિત થઇ રહ્યો. શરીરના ઘામાંથી રક્તની ધારો છુટવા લાગી. તેનું મસ્તિષ્ક ભમવા લાગ્યું. અંતે તે એક કોચ ઉપર જઈ સૂઈ ગયો.

(૩)

અર્ધ રાત્રિએ ઉદય પામનાર અર્ધ ચન્દ્ર સંસારપર પોતાનાં સ્નિગ્ધ કિરણો પ્રસારતો વિકટરના મુખ મંડલપર પ્રકાશવા લાગ્યો. વિકટરને આ સમયે ચન્દ્રનાં કિરણો સૂર્યનાં કિરણો કરતાંયે અધિક તાપદાયક જણાયાં. તે પત્નીની ચિન્તામાં જેમ જેમ ડૂબતો ગયો તેમ તેમ તેના પર તેનો પ્રેમ અધિક વૃદ્ધિ પામતો ગયો. વિકટર એકાએક ચમકી ઉઠયો. તેણે જોયું કે: "તેની સ્ત્રી તેના સ્હામુ આંસુથી છલકાતે નેત્રે ઉભી છે. તેના વદન મંડલપર ચન્દ્રનાં કિરણો ચળકી રહ્યાં છે." તે જુસ્સામાં દોડી તેને ગળે વળગી પડયો. તેની પત્ની ગ્લીડ રડી પડી. વિકટર ઉભો રહી શક્યો નહિ. તે લથડતો પૃથ્વીપર બેસી ગયો. વિકટરે પોતાને હાથે ગ્લીડનાં આંસુ લુછતાં કહ્યું: "હૃદયેશ્વરી! પ્રાણ પ્રિયા! શા માટે વ્યર્થ દુઃખી થાય છે? ત્હને પુનઃ પ્રાપ્ત

કરી શકયો એજ મ્હારા જીવનનું સર્વોચ્ચ સુખ છે.” ગ્લીડે કહ્યું: “ પ્રાણનાથ! મ્હારૂં સમસ્ત શરીર સંતાપથી ભસ્મ થઈ રહ્યું છે. જાણે સંસાર મ્હને કહે છે કે હું ત્હારે યોગ્ય નથી. તમને મ્હારા શરીરનો સ્પર્શ કરાવી જાણે હું મ્હારા પાપની વૃદ્ધિ કરી રહી છું.”

વિકટરનું મુખ સફેદ થતું જતું હતું. ઘા ફાટી જવાથી તેના શરીરમાંથી રક્ત નિકળ્યા કરતું હતું. તેણે અસ્પષ્ટસ્વરે કહ્યું : “ પ્રાણાધિક ગ્લીડ ! શું તું નથી જાણતી કે હું ત્હારા પર અત્યંત પ્રેમ રાખું છું. ત્હારા દેહ ઉપરજ નહિ પણ ત્હારા આત્મા સાથે મ્હારો પ્રેમ જડાઇ રહ્યો છે. તું એવું ધારી શકે છે કે : ત્હારા શરીરમાં કોઇ પ્રકારનો રોગ થયો હોત તો હું ત્હારો ત્યાગ કરત ? અને ત્હારા ઉપર પ્રેમ રાખત નહિ ? નહિ, દેવી, કદી નહિ. રોગ મુક્ત થયા પછી કોઇ મનુષ્ય તેનું સ્મરણ કરી દુઃખી થાય છે ખરૂં કે ? સત્ય માનજે કે: આપણો સંબંધ માત્ર શરીર સાથે નથી. આપણો આત્મસંબંધ એક સમાજ અથવા જર્મન નરપિશાચો તો શું પણ કોઇ મ્હોટામાં મ્હોટી શક્તિ પણ તોડી શકશે નહિ. પવિત્ર પ્રેમનો સંબંધ તોડનાર આ જગતમાં કોણ છે ? રાક્ષસ જર્મનો માત્ર ત્હારા દેહને ઉંચકી લઇ ગયા છે પણ ત્હારો આત્મા તો મ્હારી પાસેજ છે. કદાચ તેમણે મ્હારા શરીરનો નાશ કર્યો હોત તોપણ શું થયું ? મ્હારો આત્મા સદૈવ ત્હારી પાસે ને પાસેજ હાજર રહેત અને રહેશે એ નક્કી માનજે. દેવી ! પ્રિયદેવી ! સંસારનાં અનેક મનુષ્યો માત્ર નશ્વર શરીર ઉપર પ્રેમ રાખે છે અને એ શરીરની સુંદરતા નષ્ટ થતાં કે તે શરીર દૃષ્ટિથી વેગળું થતાં પરસ્પર પ્રેમ ભાવ નષ્ટ થઈ જાય છે, એ સાચો પ્રેમ નથી. પતિ–પત્નીમાં સાચો પ્રેમ તો આત્મા સાથે હોવો જોઇએ કે જેથી એક બીજાના જીવનમાં તેમજ મરણ પછી પણ તેવોજ વિશુદ્ધ નિર્મળ પ્રેમ રહે–જન્મો જન્મ તેજ પતિ–પત્નીનો સંયોગ થાય. પ્રિય દેવી ! મ્હને–ભૂલી–શ ન—”

એટલું સાંભળતાંજ ગ્લીડ પતિ દેવના ચરણમાં પડી. આત્મ સમર્પણ કર્યું. તે બોલી: “ પ્રાણેશ્વર ! આટલા દિવસ પર્યંત હું તમોને ઓળખી શકી નહોતી. આજ જાણી શકી છું કે તમે મનુષ્ય નથી પણ દેવતા છો.........”

વિકટરે ઘણે કષ્ટે તેના હૃદયપર હાથ મુકી કહ્યું: "દેવતા નહિ, માત્ર ત્હા–રો–પ–તિ—"

*　　*　　*　　*

બીજે દિવસે સમસ્ત ગામમાં જર્મનોની ક્રૂરતા, અત્યાચારની વાર્તા પ્રસરી ગઇ. લોકો એમ પણ કહેવા લાગ્યા કે: "વિકટરની પત્ની ગ્લીડ, રાતે ગુપચુપ પતિને ઘેર આવી હતી, પરંતુ વિકટરે ક્રોધે ભરાઇ તેનું ખુન કરી નાંખ્યું અને પોતે પણ આત્મહત્યા કરી." સત્ય છે કે બીજે દિવસે વિકટર શય્યામાંથી મરણ પામેલો મળ્યો હતો. કારણ કોણ જાણે? પણ લોકો કહેતા હતા કે: પત્નિના વિરહમાં.　　**ડા. રા. મ્હેતા.**

૧૩–માતૃભાષાનો અંતીમ પાઠ.

૧૮૭૧ નું "ફ્રાન્કો–જર્મન" યુદ્ધ ચાલી રહ્યું હતું. ફ્રાન્સનો સમસ્ત અલસાસ પ્રદેશ જર્મન સૈન્યના પગ તળે કચડાઈ રહ્યો હતો. ત્યાં સર્વત્ર ઇગલ (ગરૂડ) પતાકાઓ ફરકી રહી હતી. સર્વ કાર્યો જર્મન સભ્યતાની કસોટીપર ચઢી રહ્યાં હતાં! સર્વ કાર્યો પર—ન્યાય અને બંદોબસ્ત સંબંધી—જર્મનીની છાપ મારવામાં આવતી હતી. જર્મન પ્રભાવથી જો કોઈ પણ વસ્તુ બચવા પામી હોય તો તે માત્ર અલસાસ નિવાસીઓનું હૃદયજ હતું. તેમનું હૃદય જર્મની અને જર્મન સમ્રાટ પ્રત્યે તિરસ્કાર અને ક્રોધ વડે ઉશ્કેરાઈ રહ્યું હતું. જો કે તે સમયે સમસ્ત પ્રદેશમાં એક પણ એવો મનુષ્ય ન હતો કે જે પ્રકટ રીતે પોતાના હૃદયની વાત કહી શકે; પરંતુ પ્રજાના પ્રત્યેક કાર્યમાં તિરસ્કાર અને ઉપેક્ષા તરવરી રહી હતી! કોઇ પણ સ્થળે નાચરંગનું તો નામ નિશાનજ ન હતું. સર્વ મનુષ્યો ઉદાસ ચિત્તે પરતંત્રતાના દિવસો વ્યતીત કરી રહ્યા હતા.

એજ સમયે એક દિવસ પ્રાતઃકાલમાં સ્કૂલે જતાં મ્હને વિલંબ થયો. મ્હારા માસ્તરના તિરસ્કારની કલ્પના કરતાં મ્હારૂં હૃદય તડફડી રહ્યું હતું.

અમારા શિક્ષક મિ. હેમેલ ઘણાજ ગંભીર અને ક્રોધી સ્વભાવના હતા. વિદ્યાર્થિ તેમનાથી યમ કરતાં પણ વિશેષ ભય પામતા હતા. હું જે દિવસનું કથન કરૂં છું તે દિવસે અમારી વ્યાકરણની સાપ્તાહિક પરીક્ષા હતી. પરંતુ શુષ્ક વ્યાકરણનું એક પણ સૂત્ર મ્હને કણ્ઠસ્થ નહતું. એક તો પાઠ મ્હોડે નહતો અને બીજું આજે મોડું થઇ ગયું ! એ યાદ આવતાંજ મ્હારાં રૂવાડાં ઉભાં થઇ ગયાં! તે દિવસે સ્કૂલે "નહિ જવાનું મ્હને ઉચિત લાગ્યું. તે દિવસે પ્રકૃતિદેવીએ સુંદરતા ધારણ કરી હતી. મ્હેં જોયું કે સ્હામેના મેદાનમાં વિજય ગર્વોન્મત્ત પ્રશીયન લશ્કર કવાયદ કરી રહ્યું છે. કેટલાંએ બાળકો ટોળીઓ બનાવી આમતેમ ફરી રહ્યાં હતાં. મ્હેં પણ જંગલમાં બકરાં, ઘેટાંની સોબતમાં રમત કરી સમય વિતાડવાનો નિશ્ચય કર્યો પરંતુ તે સમયે પણ મિ. હેમેલની સોટીયોનો અવાજ મ્હારા કાનમાં સટ્-સટ્ કરી રહ્યો હતો ! કોણ જાણે શા કારણથી મ્હારા નિર્બળ શરીરના નિર્બળ હૃદયે મ્હારા વિચારને પણ નિર્બળ બનાવી દીધા. અંતે ઘણે કષ્ટે અનેક લાલચોને લાત મારી, હું લાંબાં પગલાં ભરતો સ્કૂલ તરફ ચાલવા લાગ્યો.

ટાઉન હૉલની પાસે પહોંચતાંજ મ્હેં જોયું કેઃ સ્હામેના એક જીર્ણ બૉર્ડ ઉપર એક જાહેરખબર ચોંટાડી હતી, અને આવતા જતા મનુષ્યો તે વાંચતા જતા હતા. આસપાસ ભીડ પણ પુષ્કળ થઇ રહી હતી, પરંતુ મ્હારે માટે એ બનાવ અસાધારણ જેવોજ હતો; કારણ કે આજ કેટલાંએ વર્ષોથી એ બૉર્ડ, દેશના કેટલાએ શોક-સમાચાર, અભાવ, અભિયોગ, યુદ્ધની ખબરો, યુદ્ધને માટે દેશનિવાસીઓ પાસેથી ધન અને સૈન્યની પ્રાર્થના આદિ વાર્તાઓ નિવેદન કર્યા કરતું હતું. આજે પણ કોઇ એવીજ વાત હશે એમ જાણી હું ઉતાવળે ત્યાંજ જવાનો હતો એટલામાં મ્હારા પડોસના એક કારિગર મિ. ગિલ્ટે મ્હને કહ્યું કેઃ " ફ્રેંક ! આટલી બધી ઉતાવળ શા માટે કરે છે ? સ્કૂલને માટે હજી ઘણો વખત છે." ગિલ્ટ મ્હારી મશ્કરી કરતો હશે એમ ધારી હું વિશેષ ઉતાવળે પગલે હાંફતો હાંફતો સ્કૂલ તરફ ચાલ્યો ગયો.

સ્કૂલનાં પગથીઆંપર પહોંચતાંજ મ્હેં જોયું કેઃ સમસ્ત સ્કૂલ સ્તબ્ધ થઇ રહી છે. કોઇ પણ સ્થળેથી કોઇ પ્રકારનો ગણગણાટ, વિદ્યાર્થિઓનો કલરવ, કે માસ્તરની નેતરની સોટીના સટસટાટનું આજે નામ નિશાન નથી.

ચારે તરફ શાંતિનું રાજ્ય પ્રસરી રહ્યું છે. ભય સાથેજ મ્હને આશ્ચર્ય થયું ! મ્હેં દ્વારને ધક્કો મારી મ્હારા ક્લાસમાં જેવો પ્રવેશ કર્યો, તેજ ક્ષણે મ્હને જોઇ મ્હારા શિક્ષક મિ. હેમેલે મ્હને કરૂણ સ્વરે કહ્યું કે: "ફ્રેંક ! આજે, તું ત્હારી સીટ (જગ્યા) પર સત્વર બેસી જા. આજે હું ત્હારી ગેરહાજરીમાંજ કામ શરૂ કરવાની તૈયારીમાં હતો." હું મ્હારી નિશ્ચિત જગ્યાપર બેસી ગયો. મિસ્ટર હેમેલનો કરૂણ સમ્બોધન-સ્વર સાંભળી મ્હારા આશ્ચર્યની માત્રા વૃદ્ધિ પામી. માસ્ટર સાહેબની રૂદ્ર મૂર્તિ અને તેમની સોટીઓના સટાસટ અવાજનું સ્મરણ ક્યાં અને આવું પ્રેમપૂર્ણ કરૂણ સંબોધન ક્યાં? માસ્તર સાહેબે લજ્જા પૂર્ણ દ્રષ્ટિ વડે મ્હારા તરફ જોવાથી મ્હને વિશેષ આશ્ચર્ય થયું. તેઓ સ્કૂલના વાર્ષિકોત્સવ અને ઇનામ વહેંચવાને દિવસે જે વસ્ત્રો પહેરીને આવતા હતા તેજ આજે પહેરીને આવ્યા હતા. સર્વથી અધિક આશ્ચર્યમાં નાંખે એવી વાત તો એ હતી કે: સ્કૂલને એક ખૂણે નિરૂપયોગી પડી રહેલી અમારે બેસવાની ઘણી બાસ્ટીઓ તે આજે શહેરનાં સારાં નઠારાં મનુષ્યો વડે ખીચોખીચ ભરાઇ ગઇ હતી. તેનાપર બેઠેલાં મનુષ્યોમાં ધનવાન અને કંગાલ, સુખી અને દુઃખી, ગૃહસ્થ અને ચોર, બાળ, વૃદ્ધ અને યુવા, સ્ત્રી અને પુરૂષ સર્વે હતાં, એટલુંજ નહિ પણ અત્યારે કચેરીનો વૃદ્ધ ચપ-રાસી સુદ્ધાં ઘુંટણપર ફ્રેંચ ભાષાની પહેલી ચોપડી મૂકી, ચશ્માંની મદદથી તેના અક્ષરોને ઉત્સુકતાપૂર્ણ દ્રષ્ટિથી જોઇ રહ્યો હતો.

મિ. હેમેલના સ્વાભાવિક ગંભીર મુખ ઉપર ચિન્તા અને વિષાદની રેખાઓ જોતાં સહજે અનુમાન થઇ શકતું હતું કે: તેમના હૃદયના ઉંડા પ્રદેશમાં કોઈ વિશેષ વ્યથા તેમને દુઃખ આપી રહી છે, અને તેમનું હૃદય કરૂણસ્વરથી ગુંજી રહ્યું છે. પોતાના આસનપર બેસીને જેવા કરૂણસ્વરથી તેમણે મ્હને બોલાવ્યો હતો તેવા કરૂણાજનક અને વંદના પૂર્ણ સ્વરથી સર્વને સંબોધન કરતાં કરતાં તેમણે કહ્યું: "વ્હાલાં બાળકો ! આજે મ્હારી શિક્ષકાવસ્થાનો અંતિમ દિવસ છે ! બર્લિનથી આજ્ઞાપત્ર મળ્યું છે કે: અમારા અલસાસ પ્રદેશમાં જર્મન ભાષા સિવાય અન્ય કોઇ પણ ભાષામાં શિક્ષણ અપાશે નહિ. આવતી કાલથી તમારે માટે નવો (જર્મન) શિક્ષક આવશે. આજે તમારી માતૃભાષા-ફ્રેંચભાષાના પાઠનો અંતિમ દિવસ છે ! હું તમને

નમ્રતાપૂર્વક કહું છું તે શાંત ચિત્તે સાંભળો.”

હવે મ્હેં જાણી લીધું કેઃ મિ. હેમેલ આ પ્રમાણે સજ્જ થઇને શા માટે આવ્યા છે? સર્વ પ્રજાજનો આવો દીનભાવ ધારણ કરી શાંત ચિત્તે, શા માટે એકત્ર થયા છે? અને પેલા જીર્ણબૉર્ડ ઉપર ચોંટાડેલી જાહેરખબરમાં જે શોક–સમાચાર વિદિત કર્યા હતા તે પણ હવે જાણવામાં આવ્યા! અરેરે! આજે અમારી માતૃભાષાના શિક્ષણનો છેલ્લો દિવસ છે! હાય! હાય! ઓ મ્હારી પ્યારી માતૃભાષા! આવું જાણતો હોત તો હું પ્રથમથી રમવા રખડવામાં શા માટે મ્હારો અમૂલ્ય સમય વ્યતીત કરી નાંખત? પશ્ચાતાપથી મ્હારૂં હૃદય ભડભડ બળવા લાગ્યું. આહ! આજપર્યંત જે પુસ્તકો મ્હને ઝેરથી પણ અધિક અપ્રિય હતાં, જેને હું સ્કૂલમાં લઇ જતી વખત વ્યર્થ ભારરૂપ સમજતો હતો, તેજ મ્હારા જુના મિત્રો આજે મ્હને સદાને માટે પરિત્યાગ કરી રહ્યા હતા! એ અપ્રિય મિત્રોનો પરિત્યાગ કરતી વખતે મ્હારૂં હૃદય ફાટવા લાગ્યું!

જે સમયે પશ્ચાતાપથી મ્હારૂં હૃદય છટફટ કરી રહ્યું હતું અને શોકનાં આંસુ મ્હારા ગાલને ધોઇ રહ્યાં હતાં તેજ સમયે માસ્તર સાહેબે મ્હને બોલાવ્યો. છલકાતી આંખો વડે મ્હેં માસ્તરના સ્હામું જોયું. સાહસથી હૃદય દૃઢ રાખી વ્યાકરણનાં અઘરાં સૂત્રો હું મ્હોડેથી બોલવા ઉભો થયો. કોણ જાણે કયી અજ્ઞાત શક્તિની સહાયતાથી, તે દિવસે એક પણ ભૂલ વગર હું મ્હારો પાઠ સ્પષ્ટ રીતે ઝટ બોલી ગયો. શરૂવાતના શબ્દોનો ઉચ્ચાર કરતી વખતે મ્હારૂં હૃદય કમ્પાયમાન થઇ ઉઠયું હતું, પરંતુ અંતે મ્હને આશ્ચર્ય થયું કેઃ હું કેવી શુદ્ધતાથી વ્યાકરણનાં સૂત્રો બોલી ગયો! મ્હેં તો કોઇ પણ દિવસ આ પ્રમાણે શુદ્ધ વાક્યોનો ઉચ્ચાર કર્યો નહતો. પાઠ બોલી ગયા પછી ઉદ્વિગ્ન અને વિહ્વલચિત્તે મ્હને ટેબલની પાસે ઉભેલો જોઇ મિ. હેમેલે વિષણ્ણ અને કરૂણ સ્વરે કહ્યું: “પ્રિય ફ્રેન્ક! આજે હું ત્હારો તિરસ્કાર નહિ કરૂં. ત્હને યોગ્ય શિક્ષા મળી ગઇ છે. ત્હારા હૃદયમાં પશ્ચાતાપરૂપી અગ્નિની જ્વાળા જે પ્રકારે પ્રસરી રહી છે તેની સાથે બીજી કોઇ પણ વસ્તુની તુલના થઇ શકે તેમ નથી. તું દરરોજ એવું ધારીને સ્કૂલે આવતો હતો કેઃ કાલે

પાઠ યાદ કરીશ, હજી તો ઘણો સમય છે, પરંતુ આજે ત્હને જણાતું હશે કેઃ ત્હેં કેવી મ્હોટી ભૂલ કરી છે? એવી બેદરકારીનું કેવું શોચનીય પરિણામ થાય છે? મૂર્ખ! જો! પરંતુ એમાં ત્હારો શો દોષ? ફ્રેંક! હું વ્યર્થ ત્હારો તિરસ્કાર કરૂં છું. એ વાત તો તમારી ફ્રેંચોની નસેનસમાં પ્રવેશ કરી રહી છે. તેજ કારણથી વિજયી જર્મન આપણું હાસ્ય કરી કહે છે કેઃ તમે તમારી માતૃભાષાજ જાણતા નથી. તમે નિરક્ષર છો, તેમ છતાં વળી તમને પોતાને "ફ્રેંચ" કહીને અહંકાર કરો છો એ શું? જુવો, આંખો ઉઘાડો, અમે તમને કેવા પાયમાલ કરી નાંખ્યા છે! ભાગ્યચક્રનું કેવું અણચિન્તવ્યું પરિવર્તન છે?"

મિ. હેમેલે ફ્રેંચ ભાષા સંબંધી ઘણો સાર–ગર્ભિત ઉપદેશ દીધા પછી અન્તે કહ્યુંઃ "એ ફ્રેંચ ભાષાજ પૃથ્વીમાં સર્વોત્કૃષ્ટ, સુંદર અને સુસંસ્કૃત ભાષા છે. એની સાથે કોઈ પણ ભાષાની તુલના થઇ શકે એમ નથી. અમે અનેક યત્ને પણ અમારી માતા સમાન માતૃભાષાનું રક્ષણ કરીશું. તેમ કરતાં ગમે તેટલી વિપત્તિઓ અમારા શિર ઉપર આવી પડશે તેનાથી અમે જરા પણ ભય પામીશું નહિ. અમારી પ્યારી માતૃભાષા ફ્રેન્ચને કદી પણ વિસ્મૃતિના ઉંડા સાગરમાં ડૂબાવી દઇશું નહિ. પરતંત્ર જાતિને માટે જાતીય ભાષા એજ એક તેની મુક્તિનો માર્ગ છે. તેમાંજ મુક્તિનું અક્ષયબીજ સમાયલું છે. કારણ કેઃ માતૃભાષામાં લખાયલાં અમારા પૂર્વજોનાં વીરત્વનો ઇતિહાસ વાંચતાંજ અમારૂં હૃદય તેજસ્વી થઈ ઉઠશે, અને અમે એક દિવસ મુક્તિને માટે યત્ન કરી શકીશું.—અરે! મુક્તિ પ્રાપ્ત કરી સ્વતંત્ર થઇ શકીશું."

ત્યાર પછી તેઓ વ્યાકરણ હાથમાં લઇ ઉપદેશ દેવા લાગ્યા. તે દિવસે વ્યાકરણનાં નિરસ અને અઘરાં સૂત્રો, ઘણી સહેલાઇથી સમજાતાં જોઈ મ્હને અતિશય વિસ્મય થયું. આજના જેવી આતુરતાથી મ્હેં કોઈ દિવસ પાઠ સાંભળ્યો નહતો. મિ. હેમેલે પણ આજના જેવા ધૈર્યથી કોઇ પણ દિવસ પાઠ શિખવ્યોએ નહિ હોય એમ જણાય છે. હું વિચારવા લાગ્યો કેઃ તેઓ પોતાનું. સર્વ પાંડિત્ય જાણે અમારા મસ્તિકમાં પ્રવેશ કરાવવાનો સંકલ્પ કરીનેજ ઉપદેશ આપી રહ્યા છે. વ્યાકરણનો પાઠ સમાપ્ત થયો. અમે લિપિ લખવા બેઠા. માસ્તર સાહેબે અમારી સ્હામે એક નવીન આદર્શ–

લિપિ મૂકી. તેમાં જાડા જાડા અક્ષરે લખ્યું હતું કે: "**ફ્રાંસ-અલસાસ! ફ્રાંસ-અલસાસ!**" સર્વે વિદ્યાર્થિઓ વિશેષ આગ્રહ અને પ્રયત્નથી તે નૂતન આદર્શ લિપિ લખવા મંડયા. સમસ્ત વિદ્યાગૃહ નિસ્તબ્ધ હતું. કાગળ ઉપર થતા કલમના ખસર ખસર શબ્દ સિવાય અન્ય કોઈ પ્રકારનો શબ્દજ થતો નહતો. કેટલીક ન્હાની ચકલીઓએ પાંખો ફફડાવતાં તે શાંત ઓરડામાં પ્રવેશ કર્યો, પરંતુ તેના તરફ કોઈએ દ્રષ્ટિપાત પણ કર્યો નહિ.

સર્વે વિદ્યાર્થિઓ પોતપોતાની હસ્તલિપિ લખવામાં ગુંથાઈ ગયા હતા. વચમાં વચમાં હું કૉપીમાંથી માથું ઉંચુ કરી છત તરફ જોઇ લેતો હતો. છત ઉપર કબૂતર કબૂતરી સ્નેહાલિંગન કરી પરસ્પર ચુંબનનો વર્ષાદ વર્ષાવતાં ગળાં ફુલાવી અત્યંત મધુર સ્વર સંભળાવી રહ્યાં હતાં. હું વિચારવા લાગ્યો કે: "આ પક્ષીઓને પણ જર્મન ભાષામાં શબ્દોચ્ચાર કરવાની આજ્ઞા થઇ હશે! એજ એમની માતૃ-ભાષાનું છેલ્લું સંભાષણ હશે!"

મિ. હેમેલ આજે ચાલીશ વર્ષથી જે આસનપર બેસતા આવ્યા છે તેજ આસન ઉપર ગંભીર મુખેથી બેસી રહ્યા હતા. આ વિદ્યાલયની પ્રત્યેક વસ્તુએ કેટલાંએ સુખ દુ:ખની સ્મૃતિ પોતાના હૃદયમાં સંતાડી રાખી હતી. તે સ્મૃતિમય કોલાહલ પૂર્ણ વિદ્યાગૃહનો ત્યાગ કરતી વખત તેઓ વિરહ વેદનાથી વિહ્વલ થઇ રહ્યા હતા. અરેરે! તેઓ આજ સતત ચાલીશ વર્ષથી જે જે વિદ્યાલયમાં શિક્ષકનું કામ કરતા આવ્યા છે તે આનન્દ નિકેતન વિદ્યાલયમાંથી, સદાને માટે વિદાય થતી વખત તેમના પ્રાણ એ પ્રકારે અશ્રુપાત કરે છે તેમાં આશ્ચર્ય શું? સ્કૂલ હૉલનો સુશાંત મૌનભાવ જોતાં જણાતું હતું કે: જાણે મિ. હેમેલદ્વારા સમાન રક્ષિત અને સંચિત થઇ રહેલી પ્રત્યેક વસ્તુઓ પોતાના સ્વામીને હમેશને માટે વિખુટો થતો જોઈ દુ:ખી થઇ રહી છે! જાણે તે સર્વે વસ્તુઓ શોકાતુર થઈ-મૌનભાવ ધારણ કરી-અશ્રુપાત કરી રહી છે! જોડેના ઓરડામાં મિ. હેમેલની બ્હેન દુ:ખી થઇ ઉદાસ ચિત્તે ટ્રંકોમાં સરસામાન ભરી રહી હતી. તેમની બ્હેનની ઉતાવળી ગતિને લીધે બંગડીઓ ખખડતી હોવાથી તેમનું હૃદય વિશેષ ભરાઈ આવતું હતું. તેમ છતાં તેઓ સ્કૂલનું સર્વ કર્તવ્ય કર્મ પરિપૂર્ણ કરી રહ્યા હતા.

* * * * *

બાર વાગી ગયા હતા. જર્મન સિપાહીઓ બ્યુગલ બજાવતા અમારી સ્કૂલના કંપાઉન્ડ પાસે આવી પહોંચ્યા. મિ. હેમેલ પોતાનું આસન ત્યાગ કરી ઉભા થઇ ગયા. તેમનું મુખ શુષ્ક, ઉદાસ અને કર્તવ્ય–નિષ્ઠાથી પૂર્ણ હતું. તેઓ ઉભા થઇ બોલ્યા કે: "વ્હાલા મિત્રો! હું–હું–" બસ, તેમનું ગળું રૂંધાઇ ગયું. તેમનાથી વધારે બોલાયું નહિ. જાણે કોઇએ તેમનું ગળું સજ્જડ પકડી લીધું હોયની! તેમણે બૉર્ડની પાસે જઇને સફેદા વડે મ્હોટા મ્હોટા અક્ષરોમાં લખ્યું કે: **"ભગવાન! ફ્રાંસનું કલ્યાણ કરો! અમારી માતૃભાષાનું ગૌરવ જાળવો!"** લખવાનું પૂર્ણ કરી સફેદો હાથમાંજ રહેવા દઇ એક ભીંતપર માથું ટેકવીને અને નેત્રમાં આંસુ લાવી જડ પુતળા જેવા ઉભા રહ્યા અને હાથની ઇશારતથી બતાવ્યું કે:–

"સર્વનો અંત છે, તમે અંદર તો જાઓ પણ જો, જો, અમારી માતૃભાષાનું રક્ષણ કરજો."

डा. रा. म्हेता.

સમાપ્ત.

સસ્તી વાર્તામાળા મળવાનાં ઠેકાણાં.

૧. મુંબઈ–મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કું. બુકસેલર્સ કાલબાદેવીરોડ પ્રિન્સેસ સ્ટ્રીટ. (છુટક પુસ્તકો મળી શકશે.)
૨. ,, એલ. એમ. ઠક્કર. બુકસેલર પ્રિન્સેસ સ્ટ્રીટ.
૩. ,, નારૂશંકર હરિપ્રસાદ દેસાઈ લોવર પરેલ. (મુંબઈ.)
૪. રા. રા. હરિલાલ જીવણલાલ ઠે. લોખંડી જથ્થો. સવજી રામજીનો માળો ૧ લે માળે–માંડવી.
૫. સુરત–શા. રંગીલદાસ કાશીદાસ જનરલ મરચન્ટ–બરાનપુરી ભાગોળ.
૬. બારડોલી–ઔદિચ્ય યુવક મંડળના સેક્રેટરી.
૭. ભરૂચ–રા. રા. ગણપતરામ દુર્ગારામ દેસાઇ. વિમા કંપનીના એજન્ટ.
૮. નાંદોદ–રા. રા. મોતીલાલ ધોળીદાસ–બુકસેલર.
૯. વડોદરા–મોહનલાલ મનસુખરામ બુકસેલર (છુટક પણ મળશે).
૧૦. નડીઆદ–રા. રા. મણીલાલ લલ્લુભાઇ દેસાઇ.
૧૧. ,, રા. રા. મગનલાલ દામોદર પંડ્યા. લખાવાડને નાકે.
૧૨. ભાવનગર–રા. અબદુલહુસેન આદમજી બુકસેલર (છુટક પણ મળશે)
૧૩. કરાંચી–રા. રા. મોહનલાલ ત્રિભુવન દવે. ઠે. ધી મુંબઇ કં. લી.
૧૪. અમદાવાદ–રા. રા. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે. બુકસેલર.
૧૫. ,, મેસર્સ જે. એન. વકીલ અને કું. રીચીરોડ. નં. ૪૩૩
૧૬. ,, રા. રા. ચંદુલાલ સાંકળચંદ શાહ. માંડવીની પોળ વીંછીની પોળ સ્હામે મેડા ઉપર.
૧૭. ,, ગુજરાત સ્વદેશી સ્ટોર, રીચીરોડ–ફુવારા સામે.
૧૮. ,, રા. રા. નંદલાલ ચુનીલાલ બોડીવાળા. રીચીરોડ.
૧૯. ,, રા. રા. રામનારાયણ કેશવલાલ દેસાઈ. રંગના વેપારી.
૨૦. ,, અંબાલાલ શંકરલાલ દવે. ખાડીયા શ્રીરામજીની શેરી.
૨૧. ઠઠ્ઠા–રા. રા. ચાંદુમલ સુખાનંદ ભાટીયા.

શું સનાતન ધર્મ રક્ષકોને ખુશી થવા જેવું નથી ? જો હોય તો તેનું રક્ષણ કરવા

सिद्धपुर श्री गोपाळकृष्ण ब्रह्मचर्याश्रम संस्थामां

દયાની લાગણીથી પોતાનો ઉદાર દાની હાથ લંબાવી સનાતન ધર્મનું અને વિદ્યાનું પાલણ કરવા યથાશક્તિ દાન આપો.

સનાતન ધર્મથી ચાલતું આખા ગુજરાતમાં આ પહેલું અને એકજ **ब्रह्मचर्याश्रम** છે. આ આશ્રમમાં સઘ જનોઈ દીધેલા ગામ પરગામના દ્વીજ બટુકોને દાખલ કરી નિત્યકર્મ સાથે દંડ ધારણાદિ પ્રાચીન વેશમાં રાખી સાયંપ્રાતઃ હોમ કરાવવામાં આવે છે, ને વેદ સંસ્કૃત, ને ગુજરાતી, શિક્ષણ સાથે વ્યાયામ ને સંગીતની પણ યોજના કરાય છે. તેમજ **अनाथाश्रम** તથા **अशक्ताश्रम** તરીકે અનાથો રાંક જનોનું તથા આંધળા, લુલા, અશક્તોનું રાખીને પોષણ થાય છે, તથા તેવા આબરૂદાર જનોને ગુપ્ત મદદ પહોંચાડાય છે. તેમજ ગરીબો માટે દવા અપાય છે. વ્યવસ્થા પ્રતિષ્ઠીત ગૃહસ્થોના હાથમાં રહે છે. રૂ. ૧) અથવા વધુ દાન આપનારને વાર્ષિક રીપોર્ટ તથા પાવતી મોકલવામાં આવે છે. આવા શુદ્ધ બ્રાહ્મણ બટુકોને તથા ગરીબોને એક દિવસ ભોજન કરાવ્યાનું મહાન ફળ લેવા કયા પુરૂષ ચુકશે ? કોઈજ નહિ. તો બનતી મદદ મોકલો.

લખો:—

મંત્રી શ્રી ગોપાળકૃષ્ણ સંસ્થા.

સીદ્ધપુર—(ઉત્તર ગુજરાત.)

બસો રૂપૈઆમાં અન્નદાન સાથે અમર નામ

દાનવીર સજ્જનો, અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રય તરફ લંબાવવા કૃપા કરશો!! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ!! જે દયાળુ દાતા તરફથી એકી વખતે રૂ. ૨૦૦ બસો દાનમાં મળશે. તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે અને તે દાતાના નામની આરસની તખ્તી કરાવી ઓફીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે? જરૂર મળશે. દયા લાવી લખોઃ—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ.

બીજા વર્ષનાં પુસ્તકો ૧૫૦૦ ઉપરાંત પૃષ્ઠ !

થોડાં થોડાં પુસ્તકો સિલકમાં છે. લવાજમ કાચા જાડા પૂઠાનું **રૂ. અઢી** અને **પાકા** પૂઠાનું **રૂ. સાડા ત્રણ.** વી. પી. ૦—૧—૦ વધુ. **આફ્રિકાનાં ગ્રાહકો માટે** કાચા પૂઠાના **રૂ.** ૩—૨—૦ તથા પાકા પૂઠાના **રૂ. સાડા ચાર.** પોસ્ટેજ સાથે. **તુરતમાં મંગાવી લેવાં.** પાછળથી મળશે નહિ એવી ખાત્રી રાખવી.

૧. અનુપકુમારી— અથવા **કાશ્મીરપર હલ્લો.** આ ઐતિહાસિક નવલકથામાં શીખ વીર મહારાજા રણજિતસિંહે કાશ્મીરપર હલ્લો કર્યો તેનું આકર્ષક વૃત્તાંત છે.

૨. બ્રહ્મચારિણી— અથવા **સમાજ સેવિકા**—આ સામાજિક ધાર્મિક નવલકથા પ્રત્યેક હિંદુ બાહેનોએ અવશ્ય વાંચવી જોઇએ. આર્ય સંસારમાં આદર્શ રમણી રત્નો કેવાં હોવાં જોઇએ? અને જીવન પર્યંત બ્રહ્મચર્ય પાળી સમાજની સેવા કેવી રીતે કરી શકે તેનું અતિ ઉત્તમ દૃષ્ટાંત છે.

૩. શહેનશાહ જહાંગીર— મોગલ શહેનશાહ જહાંગીરે પોતાને હાથે લખેલું ઉપદેશમય અને રસિક જીવનવૃત્તાંત પ્રત્યેક મનુષ્યે અવસ્ય વાંચવા જેવું છે.

૪. મહારાષ્ટ્રીય કથાકુંજ—(**ઐતિહાસિક વાર્તાઓ.**) એમાં મહારાષ્ટ્રપતિ **શ્રી શિવાજી છત્રપતિ** મહારાજ અને પેશ્વા રાજાઓના વખતમાં બનેલા સત્ય બનાવો લઇને પ્રત્યેક વાર્તા ચિત્તાકર્ષક શૈલીમાં લખવામાં આવી છે.

૫. ઉમાજી નાયક— **મહારાષ્ટ્રનો સુપ્રસિદ્ધ લુંટારો**— ૧૮ મી સદીમાં કંપનીના રાજ્યના સમયે મહારાષ્ટ્રના એક સાહસિક વીર લુંટારાનાં પરાક્રમો, તેની હિમ્મત અને સાહસ, દયાળુપણું, પત્નીવ્રત, દાનવીરપણું, વગેરે.

રૂા. બેમાં ૧૫૦૦ પૃષ્ઠની નવલકથાઓ મળશે.

ચાલુ વર્ષમાં નીચલાં પુસ્તકો મળશે. (૧) **શાંતિનિકેતન—સુખપ્રાપ્તિનો મહામંત્ર.** (૨) **રાજા છત્રસાલ**—બુંદેલખંડનો ભાગ્યરવિ (ઐતિહાસિક). (૩) **યુરોપનો રણરંગ**—ચાલુ યુદ્ધ સંબંધી રસમય વાર્તાઓ. (૪) **સુધરેલી સીતા**—સુધારાને નામે બગાડો! (જો પંદરસો પૃષ્ઠમાં ખુટશે તો (૫) **જાપાની જાસુસ**—ડિટેક્ટીવ નવલકથા આપવામાં આવશે.